# ઈમામે ઝમાના

# હઝરત મહદી (અ.) ની ઓળખ

આ કિતાબ ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામની હયાતી, ગયબત અને ઝુહુર પ્રત્યેની માન્યતા (એઅતેકાદ)માં વધારો કરવા માટે લખવામાં આવેલ છે.

પ્રથમ આવૃતિ : જાન્યુઆરી, ૧૯૫૭ (પ્રત : ૧૫૦૦)
બીજી આવૃતિ : માર્ચ, ૧૯૫૮ (પ્રત : ૩૦૦૦)

: લેખક :
મોહમ્મદજાફર શરીફ દેવજી
પો. બોક્સ નં ૪૬, જંગબાર

: પ્રીન્ટેડ બાય :
ધી ઈકબાલ પ્રીન્ટીગ વર્કસ
ઝાંઝીબાર

بسم الله ارحمن ارحيم

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૦૪ |
| ૧. | કિતાબનો પરિચય | ૦૬ |
| ૨. | ઈમામ મહદી (અ.)નો ઉલ્લેખ કુરઆનમાં | ૧૩ |
| ૩. | ઈમામની નિમણુંક, સિફાતો અને શરતો | ૧૫ |
| ૪. | ઈમામત અને ખિલાફત | ૧૯ |
| ૫. | ઈમામ મહદી (અ.સ.) સંબંધિત હદીસો | ૨૪ |
| ૬. | હઝરત મહદી (અ.સ.) બારમા ઈમામ છે | ૨૭ |
| ૭. | પીરોના ગીનાનમાં હઝરત મહદી (અ.સ.)નું વર્ણન | ૩૧ |
| ૮. | ઈમામ મહદી (અ.સ.)નો જન્મ | ૩૨ |
| ૯. | ઈદે બરાત | ૩૯ |
| ૧૦. | ઈમામ મહદી (અ.સ.)નું બાળપણ | ૪૧ |
| ૧૧. | ઈમામે ઝમાના મોઅતમીદ અબ્બાસી ખલીફાની કચેરીમાં | ૪૩ |
| ૧૨. | ગયબતે સુગરા | ૪૫ |
| ૧૩. | ગયબતે કુબરા, તેના રહસ્યો અને એઅતેરાઝના જવાબો | ૪૭ |
| ૧૪. | ઈમામ મહદી (અ.સ.)ની લાંબી જીંદગી | ૫૫ |
| ૧૫. | નબીઓની ગયબત | ૬૦ |
| ૧૬. | ઈમામ મહદી (અ.સ.) અને પરધર્મીઓ | ૬૪ |
| ૧૭. | ફરજ, ઈન્તેઝાર અને પરિક્ષા સંબંધિત હદીસો | ૬૯ |
| ૧૮. | આખર ઝમાનાની નિશાનીઓ | ૭૧ |
| ૧૯. | કાદયાની (અહમદી) ફીરકો | ૭૭ |

| | | |
|---|---|---|
| ૨૦. | બાબી, અઝલી અને બહાઈ (નવા ફૂટી નીકેળલા ફીરકા) | ૮૩ |
| ૨૧. | ઈમામ મહદી (અ.સ.)નું રહેઠાણ | ૮૯ |
| ૨૨. | ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની હદીસો અને નિશાનીઓ | ૯૭ |
| ૨૩. | કાણો કાફર દજ્જાલ | ૯૯ |
| ૨૪. | ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર સમયની હકીકત | ૧૦૨ |
| ૨૫. | રજઅત | ૧૦૬ |
| ૨૬. | ઈમામ મહદી(અ.)ની ગયબતમાં મોઅમીનોની ફરજો, વસીલા અને દોઆઓ | ૧૧૧ |
| ૨૭. | શું ગયબતે કુબરાના ઝમાનામાં હઝરત મહદી (અ.)ની મુલાકાત અસંભવિત છે ? | ૧૨૦ |
| ૨૮. | ઈમામ મહદી (અ.સ.)ની મુલાકાતના પ્રસંગો | ૧૨૩ |

# પ્રસ્તાવના

અલ્લાહ તઆલા દરેક વખાણને પાત્ર છે, અને તેના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તેમની પવિત્ર એહલેબૈત ઉપર દુરૂદ, સલવાત અને સલામ ગુજાર્યા બાદ આએ કિતાબ 'ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ'ની બીજી આવૃતિ ટુંક સમયમાં પ્રગટ કરી શકયા, તે બદલ સૌપ્રથમ તે માલિક મઅબુદનો અગણિત શુક્ર, હમ્દ અને સના ગુઝારીએ છીએ. તે સાથે અમારા જે દીની બિરાદરોએ બીજી આવૃતિની ૩૦૦૦ નકલો વકફ છપાવવાના કાર્યમાં સહાયતા આપવા બદલ તેઓનો ખરા અંતઃકરણથી આભાર માનીએ છીએ. તે વકફ કરનાર અમારા દીની બિરાદરોના નામો હવે પછીના પેજમાં લખેલ છે.

પ્રથમ આવૃતિની ૧૫૦૦ નકલો પ્રગટ થઈ, ત્યારે કૌમમાં ઘણી પ્રશંસા પામી, તે સાથે તેની વધુ માંગણી થતી રહી, વળી અમારા તરફથી માંગણી અથવા સુચના વગર અમુક ઉત્સાહી દીની બિરાદરો તરફથી વકફ કરવા માટેના લખાણો આવતા રહયા. પરિણામે ટુંક સમયમાં ૩૦૦૦ નકલોથી વધુ વકફ થઈ, છતાં માત્ર ૩૦૦૦ નકલો પ્રગટ કરીએ છીએ.

દરેક મોઅમીન દિની બિરાદરોની ફરજ છે કે પોતાના ઘર માટે એક નકલ મેળવી, વાંચી, પોતાના કુટુંબીજનો અને મિત્રોને વાંચવા આપે. કેમકે 'ઈમામત' ઉસુલે દીનમાં છે. પોતાના ઝમાનાના ઈમામને ખાત્રી–યકીન સાથે ઓળખી ઈમાન લાવવું વાજિબ છે.

હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને ઈમામો અલય્હેમુસ્સલામની હદીસો અનુસાર ઘણા લોકો ખોટા મહદી અને ઈમામ હોવાનો દાવો કરી ચુકયા. વર્તમાન કાળમાં છેલ્લી બે સદીમાં આફ્રીકા, ઈરાન અને હિન્દુસ્તાનમાં નવા–નવા બનાવટી મહદીઓનો રાફડો ફાટતો ગયો, તેથી ખરા ઈમામ અને ખરા મહદી (અ.સ.)ને કુરઆન, હદીસો અને ઈતિહાસના આધારે ખાત્રીપૂર્વક અકકલથી ઓળખી માન્યતા (અકીદો) રાખવાની દરેક સાચા મોઅમીન – મુસલમાનની ફરજ છે.

અમોને આશા છે કે અમારા દીન બંધુઓ, આ કિતાબનો અભ્યાસ કરવાની પોતાની દીની ફરજ સમજશે અને તેનો વધુમાં વધુ ફેલાવો, માત્ર હિદાયત માટે કરવાનું મન ઉપર લેશે.

લિ. અદના સેવક

મોહમ્મદજાફર શરીફ દેવજી

જંગબાર,

તારીખ : ૧૫મી શાબાન, હિજરી સન ૧૩૭૭

## કિતાબ વકફ કરાવનારા મોઅમીન બીરાદરોના મુબાકર નામોની યાદી

| ક્રમ | નામ | નકલ |
|---|---|---|
| ૧. | હાજી અહમદભાઈ મુરાજ મુગદીશા<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૪૭૫ |
| ૨. | હાજી મોહમ્મદઅલીભાઈ અનેહાજી હુસૈનભાઈ હાજી ભાઈ મુરાજ મુગદીશા<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૪૭૫ |
| ૩. | જનાબ મુલ્લા અકબરઅલી નુરમોહમ્મદ મુરૂઢાવા (માડાગાસ્કર)<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૪૫૦ |
| ૪. | તુલીયાહ, માડાગાસ્કરના ૧૭ દીની બિરાદરો<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૫૦૦ |
| ૫. | હાજી અનવરભાઈ હાજી કરમાલી થારૂ (ઠાંગાવાળા)<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૫૦૦ |
| ૬. | ગુલામહુસૈન ઈસ્માઈલ ટુંડુરૂ (ટાંગાનીકાવાળા)<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૨૦૦ |
| ૭. | એમ.જાફર હાજી એહમદભાઈ નાનજીકારા (દારેસલામવાળા)<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૨૫૦ |
| ૮. | મોહમ્મદઅલી કાસમભાઈ વીસરામ (કંપાલાવાળા)<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૧૦૦ |
| ૯. | મોહમ્મદ સુલેમાન ખીમજી (ઠાંગાવાળા)<br>તેમના મરહુમ કુટુંબીજનોની અરવાહના સવાબ અર્થે | ૫૦ |

કુલ ત્રણ હજાર નકલો ઉપર મુજબ વકફ થયેલ છે. પરવરદીગાર તે તેમામ દીની બીરાદરોને નેક અજ્ર, દીન–દુનિયાની ભલાઈઓ, બરકત, સઆદત અને નેક તૌફીક નસીબ ફરમાવે. તેઓના મરહુમોની અરવાહને સવાબ અને મગફેરત અતા ફરમાવે (આમીન)

વાંચકોને નમ્ર વિનંતી કે તેઓ ઉપરોક્ત બીરાદરોના મરહુમોની અરવાહ માટે ફાતેહા પઢી મગફેરતની દોઆ કરે.

# ૧. કિતાબનો પરિચય

આ કિતાબ પરકૌમ, પરધર્મ અથવા ઈસ્લામના અન્ય ફિરકા સાથે વાદવિવાદ માટે લખી નથી, માત્ર મારી ખોજા શીઆ ઈશ્નાઅશરી કોમના મારા ભાઈ બહેનો અને ઉગતા યુવાનોને પોતાના ઈમામે બરહક, ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામની ઈમામત, ગયબત, ઝુહૂર, રજઅત વગેરેની પુર્ણ સમજણ આપવા માટે લખેલ છે. ઈમામતનો એઅતેકાદ (માન્યતા) ઉસુલેદીનમાં હોવાથી તેની ખાત્રી કરી ખરા એઅતેકાદની સાથે ઈમાન લાવવું વાજીબ છે. જેવી રીતે ખુદાની હસ્તી–વહદાનીય્યત, અદાલત, પયગમ્બરની નબુવ્વત અને કયામત ઉપર સમજીને, ખાત્રી કરીને ઈમાન લાવવું વાજિબ છે, એજ પ્રમાણે ઈમામત બાબતે સમજણ અને ખાત્રી સાથેનું ઈમાન હોવું જરૂરી અને વાજીબ છે. આ કિતાબમાં બાર ઈમામોની સચ્ચાઈ સાબિત કરવા માટે ઈસ્લામના અન્ય ફિરકા તેમજ ઈસ્લામ સિવાયના મઝહબોના પુસ્તકોમાંથી પુરાવા તરીકે ઉતારા, દલીલો અને દાખલાઓ લખેલ છે. આ કિતાબ ફકત શીઆ ઈશ્નાઅશરી મઝહબ પાળનાર મારા કોમી દીનબંધુઓ માટે જ લખેલ છે.

શીઆ ઈશ્નાઅશરી મઝહબની માન્યતા મુજબના ઉસુલેદીન (ઉસુલે ઈમાન) પાંચ છે : તવહીદ, અદાલત, નબુવ્વત, ઈમામત અને કયામત. આ પાંચેય ઉસુલેદીન ઈમાનના જડ (મૂળ) હોવાથી, દરેક મોઅમીન ઉપર લાઝિમ અને વાજિબ છે કે તે વિશે સમજી, ખાત્રી કરી અને યકીનની સાથે ઈમાન લાવે. કોઈના કહેવા સમજાવવાથી વગર ખાત્રીએ માનવાનો હુકમ નથી. ઉસુલેદીનમાં 'ઈમામત' એટલે કે પયગમ્બરના ખલીફા, જાનશીન, ઈમામો સંબંધી ખાત્રી કરી તેઓને ઓળખી ઈમાન લાવવું વાજિબ છે. તે ઈમામોમાં છેલ્લા બારમાં ઈમામ ખુદાની હુજ્જત, પયગમ્બરના વસી, ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ દુનિયાની સપાટી ઉપર હયાત, જીવતા અને ગાયબ (નજરથી છુપા) છે. જયારે ખુદાનો હુકમ થશે તે વખતે જાહેર થઈ, જગતની સપાટી ઉપર દુઃખ, ઝુલ્મ, ફસાદ અને કુફ્રને મટાડી અદલ, ઈન્સાફ અને ઈમાન સાથે એક જ હક ઈસ્લામ મઝહબ ફેલાવશે, તેની ખાત્રી કરી સમજી ઈમાન લાવવું, અને પોતાના ઈમામે ઝમાનન અલય્હિસ્સલામને ઓળખવું જરૂરી અને વાજિબ છે.

સઘળા મુસલમાનોની માન્ય રાખેલી મશહુર હદીસમાં હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે :

''મન માત વ લમ યઅરિફ ઈમામ ઝમાનેહી, માત મીતતન જાહેલીય્યહ''

'પોતાના ઈમામે ઝમાનને ઓળખ્યા વગર જે કોઈ મરણ પામે, તો તે કુફ્રના મૌતે (કાફર) મરણ પામશે.'

તેથી દરેક મુસલમાન–મોઅમીન ઉપર વાજિબ છે કે પોતાના સમયના ઈમામને ઓળખે. વળી એક બીજી સર્વસામાન્ય મશહૂર હદીસમાં હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે :

''સતુફરકુ ઉમ્મતી સલાસ વસબઊન ફિરકતન કુલ્લોહુમ ફિન્નાર ઈલ્લા વાહેદુન.''

'મારી ઉમ્મતના તોતેર ફિરકા(ટોળા) થશે, એક (હક) ફિરકા સિવાય સઘળા દોઝખમાં જશે' (એકજ ખરો ફિરકો નજાત પામશે.)

ઈસ્લામના તોતેર ફિરકામાં જે ખરો મતભેદ છે તે ઈમામતના બારામાં છે, નહિ તો ખુદા, તેના રસૂલ (સ.અ.વ.), કુરઆને મજીદ અને કયામત ઉપર (કાદયાની, બાબી, બહાઈ અને બીજા અમુક ફિરકા, જે છેલ્લા સો દોઢસો વર્ષમાં જાહેર થયા તે સિવાયના) સઘળા મુસલમાનો ઈમાન રાખે છે, માત્ર ઈમામતના સવાલમાં મતભેદ રહ્યો છે.

એ સઘળા તોતેર ફિરકા ખરા અને હક ઉપર હોય તે બનવા જોગ નથી, કારણ કે તેઓ એકબીજાને બાતિલ અને માત્ર પોતાના ફિરકાને હક ઉપર સમજી રહ્યા છે. તેથી ખરો નજાત પામવા લાયક ફિરકો એકજ હોઈ શકે, બાકી બાતિલ સમજી શકાય. તે હક ફિરકો કયો છે તેની શોધ અને તપાસ કરી ઈમાન લાવવા માટે દરેક મુસલમાનની ફરજ છે, કેમ કે પયગમ્બરની ઉપલી હદીસ મુજબ પોતાના ઈમામે ઝમાનાને નહી ઓળખનાર કુફ્રના મૌતે (એટલે કે ઈસ્લામ સિવાયના મઝહબ ઉપર) મરણ પામે છે, અને તેના કોઈ અમલ, નમાઝ, રોઝા વગેરે કબુલ થવા લાયક અને નજાત પામવા લાયક હોતા નથી. આમ, ઈમામતનો સવાલ બહુજ ગંભીર, અગત્યનો અને જરૂરી સવાલ છે.

ખરો ફિરકો કેવી રીતે ઓળખી શકાય ? તેને ઓળખવા માટે ઈસ્લામમાં પાંચ બાબતો ખાત્રી કરવાની કસોટી રાખવામાં આવેલ છે. તે થકી જે કોઈ મુસલમાન માત્ર ખુદાની ખુશી અને નજાત પામવા માટે પોતાના જુના વિચારો અને હઠ તજી, હક મઝહબ શોધવાની કોશિશ કરશે, તો બેશક સહેલાઈથી હક મઝહબ–ખરો ફિરકો પારખી અને પામી શકશે.

પરવરદિગારે કુરઆનમાં ફરમાવેલ છે :

''અલ્લઝીન જાહદુ ફીના લનહદીયન્ન–હુમ સુબુલના.''

જે કોઈ અમારા (હિદાયતના) માર્ગ તરફ આવવાની કોશિષ કરશે, તો બેશક અમે તેઓને અમારા (સાચા) માર્ગોની હિદાયત આપીશું. (ખરો અને સીધો રસ્તો– હક મઝહબ દેખાડીશું)

ખાત્રી (યકીન) મેળવવા માટેની એ પાંચ કસોટી નીચે મુજબ છે :

૧. કુરઆને મજીદ
૨. પયગમ્બરની ખરી હદીસો– એવી હદીસો જે કુરઆનના ફરમાનથી ઉલટી ન હોય
૩. રિવાયત – ઈતિહાસ
૪. દિરાયત – ખરા બનેલા બનાવો જેમ કે કોઈ કહે કે રોમના પોપ હિંદુસ્તાનમાં આવ્યા અને મુસલમાનના આલિમો સાથે વાદવિવાદ થયો. તેની પોકળતા સાબિત કરવા માટે એક જ દલીલ બસ થશે કે રોમના પોપ

કોઇ કાળે આજ પર્યંત હિન્દુસ્તાન આવ્યા જ નથી, તેથી વાદવિવાદની વાત ગપના ગોળાથી વિશેષ ન હોઇ શકે, તેને દિરાયાત કહે છે.

૫. અક્કલ, કુરઆનની ખરી તફસીર, ખરી હદીસો, રિવાયત અને દિરાયાતની હકીકતો સમજવા માટે અક્કલનો ઉપયોગ જરૂરી છે. આ કિતાબમાં તેનો વધુ ખુલાસો સ્થળ સંકોચના કારણે લખી શકતા નથી.

ઈમામે મહદી (અ.સ.)ની ગયબત પછી છેલ્લા હજાર વરસોમાં સેંકડો મુસલમાનો નબુવ્વત, ઈમામત અને મહદી હોવાનો દાવો કરી ચુકયા. અરબસ્તાન, ઈરાન, હિન્દુસ્તાન અને આફ્રિકામાં ઘણા બનાવટી મહદી થઇ ચૂકયા. ચોક્કસપણે તેઓ સઘળા ખરા ન હોઇ શકે, કેમ કે કુરઆન, હદીસો અને ઇતિહાસના પુરાવાથી ઈમામે ઝમાના અને મહદી એક જ હોઇ શકે, તેથી બાકીના સઘળા દાવેદારો ખોટા, દીનથી ફરી ગયેલા, ખુદા અને રસુલ (સ.અ.વ.) ઉપર ખોટી તોહમત મુકનારા અને બેદીન હોવાની ખાત્રી ઉપસ્થિત થાય છે. તદુપરાંત એ ખરા હક અને નાજી ફિરકાની શોધ માટે એક મજબુત દલીલ એ છે કે, ઈસ્લામના સઘળા ફિરકાના મુસલમાનો પંજેતને પાક, પયગમ્બરની એહલેબૈતને પવિત્ર, ઈમાનદાર, હક ઉપર અને માન–મોહબ્બતને લાયક માને છે. તેથી તે પાંચેય બુઝુર્ગવારો હક ઉપર હતાં, અને તેઓના અમલ, આદેશો (ફરમાનો), હદીસો અને શિક્ષણ ખરા અને નજાત અપાવનાર હોવાની સહજ ખાત્રી થઇ શકે છે. તે પાંચેય બુઝુર્ગવારો (મઆઝલ્લાહ) બાતીલ ઉપર અને તેમનું શિક્ષણ માનવા લાયક ન હતું, એવું કોઈ મુસલમાન કહી શકશે નહિં, તેથી તે પાંચેય બુઝૂર્ગવારોનો તરીકો શું હતો, તેમણે કેવા ફરમાનો આપ્યા, અને ખરો નાજી ફિરકો કયો છે. તેની શોધ કરી સમજી લેવાની દરેક મુસલમાનની ફરજ છે.

માત્ર શીઆ ઈશ્નાઅશરી મઝહબની કિતાબોમાં લખાએલી હદીસોથી નહી, પરંતુ સામાન્ય મુસલમાનો– એહલે સુન્નત જમાઅતની મશહુર સહી કિતાબોથી તે પાંચેય બુઝૂર્ગવારો (પંજેતને પાક)નો તરીકો, અમલ અને ફરમાનો સહેલાઈથી મેળવી સમજી શકાય તેમ છે. આમ, એહલેબૈતે રસૂલનો પંથ (ફિરકો) ખરો અને નજાત અપાવનાર છે તેમજ તેઓને માનનાર અને તેઓના ફરમાનુસાર અમલ કરનાર ફિરકો ખરો અને નજાત અપાવનાર છે. ઈસ્લામના દરેક ફિરકાના લોકો એમ કહે કે અમે પંજેતનને હક સમજી તેઓના ફરમાનુસાર અમલ કરીએ છીએ. તો તેનો અર્થ એમ જ થઇ શકે કે (મઆઝલ્લાહ) તે બુઝુર્ગવારોના ફરમાનો એકબીજાથી વિરૂઘ્ધ અને તેમના હુકમો દરેક ફિરકા માટે જુદા જુદા છે, જે ખરેખર અક્કલથી વિરૂઘ્ધ અને અશકય બાબત છે, જેનો વધુ ખુલાસો આ પુસ્તક 'ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામની ઓળખ' માં લખવામાં આવ્યો છે.

વળી એ પંજેતને પાકના બારામાં હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની સર્વસામાન્ય મશહુર હદીસ છે કે :

''ઈન્ની તારેકુન ફીકોમુસ્સકલૈન કિતાબલ્લાહે વ ઇતરતી અહલુબયતી, મા ઈન તમસ્સકતુમ બેહેમા, લન તઝિલ્લુ બઅદી અબદા.''

'હું તમારી વચ્ચે (મારી અમાનત) બે ભારે વસ્તુઓ મુકીને જાવ છું, એક ખુદાની કિતાબ (કુરઆન) અને બીજી મારી ઈતરત (એહલેબૈત), જયાં સૂઘી તમે તે બન્નેને મક્કમપણે વળગીને રહેશો, ત્યાં સુઘી કોઇ કાળે કદી ગુમરાહ થશો નહિં.' (હદીસે સકલૈન)

આ પવિત્ર અહલુલબયત જેઓને પરવરદિગારે કુરઆનમાં પાક–પાકીઝા, દરેક બુરાઈઓથી વિમુખ (દૂર) જાહેર કર્યા હોય, તેઓ બેશક નજાત પામનાર પંથ, બલ્કે તે પંથના સરદારો ગણાય છે. તેથી તેઓને માનનારા, ચાહનારા અને તેઓના ફરમાનો અનુસાર વર્તનારા તેમજ તેઓના વિરોઘીઓ – દુશ્મનો – સતાવનારાઓ – કાતિલોની સાથે દુશ્મની રાખનાર ફિરકો ખાત્રીપૂર્વક નજાત પામનાર અને ખરો ફિરકો કહી શકાય.

ઈસ્લામના તમામ ફિરકા કુરઆનને માને છે. વર્તમાન સમયમાં તમામ ફિરકાઓ, સિવાય કે જેઓ કુરઆનમાં ખામી દેખાડે છે (જેમ કે, કાદયાની ફીરકાના મીરઝાએ કુરઆનમાં ગલીચ વાણી, ગાળ, ગંઘ હોવાનું જણાવ્યું છે અને તેઓ કુરઆનને અરબીમાં હોવાથી અરબો માટે હોવાનું કહે છે), કુરઆનને ખુદા તરફથી ઈસ્લામના પયગમ્બરને મળેલી કિતાબ માને છે અને તેની ઉપર અમલ કરવું તમામ મુસલમાનો પોતાની ફરજ સમજે છે.

એક શહેરમાં કોઈ અજાણ મુસાફર દાખલ થાય, દિવસના સૂર્યનું અજવાળું હોય, અથવા રાતના સમયે વિજળીની ઝગમગતી રોશની હોય, છતાં રસ્તાઓથી અજાણ હોવાના કારણે તે આગળ નહિં વઘી શકે, અને ઉતારો, મુસાફર ખાનું અથવા અમુક બજાર કયાં છે તે જાણી નહિં શકે. તેને એક રસ્તો દેખાડનાર ભોમિયાની જરૂરત પડશે, એજ પ્રમાણે કુરઆન એ સુર્યની રોશની સમાન છે. અંઘકાર હોય તો ચોકકસપણે ખાડામાં કે ઉંડી ખાઈમાં પડી જવાનું અથવા ભીત સાથે માથું અફળાવવાનું થાય, તેથી રોશનીની પ્રથમ જરૂરત હોય છે, પરંતુ તેની સાથે કુરઆન સમજાવનાર, રસ્તો દેખાડનાર, હીદાયત કરનાર ભોમીયારૂપી રેહબરો, ઈમામોની જરૂરત હોય છે, જેઓને કુરઆનનું ખરૂં સંપૂર્ણ ઈલ્મ ખુદા અને રસુલ તરફથી મળેલું હોય છે. તેથી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ પોતાની હદીસમાં ચોખવટ ફરમાવી ગયા કે, 'હું તમારી વચ્ચે બે ભારે વસ્તુઓ મુકી જાઉં છું. ખુદાની કિતાબ અને મારી એહલેબૈત (જેમની પાસે કુરઆનનું ઈલ્મ છે) તે બન્નેને મક્કમપણે વળગી રહેશો, તો બેશક કદીપણ ઉંઘે માર્ગે ભટકવા નહી પામશો.

ઈમામ જાહેર હોવા જોઈએ, ગાયબ, અદ્રશ્ય, નજરથી દુર અને છુપા હોય તે ઈમામ ન હોય શકે અથવા તેમના થકી કોઈ પ્રકારની હિદાયત અથવા લાભની આશા રાખી શકાય નહિં, એ ખ્યાલ પાયા વગરનો (પોકળ) છે, જે કદી ટકી નહિં શકે. જોઈ ન શકાય એવી વ્યક્તિ અથવા વસ્તુની હસ્તીને ન માની શકાય તેમ હોય, તો અલ્લાહની પાક ઝાત દુનિયા તેમજ આખેરત બંનેમાં જોઈ નહિં શકાય, છતાં અલ્લાહની હસ્તી તમામ મખ્લુક માન્ય રાખે છે. એટલું જ નહિં, પરવરદિગારની પેદા કરેલી ઘણી ચીજો જોઈ શકાતી નથી, છતાં તેની હસ્તી સર્વમાન્ય છે, જેમ કે

ઈન્સાનના શરીરમાં રૂહ હોય છે, તે માતાના પેટની અંદરના બાળકમાં દાખલ થાય છે અને મૃત્યુ વખતે નીકળી જાય છે. રૂહ જોઈ શકાતી નથી, છતાં તેની હસ્તીને તમામ ઈન્સાનો માન્ય રાખે છે. તદુપરાંત હવા અને ફરિશ્તાઓ પણ જોઇ શકાતા નથી, છતાં તેની હસ્તી સર્વમાન્ય છે.

ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ને ત્રણ વરસ સુધી પહાડની ગુફામાં છુપાઇને રહેવું પડયું હતું, તદુપરાંત હઝરત મુસા, હઝરત સુલયમાન, હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસાને પણ ગાયબ રહેવાની (છુપાઇજવાની) ફરજ પડી હતી. હઝરત ખીઝ્ર અને હઝરત ઈલ્યાસ હજારો વરસોથી દુનિયાની સપાટી ઉપર જીવતા છે એ હકીકત મુસલમાનો માન્ય રાખે છે, છતાં ગાયબ (છુપા) હોવાથી તેઓને જોઇ શકતા નથી.

વળી, ઈબ્લીસ (શયતાન) તેમજ તેના ચેલાઓ અને જીન્નાત જમીન ઉપર વસે છે. છતાં, તેઓ જોઇ શકાતા નથી. દજજાલ મલઉન તથા યાજુજ માજુજ કોમની હસ્તી સર્વમાન્ય હોવા છતાં તેઓ નજરે પડતા નથી.

ગાયબ (અદ્રશ્ય) બાબતો / વસ્તુઓ ઉપર ઈમાન લાવવાનો હુકમ કુરઆનમાં છે, જે આ પુસ્તકમાં અન્ય સ્થળે સ્પષ્ટ કરવામાં આવ્યું છે, જેમાં મરણ પછીના બનાવો, કબરની હાલત, કયામત, બેહીશ્ત, દોઝખ, મીઝાન, પુલે સિરાત, અર્શ અને કુરસી વગેરે ગયબની (છુપી) બાબતો હોવા છતા સઘળા મુસલમાનો તેમજ નસારા, યહુદી અને હિંદુઓ પણ માન્ય રાખે છે. આમ, ગાયબ ઈમામની હસ્તી નહી માનવાનું કશું કારણ નથી.

ઈસ્માઈલી વહોરા કોમ પોતાના ગાયબ ઈમામ તય્યબને સન પ૨૪ હિજરીથી ગાયબ અને પડદામાં હોવાનું માને છે, જેને લગભગ ૮૫૦–૯૦૦ વરસ વીતી ગયા, તેથી તેઓ બારમા ઈમામ હઝરત મહદી (અ.સ.)ના ૧૧૦૦ વર્ષ સુધી ગાયબ અને જીવંત હોવા વિશે અસંભવિત નહિં કહી શકે. એજ પ્રમાણે આગાખાની ઈમામોમાંથી અમુક ઈમામોના ગાયબ (પરદા)માં રહેવા વિશે તેઓના પુસ્તકોમાં વર્ણન છે. આમ, ઈમામે મહદી (અ.સ.)ના જન્મ, તેમની હસ્તી અને તેમના અદ્રશ્ય (ગાએબ) હોવા વિશે કુરઆન, હદીસો અને ઈતિહાસ તથા અકલી દલીલોથી સિધ્ધ હોવા છતાં, જાહેરન દેખાતા ન હોવાથી તેમની હસ્તી અને ઈમામતનો ઈન્કાર થઈ શકે નહિં.

ઈમામ હોવા છતાં ગાયબ હોવાના કારણે ઈસ્લામ અને મુસલમાનોને શું લાભ મળે છે ? ઈમામ જાહેર થઈ કુફ્રના અંધકારને શા માટે દૂર નથી કરતાં ? બેશક આ સવાલો અગત્યના છે. તેનો સંપૂર્ણ ખુલાસો આ પુસ્તકમાં અન્ય સ્થળે લખેલ છે, તે ઉપરથી સાબિત થઈ જશે કે ઈમામે ઝમાના ગાયબ હોવા છતાં તેમના થકી ઈસ્લામ અને મુસલમાનોને કઈ રીતે લાભો પહોંચે છે.

અમારા આગાખાની બિરાદરો અને મીશનરીઓ કુરઆનની આયત, 'ઈમામુમ મુબીન'નો જાહેરી અર્થ ' જાહેર ઈમામ' નો લઈ, ગાએબ (છુપા) ઈમામ માનવા લાયક હોઈ ન શકે, એવી દલીલ ઉપર ભાર આપી રહ્યાં છે. પરંતુ 'મુબીન'નો અર્થ માત્ર 'જાહેર / જોઈ શકાય' એવો એક જ અર્થ નથી. આ શબ્દ કુરઆને મજીદમાં ઘણી આયતોમાં વર્ણન થયેલ છે, જેના જુદા જુદા અર્થ થાય છે.

૧. <u>ઈમામુમ મુબીન :</u> પુરી આયત 'વ કુલ્લો શયઈન અહસયનાહો ફી ઈમામિમ્મુબીન' એટલે કે 'અને દરેક ચીજ અમે સ્પષ્ટ અને મુખ્ય કિતાબમાં ગણી (લખી) લીધી છે. (સૂરે યાસીન, આયત : ૧૨)

અંગ્રેજી–અરબી ડીકશનરીમાં 'મુબીન'ના અર્થ નીચે મુજબ છે :

Manifest, Clear, Evident (સ્વચ્છ, ચળકતું, સ્પષ્ટ, ખુલ્લું, સાફ, ઉઘાડું, પ્રગટ, પ્રસિઘ્ઘ)

૨. <u>અદુવ્વુમ્મુબીન :</u> ઉઘાડો – ખુલ્લો દુશ્મન (શૈતાન) (સૂરે યાસીન, આયત : ૬૦)

શયતાન નજરે પડતો નથી, છતાં તેના માટે પણ 'મુબીન' શબ્દ વર્ણન થયેલ છે, તેથી એમ ન કહી શકાય કે જાહેર નજરે પડનાર માટે જ 'મુબીન' શબ્દ છે.

૩. <u>ઝલાલિમ મુબીન :</u> ચોખ્ખી ભુલ, ખુલ્લી ગુમરાહી (સૂરે યાસીન, આયત : ૨૮)

ભુલ ગુમરાહી આંખે જોઈ શકાય તેવી ચીજ નથી.

૪. <u>સુલતાનીમ મુબીન :</u> સ્પષ્ટ દલીલ (સૂરે નહલ, આયત : ૨૧)

દાખલો–દલીલ નજરે જોવાની વસ્તુ નથી.

૫. <u>અરબીય્યુમ મુબીન :</u> સ્પષ્ટ અરબી (ભાષા) (સૂરે શોઅરા, આયત : ૧૯૫)

અરબી ભાષા આંખે જોવાની ચીજ નથી.

૬. <u>બલાગુમ મુબીન :</u> ખુલ્લો સંદેશો (સૂરે યાસીન, આયત : ૧૮)

સંદેશો જાહેર નજરે પડતી ચીજ નથી.

૭. <u>ખસીમુમ મુબીન :</u> ખુલ્લમ ખુલ્લો ઝઘડો કરનાર (સૂરે નહલ, આયત : ૪)

'મુબીન' શબ્દના માત્ર જાહેરી અર્થને જોઈ અને તેને જ વળગી રહી ઈમામ 'ગાયબ' (છુપા) ન હોઈ શકે, એમ કહેવું ખોટું અને હઠ સિવાય બીજુ કશું નથી, જયારે કે પયગમ્બરો, વહોરા ઈસ્માઈલી કોમના ઈમામ 'તયબ' અને અમુક આગાખાની ઈમામો ગાયબ (છુપા) રહેવા વિષે સાબિત થયુ છે.

આગાખાની ઈમામતના સિલસિલામાં ત્રણ ઈમામો, વફી અહમદ, તકી અહમદ અને રઝા અબ્દુલ્લાહની જીંદગી ઈમામો તરીકે પસાર થઈ છે, એટલું જ નહી પણ ૪૮ ઈમામોમાંથી ઘણા ઈમામોની કારકિર્દીનો કશો ખુલાસો તેઓના પુસ્તકો અને ઈતિહાસમાં નથી.

અંતમાં ઈમામતની મુખ્ય જરૂરી શરતો કુરઆન અને હદીસોમાં જણાવવામાં આવેલ છે, તે ખુલાસાવાર અન્ય સ્થળે લખેલ છે. અહી હઝરત મહદી અલયહિસ્સલામના બારામાં તેમના જાહેર થવા માટેની મુખ્ય જરૂરી શરતો લખીશું, જેથી તે શરતો–નિશાનીઓ જે કુરઆન અને હદીસોથી જરૂરી ઠરાવવામાં આવેલ છે તે ન હોય તો હઝરત મહદી કે ઈમામે ઝમાનાનો (જૂઠો) દાવો કોઈ મુસલમાન માન્ય રાખી શકે નહી.

૧. મહદી(અ.)નું મુબારક નામ 'મોહમ્મદ' (અ.) અને તેમના પિતાનું ઈમામ હસન અસ્કરી (અ.સ.) છે, એ હદીસો અને ઈસ્લામી ઈતિહાસથી સિધ્ધ થાય છે. તે સિવાયના ભળતા માણસો ગુલામ અહમદ, મોહમ્મદઅલી બાબ, બહાઉદદીન (બહાઈ) અને બીજા નામો ધરાવનાર ઈમામો કોઈ કાળે મેહદીનો દાવો પુરવાર નહિં કરી શકે.

૨. હઝરત મહદી અલયહિસ્સલામ આજપર્યંત જીવંત અને ગાયબ છે, કેમકે તેમના જાહેર—ઝુહુરની નિશાનીઓ જાહેર થવા વિષે જે વર્ણન અને નિશાનીઓ કુરઆન અને મુસલમાનોની હદીસોમાં છે, તે ઉપર જણાવેલા થઈ ગયેલા અને થનારા બનાવટી ઈમામોના માટે જાહેર થયેલ નથી.

૩. હઝરત મહદી (અ.સ.)ના ઝુહુર માટે સૌપ્રથમ કાણા દજ્જાલનું નિકળવું, અને તેનું ઈમામના સમયમાં જ માર્યા જવું જરૂરી નિશાની છે. મહદી હોવાના આટલા દાવેદારો આવી ગયા, પસાર થઈ ગયા, છતાં દજ્જાલ દેખાણો નહીં. અલબત્ત કાદયાની મીરઝા, અંગ્રેજોની બનાવેલી રેલ્વેને દજ્જાલનો પુછડી વગરનો ગધેડો બનાવી ચુકયો અને ગધેડા (રેલ્વે) ઉપર પોતે અને તેને માનનારા સવારી કરી રહયા. દજ્જાલના ગધેડા ઉપર સવારી કરનારને શું સમજવું ? વળી, એક દજ્જાલના બદલે કરોડો ઈસાઈઓને દજ્જાલની ઉપમા આપી ચુકયા હોય એવા મહદીને મુસલમાનો કોઈ કાળે માન્ય નહીં રાખી શકે.

૪. ઈમામ મહદી(અ.)ના જાહેર થવા પછી ટુંક સમયમાં આખી દુનિયા ઉપર શાંતિ,અદલ,ઈન્સાફનો ફેલાવો થશે,જે મહદીના દાવેદારો માટે થયું નથી. દિવસે—દિવસે ઝુલ્મ અને બદકારી વધ્યા કરે છે,જે સર્વસામાન્ય બાબત છે.

૫. હઝરત મહદી (અ.સ.) પાસે હઝરત ઈસા પયગમ્બર આસ્માનથી ઉતરી હાજર થશે. જે થયું નથી. કાદયાની મીરઝા અને બીજા બનાવટી મહદી પોતાને ઈસા મસીહ જણાવે તેથી શું થયું.

૬. હઝરત મહદી (અ.સ.), જે ગાયબ છે અને ખુદાના હુકમથી ઝુહુર ફરમાવશે, તે તમામ મુસલમાનોની કિતાબોની હદીસો અને ઈતિહાસ મુજબ અગિયારમાં ઈમામ હઝરત હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે તેમજ આપ પયગમ્બરની દિકરી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી જન્મેલ નવમા ફરઝંદ અને બારમા ઈમામ છે.

૭. હઝરત મહદી અલયહિસ્સલામની એ પવિત્ર વંશાવળી મુસલમાનોમાં સર્વમાન્ય છે. તે સિવાય અરબસ્તાન, પાકિસ્તાન, ઈરાન, પંજાબ વગેરેમાં બની બેઠેલા મહદીના દાવેદારો ખરા ન હોઈ શકે.

૮. જાહેર થનાર હઝરત મહદી (અ.સ.) પાસે અગાઉના પયગમ્બરોની નિશાનીઓ, જેમ કે સુલયમાન પયગમ્બરની વીંટી, મુસા પયગમ્બરની લાકડી, હઝરત મુસાનો તે પત્થર જેમાં લાકડી મારવાથી પાણીના બાર જરા નિકળતા હતા, તેમજ રસૂલે ખુદા (સ.અ.વ.)નો ફરેરો (અલમ) એ તમામ વસ્તુઓ હશે. તે નહિં હોવા છતાં મહદીનો દાવો કઈ રીતે (પુરવાર) થઈ શકે ?!

## ૨. ઈમામ મહદી (અ.)નો ઉલ્લેખ કુરઆનમાં

૧. અલીફ લામ મીમ. ઝાલેકલ કિતાબો લા રયબ ફીય્હે, હોદલ લિલ મુત્તકીન. અલ્લઝીન યુઅમેનુન બિલ ગય્બં...

અલીફ લામ મીમ, આ એ કિતાબ (કુરઆન) છે, જેમાં કોઈ પ્રકારની શંકા નથી, તકવા ધરાવનારા લોકો માટે હિદાયત છે. જેઓ ગૈબ (અદ્રશ્ય બાબતો) ઉપર ઈમાન લઈ આવે છે... (સૂરે બકરહ : ૧ થી ૩)

૨. વઅદલ્લાહુલ્લઝીન આમનુ મિનકુમ – વઅમેલુસ્સાલેહાતી, લ યસ્તખ્લીફન્નહુમ ફીલ અર્ઝ...

તમારામાંથી જેઓ ઈમાન લાવી સારા અમલ બજાવી લાવ્યા, તેઓની સાથે અલ્લાહે વાયદો કર્યો છે કે જેવી રીતે તેઓની અગાઉ થઈ ગયેલા લોકોને જમીન ઉપર વારસ બનાવ્યા તેવી રીતે તમોને પણ જમીનના વારસ બનાવશે, અને જે દીન તેઓના માટે પસંદ કરેલ છે, તેને તમામ ઉપર સત્તા અને સર્વોપરીતા આપશે. અને તેઓનો ભય દૂર કરી શાંતિ અને અમાન આપશે. તે થકી તેઓ માત્ર મારી જ ઈબાદત કરશે અને મારી સાથે કોઈને શરીક–ભાગીદાર નહી બનાવે.

આ આયતમાં જણાવ્યા મુજબ, ભય વગર સમગ્ર સૃષ્ટિ ઉપર એક જ ખુદાની ઈબાદત થશે, અને કોઈ પણ શિર્ક કરનાર (મુશરીક) નહી હોય, તેનું વચન પરવરવદિગારે આપેલ છે, તે હજી સુધી થયું નથી. પયગમ્બરના ઝમાનામાં અને તે પછીના ઝમાનામાં આજ પર્યંત ઈસ્લામને સર્વોપરીતા મળી નથી અને સદા મુશ્રીકોની સંખ્યા અને બળ અગ્ર પ્રમાણમાં જ રહયું છે. આમ, હઝરત મહદી અલયહિસ્સલામના ઝુહુર માટે તે વચન આપવામાં આવેલ છે.

૩. હોવલ્લઝી અર્સલ રસૂલહુ બિલ હુદા વ દીનીલ હકકે લેયુઝહિરહુ અલદદીની કુલ્લેહી વ લવ કરિહલ મુશ્રેકુન

પરવરદિગારે પોતાના રસુલને હિદાયત અને દીને હકની સાથે મોકલ્યા કે જેથી તે તેને (દીનને) સઘળા મઝહબો ઉપર સર્વોપરીતા આપે, ભલેને પછી મુશ્રીકોને અણગમો રાખે. (સૂરે તૌબા : ૩૩)

રસુલેખુદા (સ.અ.વ.)એ હિદાયત કરી, પરંતુ તમામ મુશ્રીકો–બેદીનો ઉપર સર્વોપરીતા મળી નહિ, જેથી તે વચન ખરૂં હોવાથી જરૂર હવે પછી થશે, અને તે હઝરત મહદી અલયહિસ્સલામના સમયમાં થશે.

આ વિષે એહલેસુન્નતના ઈમામ ફખ્રૂદ્દીન રાઝી પોતાની તફસીરમાં લખે છે કે, અબુ હુરેરાથી રિવાયત છે કે રસુલેખુદા(સ.)એ ફરમાવ્યું, પરવરદિગારે આ આયતમાં ઈસ્લામને સઘળા મઝહબો ઉપર સર્વોપરીતા આપવાનો વાયદો કર્યો છે, તે મુજબ હઝરત મહદી જાહેર થશે, ત્યારે ઈસ્લામ તમામ મઝહબો ઉપર ગાલીબ થશે અને ઈસ્લામમાં દાખલ થયા સિવાય કોઈ બાકી નહિં રહે. (દુનિયામાં ફકત એક જ મઝહબ ઈસ્લામ રહેશે) આ પ્રકારની ઘણી હદીસો એહલે સુન્નત જમાઅતની તફસીરો અને કિતાબોમાં મૌજુદ છે.

૪. 'વ લકદ કતબ્ના ફિઝઝબુરે બઅદ ઝઝીક્રે અન્નલ અર્ઝ યરેસુહા એબાદેયસ્સાલેહીનં
અને ચોક્કસપણે અમોએ ઝબૂરમાં નસીહતો લખીને જણાવ્યું છે કે બેશક અમારા નેક બંદાઓ જમીનના વારસ થશે. (સૂરે અંબિયા : ૧૦૫)

૫. 'વ લકદ અખઝલ્લાહુ મીસાક બની ઈસરાઈલ વ બઅસનાહુમુસ્નય અશરા નકીબન
અને ખરેખર ખુદાએ ઈસરાઈલના દીકરાઓ પાસેથી કરાર લીધો અને અમે તેઓમાંથી બાર સરદારો બનાવ્યા. (સૂરે માએદહ)
સહી બુખારી અને સહી મુસ્લીમમાં વર્ણન છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું છે :
જયાં સુધી મારા બાર ખલીફાઓ પુરા નહિં થાય, ત્યાં સુધી દુનિયા બાકી રહેશે, અને તેઓ બાર ઈમામો છે.

૬. 'યવ્મ નદઉ કુલ્લો ઓનાસિમ બે ઈમામેહિમં
અને તે (કયામતના) દિવસે અમે દરેક ટોળાને તેના ઈમામ (સરદાર)ની સાથે બોલાવીશું.

૭. તનઝઝલુલ મલાએતો વરરૂહો ફીહા બેઈઝને રબ્બેહિમ મિન કુલ્લે અમરિન સલામ, હેય હત્તા મતલઈલ ફજ્ર (સૂરએ કદ્ર : ૪,૫)
તેમાં (કદ્રની રાત્રે) મલાએકા અને રૂહ પોતાના રબ (ખુદા) ના હુકમથી (જમીન ઉપર) ઉતરે છે, દરેક પ્રકારના ખુદાના હુકમ અને સલામની સાથે, અને તેઓ ફજર સુધી રહે છે.

આ મુબારક સુરામાં પરવરદિગાર ફરમાવે છે કે માહે મુબારકે રમઝાનની લયલતુલ કદ્રમાં મલાએકા અને રૂહ આસમાનથી ખુદાના અમ્ર (કઝા અને કદ્ર – બાર મહીનામાં મૌત, હયાત અને જે કાંઈ બનાવો થનાર હશે તેની વિગતો સાથે) ઉતરે છે અને ફજર સુધી જમીન ઉપર રહે છે.

તે મલાઈકા આસમાનથી ખુદાના અમ્ર (લેખ) સાથે ઉતરીને કયાં, અને કોની પાસે જઈ તે ખુદાના અમ્ર પહોંચાડે છે ? શું તે ફરિશ્તાઓ આખી રાત દનિયાનો ચકકર લગાવી, તે લેખને પાછા આસ્માન ઉપર લઈ જાય છે ? આમ, સાબિત થાય છે કે જમીનની સપાટી ઉપર ખુદાના પ્રતિનિઘી, હુજ્જત અને પયગમ્બરના એક (ખલીફા) ઈમામ જરૂર હોય છે. તેમની ખિદમતમાં આસ્માનના ફરીશ્તા કયામત સુધી દર વર્ષે કદ્રની રાત્રે હાજર થઈ ખુદાનો અમ્ર પહોંચાડે છે, અને તે ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) ખુદાની હુજ્જત, પ્રતિનિઘી અને પયગમ્બરની સહીહ હદીસો મુજબ બારમા ખલીફા, ઈમામે કાએમ (અ.સ.) છે. તે સિવાય દુનિયાની સપાટી ઉપર એકેય એવો ઈન્સાન નથી કે આસ્માનના ફરીશ્તા તેની નજીક હાજર થઈ શકે. કુરઆન, હદીસો અને અકકલથી લાયક હોય એવા કામિલ ઈન્સાન હઝરત મહદી (અ.સ.) સિવાય કોઈ નથી.

# ૩. ઈમામની નિમણુંક, સિફાતો અને શરતો

'ઈમામ' અરબી શબ્દ છે, જેનો અર્થ પેશવા, આગેવાન, સરદાર અને રસ્તો બતાવનાર થાય છે. 'ઈમામ'ની નિમણુંક પરવરદિગાર કરે છે, જેની જાણ તે પોતાના પયગમ્બરને કરે છે, અને તે મુજબ પયગમ્બર પોતાની ઉમ્મત (કૌમ)ને તેઓના (ખલીફા) ઇમામની નિમણુંક કરી જણાવે છે.

૧. અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે :

ઈન્ન રબ્બક યખ્લોકો મા યશાઉ વ યખ્તારૂ મા કાન લહુમુલ ખીયરહ સુબ્હાનહુ વ તઆલા અમ્મા યુશ્રેકુન

બેશક તારો પરવરદીગાર પેદા કરે છે અને ચુંટી લીએ છે, જેને તે ઈચ્છે છે. તે બારામાં બીજાઓને કોઈ જાતની સત્તા કે દખલગીરી હોતી નથી. પાક અને સર્વોપરી છે તે (અલ્લાહ) જેના માટે તેઓ શિર્ક કરી રહયા છે.

૨. ઇમામતની નિમણુંક ખુદા તરફથી થાય છે તે વિશે કુરઆનમાં ઘણી આયતો છે જેમકે હઝરત આદમ વિષે ફરમાવે છે : વ ઇઝ કાલ રબ્બોક લિલ્મલાએકતે ઇન્ની જાએલુન ફિલ અર્ઝે ખલીફહ (સૂરે બકરહ : ૩૦)

અને જયારે તારા પરવરદીગારે મલાએકાને કહ્યું : હું ધરતી ઉપર ખલીફા નિયુકત કરનાર છું.

૩. કુરઆનમાં વર્ણન છે કે અલ્લાહે હઝરત દાવૂદ અલય્હિસ્સલામને ફરમાવ્યું :

યા દાવૂદ ઇન્ના જઅલ્નાક ખલીફતન ફિલ અર્ઝ , ફહકુમ બય્નન્નાસ બિલ હકકે (સૂરે સાદ : ૨૬)

અય દાવૂદ! બેશક અમોએ જમીન ઉપર તમને ખલીફા બનાવ્યા, માટે તમે લોકો વચ્ચે હક સાથે ઇન્સાફ કરો

૪. વ એઝિબ્તલા ઇબ્રાહીમ રબ્બહૂ બેકલેમાતિન ફઅતમ્મહુન્ન. કાલ ઇન્ની જાએલોક લિન્નાસે ઇમામા. કાલ વ મિન ઝુરિરિય્યતી . કાલ લા યનાલો અહદિઝઝાલેમીન

અને જયારે ઇબ્રાહીમની તેના પરવર દિગારે (અમુક) શબ્દો વડે આઝમાઈશ (પરિક્ષા) કરી, જે તેણે પુરી કરી, ત્યારે ખુદાએ ફરમાવ્યું કે હું તમને લોકો માટે ઇમામ બનાવનાર છું. ઇબ્રાહીમે કહ્યું અને મારા વંશજોમાંથી ? ખુદાએ ફરમાવ્યું : મારો અહદ (ઇમામતનો હોદદો) ઝાલિમોને મળશે નહી.

ઉપરોકત આયતોથી સિધ્ધ થાય છે કે ઈમામની નિમણું કરનાર ખુદા છે, તે સિવાય કોઈને ઇમામની નિમણુંક કરવાનો હક નથી.

## ઈમામના પ્રકારો

ઇમામના પ્રકારો હોવાનું વર્ણન કુરઆનમાં છે :

૧. વ જઅલ્ના હુમ અઈમ્મતંય્યહદૂન બે અમ્રેના વ અવહય્ના એલય્હિમ ફેઅલલ ખય્રાત વ ઇકામસ્સલાત વ ઇતાઇઝઝકાત વ કાનૂ લના આબેદીન.

અને અમે તેઓને ઈમામો બનાવ્યા, જેથી તેઓ અમારા હુકમથી લોકોને રસ્તો દેખાડે, અને અમે તેઓની તરફ સારા કૃત્યો કરવા અને નમાઝ પઢવા તથા ઝકાત અદા કરવાની વહી (હુકમ) મોકલ્યો , અને તેઓ અમારી બંદગી કરનારા હતા.

૨. વ જઅલ્નાહુમ અઈમ્મતન યદઉન એલન્નાર, વ યવ્મલ કેયામતે લા યુન્સરૂન.

અમે તેઓને ઈમામો (આગેવાન) બનાવ્યા, જેઓ માણસોને આગ (જહન્નમ) તરફ બોલાવે છે અને કયામતના દિવસે તેઓની મદદ કરવામાં નહિં આવે.

## ઈમામની શરતો અને ખાસિયતો
## એહલેસુન્નત મુજબ :

ઈમામના અર્થ અને શરતો એહલે સુન્નત જમાઅતની કિતાબોમાંથી નીચે મુજબ ટુંકમાં લખેલ છે :

'મઝાહિબુલ ઈસ્લામ' કિતાબમાં પેજ ૧૦૬ ઉપર લેખક ઈમામનો અર્થ લખે છે કે :

ઈમામ રિયાસતે આમ્મા હય, એહલે ઈસ્લામ ઔર ઝિમ્મીયોં વગયરા કે દીન વ દુનિયાકે કામોંકી હિફાઝત કે લિએ બતૌરે નિયાબતે રસૂલ સ.કી તરફસે, યાને ઈલ્મે દીનકા જારી કરના ઔર અરકાને ઈસ્લામકા કાયમ રખના ઔર નેક કામોં કે લિએ હુકમ દેના, ઔર બુરે કામોંસે મના કરના, ઔર કાફિરો પર જેહાદ કરના ઔર શરઈ સઝાએં જારી કરના વગય્રા વગય્રા

તદુપરાંત સુન્નત જમાઅતમાં ઈમામનો શબ્દ સામાન્ય રીતે પણ વાપરવામાં આવે છે. કોઈ આલિમ હદીસ–ફિકહમાં પ્રવિણ / નિષ્ણાંત હોય તો તેને 'ઈમામ'નો લકબ મળે છે. જેમ કે ઈમામ ગઝાલી, ઈમામ શાફઈ, ઈમામ અબૂ હનીફા.

છતાં ખાસ ઈમામતના માટે 'ઈમામ' શબ્દ બતાવવો હોય તો તેવા પૈગમ્બરની નિયાબતના ઈમામો માટે અમુક શરતોનું હોવું જરૂરી જાણે છે કે તેવા ઈમામ કોણ હોઈ શકે.

જેમકે એજ કિતાબ મઝાહિબુલ ઈસ્લામના પેજ ૧૦૮ માં ઈમામ માટે નવ (૯) શરતો જણાવેલ છે :

૧. મુસલમાન હોય

૨. મર્દ હોય, એટલે કે ઔરત ન હોય

૩. ગુલામ ન હોય

૪. અક્કલવાળો હોય

૫. ઉંમરલાયક (પુખ્ત) હોય (બાળક ન હોય)

૬. ફાસિક (ગુનાહ કરનાર) ન હોય, આદિલ હોય

૭. કુરૈશની કૌમમાંથી હોય

૮. મુંગો – બહેરો – આંધળો વગેરે ન હોય

૯. ઈસ્લામની શરીઅતના અહકામથી વાકેફ હોય (ઈલ્મ ધરાવનાર હોય)

<u>શિયા માન્યતા મુજબ :</u>

ઈમામની નિમણૂંક ખુદાના હુકમથી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ કરેલ છે, તે સિવાય કોઈને ઈમામની નિમણૂક કરવાનો હક નથી, કેમકે ઈમામ સંપૂર્ણ ઈલ્મ ધરાવનાર અને મઅસૂમ (દરેક જાતની બુરાઈ ગુનાહોથી પાક અને વિમુખ)હોવા જોઇએ.

હસન ઈબ્ને ફઝલ પોતાના બાપ ફઝલથી રિવાયત કરે છે કે હઝરત ઈમામે રઝા અલય્હિસ્સલામે ઈમામની સિફતો અને શરતો બયાન ફરમાવી છે કે :

૧. ઈમામ પોતાના ઝમાનાના સઘળાં લોકોથી વધુ ઈલ્મ રાખનાર હોય.

૨. સઘળાં લોકોના (રૂહાની) હાકિમ અને સરદાર હોય.

૩. સઘળાં લોકો કરતાં વધુ હિલ્મ (શાંત સ્વભાવ – સહનશીલતા) રાખનાર હોય.

૪. સઘળાં લોકો કરતા વધુ પરહેઝગાર (ખુદાથી ડરનાર) હોય.

૫. સૌથી વધુ શુજાઅ (શુરવીર–બહાદુર) હોય.

૬. સૌથી વધુ ઈબાદત કરનાર (આબિદ) હોય.

૭. સૌથી વધુ સખી (આપનાર) હોય.

૮. ખત્ના થએલા પૈદા થાય છે.

૯. પાક–પાકીઝા પૈદા થાય છે.

૧૦. જેવી રીતે પોતાની સામેની ચીજ જોઈ શકે છે, તેવી જ રીતે પીઠ પાછળ જે હોય, તે પણ જાઈ શકે છે.

૧૧. ઈમામનો પડછાયો હોતો નથી.

૧૨. માતાના પેટથી જયારે જન્મ પામે છે, ત્યારે પ્રથમ બન્ને હથેળી જમીન ઉપર ટેકીને રાખે છે.

૧૩. મોટા અવાજે કલેમો પડે છે.

૧૪. ઈમામોને એહતેલામ (ઉંઘમાં વિર્યપાત)થતો નથી.

૧૫. ઈમામની આંખો ઉંઘે છે, પરંતુ દિલ જાગૃત હોય છે.

૧૬. મલાએકા (ફરિશ્તા) તેઓ સાથે ગુફ્ગતૂ (વાતચીત) કરે છે.

૧૭. હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)નું બખ્તર તેઓના શરીર ઉપર બંધબેસ્તુ થાય છે.

૧૮. તેઓનું પેશાબ, પાયખાનુ કોઈના જોવામાં આવતું નથી, જમીનમાં છુપી જાય છે, અને તેમાં દુર્ગંધ હોતું નથી, બલ્કે અંબર કસ્તુરી માફક સુગંધી હોય છે.

૧૯. તેઓ લોકોની જાનના માલિક હોય છે.

૨૦. તેઓ લોકો ઉપર તેઓના માં–બાપથી વિશેષ મહેરબાન હોય છે.

૨૧. અને સૌથી વધુ ખુદાના માટે આજીઝી અને બંદગી કરનાર હોય છે.

૨૨. પરવરદિગાર જે કામ માટે હુકમ ફરમાવે તે બજાવી લાવવામાં સૌ કરતાં વધુ પાબંદ હોય છે.

૨૩. અને જે ચીજથી દૂર રહેવાનું ખુદાએ ફરમાવ્યું હોય તેનાથી સૌથી વધુ પરહેઝ કરે છે (દુર રહે છે).

૨૪. ઈમામની દોઆ સદા મુસ્તજાબ અને કબુલ થાય છે, કદી પણ તેઓની દોઆ પાછી ફરતી નથી. અગર કઠણ પત્થર માટે દોઆ કરે, તો તેના બે ટુકડા થઈ જાય.

૨૫. ઈમામ પાસે રસૂલેખુદા (સ.અ.વ.)ના હથિયાર અને પયગમ્બરની તલ્વાર (ઝુલ્ફિકાર) હોય છે.

૨૬. ઈમામ પાસે એક સહીફો હોય છે, તેમાં કયામત સુધી જેટલા તેઓના શીઆ અને તાબેદારો હશે તેઓના નામ લખેલા હોય છે.

૨૭. તેમજ એક બીજો સહીફો હોય છે, જેમાં તેઓના દુશ્મનોના નામ હોય છે.

૨૮. ઈમામ પાસે સહીફએ જામેઆ હોય છે, જેમાં સીત્તેર હાથ લાંબો એક લેખ છે, તેમાં દુનિયાની દરેક બાબતોનું ઈલ્મ લખેલું હોય છે.

૨૯. ઈમામ પાસે એક જઅફરે અકબર કે જે એક બકરાના ચામડા ઉપર લખેલું છે અને બીજું જઅફરે અસ્ગર કે જે મેંઢાની ખાલ ઉપર લખેલ છે, તેમાં દરેક એહકામ લખેલા છે, એટલે સુધી કે કોઈને નખથી ખરજવે તો તેનો પણ હુકમ તેમાં હોય છે.

૩૦. ઈમામ પાસે સહીફએ ફાતેમા (સ.) છે.

આ એ સઘળી ત્રીસ સિફાતો છે, જે સિફાતે મુહમ્મદી (સ.) અને અવસાફે નબવી ઈમામમાં હોય છે.

ઉપરોકત તમામ શરતો અને સિફાતો ન હોય તેવી વ્યકિત શીઆ ઈસ્નાઅશરી મઝહબની માન્યતા મુજબ કોઈ કાળે ઈમામ નહોય શકે અને તેને ઈમામતને લાયક માની શકાય નહિં.

તમામ અઈમ્માએ તાહેરીન ખુદા અને તેના રસૂલના(કુરઆન,હદીસો અને શરીઅતના) અહકામો પહોંચાડનારા અને સમજાવનારા ઉમ્મતના હાદી અને રખેવાળ હોય છે. તેથી ઈમામો, તમામ મુસલમાનોથી વધુ ઈલ્મ ધરાવનાર , કુરઆન – હદીસો સમજનારા હોવા જરૂરી છે.

# ૪. ઈમામત અને ખિલાફત

ખિલાફત અને ઈમામતની પસંદગી અને નિમણુંક માત્ર ખુદાના હુકમથી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ કરી છે. તેના માટે ઉમ્મત (મુસલમાનો)ને તેમાં દખલ દેવાનો કશો હક નથી. જે વિશે કુરઆનમાં પરવરદિગારે ફરમાવ્યું છે કે :

ઈન્ન રબ્બક યખ્લોકો મા યશાઉ વ યખ્તારૂ મા કાન લહુમુલ ખીયરહ સુબ્હાનહુ વ તઆલા અમ્મા યુશ્રેકુન

બેશક તારો પરવરદીગાર પેદા કરે છે અને ચુંટી લીએ છે, જેને તે ઈચ્છે છે. તે બારામાં બીજાઓને કોઈ જાતની સત્તા કે દખલગીરી હોતી નથી. પાક અને સર્વોપરી છે તે (અલ્લાહ) જેના માટે તેઓ શિર્ક કરી રહયા છે.

પરવરવદિગારે કુરઆનમાં હઝરત આદમ અને હઝરત દાવુદ પયગમ્બરોને (નબુવ્વત ઉપરાંત) માત્ર પોતાના પ્રતિનિધી તરીકે ખલીફા બનાવ્યા.

'યા દાવુદ ઈન્ના જઅલનાક ખલીફતન ફિલ અર્ઝે

અય દાવુદ ! અમોએ તમોને જમીન ઉપર અમારા ખલીફા (પ્રતિનિધી) બનાવ્યા.

જયારે કે હઝરત ઈબ્રાહીમ પયગમ્બરને નબુવ્વત, ખિલાફત ઉપરાંત ઈમામતનો મહા ભારે દરજજો આપી ફરમાવ્યું :

'ઈન્ની જાઈલુક લિન્નાસિ ઈમામનં

અય ઈબ્રાહીમ ! અમોએ તમોને ઈન્સાનો માટે ઈમામ (સરદાર) બનાવ્યા.

હઝરત રસુલેખુદા (સ.અ.વ.)ની મશહુર હદીસો મુજબ, તેમના ખલીફા (ઈમામ) ની સંખ્યા બારની હતી, જે હદીસો, એહલે સુન્નત વલ જમાઅતના મહાન આલિમોએ માન્ય રાખી પોતાની કિતાબોમાં લખેલ છે, જયારે કે ઈસ્લામમાં, બનુ ઉમય્યા અને બનુ અબ્બાસી, અને તે પછીના ખલિફાઓ દુન્યવી બાદશાહો હતા. તેઓની નિમણુંક હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)એ કરી ન હતી, બલ્કે ઘણી હદીસોમાં તેઓને ઝાલિમ જાહેર કર્યા છે.

બેશક પયગમ્બરના જાનશીન, ખલીફા, ઈમામો એજ બાર પવિત્ર ઈમામો છે, જેઓ આલે રસુલ અને બની હાશિમ, કુરેશમાંથી છે અને પયગંબરની માફક તમામ મખ્લુકાતથી સર્વશ્રેષ્ઠ, હાકિમ, સત્તા ઘરાવનાર અને ઈલ્મ, મોઅજિઝા તેમજ દરેક સિફાતોમાં પયગંબરની માફક હોય છે. અને તે તમામ બાર ઈમામો પયગમ્બરની માફક મઅસુમ–દરેક પ્રકારની બુરાઈ, ગુનાહોથી વિમુખ (દૂર) અને પવિત્ર હોય છે. જે અઈમ્મએ અતહાર અહલુલ બયતને પરવરદિગારે કુરઆનમાં 'સાદેકીન', 'ઉલીલ અમ્ર' અને 'તત્હીર (પાકીઝગી) ઘરાવનાર' ફરમાવ્યા છે, તે વિષે એહલે સુન્નતના ઈમામ ફખરૂદદીન રાઝીએ પોતાની તફસીરે કબીરની ત્રીજી જીલ્દી, મીસર આવૃતિના પેજ નં ૩૫૭માં કુરઆનની આયત, 'અતી ઉલ્લાહ, વ અતી ઉરરસુલ, વ ઉલિલ અમ્રિ મિનકુમ' એટલે કે, 'તાબેદારી કરો

અલ્લાહની, અને તાબેદારી કરો રસુલની, અને તમારામાંના 'ઉલુલ અમ્ર (સાહેબે હુકુમત)ની' તેની તફસીરમાં ઈમામ ફખરે રાઝી લખે છે કે આએ આયતમાં પરવરદિગારે ઉલુલ અમ્રની તાબેદારી કરવાનો હુકમ કરેલ છે તેથી જે 'ઉલીલ અમ્ર'ની તાબેદારી કરવાનો હુકમ થયો છે તેઓ માટે લાઝીમ છે કે તેઓ સઘળા 'ઉલીલ અમ્ર' માઅસુમ (પવિત્ર) હોવા જોઈએ. જો તેમ ન હોય તો, એવું સમજાશે કે પરવરદિગારે ગુનેહગાર લોકોની તાબેદારી કરવાનો હુકમ આપ્યો છે. જેઓ (મઅસૂમ ન હોવાથી) ખુદાના (શરીઅતના) અહકામ બયાન કરવામાં ભુલ કરે એ સંભવિત – બનવા જોગ છે.

એ અઈમ્મએ અતહાર પયગંબરના ૧૨ માઅસુમ ખલીફા (ઈમામો) કોણ છે, તે વિશે એહલે સુન્નતથી હદીસો લખવામાં આવે છે :

૧. શૈખુલ ઈસ્લામ, શેખ સુલયમાન હનફી નકશબંદી, કન્દુઝી, બલખી જે સને ૧૨૯૪ હીજરીમાં મરણ પામ્યા, અને ઈસ્તંબુલ (તુર્કી) ના સુલ્તાન અબ્દુલ અઝીઝ ખાનના ખાસ પીર મુરશીદ અને શેખુલ ઈસ્લામ હતા. તે પોતાની કિતાબ યનાબીઉલ મવદદહના પેજ ૩૬૯–૭૧ માં નીચે મુજબ લખ્યું છે, જેનો ગુજરાતીમાં ટૂંકસાર લખવામાં આવે છે :

''એક યહુદીએ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થઈ અરજ કરી : મારા દિલમાં અમુક શંકાઓ છે, જો તે દૂર કરી મને ખાત્રી કરાવી આપશો, તો હું ઈસ્લામમાં દાખલ થઈશ.

હઝરતે ફરમાવ્યું : અય અબુ અમારહ, જે પુછવું હોય તે પુછી ખાત્રી કરી લો.

તેણે પ્રથમ ખુદાની વહદાનીય્યત અને ખુદાની સિફાતો વિશે સવાલો કર્યા. હઝરતે તેને સંતોષકારક જવાબો આપ્યા જે તેણે માન્ય રાખ્યા.

પછી તેણે અરજ કરી : તમારા વસી (જાનશીન ખલીફા) કોણ છે ? કેમ કે દરેક પયગંબરો પોતાના વસી જાહેર કરીને વફાત પામ્યા. હઝરતે મુસા પયગંબરના વસી યુશુઅ બિન નુન હતા.

હઝરતે ફરમાવ્યું મારા વસી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ છે, અને તે પછી તેમના બે (દીકરા), મારા નવાસાઓ હઝરત હસન અને હઝરત હુસૈન છે, અને તે પછીના નવ ઈમામો જે હઝરત ઈમામ હુસયન (અ.સ.)ની અવલાદમાં થશે તે મારા વસી છે.

યહુદીએ અરજ કરી તે નવ ઈમામોના નામ જણાવો.

હઝરતે ફરમાવ્યું હુસૈન પછી તેમના ફરઝંદ અલી ઈબ્ને હુસૈન તે પછી તેમના દીકરા મોહમ્મદ ઈબ્ને અલી (બાકીર) તેમના પછી જઅફર (સાદિક), તેમના પછી મુસા (કાઝીમ), તેમના પછી અલી (રઝા), તેમના પછી મોહમ્મદ (તકી), તેમના પછી અલી (નકી), પછી હસન (અસકરી), અને તે પછી તેમના ફરઝંદ હુજ્જત હઝરત મોહમ્મદ મહદી અલય્હિસ્સલામ, એ મુજબ મારા બાર વસીના નામો છે.'

તે યહુદીએ અરજ કરી તમારા પ્રથમ ત્રણ વસીઓ હઝરત અલી અલય્હિસ્સલામ, હઝરત હસન અલય્હિસ્સલામ અને હઝરત હુસૈન અલય્હિસ્સલામની શહાદત (વફાતની) હકીકત જણાવો.

હઝરતે ફરમાવ્યું : હઝરત અલી અલય્હિસ્સલામ તલવારની ઝરબતથી શહીદ થાશે, હઝરત હસન અલય્હિસ્સલામ ઝેરથી શહીદ થાશે, અને હઝરત હુસૈન અલય્હિસ્સલામને ત્રણ દિવસના ભુખ્યા–પ્યાસા ઝબ્હ કરવામાં આવશે.

યહુદીએ પુછયું : તે શહીદો કયાં રહેશે ?

ફરમાવ્યું : તેઓ બેહિશ્તમાં મારી સાથે રહેશે.

તે યહુદી કલમો પડી ઈસ્લામમમાં દાખલ થયો, અને અરજ કરી : યા રસુલલ્લાહ (સ.અ.વ.) ! બેશક એ સઘળા આપના અવસીયા છે. તેઓનું વર્ણન અંબીયાની કિતાબોમાં અને હઝરત મુસા પયગંબરના અહદનામામાં વિસ્તારપૂર્વક લખવામાં આવ્યું છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આખર ઝમાનામાં એક પયગમ્બર આવશે જેમનું નામ અહમદ છે, તેમજ મોહમ્મદ અને ખાતેમુલ અંબીયા છે, તેમના પછી કોઈ પયગંબર નહિં આવે, તેમના બાર અવસીયા થશે. તેમના પહેલા વસી તેમના પીત્રાઈ ભાઈ અને જમાઈ હશે, અને તે પયગમ્બરના બીજા અને ત્રીજા વસી બે ભાઈઓ હશે, તે પયગમ્બરના પહેલા વસીને તલ્વારની ઝરબતથી અને બીજાને ઝેર આપી શહીદ કરવામાં આવશે. તેમના ત્રીજા વસીને તેમની અવલાદ અને સાથીઓ સાથે જંગલમાં ભુખ્યા–પ્યાસા શહીદ કરાશે. જે સઘળા દુઃખો ઉપર તેઓ સબ્ર કરશે, જે થકી પરવરદિગાર તેઓના દરજજા બુલંદ ફરમાવશે, અને તેઓ પોતાના દોસ્તો (માનનારાઓને) જહન્નમના અઝાબથી નજાત અપાવશે. જે બાકીના નવ અવસીયા થાશે તે ત્રીજા વસીની અવલાદમાંથી થશે. જેથી તેઓની પુરી સંખ્યા બારની, અસબાતની સંખ્યા માફક થાશે.

હઝરતે ફરમાવ્યું : શું તમે અસબાતને ઓળખો છો ?

તેણે અરજ કરી હા ! તે અસબાતની સંખ્યા બાર છે અને તેઓમાં લવાબીન બરખિયા છે. જે બની ઈસરાઈલથી ગાયબ છુપા રહયા, તે પછી જાહેર થયા અને કરસ્તયા બાદશાહ સાથે લડી ફતેહ પામ્યા અને તે બાદશાહ માર્યો ગયો.

હઝરતે ફરમાવ્યું : બેશક જે બની ઈસરાઈલના બારામાં સાથે થયું, એજ મુજબ મારી ઉમ્મતમાં થવા પામશે. મારા બારમા વસી (ગાયબ) નજરથી છુપા રહેશે. તે સમયમાં મારી ઉમ્મત ઉપર એવો ઝમાનો આવશે કે જેમાં ઈસ્લામનું માત્ર નામ રહેશે અને કુરઆન રસમ તરીકે રહેશે, તેના ઉપર અમલ નહિં થાય, તે અંધકારના સમયમાં મારા બારમા વસી જાહેર થઈ દીને ઈસ્લામનો ફેલાવો કરી, ઝમીન ઉપર અદલ–ઈન્સાફ ફેલાવશે. ખુશ નસીબ છે તે મુઅમીન જે ખુદાની હુજ્જતની તાબેદારી કરશે. અને અઝાબે ખુદા તેના માટે છે જે ખુદાની હુજ્જતની નાફરમાની કરી ફરી જાય.''

વળી એજ કિતાબના પેજ નં ૩૭૧, બાબ ૭૭ માં ઈસ્નાઅશર (૧૨) ખલીફાની હદીસ 'તહકીક' ના મથાળા હેઠળ લખે છે કે :

'જાબીર બિન સમરા (સહાબી) થી રિવાયત છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : દીને ઈસ્લામ હંમેશા કાયમ રહેશે, જયાં સુધી મારા બાર ખલીફા હશે. અને સઘળા કુરૈશમાંથી હશે. જે બુખારી મુસ્લિમ અને તરમઝીની કિતાબોમાં એજ મુજબ લખવામાં આવ્યું છે. વળી યહયા બિન હસન પોતાની કિતાબ 'ઉમદહ' માં ૨૦ રાવીઓથી એ હદીસ લખેલ છે કે : પયગમ્બરના ખુલફા બાર છે અને તેઓ સઘળા કુરૈશમાંથી છે. બુખારીમાં ત્રણ હદીસો છે, તરમઝીમાં એક અને હમીદીમાં ત્રણ લખેલ છે. મુસ્લીમમાં લખ્યું છે કે ઈબ્ને સઅદ (સહાબીએ) સમરાને લખી પુછયું કે તમે કોઈ હદીસ હઝરત રસૂલ (સ.અ.વ.)થી સાંભળી હોય તો જણાવો. તેણે જવાબમાં લખ્યું કે જે જુમ્આના દિવસે અસલમીને સંગસાર કરવામાં આવ્યો તે દિવસે ફરમાવ્યું કે દીને ઈસ્લામ કયામત સુધી બાકી રહેશે અને તેના ઉપર મારા બાર ખલીફા થાશે, જે સઘળા કુરૈશથી હશે. એ રીતે તે કિતાબમાં બીજી ઘણી જુદી જુદી હદીસો લખેલ છે, તે પછી લખ્યું છે કે એવી ઘણી હદીસો ૧૨ ખલીફાના બારમાં છે એ સઘળી હદીસોમાં જે ૧૨ ખલીફા જણાવવામાં આવેલ છે તે બેશક અઈમ્મએ ઈસ્નાઅશર (બાર ઈમામો) છે. બનવાજોગ નથી કે તે બાર ખલીફા બનુ ઉમય્યાના ખલીફા કહી શકાય કેમકે તેઓની સંખ્યા બારથી વધે છે એટલું જ નહીં પણ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ સિવાયના સઘળા ઝાલિમો હતા અને તે બનુ ઉમય્યાના ખુલફા બની હાશમમાંથી ન હતા કેમકે પયગંબરની ઘણી હદીસોમાં ૧૨ ખુલફા બની હાશમમાંથી હોવાનું જણાવેલ છે. વળી તે ૧૨ ખલીફા બની અબ્બાસીમાં ન હોઈ શકે, કેમકે તેઓની સંખ્યા બારથી ઘણી વધી જવા પામી છે. અને તેઓ ઝાલિમ અને આલે રસુલના દુશ્મન હતા.

તેથી બેશક હઝરત રસૂલ (સ.અ.વ.)ના જણાવેલા ૧૨ ખુલફા એજ ૧૨ ઈમામો છે, જેઓ આલે રસુલમાં અને પોતાના જમાનામાં ઈલ્મ, ઈબાદત, પરહેઝગારી, શુજાઅત, સખાવત અને વિવેકમાં સર્વશ્રેષ્ઠ તેમજ પયગમ્બરના પવિત્ર વંશમાં હતા. તેઓ ૧૨ ઈમામો સિવાય પયગમ્બરની આએ મશહુર હદીસ મુજબના ૧૨ ખલીફા બીજા નહીં થઈ શકે.'

વળી એ જ કિતાબના ૭૮ બાબ પેજ ૩૭૪ માં લખ્યું છે કે કિતાબ 'ફરાઈદુસ્સિતૈન'માં લખ્યું છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે :

''જે માણસ હઝરત મહદી અલય્હિસ્સલામના ઝહુર થવાનું માન્ય નહી રાખે, તે કાફીર છે.

અને જે માણસ હઝરત ઈસા (અ.સ.)ના આસ્માનથી જમીન ઉપર આવવાના બારામાં માન્યતા નહી રાખે, તે પણ કાફર છે.

અને જે માણસ કાણા દજ્જાલનું નિકળવું માન્ય નહી રાખે, તો તે પણ કાફર છે.''

તે પછી એજ કિતાબમાં લખ્યું છે કે ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે, મારા વસી અને ખુલફા જેઓ મખ્લુક ઉપર મારી હયાતી બાદ ખુદાની અને મારી હુજજત છે, તેઓ મારા ૧૨ ખલીફા છે. તેઓમાં પ્રથમ હઝરત અલી અલય્હિસ્સલામ અને છેલ્લા બારમા હઝરત મહદી અલય્હિસ્સલામ છે. હઝરત મહદી અલય્હિસ્સલામના ઝુહુર પછી હઝરત ઈસા રૂહુલ્લાહ આસમાથી જમીન ઉપર આવશે અને હઝરત મહદી (અ.સ.)ની પાછળ નમાઝ પડશે. તે વખતે બેશક જમીન પ્રકાશિત થશે અને પૂર્વ–પશ્ચિમ તમામ જગ્યાએ તેમની સલ્તનત ફેલાઈ જશે.

બાર ખલીફાની માન્યતામાં શીઆ અને સુન્નત જમાઅતના મુસલમાનો સર્વ એકમત છે. જેમાં શીઆ ઈસ્નાઅશરી મઝહબના મુસલમાનોના ૧૨ ઈમામો, જેમાં પહેલા ખલીફા અને ઈમામ હઝરત અલી અલય્હિસ્સલામ અને બારમા ઈમામ હઝરત મહદી અલય્હિસ્સલામને માને છે તે વિષે આ કિતાબમાં અન્ય સ્થળે ઘણી મશહુર હદીસો વડે સ્પષ્ટ કરેલ છે.

એહલે સુન્નત જમાઅતના મુસલમાનોમાં એ ૧૨ ખલીફાના નામોના બારામાં તેઓની કિતાબોમાંથી બે રિવાયતો લખીએ છીએ જેથી સિઘ્ધ થાશે કે તેઓની માન્યતા મુજબના બાર ખલીફામાં બનુ ઉમય્યા જેઓમાં મઆવીયા અને તેનો દિકરો યઝીદ વિગેરેનો સમાવેશ થાય છે. જેઓ બેશક પયગમ્બરના ખલીફા (પ્રતિનિઘી) કહી શકાય નહિં.

૧. મુલ્લા અલીકારી શારેહે મિશકાત, શર્હે અકબરમાં એહલેસુન્નતના ૧૨ ખુલફાના નામો લખે છેઃ

સઘળા બાર ખુલફામાંથી પ્રથમ ૪ ખુલફાએ રાશીદન (૧) અબુબકર (૨) ઉમર (૩) ઉસ્માન (૪) હઝરત અલી અલય્હિસ્સલામ છે. (૫) મુઆવીયહ (૬) અને તેનો દિકરો યઝીદ (૭) અબ્દુલ મલિક બિન મરવાન અને ચાર દિકરાઓમાં (૮) વલીદ (૯) સુલેમાન (૧૦) હશ્શામ (૧૧) યઝીદ (૧૨) અને તેઓમાં ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ છે.

૨. તારીખુલ ખુલફા સુયુતીએ શેખુલ ઈસ્લામ ઈબ્ને હજરની કિતાબ શર્હે બુખારીથી નકલ કરે છે કે સહીહ હદીસો મુજબના ચાર ખલીફાઓ જેઓના બારામાં ઉમ્મત (મુસલમાનો) એકમત છે અને તેઓની બયઅત કરવામાં આવી તેઓમાં (૧) પેહલા અબુબકર તે પછી (૨) ઉમર તે પછી (૩) ઉસમાન તે પછી (૪) હ. અલી અલય્હિસ્સલામ અને તેમના પછી હ. ઈમામ હસન ઉપર ઈજમાઅ (એકમત) નહી થવાથી સુલેહ કરવામાં આવી તેથી (૫) મઆવીયા ઉપર ઈજમાઅ થઈ અને (મઆવીયહ) પછી હ. ઈમામ હુસયનને ખિલાફત નહી મળી અને શહીદ થયા તેથી (૬) યઝીદે (મલઉન) ઉપર ઈજમાઅ થઈ (તેની બયઅત કરવામાં આવી.) યઝીદે મલઉન મરી ગયો ત્યારે મતભેદ થયો અને અબ્દુલ મલિક ઉપર ઈજમાઅ થઈ પણ તે ઈબ્ને ઝુબેરા કતલ થયા કેડે (યઝીદ પછી મરવાન ૬ મહીના અને તેનો દિકરો અબ્દુલ મલિક બિન મરવાન ૨૧ વરસ ખલીફા તરીકે બાદશાહત કરી છતાં એ

બંને બાપ દીકરાને ખુલફાની ગણતરીમાંથી કાઢી બાતલ કર્યા જયારે કે પ્રથમ ઉપર લખેલી મુલ્લા અલીકારીની શર્હે અકબરની રિવાયત મુજબ અબ્દુલ મલીકને ૭ મા ખલીફા ગણવામાં આવેલ છે. છતાં બીજી રિવાયતમાં અબ્દુલ મલિક બિન મરવાનને ગણતરીમાં નહીં લેતા લખે છે કે તે પછી અબ્દુલ મલિકના ચાર દિકરાઓ (૭) વલીદ તે પછી (૮) સુલેમાન તે પછી (૯) યઝીદ તે પછી (૧૦) હશ્શામ ઉપર ઈજમાઅ થઈ તે પછી (૧૧) ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (જે ઉપર જણાવેલી પહેલી રિવાયતમાં બારમો ખલીફો ગણવામાં આવ્યો છે.) તે પછી (૧૨) વલીદ ઈબ્ને યઝીદ ઈબ્ને અબ્દુલ મલીક બિન મરવાન (આએ બારમો ખલીફો પહલી રિવાયતની ગણતરીથી તેરમો ખલીફો થાય છે.)

જયારે કે સઘળા મુસલમાનોની મશહુર કિતાબો અને સહીહ હદીસો મુજબ અઈમ્મએ અત્હાર બાર ઈમામોના મુબારક નામો આએ કિતાબમાં સાબિત કરેલ છે, જેઓમાં પેહલા ઈમામ હઝરત અલી અલય્હિસ્સલામ અને છેલ્લા બારમા ઈમામ હઝરત મહદી અલય્હિસ્સલામ છે.

## ૫. ઈમામ મહદી (અ.સ.) સંબંધિત હદીસો

ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ વિષે એહલેસુન્નત જમાઅતના ઘણા મહાન અને મશહુર આલિમોએ પોતાની કિતાબોમાં લખ્યું છે, તેમાંથી અહિં ૧૭ આલિમોના નામો લખવામાં આવે છે :

૧. શેખે કામિલ અબ્દુલ વહાબ શઅરાની (મશહુર લેખક)

૨. મુલ્લા અલી અકબર બિન અસદુલ્લાહ મવદુદી

૩. મુલ્લાં નુરૂદ્દીન, અબ્દર રહમાન બિન અહમદ જામી

૪. ખાજહ મહમદ પારસા, અહમદ બિન મુહમ્મદ, બિન મહમુદ અલ હાફીઝી

૫. શેખ અબ્દુલ હક મુહદ્દિસે દેહલવી

૬. અલ્લામા શેખ જમાલુદ્દીન મુહદ્દિસ

૭. અબુ અબ્દિલ્લાહ, મુહમ્મદ બિન યુસુફ કનજી શાફીઈ

૮. મુફ્તી કમાલુદ્દીન બિન તલહા શાફીઈ

૯. અલ્લામા શેખ નુરૂદ્દીન બિન સબાગ માલકી

૧૦. શાહ વલિય્યુલ્લાહ મુહદ્દિસ દેહલવી

૧૧. અલ્લામા હમવયની શાફીઈ (કિતાબ 'ફસાઈદુસ્સિમતયન'ના લેખક)

૧૨. શેખ અતા નયશાપુરી.

૧૩. શેખ કબીર શમ્સુદ્દીન તબરીઝી

૧૪. શેખ નેઅમકિલ્લાહ અલ વલી

૧૫. શેખ કામિલ આરીફ ઈબ્ને મઅતુક મિસરી

૧૬. શેખ સઅદ બિન હમવી

૧૭. શેખ સુલેમાન બિન ઈબ્રાહીમ બલખી કન્દુઝી (ઈસ્તંબુલના શેખુલ ઈસ્લામ અને કિતાબ 'યનાબીઉલ મવદ્દહ'ના લેખક)

ઉપર લખેલા સઘળા ઉલમાએ પોતાની કિતાબોમાં માન્ય રાખ્યું છે કે હઝરત ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામના ફરઝંદ હઝરત મહદી સાહેબુઝઝમાન અલય્હિસ્સલામ આજ પર્યંત જીવંત અને ગાયબ છે. એ સિવાય બીજા ઘણાં ઉલમાએ પોતાની કિતાબોમાં માન્ય રાખ્યું છે.

૧. કિતાબ 'જામેઉલ ઉસુલ'માં બુખારીથી મુસ્લીમ, અબુ દાવુદ અને તીરમીઝીથી અબુ હુરેરરાની રિવાયતના આધારે નકલ કરે છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : મારી ઉમ્મતમાંનું એક ટોળું હક ઉપર જેહાદ (લડાઈ) કરશે અને સદા વિજય પામશે. પછી હઝરત ઈસા આસમાનથી જમીન ઉપર આવશે અને તે હક ટોળાના સરદાર હઝરત મહદીએ મવઉદ હઝરત ઈસાને કહેશે કે હું તમારી સાથે નમાઝે જમાઅત પડીશ. હઝરત ઈસા કહેશે કે આપ 'સાહેબે અમ્ર' છો, તમોને એહલેબૈતે રસૂલ થકી આખર ઝમાનાની ઉમ્મત ઉપર પરવરદિગારે ઈઝઝત અને શરફ બક્ષી છે.

આ રિવાયત કનજી શાફીએ, નકલ કરી ઉમેર્યું છે કે આ હદીસ સહી છે.

૨. હાફીઝ અબુ નઈમ અને તીબરાનીએ, 'મોઅઝઝમે અકબર'માં લખ્યું છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : મારી હયાતી બાદ ખલીફા થશે, અને તેઓમાં અમીરો અને ઝાલિમ બાદશાહો થશે. તે પછી મારી એહલેબૈતયમાં મહદીએ મવઉદ જાહેર થશે અને દુનિયાને અદલ ઈન્સાફથી ભરપુર કરશે.

૩. હિન્દુસ્તાનના એહલે સુન્નત જમાઅતના મહાન આલિમ ઉબેદુલ્લાહ અમ્રતસરી, પોતાની કિતાબ 'અરજહુલ મતાલીબ' (સવાનેહ હઝરત અલી અલય્હિસ્સલામ ના પેજ ૪૭૨ માં) લખે છે કે શેખ અબુ અબ્દુલ્લાહે, અને મોહમ્મદ ઈબ્ને યુસુફ ગંજી શાફીઈએ પોતાની કિતાબ 'અલ બયાન ફી અખબારે સાહેબુઝઝમાન' માં લખ્યું છે કે હઝરત મહદી અલય્હિસ્સલામ જીવતા અને ગાયબ છે. તેના માટે ઘણી દલીલો છે. જેમકે હઝરત ઈસા, હઝરત ખીઝર, હઝરત ઈદરીસ અને હઝરત ઈલ્યાસ પગમ્બરો હજારો વરસ થયા જીવતા છે, તેમજ ખુદાના દુશ્મનોમાં દજ્જાલ અને ઈબ્લીસ પણ લાંબી મુદ્દત થઈ, છતાં જીવતા છે. તેથી હઝરત મહદી અલય્હિસ્સલામ ૧૧૦૦ વરસો સુધી જીવતા હોય તેમાં કશી નવાઈ નથી.

૪. ઈબ્ને હજર હનફી મકકી પોતાની કિતાબ 'સવાએકે મુહર્રેકા'ના પેજ ૪૮૧ માં લખે છે કે હઝરત મહદીનું નામ 'મોહમ્મદ' અને લકબ 'અબુલ કાસિમ' છે. તેમના ખિતાબો હુજ્જત, મહદી, સાલેહ, કાએમે મુન્તઝર અને સાહેબુઝઝમાન છે. તેમના પિદરે બુઝુર્ગવાર હઝરત ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામની વફાત સમયે તેમની ઉંમર પાંચ વરસની હતી. ખુદાએ બાળપણમાં તેમને ઈલ્મ અને હિકમત આપી. તેમનું નામ કાએમ એટલા માટે છે કે તેઓ જીવતા અને ગાએબ છે અને કયાં રહે છે તેની કોઈને ખબર નથી.

૫. વળી એજ કિતાબના પેજ ૧૦ર માં લખે છે કે હઝરત મહદી અલય્હિસ્સલામ હઝરત ઈસા પયગમ્બરના આવ્યા અગાઉ જાહેર થશે. અને ઘણી હદીસોમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે : હઝરત મહદી મારી એહલેબૈતમાંથી છે. જાહેર થઈ સાત વરસ સુધી રાજય કરશે અને જમીન ઉપર ઈન્સાફ ફેલાવશે અને તે હઝરત ઈસા સાથે જાહેર થશે અને દજજાલને મારી નાખશે.

એવી બીજી ઘણી હદીસો એહલેસુન્નત જમાઅતની મશહુર કિતાબોમાં છે, છતાં એહલે સુન્નત જમાઅતના અમુક ઉલમાની એવી માન્યતા છે કે હઝરત મહદી પેદા થયા નથી, હવે પછી પેદા થશે અને જાહેર થઈ દુનિયાની સપાટી ઉપર અદલ ઈન્સાફ ફેલાવશે. પરંતુ જયારે હઝરત મહદીનો જન્મ સને ર૫૫ હિજરીની ૧૫મી શાઅબાનમાં થવાની બેશુમાર હદીસો, દલીલો અને ઈતિહાસથી સાબિત હોવા છતાં હવે પછી પેદા થવાની વાત બિલ્કુલ અર્થ વગરની કહી શકાય.

૬. મશહુર સુન્ની આલિમ મહમદ ઈબ્ને યઝીદ હાફીઝ ઈબ્ને માજહ (જે હીજરી સન ર૭૩માં મરણ પામ્યા) પોતાની કિતાબ સુનને ઈબ્ને માજહ (મીસરની છાપના પેજ ૫૧૮–૫૧૯) માં લખે છે કે હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી હઝરત મહદી અલય્હિસ્સલામના બારામાં ઘણી હદીસો છે, જેમાં ફરમાવ્યું છે કે હઝરત મહદી મારી એહલેબૈતમાંથી અને મારી દીકરી જનાબે ફાતેમાની અવલાદમાંથી છે અને તે ખુદાની હુજ્જત અને ખલીફા છે. અય મુસલમાનો ! જો તેની મુલાકાત કરો, તો તેમની તાબેદારી કરશો. વળી ફરમાવ્યું કે, હમ્ઝા, જઅફર, અલી, હસન, હુસૈન અને મહદી અ.બેહીશ્તના મહાન પુરૂષો (સરદારો) છે.

૭. એહલે સુન્નત જમાઅતના ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ (મરણ સને ર૪૦ હીજરી) પોતાની કિતાબ મુસનદ, ભાગ પહેલાના પેજ ૯૯ માં હઝરત રસૂલે અકરમ (સ.અ.વ.)થી રિવાયત કરે છે કે હઝરતે ફરમાવ્યું: કયામતને એક દિવસ બાકી હોય, તો પણ પરવરદિગાર મારી અવલાદમાંથી હઝરત મહદી અલય્હિસ્સલામને જાહેર ફરમાવશે અને તે ઝમીન ઉપર ઝુલ્મ દુર કરી અદલ–ઈન્સાફ ફેલાવશે.

૮. ઈસ્તંબુલના શેખુલ ઈસ્લામ, શેખ સુલેમાન નકશબંદી હનફી પોતાની કિતાબ 'યનાબીઉલ મવદ્દહ' પેજ ૪૯૪ માં જનાબે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત કરે છે કે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે મારા પછી બાર ઈમામો થશે, તેમાં પહેલા ઈમામ હઝરત અલી, પછી હસન, પછી હુસૈન, પછી અલી

ઈબ્નલ હુસૈન, તે પછી મોહમ્મદ બિન અલી (બાકીર) છે. અય જાબીર ! તું હઝરત બાકીરની મુલાકાત કરીશ, તેમને મારા સલામ પહોંચાડજે, તે પછી હઝરત જઅફર બિન મોહમ્મદ (સાદીક) પછી હઝરત મુસા ઈબ્ને જઅફર, તે પછી હઝરત અલી બિન મુસા, પછી હઝરત મોહમ્મદ ઈબ્ને અલી, પછી હઝરત અલી ઈબ્ને મોહમ્મદ, પછી હઝરત હસન ઈબ્ને અલી, પછી કાએમ મુન્તઝર મહદી અલય્હિસ્સલામ, છેલ્લા બારમા ખલીફા છે. તેમનું નામ મારૂ નામ છે, લકબ મારો લકબ (અબુલ કાસીમ) છે, અને તે હસન ઈબ્ને અલીના દીકરા છે.

## ૬. હઝરત મહદી (અ.સ.) બારમા ઈમામ છે

'ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ બારમા ઈમામ છે' તે વિષે શીઆ ઈસ્નાઅશરીની માન્યતાની રિવાયતો, હદીસો ઘણી છે. આ પ્રકરણમાં સુન્નત જમાઅતના આલિમોની કિતાબો અને આગાખાની ઈસ્માઈલીની માન્ય રાખેલી કિતાબો, રિવાયતોમાંથી ટુંકમાં લખેલ છે, તેથી સાબિત થશે કે ઈમામે ઝમાન હઝરત મહદી અલય્હિસ્સલામ બારમા ઈમામ છે. જે વિષે બાર ખલીફાની હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની હદીસ મુસલમાનોમાં સર્વ માન્ય છે.

૧. શેખે કામિલ, અબ્દુલ વહાબ શઅરાની પોતાની કિતાબ 'યવાકીત વ જવાહીર' માં લખે છે : 'જયારે દુનિયામાં ઝુલ્મનો અંધકાર અને બેદીની ફેલાઈ જશે, ત્યારે હઝરત મહદી અલય્હિસ્સલામ જાહેર થાશે, અને તે બુઝુર્ગવાર હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે તેમની વિલાદત ૧૫મી શાબાન, હીજરી સન ૨૫૫ માં થઈ છે, અને દુનિયાની સપાટી ઉપર જીવતા અને બાકી છે. જયારે આસમાનથી હઝરત ઈસા પયગંબર જમીન ઉપર ઉતરશે, ત્યારે જાહેર થઈ તેમની સાથે રહેશે. આ સમયે (મજકુર કિતાબ લખતી વખતે) તેમની વય ૯૫૮ વર્ષોની થઈ છે.

૨. અબુ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન મુહમ્મદ બિન યુસુફ મુહમ્મદ કનજી શાફેઈ, પોતાની કિતાબ ' 'કિફાયતુત તાલિબ' માં લખે છે : હઝરત મહદી અલય્હિસ્સલામના આજપર્યંત જીવંત રેહવાની દલીલોમાં, હઝરત ઈસા પયગમ્બરનું આસમાન ઉપર હોવું, અને હઝરત ખીઝર તેમજ હઝરત ઈલ્યાસ પયગમ્બરોનું જમીન ઉપર હજારો વરસોથી જીવતા હોવાની ખાત્રી, જેઓ ખુદાના અવલિયામાંથી છે. તેમજ કાણો દજ્જાલ અને ઈબ્લીસે લઈન, જેઓ ખુદાના દુશ્મનો છે. તેઓના જમીન ઉપર જીવતા હોવાની ખબર, પરવરદિગારે કુરઆનમાં જણાવ્યું છે. તેથી હઝરત મહદી અલય્હિસ્સલામનું આજપર્યંત જીવંત અને બાકી રહેવા વિશે ઈન્કાર નહી થઈ શકે.

૩. સુન્નત જમાઅતની કિતાબ, અબ્દુલ વહહાબ કૃત 'અલ યવાકીત વલ જવાહીર' માં લખે છે :

'અલ મહદી મિન વુલ્દીલ ઈમામ હસન અલ અસ્કરી અલયહિસ્સલામ વ મવલીદુહુલ્લયલતુન્નિસ્ફ મિન શઅબાન ખમ્સા વ ખમ્સીન વ મીઅતંવ વ હુવ બાકીયુન ઈલા અંય્યજમઉ બિઈસબ્ની મરયમ.'

(તરજુમો) અલ મહદી ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામના ફરઝંદ છે. સને ૨૫૫ હીજરીમાં શઅબાનની પંદરમી રાત્રે તેમનો જન્મ થયો અને હઝરત ઈસા પયગમ્બર સાથે તેમનો મેલાપ થાય ત્યાં સુધી બાકી રહેશે.

૪. શેખુલ ઈસ્લામ, સુન્નત જમાઅતના આલિમ અહમદ જામી, પોતાની ફારસીમાં લખેલી કિતાબ ' 'નફસાતુલ અનસ' માં હઝરત મહદી અલયહિસ્સલામ વિષે પોતાના અશઆરમાં લંબાણથી બાર ઈમામોના એકએકના નામો લઈ બારમાં ઈમામ હઝરત મહદી અલયહિસ્સલામ વિષે જણાવે છે :

અસ્કરી નુરે દો ચશ્મે આલમસ્તો આદમસ્ત

હમચુ યક મેહદીએ હાદી દરજહાં પયદા કુજાસ્ત

<u>અર્થ :</u> હઝરત ઈમામ હસન અસ્કરી દુનિયાની તેમજ ઈન્સાનોની બે આંખોના નૂર છે અને તેમના ફરઝંદ હઝરત મહદી અલયહિસ્સલામ માફક દુનિયામાં કોઈ પેદા થયો નથી.

૫. મૌલવી જલાલુદ્દીન રૂમી (મૌલવી રૂમી) પોતાના દીવાનમાં લખે છે (તે અશઆરમાંથી અમુક કડી લખેલ છે.) તે જણાવે છે :

અય સરવરે મર્દાં અલી – મસતાન સલામત મીકુનદ

શબ્બીર બા શબ્બર બુગુ – મસતાન સલામત મીકુનદ

બા મીરે દી હાદી બુગુ – બા અસકરી હાદી બુગુ

બા ઉન વલી મેહદી બુગુ – મસતાન સલામત મીકુનદ

છેલ્લી કડીમાં હઝરત મહદી (અ.સ.)નું નામ સ્પષ્ટ લખેલ છે.

૬. કિતાબ 'તઝકેરતુલ કિરામ'માં મૌલવી શાહ મોહમ્મદ કબીર સાહેબે હઝરત ઈમામ હસન અલયહિસ્સલામના વર્ણનમાં પેજ ૨૭૦ માં લખે છે, મુહક્કેકીનકા કૌલ હય કે ખિલાફત દો કિસમકી હય, ઝાહેરી વ બાતેની, હઝરત ઈમામ હસન તક દોનું મુજતમેઅ થી, લયકીન યહીંસે શીઓંકે બારા ઈમામ હુવે.

૭. શાહ અબ્દુલ અઝીઝ દેહલવી, તથા ઈમામ ગઝાલી 'અહયાઉલ ઉલુમ'માં તથા મુલ્લા મુઈન, ' 'દીરાસતુલ લબીબ' માં અને ઈબ્ને હજર ઈસકલાની 'ફુતુહુલ બારી'માં (જે સઘળા એહલે સુન્નતના મહાન ઉલમા છે.) લખે છે કે : બાર ઈમામોનું ઈલ્મ – વહબી અને લદુન્ની (ખુદા તરફથી) હતું. તે બાર ઈમામો હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હા સાથે ૧૪ મઅસુમીન કહેવાય છે

અને તે ૧૪ મઅસુમીનના બારામાં સઘળા મુસલમાનો માન્ય રાખે છે કે જન્મથી વફાત સુધી તેઓથી કોઈ પણ પ્રકારના ગુનાહ, ખતા (ભુલ) થઈ નથી. (તારીખે ઈસ્લામ, પેહલી જીલ્દ, પેજ : ૨૯)

૮. પહેલા આગાખાન નામદાર હસનઅલી શાહ સાહેબે છપાવેલી 'કન્ઝુલ મસાઈબ'ના પેજ : ૯,૧૦ તથા પેજ : ૨૨, ૨૩ માં બાર ઈમામોની માન્યતા જણાવેલ છે. જેની વધુ સાબિતી 'મહુવા કમિશન કેસ'ના રિપોર્ટના પેજ ૫૬માં વિદ્વાન પારસી ન્યાયધીશ લખે છે કે :

'કન્ઝુલ મસાઈબ' નામની ફારસી કિતાબ છે, જેના પાના ૨૦૮ ઉપરે લખ્યું છે કે તે (ઘણાં લાંબા લાંબા છ સાત લીટીમાં અને ભપકા ભરેલા વિશેષણો વાળા) ખુદાવંદ, મહમદ હસન અલ હુસૈનીના દરજા ભરેલા હુકમથી અને મદદથી લખાયું છે. જેનો લખનાર પાના ૨૧માં કોઈ ઈબ્રાહીમ ઈસ્ફહાની છે અને તે ૧૨૭૪ હીજરીમાં પ્રસિઘ્ધ થયેલ છે. તેના પાના ૨૨–૨૩ માં ચોખ્ખે ચોખ્ખા ઉપલા બાર ઈમામોના નામ લખ્યા છે.

૯. નામદાર પહેલા આગાખાન સાહેબની બાયોગ્રાફી 'ઈબ્રતે અફઝા' કે જે તેઓ નામદારે ખુદ પોતાના હાથે લખીને છપાવેલ છે. તે ફારસી કિતાબનું ગુજરાતી ભાષાંતર બાવા કરીમ દાદાજીએ ઈ.સ.૧૮૬૫ માં મુંબઈમાં ઓરેએન્ટલ પ્રેસમાં છપાવેલ છે તેના પેજ ૧૯ માં લખેલ છે :

''મીસરના મુલકમાં મારા બાપ દાદાઓ મઘેથી કેટલી પહેડીઓ (પેઢીઓ) સુધી બાદશાહી વ ખિલાફતના કાંરફરમાં હતા. અને જઅફરે મઝહબને બાર ઈમામીના કાનુન ઉપર તેઓએ રીવાજ આપેલો છે. વિ. વિ.''

૧૦. નામદાર પહેલા આગાખાન સાહેબના ફરઝંદ આગા જહાંગીરશાહે રિસાલો ફારસીમાં લખેલ છે, જે મુંબઈમાં હીજરી સન ૧૩૧૩ માં દત પ્રસાદ છાપખાનામાં છપાએલી તેમાં જણાવ્યું છે કે :

''હું એ પણ ગવાહી આપું છું કે હઝરત અલી મુરતુઝા અલય્હિસ્સલામ અને તેમના અગ્યાર ફરઝંદો હઝરત મહમદ (સ.અ.વ.)ના એક પછી એક ખલીફા છે અને તે સઘળા ઈમામે બરહક છે. વિ.વિ.''

તે રિસાલા વિશે મહુવા કમિશન કેસના રિપોર્ટના પેજ ૫૭ માં લખેલ છે જે હાલના નામદાર આગાખાન સાહેબે કોર્ટમાં કબુલ રાખેલ છે. વળી નામદાર આગા કેસમાં એ પણ જબાની પડી છે કે તેઓ નામદારના માતૃશ્રી લેડી અલીશાહ અને નામદાર આગાખાનના બીબી સાહેબા પણ બાર ઈમામોને જ માને છે.

૧૧. બીજા આગાખાન નામદાર આગા અલીશાહ સાહેબે, સીંઘીમાં એક રિસાલો નમાઝ તથા રમઝાનના અમલ કરવાની તરતીબ લખી છે તે વિશે 'મહુવા કમિશન કેસ'ના રિપોર્ટમાં તેના પેજ ૧૫ ની ૧૭ મી લીટીમાં બારમા ઈમામ હઝરત સાહેબુઝઝમાનની ઝીયારતની રીત લખી છે, તેજ પ્રમાણે પેજ ૩૪ ની ૧૭ મી લીટીમાં ઈમામ હુસૈનની ઝિયારત પડવાને ફરમાવ્યું છે. તેજ પ્રમાણે પાને ૩૫ માં ૬ઠી લીટીમાં સાહેબુઝઝમાનની ઝિયારતની રીત લખી છે. તેજ પાને લીટી ૧૦ માં ''યા મુહમ્મદ, યા અલી, યા ફાતેમા, યા હસન, યા હુસૈન પંજેતન પાક દુવાજદે ઈમામ ચહારદા માસુમં'' વગેરે લખ્યું છે એથી વિશેષ પુરાવો શું જોઈએ.

૧૨. જુનાગઢના વારસ કાસમભાઈ ઈસ્માઈલે સવંત ૧૯૫૬ ની સાલમાં જામનગરના કામડીયા કાસમભાઈ દેવજીને પત્ર લખેલ તેથી પણ સાબિત થાય છે કે અગાઉ ખોજાઓમાં ૧૨ ઈમામો ૧૪ માસુમીનની માન્યતા, અને આઠમા ઈમામ તથા બારમા ઈમામની ઝિયારતો પડાતી હતી. તે કાગળની નકલ નીચે મુજબ છે.

જા. ન. ૯૨૭ – ૫૫ કામડીયા કાસમ દેવજીને શ્રી શાહ પીર સુખી વ સુહાગી રાખે, મું જામનગરમાં – શ્રી જુનાગઢથી લી. વારસ કાસમ વારસ ઈસ્માઈલના ઈઆ આલી વાંચવા. દીગર લખવાનું કે ખુદાવીદ ઘણી સલામત દાતાર હજુર પુરનુરમાંથી શ્રી જંગબાર મુકામથી શ્રાવણ તા. ૧૯ ની મીતીનું લખાએલ ખત આવ્યું, જેમાં સપ્ટેમ્બર તા. ૨૦ મીએ ખાવીદ જંગબારથી મુંબાસા તરફ સીધાવશે, બાદ શમાં દેપધારવું ફરમાવે છે, શિવાએ સરવે જમાથ તથા કામડીયા વગેરેને જાણવા સારૂ ફરમાવે છે જે :

૧. કીશો બયાન હંમેશા નહી પડવું, ફકત મોહરમમાં દશ દિવસ પડવું, ને હઝરત ઈમામ હુસેનની જારથ, કીસો પડીને પડાએ છે તે પડવી તે પછી બીજી બે જારથ ઈમામ રઝા તથા મામદ મેદીની પડાએ છે તે નહી પડવી.

૨. મજલીસ થઈ રહે કે પશ્ચિમ તરફ ઉભી એક જારથ પડવી.

૩. જમાથુમાં દફતર પરઠે છે. અથવા સરકારી દફતર કામડીઆઓના જમાતના હીસાબના પરઠે છે, અથવા લગન લખે છે તેમાં દુવાજદા ઈમામ ચારદે માસુમીનના નામ લખે છે તે નહીં લખવા.

શા. ૧૯૫૬ ના ભાદરવા તારીખ : ૧૭, શનિ, કાસમ ઈસ્માઈલ

૧૩. અલાદીન ગુલામહુસેન નામના આગાખાની ચુસ્ત મુરીદે સંવંત ૧૯૪૧ ની સાલમાં પોતાના ગુલામહુસૈન પ્રેસમાં સીઘી લીપી અને સીઘી ભાષામાં એક (મોટી સાઈઝ) ની કિતાબ બાહેર પાડેલ છે (જે કિતાબ હાલ ગુપ્ત રાખવામાં આવે છે) તેમાં લખે છે :

૧. તાં હઝરત રસુલ કરીમ તથા હઝરત અમીરૂલ મુઅમીનીન – મોલા મુરતઝા અલી તથા દોઆજદે ઈમામ તથા મેતર જબરાઈલ તે વખત વહીઉ તથા મેતર અઝરાઈલ તથા જે રૂહ મોમનેજાં સભેઈ, અચી હાઝર થીઘા, (પેજ ૧૮–૧૯)

૧૪. બેહેશતજી રોશની ઘણી આહે, જે કે શહાદતજો કલ્મુ પડંઘો બા ઈમાનસે, અને દુનીઆમે, અઅલેબએતસે ઘોસ્તી રખંઘો સિઘક ઈમાનસે, બારે ઈમામેંખે સુંજાણીઘો તેંજો ઘરજો વદો આએ (રિસાલો ઈમામ જાફર સાદેકજો – પેજ ૪૩)

આએ ઉપર જણાવેલ રિસાલો સંવંત ૧૯૪૧ માં અલાદીન ગુલામહુસેન નામના આગાખાની ચુસ્ત મુરીદે, પોતાના 'ગુલામહુસેન' પ્રેસમાં સીઘી લીપી, અને સીઘી ભાષામાં એક કિતાબ મોટી સાઈઝની બાહેર પાડેલ છે જે કિતાબ હાલમાં ગુપ્ત રાખવામાં આવેલ છે તેમાં જુદા જુદા વિષયો છે.

જુનાગઢથી લખાયેલા કાગળમાં વારસ કાસમ ભાઈ ઈસ્માઈલે જામનગરના કામડીયાને લખે છે :

''શ્રી શાહ પીર સુખી વ સુહાગી રાખે, વળી લખે છે ખુદાવીદ ઘણી સલામત દાતાર હજુર પુરનુર તેથી સિધ્ધા થાય છે, કે હાજર ઈમામ અથવા ઈમામે ઝમાન લખેલું ન હોવાથી, ઈમામતની માન્યતા તે વખતમાં ન હતી. માત્ર ખોજા કોમના દાતાર પીર, શાહ પીર. ઘણી સલામત ગણાતા હતા.''

## ૭. પીરોના ગીનાનમાં હઝરત મહદી (અ.સ.)નું વર્ણન

૧. ''એજી આવેંગો નકલંક પાત્ર મેંહદી

શાહા કરે દુલદુલ અસવાંરીયા''

(સો ગીનાનની ચોપડી, ભાગ પહેલો, પેજ : ૭૯, પીર શમસનું ગીનાન)

<u>સાર :</u> નકલંક પાત્રના મેહદી આવશે અને દુલદુલ ઘોડા ઉપર અસ્વારી કરશે.

૨. એજી જેણે મેહદી શાહના મરમ ન જાણ્યાં

એને કહાવે લોગો ગમાર

તેણે કમાઈ ખોઈ જુગ ચારની

તેનો ભઠ પડયા અવતાર

એજી તે ઈમામ મેહદી આવશે

તે મુકરીને કતલ કરાએ

તે જાહેર થઈ વેદ ભણાવશે

ત્યારે મુકરા દુર થઈ જાએ.

(સો ગીનાનની ચોપડી, ભાગ : ૨, પેજ : ૩, પીર ઈસ્માઈલશાહનું ગીનાન)

<u>સાર :</u> જે કોઈ મેહદી શાહને નહી ઓળખશે. તે ગમાર (જંગલી અભણ) કહેવાશે, જે પોતાની ચાર જુગની કમાઈ (અમલ) ખોઈ નાખશે. તેનો અવાતાર (જીંદગી) બરબાદ થશે. મેહદી આવશે ત્યારે બેદીનોને કતલ કરશે. તે જાહેર થઈ વેદ (અરબીમાં કુરઆન જે ચોથા નંબરમાં સ્પષ્ટ થયલા છે.) ભણાવશે ત્યારે જેહાલત દુર થશે.

૩. એજી આખર મેહદી હોઈને આવશે,

અને મેહદી જીવ અણુમુલ

ભાગ ઉનકે પુરે પુરે હુવે જીનેથે

હોંગે જાહેર કીયા કબુલ

એજી અવલ અલીને આખર મેહદી

એ આખર કેરા છે મરદ

ઉનથી ચીત જે ફેરવીયા, તેની કમાઈ પડશે રદ.

(સો ગીનાનની ચોપડી, ભાગ : ૬, પીર હસન કબીરદીનનું ગીનાન)

<u>સાર :</u> છેલ્લા (ઈમામ) મહદી આવશે જે મહાપુરૂષ છે, ખુશ નસીબ હશે તે તેમને માન્ય રાખશે. અવલ અલી, છેલ્લા મેહદી, અને તે (મેહદી) છેલ્લા મહા પુરૂષ (ઈમામ) છે. જે તેમનાથી ચીત ધ્યાન ફેરવશે (માન્ય નહીં રાખે) તેની કમાઈ નેક અમલ રદ બાતલ થશે.

૪. હોજી રે વીરા અરબી ભાષા શાહ ભણાવશે

અને મેહદી શાહ ધરાવશે રે નામ

દઈત કાળીંગાને શાહ મારશે

નવે ખડોમાં હોશે તે જાણ

(પીર હસન કબીરદીનનું ગીનાન)

<u>સાર :</u> તે વીર પુરૂષ શાહ (મેહદી) અરબી ભાષા ભણાવશે અને તેનું નામ મેહદીશાહ છે. તે વીરપુરૂષ દઈત કાળીંગા (ઈબ્લીસ શૈતાન અથવા દજ્જાલ) ને મારી નાખશે, અને દુન્યાના નવ ખંડોમાં તેની સત્તા રહેશે.

<u>નોટ :</u> આજ પર્યંત થઈ ગયેલા મેહદી હોવાના દાવેદારો દઈત કાળીંગાને મારી શકયા નથી. અને દુન્યાના નવ ખંડોના બદલે એક નાના ગામડા ઉપર સત્તા ચલાવી શકયા નથી, જેથી ઉપરોકત ગીનાનના ચારે પાઠો થકી ઈમામે ઝમાન હઝરત મહદી (અ.સ.)ની ગયબત અને ઝુહુર જાહેર થઈ આખી દુન્યા ઉપર સત્તા ભોગવી અદલ ઈન્સાફ ફેલાવવાની હકીકત સ્પષ્ટ અને સિધ્ધ થાય છે.

## ૮. ઈમામ મહદી (અ.સ.)નો જન્મ

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે :

'યુરીદુન લેયુત્ફેઉ નુરલ્લાહે બિઅફવાહેહીમ

તેઓ (દુશ્મનો / બેદીનો) ચાહે છે કે નુરે ખુદાને પોતાના મોઢાથી બુજાવી નાખે, પરંતુ ખુદાએ એજ ચાહયું છે કે સદા તેનું નૂર સંપૂર્ણ અને પ્રકાશિત રહે.

ખુદાના નુર, પયગમ્બર (સ.અ.વ.) અને તેમની પવિત્ર એહલેબૈતના નુરને બુજાવી નાખવા દુશ્મનોએ પુરી કોશિશ કરી. એક પછી એક પયગમ્બરની અવલાદ ઈમામોને સતાવી – ઝેર આપી અને તલવારથી શહીદ કર્યા, પરંતુ નૂરે ખુદા સદા પ્રકાશિત રહયું છે, અને કયામત સુધી રહેશે.

બની અબ્બાસીના મુઅતમીદ ખલીફાએ અગિયારમા ઈમામ હઝરત હસન અસકરી અલય્હિસ્સલામને વરસો સુધી પોતાના કૈદખાનામાં બંદીવાન રાખ્યા. તે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની હદીસથી ખુબ વાકેફ હતો કે અગિયારમા ઈમામના ફરઝંદ હઝરત મહદી પેદા થશે અને તેમના થકી આલે રસુલની હુકુમત આખા જગત ઉપર કાયમ થશે અને તેમના સઘળા વિરોધીઓ–દુશ્મનોનો નાશ કરશે. તેણે ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામને લાંબા વખત સુધી એજ હેતુથી બંદીવાન રાખ્યા કે તેમની કોઈ અવલાદ નહીં થાય.

ફીરઓને ખુદાનો દાવો કર્યો, તેને નજુમીઓએ ખબર કરી કે બની ઈસરાઈલમાં એક બાળક જન્મ પામશે. તેના થકી તારૂં રાજય નાશ પામશે અને તને તેમજ તારા સઘળા સાથીઓને હલાક કરશે. તેથી ફીરઓને બની ઈસરાઈલની ઓરતો ઉપર ચોકી પહેરો રાખી મુકયો. જે બાળક જન્મતો હતો તેને મારી નાખતા હતા. એજ ખ્યાલથી કે હઝરત મુસા પયગમ્બર પેદા ન થાય, પરંતુ પરવરદિગારે તેના જ ઘરમાં હઝરત મુસાના આગમન માટે સબબ કરી આપ્યું, એટલું જ નહી પણ જન્મ પછી હઝરત મુસાની પરવરિશ ફીરઓનના ઘરમાં થઈ, એજ મુજબ ફીરઓને સાની મુઅતમિદ બાદશાહે ચાહયું કે હઝરત મહદી અલય્હિસ્સલામ પૈદા ન થાય, પરંતુ ખુદાની મરજીની વિરૂઘ્ધતા કોઈ કરી શકે નહિં.

હઝરત ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામ કૈદખાનામાં હતા. તે સમયમાં સામર્રામાં સખત દુકાળ પડયો, અને લાંબી મુદ્દતથી વરસાદનું ટીપું ન પડયું. મુસલમાનોએ વરસાદ માટે 'નમાઝે ઈસ્તીસ્કા' પડી અને ઘણી દુઆઓ કરી, પરંતુ પાણીનું ટીપું ન વરસ્યું. એક વખત સઘળા મુસલમાનો શહેરની બહાર વરસાદ માટે દોઆ કરવા ગયા, તે વખતે એક નસરાની આલિમે પોતાના હાથો ઉંચા કરી વરસાદ માટે દોઆ કરી. તરત જ વાદળા ઘેરાઈ ગયા અને થોડો વરસાદ પડયો. મુસલમાનો આ બનાવથી ઘણી ચિંતામાં પડયા, લોકોને ઈસાઈ મઝહબની સચ્ચાઈ વિષે શંકા ઉપજી. ખલીફાને તેની જાણ થતા કચેરી ભરી અને ઉલમા, અમીરો તથા વઝીરોને તે સંબંઘીત સલાહ પૂછી. તેઓ સઘળા દિગમૂઢ બની ચુપ રહયા. એક દરબારીએ અરજ કરી કે આએ આફતથી છુટકારો અપાવનાર તમારા કૈદી ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામ સિવાય કોઈ નથી, માટે તેમને તેડાવીને સહાયતા માંગો. ખલીફાને હઝરતનું ઈલ્મ, સચ્ચાઈ, ખિલાફત અને ઈમામતના ખરા હકદાર હોવાની પૂર્ણ ખાતરી હતી. તેથી કેદખાનામાંથી હઝરતને કચેરીમાં હાજર કરવાનો હુકમ કર્યો.

હઝરત કચેરીમાં પધાર્યા, ત્યારે ખલીફાએ ઉભા થઈ આવકાર આપ્યો, પોતાની બાજુમાં તખ્ત ઉપર બેસાડયા અને સઘળી હકીકત કહી સંભળાવી. હઝરતે ફરમાવ્યું : ચિંતા ન કરો, કોઈ મોટી વાત નથી. હુકમ કરો કે

આવતી કાલે સઘળા મુસલમાનો ગામની બહાર મેદાનમાં વરસાદની દોઆ કરવા માટે હાજર થાય, તે સાથે તે નસરાની આલિમને પણ હાજર થવાનો હુકમ કરો.

બીજે દિવસે મેદાનમાં સઘળા મુસલમાનો અને નસારા આલિમ હાજર થયા. હઝરત ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામ ખલીફાની સાથે હાજર થયા. પ્રથમ હઝરતે મુસલમાનોને દુઆ કરવા માટે ફરમાવ્યું. તેઓએ દુઆ કરી પરંતુ વાદળા જોવામાં ન આવ્યા. તે પછી હઝરતે તે નસરાની આલિમને કહયું : 'તમે દુઆ કરો.' તેણે હાથ ઉંચા કરી દોઆ કરી, તરત જ વાદળા એકઠા થતા જણાયા. હઝરતે ખલીફાને ફરમાવ્યું : 'કોઈને મોકલી તે આલિમના હાથમાં જે વસ્તુ છે તે લાવી હાજર કરો.' ખલીફાના હુકમથી એક દરબારીએ તે આલિમની આંગળીઓ વચ્ચે એક હાડકું હતું તે લાવીને ખલીફાને આપ્યું. ખલીફાએ તે હાડકુ હઝરતને આપ્યું. હઝરતે રૂમાલમાં તે હાડકું છુપાવી પોતાના ખીસામાં રાખી મુકયું, તાત્કાલિક સઘળા વાદળ વિખેરાઈ ગયા. ઈમામ અલય્હિસ્સલામે નસરાની આલિમને ફરમાવ્યું : 'હવે દોઆ કરો', તેણે હાથ ઉંચા કરી ખુબ દોઆઓ માંગી, પરંતુ તેની કોઈ અસર જણાઈ નહી.

ઈમામ અલય્હિસ્સલામે ખલીફાને જણાવ્યું કે આએ હાડકું એક પયગમ્બરનું છે અને તે આસમાનની નીચે ખુલ્લું કરવામાં આવે તો તરત જ રહેમતના વાદળો ઘેરાઈ જાય છે. પછી પોતે આગળ આવી મુસલમાનો સાથે નમાઝે ઈસ્તીસ્કા પઢી, દુઆ માટે પોતાના મુબારક હાથો ઉંચા કર્યા. પળવારમાં ચોમેરથી ઘનઘોર વાદળા આસમાન ઉપર ઘેરાઈ ગયા. હઝરતે તે સઘળા લોકોને પોતાના ઘરો તરફ જવા ફરમાવ્યું. તે પછી જોશભેર વરસાદ પડવો શરૂ થયો. ઈમામ અલય્હિસ્સલામ ખલીફા સાથે કચેરીમાં ગયા. કચેરીમાં લોકો એજ ચર્ચા કરતા હતા, ખલીફા બેહદ ખુશ થયો કે ઈસ્લામ ઉપરથી ભારે આફત ટળી ગઈ. કચેરીમાં ઘણી ગુફગતુ થઈ, વિરોધીઓએ બખાળા કાઢયા, પરંતુ ખલીફાને તેમજ શહેરના લોકોને હઝરતની દોઆની બરકત અને સચ્ચાઈની ખાત્રી થઈ ચૂકી હતી. થોડી વાર પછી હઝરત ઉઠયા. ખલીફાએ પુછયું : કયાં જાઓ છો ? ફરમાવ્યું : 'જયાં તમોએ મને રાખેલ છે ત્યાં (કેદખાનામાં) જાઉં છું.' ખલીફા શરમાઈ ગયો અને કહયું : યબ્ન રસુલિલ્લાહ ! આપ પોતાના ઘર તરફ સિધારો. તેથી હઝરત પોતાના ઘરે કુટુંબીજનો પાસે ગયા. તે અરસામાં બારમા ઈમામનું હમલ બીબી નરજીસ ખાતુનમાં રહયું. ''વલ્લાહુ મુતિમ્મુ નુરેહી વલવ કરિહલ મુશરીકુન''

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની વાલેદા (માતૃશ્રી)નું મશહુર નામ બીબી નરજીસ ખાતુન છે, તે સિવાયના બીજા નામો મલીકા, સોસન, રયહાના છે, અને તે પવિત્ર બીબી કયસરે રૂમ (રૂમના શહેનશાહ)ની પૌત્રી હતા. તેમનો સામર્રા પહોંચવાનો કિસ્સો ઈતિહાસથી ટુંકમાં લખીએ છીએ :

બશીર બિન સુલેમાન બયાન કરે છે કે એક વખત ઈમામ અલીય્યુન્નકી (અ.સ.) (૧૦ માં ઈમામ) એ મને તેડાવી ફરમાવ્યું, 'તમે અન્સારના વંશમાં અને અમારા દોસ્તોમાં હોવાથી તમોને એક કામ સોંપું છું, કેમકે મને તમારા ઉપર પૂર્ણ ભરોસો છે.'

મેં અરજ કરી : 'ફરમાવો, દરેક પ્રકારની સેવા માટે હાજર છું.'

હઝરતે ફરમાવ્યું : એક કનીઝ ખરીદ કરવાની મારી મરજી છે. તેના માટે તમે બગદાદ જાઓ, ત્યાં પહોંચ્યા કેડે બીજે દિવસે સવારના પહોરમાં નદી કિનારે જાઓ, ત્યાં કેટલાક વહાણોમાં, કૈદી કનીઝો વેચાણ માટે આવશે, તેઓમાંથી ઉમર બિન યઝીદ, નામના કનીઝો વેચનાર પાસે પહોંચો, તેની પાસે એક કનીઝ જેના શરીર ઉપર બે રેશ્મી કપડાં હશે અને જે કોઈ તેને ખરીદ કરવા ઈરાદો ધરાવશે તે પ્રત્યે અણગમો જાહેર કરશે અને રૂમી ભાષામાં વાત કરતી હતી. તેની ખરીદી માટે હું તમોને આ થેલીમાં એક સો વીસ દીનાર આપું છું. એટલી જ રકમમાં વેચનાર રાજી થશે. તેમજ હું તમોને એક કાગળ રૂમી ભાષામાં લખીને આપું છું તે કનીઝને આપશો.

બશીર કહે છે, હું બગદાદ રવાના થયો અને હઝરતે ફરમાવેલી નિશાનીઓ મુજબ તે કનીઝને ઓળખી તેને કાગળ આપ્યો, જે વાંચીને કનીઝ રડવા લાગી અને પોતાના માલિકને કહયું : આ માણસ સાથે મારૂ વેચાણ નકકી કરો, તે સિવાય હું કોઈને કબુલ કરીશ નહી.

ટૂંકમાં તે કનીઝને ખરીદ કરી મારા ઉતારાની જગ્યાએ લાવ્યો, તે ઓરત કાગળ ખોલી પોતાની આંખો ઉપર રાખી ખુબ રડી.

મેં કહયું : તમે રૂમના પરદેશી છો, કાગળ લખનારને ઓળખ્યા જોયા વગર કાગળને બોસો આપી કેમ રડો છો ?

તેણીએ કહયું : સાંભળો, હું રૂમના શહેનશાહ કયસરની પૌત્રી છું અને મારૂ નામ મલીકા છે. મારા પિતાનું નામ શાહઝાદા યશુઆ અને મારી માનું નામ શમઉનુસ્સફા છે. મારા દાદાએ મારી શાદી પોતાના ભત્રીજા સાથે નકકી કરી. એક દિવસે પોતાના મહેલમાં સઘળા નસરાની ઉલમા – સરદારો – દરબારીઓને તેડાવી વચમાં એક હીરા જડિત તખ્ત રાખી પોતાના ભત્રીજાને બેસાડયા અને પાદરીઓને મારા નિકાહ પડવાનો હુકમ આપ્યો. પાદરીઓએ ઈન્જીલ ખોલીને પડવાનું શરૂ કર્યું. એટલી વારમાં દીવાલો ઉપરની મુર્તિઓ જમીનદોસ્ત થઈ. અને તખ્ત ઉપરથી શાહઝાદો જમીન ઉપર પટકાઈ ગયો. તખ્તના પાયા તુટી ગયા. પાદરીઓ ધ્રુજવા લાગ્યા અને મારા દાદા, શહેનશાહને વિનવતા બોલ્યા : અમોને માફ કરો, શા કારણથી આ હોનારત થઈ તે સમજી શકતા નથી.

રૂમના શહેનશાહને સખત આઘાત થયો અને તે શાદી મુલતવી રાખવી અપશુકન સમજયો, તેથી તરત જ બીજો હીરા જડિત તખ્ત તે ઠેકાણે રાખવા અને મુર્તિઓ તેના ઠેકાણે ગોઠવવાનો હુકમ કર્યો. સઘળું ઠીકઠાક થતા એક બીજા શાહઝાદાને (તેના ભાઈને) તખ્ત ઉપર બેસાડયા. પાદરીઓએ પડવાનું શરૂ કર્યું. પલવારમાં એજ હોનારત

થઈ. સઘળા ડરી ગયા અને વધુ નહી રોકાતા ત્યાંથી વિખેરાઈ ગયા. મારા દાદાને ઘણી શરમીદગી ઉપજી તેથી કેટલાક દિવસો સુધી પોતાના મહેલથી બહાર ન આવ્યા.

એજ રાતના મેં સ્વપ્નામાં હઝરત ઈસા પયગમ્બરને તેમના અમુક સાથીઓ સાથે એજ શાદીના મંડપમાં જયાં શાહઝાદા માટે તખ્ત રાખવામાં આવ્યું હતું ત્યાં હાજર થયેલા જોયા અને એજ જગ્યાએ એક ઉંચુ તખ્ત હતું. તેની ઉપર એક નુરાની ચેહરાના બુઝુર્ગવાર બેઠેલા જોયા, થોડીવારમાં બીજા પ્રકાશિત નુરાની ચેહરાના બુઝુર્ગો આવ્યા તેમને જોઈ હઝરત ઈસા ઉઠી ઉભા થયા. તેમને આવકાર આપી પોતાની બાજુમાં તખ્ત ઉપર બેસાડયાં.

મેં સ્વપ્નમાં જ એકને પુછયું : તેઓ કોણ છે ?

તેણે કહયું : તેઓમાંના એક ઈસ્લામના મહાન પયગમ્બર અને તેમના વસી હઝરત અલી અલય્હિસ્સલામ અને તેમના વંશના અગિયાર ઈમામો છે.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ હઝરત ઈસા પયગમ્બરને ફરમાવ્યું, હું એટલા માટે આવ્યો છું કે મલીકા શમઉનુસ્સફાની દીકરીની માંગણી મારા આએ ફરઝંદ માટે કરૂં અને તે નુરાની બુઝુર્ગોમાંથી એક નવજવાન બુઝુર્ગ (ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામ) તરફ ઈશારો કર્યો (કેમકે મલીકા હઝરત શમઉન હઝરત ઈસાના વસીની અવલાદમાંથી હતી.) હઝરત ઈસા અલય્હિસ્સલામે શમઉનને કહયું, હઝરત રસૂલ (સ.અ.વ.)ની વાત તમોએ સાંભળી, તે બારામાં શું કહો છો ?

હઝરત શમઉને અરજ કરી : હું રાજી ખુશીથી સઆદત સમજી કબુલ કરૂં છું. તે પછી હઝરત રસૂલ (સ.અ.વ.)એ ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામ સાથે મારા નિકાહનો ખુત્બો પડયા.

મારી આંખો ખુલી ગઈ અને સ્વપ્નું યાદ આવતા હું બેહદ ખુશી થઈ. પણ બીકના લીધે કોઈને મેં વાત ન કરી. પરંતુ તે રાતથી મારી તબીયત લથડવા લાગી. અને ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામની મોહબ્બતથી બેચેન રહયા કરતી. એક વખત મેં સ્વપ્નમાં રસૂલ (સ.અ.વ.)ની દીકરી જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હાને જોયા, હું તમઝીમ માટે ઉભી થઈ, અને મારી સ્થિતિના અને હઝરતના જુદાઈની શિકાયત કરી. બીબીએ ફરમાવ્યું : પ્રથમ તમે કલમો પડી ઈસ્લામમાં દાખલ થાઓ, તો મારા ફરઝંદ ઈમામ હસન અસ્કરીને હુકમ કરીશ કે દરરોજ રાતના સ્વપ્નમાં તમોને મળવા આવે. હું સ્વપ્નામાં કલમો પડી ઈસ્લામમાં દાખલ થઈ, ત્યાર બાદ દરરોજ રાતના હઝરત તશરીફ લાવી દીલાસો આપતા હતા. એક વખત મને ફરમાવ્યું કે, તમારા દાદા ઈસ્લામના અમુક મુલ્ક ઉપર લશ્કર મોકલી હુમલો કરશે, તમે લિબાસ બદલી તે ફોજની સાથે ખિદમતગારો માફક રવાના થાઓ અને મુસલમાનોની ફતેહ થતાં કેદીઓને પકડી લઈ જશે. તે કેદીઓ સાથે તમે આવશો. તેથી હું કેદીઓમાં ભળી અહી આવી છું.

બશીર આ હકીકત સાંભળી બેહદ ખુશ થયો અને બીબી નરજીસ ખાતુનને સામર્રા લાવી દસમા ઈમામ હઝરત અલી નકી અલય્હિસ્સલામની ખિદમતમાં પહોંચાડી સઘળી હકીકત કહી સંભળાવી. હઝરતે મલીકા બીબીને આવકાર આપી પોતાની બહેન બીબી હકીમા ખાતુનને તેડાવી તેમને ઘણી ભલામણો કરી સોંપી આપી.

ત્યાર બાદ પોતાના ફરઝંદ ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામ (૧૧ મા ઈમામ) સાથે બીબી નરજીસખાતુનના નિકાહ પઢી તેમને સુપુર્દ કર્યા, અને ફરમાવ્યું : નરજીસ ખાતુનની હુરમત અને સંભાળ રાખશો. તેમના થકી પરવરદિગાર તમોને ફરઝંદ અતા કરશે, જે જમીન ઉપર ખુદાની હુજ્જત થશે, અને જયારે દુનિયા ઉપર ઝુલ્મ, બદકારી, બેઈમાનીના ઘનઘોર વાદળો ઘેરાઈ જશે, ત્યારે જાહેર થઈ અદલ ઈન્સાફ અને દીનદારી ફેલાવશે.

ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામની વિલાદત (જન્મ) સને ૨૫૫ હીજરી, તારીખ પંદરમી શાઅબાનમાં સામર્રામાં તેમના પિદરે બુઝુર્ગવારના પવિત્ર મકાનમાં જુમ્આના દિવસે સવારના પહોરમાં થઈ. પાક પાકીઝા ખતના થએલા પેદા થયા. તે વખતે એક પ્રકાશિત નૂર તેમના મુબારક ચેહરા ઉપર પ્રકટયું, અને ઘરની છત પાર કરી આસમાન સુધી પ્રસર્યું.

જન્મ પામતાં, પ્રથમ સજદામાં જુકી ગયા અને જમણા હાથની અંગુઠા પછીની શહાદતની આંગળી આકાશ ભણી ઉંચી કરી કલમએ શરીફ, 'અશહદો અન લા ઈલાહ ઈલ્લલ્લાહ, મુહમ્મદુર રસૂલુલ્લાહ' પઢયા. તે પછી હઝરત અલી અલય્હિસ્સલામ અને બીજા દસ ઈમામોના પવિત્ર નામો લઈને પોતાના માટે દુઆ કરી :

યા અલ્લાહ ! મારા માટે તારો વાયદો પુરો કરી આપ, અને મારા દરેક કાર્યોને સફળતા સાથે સંપૂર્ણ બનાવ મને સાબિત કદમ નસીબ કર, અને મારા થકી જમીન ઉપર ઈન્સાફ–અદાલત ફેલાવી આપ. (આમીન)

તેમના જમણા હાથ ઉપર કુદરતી અક્ષરે લખેલું હતું : ''જાઅલ હક્ક વ ઝહકલ બાતિલ, ઈન્નલ બાતેલ કાન ઝહુકા'' – ''હક જાહેર થયું અને બાતિલ નાબુદ થયું, બેશક બાતિલ નાબુદ થવા માટે છે.''

ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામના ફુઈ બીબી હકીમા ખાતુને (નવમા ઈમામ હઝરત મોહમ્મદ તકી અલય્હિસ્સલામના દીકરીએ) હઝરતને પોતાની ગોદમાં ઉપાડી તેમના પિદરે બુઝુર્ગવાર ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામ (અગ્યારમા ઈમામ)ની ખિદમતમાં લાવ્યા. ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામે પોતાના પ્યારા અને પવિત્ર ફરઝંદને પોતાની ગોદમાં રાખ્યા. ઈમામે ઝમાના અલય્હિસ્સલામે પ્રથમ પોતાના પિદરે બુઝુર્ગવારને સલામ કર્યા. હઝરતે જવાબ આપ્યો. હઝરતે ફરમાવ્યું : 'બેટા, ખુદાના હુકમથી કલામ કરો.' ઈમામે ઝમાના અલય્હિસ્સલામે પ્રથમ કલેમા પડી, અગ્યાર ઈમામોના નામ લઈ કુરઆનની આયતો પઢયા :

'બિસ્મિલ્લાહી ર્રહમાનિ ર્રહીમ. વ નુરીદો અન્ન મુન્ન અલલ્લઝીન સ્તુઝઈફુ ફીલ અર્ઝ, વ નજઅલહુમ અઈમ્મતન, વ નજઅલહુમુલ વારીસીન (પૃથ્વી ઉપર નિર્બળ થયેલાઓ ઉપર ઉપકાર કરવાનો અમોએ ઈરાદો કરેલ છે. અમે તેઓને સરદાર અને પૃથ્વીની બાદશાહતના વારસ બનાવીશું.)

તે પછી હઝરતે પોતાના ફરઝંદને બીબી હકીમા ખાતુનને આપી ફરમાવ્યું કે, તેમની માદરે ગીરામી બીબી નરજીસ ખાતનને આપી આવો. બીબી નરજીસ ખાતુને પોતાના ફરઝંદને ગોદમાં ઉઠાવ્યા, તે બાળકે સલામ કરી, બીબીએ તેનો જવાબ આપી પોતાની ગોદમાં લઈ બોસો આપ્યો.

હઝરતે ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામે અકીકા માટે દસ હજાર બકરાનું ગોશ્ત અને દસ હજાર રોટી ગરીબોને આપવા માટે પોતાના વકીલ ઉસ્માન ઈબ્ને સઈન ઉમરીને ફરમાન કર્યું.

ઈમામે ઝમાન હઝરત હુજ્જત (અ.સ.)ની વિલાદત વિષે એહલે સુન્નત જમાઅતની કિતાબોમાંથી ટુંકસાર અને સાબિતીઓ :

૧. સુન્નત જમાઅતના મોલવી ઓબયદુલ્લાહ અમ્રતસરી, પોતાની કિતાબ 'સવાનેહે ઉમરી હઝરત અલી અલય્હિસ્સલામ' ના પેજ : ૪૩૩ માં ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામના એહવાલમાં લખે છે :

''આપકે પીછે આપકે ફરઝંદ અરજુમંદ અબુલ કાસિમ–મોહમ્મદ–અલ હુજ્જતકે સિવા આપકી કોઈ અવલાદ નહીં રહી.''

૨. 'તારીખુલ ઈસ્લામ'માં ઝહબીએ, બારમા ઈમામની પૈદાઈશ હીજરી સન ૨૫૬માં જણાવેલ છે.

૩. 'યનાબીઉલ મવદદહ'માં ઈસતંબુલના શેખુલ ઈસ્લામ શેખ સુલેમાન બલખી કન્દુઝીએ બારમા ઈમામની વિલાદતનું વર્ણન કરેલ છે. તેમાં જન્મતારીખ શઅબાનની પંદરમી અને હીજરી સન ૨૫૦ લખેલ છે. (વિલાદત અને તારીખ ઈસ્નાઅશરી ઈતિહાસ મુજબ છે. હીજરી સનમાં જે ફેર છે તે કદાચ લખાણની અને છપાઈની ભુલ હશે.)

૪. 'તારીખે ઈબ્ને ખલદુન' (સુન્નત જમાઅતની) જીલ્દ બીજી પેજ : ૨૪ માં લખે છે :

'મહદી અલય્હિસ્સલામ જે જાહેર થનાર છે તે સને ૨૫૫ હીજરીમાં શઅબાન મહીનાની પંદરમી તારીખે જુમ્આના દિવસે પેદા થયા છે. તેમના પિતાનું નામ હઝરત હસન અસકરી અલય્હિસ્સલામ છે.'

૫. 'શવાહેદુન્નબુવ્વત'માં મુલ્લા અબ્દુર રહમાન જામી પેજ : ૨૪૭ માં લખે છે :

'ઈમામ રઝાના ફરઝંદ મોહમ્મદ, તેમના ફરઝંદ અલી, તેમના ફરઝંદ હસન, તેમના ફરઝંદ મોહમ્મદ મહદી છે. તેઓ સુરરે મન રઆમાં સને ૨૫૫ હીજરીમાં પેદા થયા છે.

# ૯. ઈદે બરાત

'ઈદે બરાત' એટલે કે ૧૫ મી શાબાનનો દિવસ અને તેની આગલી રાત 'શબે બરાત' સઘળા મુસલમાનો માટે બહુ મોટો ઈદનો મુબારક અવસર છે. તેમજ તે પવિત્ર રાતના ઘણા અઅમાલો નમાઝો, દુઆઓ અને ખાસ કરીને દોઆએ કુમૈલ તેમજ ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતે મખ્સુસી હોય છે. કરબલામાં તે રાતના લાખોની સંખ્યામાં ઝવ્વારો ભેગા થાય છે.

તે પવિત્ર 'શબે બરાત'ના પ્રસંગે સઘળા મુસલમાનો ખુબ રોશની કરે છે, તે થકી બારમા ઈમામની વિલાદતની યાદગીરી અને શાન તાજી રહે છે. તે 'શબે બરાત' અને 'ઈદે બરાત'ના બારામાં ઘણી સર્વસામાન્ય મશહુર હદીસો શીઆ તેમજ એહલે સુન્નત કિતાબોમાં છે, જે હવે પછી લખવામાં આવશે.

પ્રથમ બરાત (અસલ અરબી શબ્દ બરાઅત) નો અર્થ નજાત, છુટકારો થાય છે. તેથી તે પવિત્ર રાતના જે કોઈ શખ્સ અમલ, નમાઝ, દોઆ વગેરે બજાવી લાવે, તેના માટે પરવરદિગાર છુટકારા (નજાત)ની સનદ આપે છે.

૧. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે :

ફીહા તુકસિમુલ અરઝાક, વ ફીહા તુકબતુલ આજાલ, વ ફીહા યુકતબુ વફુદુલ હાજં

તે પવિત્ર રાતના (ખુદા તરફથી) રોઝીની વહેંચણી થાય છે, અને અજલ (મૌત અને હયાત) નિર્માણ થાય છે અને તે રાતના હજ માટે જનારાના નામો લખાય છે.

૨. ઈન્નલ્લાહ લગયફિરૂ ફી હાઝીહીલ્લયલતિ મિન ખલકીહી, અકસરૂ મિન અદદી શઅરતી – મીઅઝા કલબીનં

તે રાતના કલબ કબીલાના મેંઢાના બાલોની સંખ્યાથી વિશેષ (માફી ચાહનાર મોઅમીનોને) બક્ષી આપે છે.

૩. વયગ ફિરૂલ્લાહુ (૧) ઈલ્લા મુશરીક (૨) અવ મુશારીદન (૩) અવ કાતીઈ રહમીન (૪) વ મુસિર્રિન અલા ઝનબિન

અને પરવરદિગાર દરેક મોઅમીન દોઆ કરનારને બક્ષી આપે છે, સિવાય કે તે મુશરીક (ખુદાની તવહીદ માનતો ન હોય) અથવા દીનમાં બીદઅત (પોતાની મરજી મુજબ – ખુદા અને રસુલના – તેમજ કુરઆનના ફરમાનો વિરૂધ્ધ સુધારો વધારે ફેરફાર કરતો હોય.) અથવા પોતાના સગા–કુટુંબીજનોને તજી દીધેલ હોય (અથવા તેઓની અવડાઈ બુરાઈ કરનાર) અથવા જે અટકયા વગર (તૌબા પસ્તાવો કર્યા વગર) ચાલુ ગુનાહો કરતો હોય, તેને બક્ષી આપતો નથી.

૪. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે :

૧૫ મી શાબાનની રાતના ઈબાદત કરો, અને ૧૫ મી શાબાનના રોઝા રાખો, કેમકે પરવરદિગારે આલમ તરફથી શબે બરાતની આખી રાત નીદા થાય છે કે, છે કોઈ જે પોતાના ગુનાહોને યાદ અને પસ્તાવો કરી મારી પાસેથી માફી ચાહે, જેને હું તેના ગુનાહો માફ કરી બક્ષી આપું ? છે કોઈ આ પવિત્ર રાતના મારી પાસેથી રોઝી માટે દુઆ કરે તેની રોઝીમાં બરકત કરી વધારો કરી આપું ?

૫. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે :

૧૫મી શાઅબાનની રાતના ગુસ્લ કરો, જેથી ગુનાહોનો બોજ હલકો થાય, અને ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત પઢો, જેથી ગુનાહો બક્ષાઈ જાય.

૬. ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે :

જે કોઈ ચાહે કે એક લાખ ચોવીસ હજાર પયગમ્બરો તેની સાથે મુસાફેહો કરે (હાથ મલાવે), તો તે ૧૫ મી શાબાનની રાતના ઈમામ હુસૈન અલય્હિસ્સલામની ઝિયારત કરે, કેમકે તે પયગંબરો અને આસમાનના ફરીશ્તા પરવરદિગારની રજા મેળવી ઈમામ હુસૈન અલય્હિસ્સલામની કબરે મુતહહરની ઝિયારત માટે આવે છે. બેશક જે કોઈ તે રાતના ઝિયારત માટે કરબલામાં હાજર થાય, તે ખુશનસીબ હોય છે.

૭. ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

માહે મુબારકે રમઝાનની શબે કદ્ર પછી ૧૫ મી શાબાનની રાત (શબે બરાત) સર્વોત્તમ મુબારક રાત છે. પરવરદિગારે આલમે પોતાની પાક ઝાતના સોગંદથી ફરમાવ્યું છે, કે જે કોઈ મોઅમીન તે પવિત્ર રાતના મારી પાસે પોતાની હાજત માંગશે, તે હું કબુલ કરીશ અને કોઈને નાઉમેદ પાછો નહી ફેરવીશ. સિવાય કે ગુનાહના મનાઈ કરેલા હરામ કામ માટે માંગશે, તો તે રદ થાશે. તે પવિત્ર રાતના જે કોઈ ૧૦૦ વખત ' સુબ્હાનલ્લાહ, અલ હમ્દો લિલ્લાહ, લા ઈલાહ ઈલ્લલ્લાહ, અલ્લાહો અકબર (તસ્બીહાતે અરબઅહ) કેહશે તો બેશક પરવરદિગાર તેના ગુનાહો બક્ષી આપશે અને તેની હાજતો પુરી કરશે.

૮. 'શબે બરાત'ના ઉત્તમ અમલો નીચે મુજબ છે :

૧. દુઆએ કુમૈલ, જે જુમેરાતના હંમેશા પડાય છે.

૨. ચાર રકાત નમાઝ (બે રકાત પછી સલામ કહે જેથી બે સુબ્હની નમાઝ માફક થાય.) દરેક રકાતમાં હમ્દના સુરા પછી ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ પડે (૪ રકાતોમાં ૪૦૦ કુલહુવલ્લાહનો સુરો પડે.)

૩. એ સિવાયની બીજી ઘણી નમાઝો – દુઆઓ – છે જે અઅમાલની દોઆની કિતાબોમાં છે.

૪. ૨૧ વખત, સલામતી માટે અને અચાનક મૌતથી બચવા માટેની દુઆ પડે, જે અહીં નીચે લખેલી છે:

બિસ્મિલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

અલ્લાહુમ્મ ઈન્નક હલીમુન ઝુ એનાતિન વલા તાકત લના બિહુકમિક, યા અલ્લાહો, યા અલ્લાહો, યા અલ્લાહ, અલ અમાન, અલ અમાન, અલ અમાન, મેનત્તાઉને વલ વબાઈ વ મવતીલ ફુજઅતી વ સૂઈલ કઝાએ વ શમાતતિલ અઅદાએ, રબ્બનક શિફ અન્નલ અઝાબ, ઈન્ના મુઅમેનુન બે રહમતેક યા અરહમર રાહેમીન.

એવી જ રીતે ઈદે બરાત ૧૫ મી શઅબાનનો પવિત્ર દિવસ બહુ મોટી ઈદ છે, જેમાં ઈબાદત, દુઆ, નમાઝો અને ઈમામ હુસૈન અલય્હિસ્સલામની તેમજ બારમા ઈમામ અલય્હિસ્સલામની ઝિયારતો છે. જે દુઆની કિતાબોમાં જોઈ અમલ કરવામાં ભારે સવાબ છે.

## ૧૦. ઈમામ મહદી (અ.સ.)નું બાળપણ

પરવરદિગારે ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામને બાળપણથી જ ઈલ્મ અને દરેક પ્રકારની ખુબીઓથી નવાજયા. હઝરત ઈસા પયગમ્બર અને હઝરત યહયા પયગમ્બરની જેમ ઈલ્મ અને હિકમતની સાથે–સાથે ઈમામત, મોઅજિઝા અને પારણામાં બોલવાની, કુરઆનની આયતો પડવાની પૂર્ણ ફઝીલતો બક્ષી આપી છે.

તે બુઝુર્ગવારના જન્મના બીજે દિવસે ઘરની એક ખાદીમા કનીઝ નસીમ ખાતુન હઝરતના પારણા આગળ આવી. તેને છીક આવી, હઝરતે પારણામાં ફરમાવ્યું : 'યરહમકિલ્લાહ' 'તમારા ઉપર પરવરદિગારની રહેમત થાય' અને ઉમર્યું કે જેને છીક આવે તેને ત્રણ દિવસ સુધી મૌતની આમાન મળે છે.

બીજી એક ખાદિમા (નોકર) નસર, જુલા આગળ આવી. હઝરતે ફરમાવ્યું : જાઓ લાલ સુખડ હાજર કરો. તે ખાદિમાએ લાવી આપી, ત્યારે ફરમાવ્યું : તું મને ઓળખે છે ? તે ખાદેમાએ અરજ કરી : હા, તમે મારા આકા અને મારા આકાના ફરઝંદ છો. ફરમાવ્યું : હું તે પુછતો નથી. હું ખાતેમુલ અવસીયા (પયગમ્બરના છેલ્લા વસી) બારમા ઈમામ છું. પરવરદિગાર મારા થકી અમારી એહલેબૈત અને અમારા શીઆઓને ફરજ અતા ફરમાવશે, અને દુઃખ બલા દફે કરશે.

વિલાદતના ચાલીસ દિવસો પછી બીબી હકીમા ખાતુન ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામની મુલાકાત માટે આવ્યા, તો હઝરત મહદી અલય્હિસ્સલામને બે વરસના બાળક જેવા જોઈને અચરજ પામ્યા. હઝરતે ફરમાવ્યું કે ઈમામની અવલાદ બીજાના બાળકોથી વેહલાસર વધવા પામે છે.

બચપણના સમયમાં હઝરત મહદી અલય્હિસ્સલામના ઘણા મોઅજિઝા ઝાહેર થયા, તેમાંથી એક મોઅજિઝો લખેલ છે :

અહમદ બિન ઈસ્હાક બિન સઅદુલ અશરી નકલ કરે છે કે એક વખત હું ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો. મારો ઈરાદો હતો કે હઝરતને સવાલ કરૂં કે આપની વફાત પછી ખુદાની હુજ્જત (ઈમામ) કોણ હશે. મારો સવાલ બયાન કરૂં તે અગાઉ હઝરતે ફરમાવ્યું : અય અહમદ ! પરવરદિગાર જમીનને પોતાની હુજ્જત વગર રાખતો નથી. કયામત સુધી તેની હુજ્જત કાયમ રહેશે, જે થકી જમીન ઉપર બરકત નાઝિલ થાય, બલા દફે થાય.

મેં અરજ કરી : મવલા ! આપની વફાત પછી ખલીફા અને ઈમામ કોણ છે ?

હઝરત ઉઠયા અને ઘરની અંદરથી પોતાના હાથોમાં એક ત્રણ વરસના નુરાની ચેહરાના બાળકને બહાર લાવ્યા અને ફરમાવ્યું : અય એહમદ ! તું મારો ખરો મુહીબ છે, તેથી તને મારા ફરઝંદ દેખાડું છું, જે ખુદાની હુજ્જત, ઈમામ અને મારા જાનશીન છે, અને તે દુનિયામાં અદલ ઈન્સાફ ફેલાવશે.

હું વિચારમાં હતો, કે તે બાળકે ફરમાવ્યું : અય અહમદ ! જમીન ઉપર અઈમ્મએ તાહેરીનનો હું વારિસ છું. દુનિયા મારા વુજુદથી કાયમ છે. હું દીનના દુશ્મનો પાસેથી બદલો લઈ તેઓને સજા કરીશ. જયારે દુનિયા ઝુલ્મ–બેઈન્સાફી અને બુરાઈઓથી ભરપુર થાશે, ત્યારે ખુદાના હુકમથી જાહેર થઈ અદલ અને ઈન્સાફથી ભરપુર કરીશ.

ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામની વફાતથી સામર્રામાં માતમની સફો ચોમેર થવા લાગી. મુસલમાનો સિવાયના યહુદી, નસારા ઈમામની વફાતના ગમમાં ભાગ લેતા થયા. બજારોની દુકાનો બંધ થઈ, અને આખા ગામમાં ગમગીની ફેલાઈ ગઈ.

ઈમામ અસકરી અલય્હિસ્સલામની વફાત તારીખ ૮ મી રબ્બીઉલ અવ્વલ, સને ૨૬૦ હીજરીમાં થઈ. તે વખતે તેમની ઉંમર ૨૮–૨૯ વર્ષની હતી. હઝરતના વકીલ ઉસ્માન બિન સઈદે, ઈમામની દફનક્રિયા માટે બંદોબસ્ત કર્યો. જનાઝો તૈયાર થયા પછી શહેરના શીઆ અને અન્ય મુસલમાનો તેમજ લશ્કરના સરદારો સઘળા રોતા કકળતા ઈમામના મકાન ઉપર હાજર થયા.

ઈમામના ભાઈ જઅફરે કઝ્ઝાબ (બારમા ઈમામના કાકા) હાજર થયા અને નમાઝે મય્યત પડવાનો ઈરાદો કરી જનાઝાની નઝદીક ઉભા રહયા. સઘળા લોકો તેની પછવાડે નમાઝ માટે સફ બાંધી ઉભા રહયા. નમાઝે મય્યત શરૂ થઈ ન હતી. એટલામાં નાની વયના ચંદ્ર સમાન ચેહરાના બાળક હાજર થયા. જઅફરના કપડાનો છેડો પકડી ફરમાવ્યું : કાકા, હટી જાઓ, મારા પિદરે બુઝુર્ગવાર ઉપર નમાઝ પડવાને હું વધુ હકદાર છું. જાફરે હઝરત મહદી અલય્હિસ્સલામને જોયા ન હતા, તેથી આભો જ બની ગયા અને પાછળ હટીને ઉભા રહયા. હઝરત મહદી અલય્હિસ્સલામ નમાઝ પડાવી ચાલ્યા ગયા. તેમને પુછવાની કે વાતચીત કરવાની કોઈએ હિમ્મત ન કરી.

નમાઝે મય્યત પઢાવી હઝરત મહદી અલય્હિસ્સલામે પોતાના પિદરે બુઝુર્ગવારના નોકર અઘ્યાન પાસે આવીને ફરમાવ્યું : અય અબુલ અઘ્યાન, તારી પાસે જે કાગળ છે, તે મને આપી દે. તેણે તે કાગળ હઝરતને આપ્યો. ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામે પોતાની વફાત અગાઉ પોતાના મજકુર નોકરને એક કાગળ આપી બગદાદ રવાના કરી ફરમાવ્યું, જયારે તું જવાબ લઈને પાછો ફરીશ તે વખતે મારી વફાત થવાથી તારી મુલાકાત નહીં થાય, તેથી જે મારા જનાઝાની નમાઝ પડાવે, અને તારી પાસેથી જવાબ લેવા આવે તેમને આ કાગળનો જવાબ આપજે, તે મારા વારસ, ખલીફા અને ઈમામે ઝમાન છે.

ઈમામે ઝમાનાના કાકા જઅફરે કઝઝાબે પોતાના ભાઈની મિલ્કત અને ઈમામતની પદવી મેળવવાને ઘણી કોશિશ કરી. છેવટે ખલીફા પાસે પહોંચી તેની મદદ ચાહી. ખલીફાએ પરખાવ્યું કે ઈમામતની પદવી મારા હાથમાં નથી. તમારા ભાઈના શીઆઓ તમોને માન્ય રાખી તમોને ઈમામતની પદવી માટે કબુલ કરે તો જ થઈ શકે.

ઈમામના બાળપણના બીજા ઘણા બનાવો બન્યા, જે લંબાણની બીકથી લખ્યા નથી.

## ૧૧. ઈમામે ઝમાના મોઅતમીદ અબ્બાસી ખલીફાની કચેરીમાં

ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામના ખાદિમ (નોકર) અલી બિન ઝમહયાર બયાન કરે છે કે, હું ઈમામના ખિદમતગારોમાં હતો અને હઝરત મહદી અલય્હિસ્સલામને સરદાબમાંથી તેમની મા બીબી નરજીસ ખાતુન પાસેથી ઈમામની ખિદમતમાં લાવતો હતો, અને ફરી સરદાબમાં પહોંચાડતો હતો. ઈમામ પોતાના ફરઝંદ સાથે વાતો કરતા હતા અને તે બાળક જવાબ આપતા હતા જે હું સમજી શકતો ન હતો.

એક વેળા મેં જોયું કે ઈમામની ખિદમતમાં મુઅતમીદ અબ્બાસી ખલીફાના માણસો આવ્યા, અને કહયું : ખલીફાએ તમોને સલામ સાથે કહેવરાવ્યું છે કે, મેં સાંભળ્યું છે કે પરવરદિગારે તમોને ફરઝંદની બક્ષીસ ફરમાવી છે, છતાં અમોને તેની ખબર નહીં કરી જેથી તમારી ખુશહાલીમાં અમે ભાગ લઈ શકીએ. હવે હું તે બાળકની ઝિયારત કરવા બહુ આતુર છું. મારા દરબારમાં તેને મોકલો.

ઈમામે મને ફરમાવ્યું : 'જાઓ મારા ફરઝંદને હાજર કરો અને ખલીફાની કચેરીમાં લઈ જાઓ.' ઈમામનું ફરમાન સાંભળી મને ઘણી અચરજ સાથે બીક ઉપજી, કેમ કે મને ખાત્રી હતી કે ખલીફા તે બાળકને કત્લ કરશે. ઈમામ અલય્હિસ્સલામે બીકની નિશાની મારા ચેહરા ઉપર જોઈ મોં મલકાવી ફરમાવ્યું : 'હુજ્જતે ખુદાને ખલીફા પાસે લઈ જાઓ, અને ડરો નહિં. અલ્લાહ તઆલા પોતાની હુજ્જતની સંભાળ રાખશે.'

હું સરદાબમાં દાખલ થયો. મેં જોયું કે તે બાળકના ચેહરાથી એવું પ્રકાશિત નુર જાહેર થાય છે જે મેં કોઈ વેળા જોયું ન હતું. તેમના જમણા ગાલ ઉપર જે તલની નિશાની હતી તે સીતારા માફક ચમકાટ મારતી હતી. તેમને મારા

ખભા ઉપર ઉપાડી ઘરથી બાહર લાવ્યો. મેં જોયું કે તેમના પવિત્ર ચેહરાના પ્રકાશિત નુરથી આખું સામર્રા શહેર આસમાન સુધી નુરાની અને પ્રકાશિત થયું. લોકો પોતાના કામકાજ મુકી તે બુઝુર્ગવાર તરફ જોઈ રહયા હતા. ઘરોમાંથી ઓરતો, બાળકો, તમામ ઘરની બારીઓ અને કોઠા ઉપરથી હઝરતના નુરાની ચેહરાની ઝિયારત કરતા હતા. બજારના રસ્તામાં એટલી ગીર્દી જામી હતી કે મારા માટે પસાર થવું મુશ્કીલ થયું. ખલીફાના માણસો લોકોને હટાવી રસ્તો કરી આપતા હતા.

ખલીફાની કચેરીમાં દાખલ થતાં ખલીફા અને તેના સઘળા સીપાહીઓ હઝરતના નુરાની ચેહરા તરફ જોઈ દિગ્મુઢ બની પોતાની જગ્યાએ ચુપચાપ બેસી રહયા, કોઈમાં હિલચાલ અને બોલવાની શકિત બાકી ન રહી. હું દરબારની વચમાં ખલીફાના તખ્તની સામે ઉભો રહયો અને તે બાળક એમ જ મારી કાંધ ઉપર સવાર હતા. થોડીવાર પછી પ્રથમ ખલીફાનો વઝીર ખલીફાની બાજુમાં ઉભો રહી ગુફતગુ કરવા લાગ્યો. મને ખાત્રી થઈ કે તે બાળકને કત્લ કરવાની મશ્વેરત હશે, તેથી મને કંપારી છુટી. ખલીફાએ પોતાના સિપાહીઓને હુકમ કર્યો કે તાત્કાલિક આ બાળકને તલવારથી કત્લ કરી નાખો. સિપાહીઓએ પોતાની તલવારો મ્યાનમાંથી કાઢવાની વ્યર્થ કોશિશ કરી. પરંતુ તેઓ તલવાર બાહર કાઢી ન શકયા. ખલીફાએ કહયું : બની હાશીમના જાદુના કારણે તલવાર મીયાનમાં અટકી ગઈ છે, છતાં ખઝાનામાંથી તલવાર લઈ આવો. મને ખાત્રી છે કે તે તલવાર ઉપર જાદુ અસર નહીં કરશે. ખઝાનામાંથી તલવાર લાવ્યા અને તે બાહર કાઢવાની ખુબ કોશીશ કરી, છતાં તલવાર બાહર કાઢી ન શકયા. ખલીફા અને સઘળા દરબારીઓ ખુબ અચરજ પામ્યા. તે પછી ખલીફાએ હુકમ કર્યો : તાત્કાલિક જાઓ અને ફાડી ખાનારા જાનવરોના પાંજરામાંથી વિક્રાળ સિંહોને હાજર કરો. સિપાહીઓએ થોડીવારમાં ત્રણ વિક્રાળ સિંહોને દરબારમાં હાજર કર્યા.

તે વખતે બાળક હજી મારી કાંધ ઉપર સવાર હતા. ખલીફાએ મને હુકમ કર્યો કે, તે બાળકને ઉતારી સિંહો આગળ છોડી આપો. આ ઘાતકી હુકમ સાંભળી હું થરથર ધ્રુજવા લાગ્યો. એટલી વારમાં તે બાળકે મને મારા કાનમાં ધીમેથી ફરમાવ્યું : ડરો નહીં, મને તે સિંહો આગળ મુકો, તેથી મેં હઝરતને ઉતારીને સિંહો આગળ રાખ્યા. ત્રણેય સિંહોએ પોતાના હાથો ઉંચા કર્યા. હઝરત તેઓના હાથ પકડીને નીચે લાવ્યા. તે સિંહો ઈમામે ઝમાનની સામે મોઢું નીચે નમાવી શાંત ઉભા રહયા. તે પછી એક ઘરડા સિંહને પરવરદિગારે વાચા આપી. પ્રથમ ફસીહ અરબીમાં કલેમો પડી અગ્યાર ઈમામોના નામો એક પછી એક લઈ ઈમામે ઝમાનાને સલામ કરી ઉમેર્યું કે આપ ઝમીન ઉપર ખુદાની હુજ્જત છો. પછી તે ઘરડા સિંહે અરજ કરી : આકા ! મારી એક શિકાયત પેશ કરૂં છું. મારા ઉપર દયા ફરમાવો. આ બે સિંહો મારા સાથીઓ જવાન છે તેઓ મારા ઉપર ઝુલ્મ કરે છે. અમારી ખોરાકી લાવવામાં આવે છે ત્યારે ઝડપથી તેઓ હડપ કરી જાય છે અને મારો ભાગ મને મળતો નથી, જેથી મારે ભુખ્યા રહેવું પડે છે. તે બાળકે (ઈમામે) ફરમાવ્યું : તારા સાથીઓના ઝુલ્મના માટે તેઓની એ સજા છે કે તે બંને ઘરડા થાશે અને તારી જવાની પાછી આવતા તું તંદુરસ્ત રહીશ. હઝરતના કલામ પુરા થયા તેજ વખતે બે સિંહો ઝઈફ અને ઘરડા થયા અને તે

ઘરડો સિંહ રૂષ્ટપુષ્ટ જવાન થયો. આ મહાન મોઅજીઝો જોઈ ખલીફાના સઘળા દરબારી બેહદ અચરજ પામ્યા અને મોટા અવાજે તકબીર બુલંદ કરી જેથી આખો મહેલ ગુંજી રહયો. ખલીફાએ આ બનાવ જોઈ મને કહયું : ઉઠો આ બાળકને તેના પિદરે બુઝુર્ગવાર પાસે લઈ જાઓ.

મેં ખુદાનો શુક્ર કર્યો અને મારા આકાને મારી કાંધ ઉપર સવાર કરી ઈમામના મકાન તરફ રવાના થયો. બજારો ખીચોખીચ હતી. સઘળા દિગમુઢ બની અચરજની સાથે હઝરતના નુરાની ચેહરા તરફ જોઈ રહયા હતા. ઘરમાં દાખલ થઈ ઈમામની ખિદમતમાં મારા શાહઝાદાને લાવી મેં સઘળી હકીકત કહી સંભળાવી. ઈમામ ઘણા ખુશ થયા અને પરવરદિગારનો શુક્ર બજાવી લાવ્યા.

## ૧૨. ગયબતે સુગરા

ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ પોતાના પીદરે બુઝુર્ગવારના ફરમાનુસાર તેમની વફાત બાદ લોકોની નજરથી છુપા રહયા અને તારીખ ૧૦ મી શવ્વાલ સને ૨૬૦ માં પાંચ વરસથી વયે ગાયબ થયા, જેને ‘ ગયબતે સુગરા’ કહે છે. પરંતુ આપ પોતાના અમુક અસહાબો, વકીલોને મળતા હતા. તેમજ પોતાના તરફથી ફરમાનો આપતા હતા અને મોઅમીનોના સવાલોના જવાબો તેમના નાયબો મારફતે લખીને મોકલતા હતા. ગયબતે સુગરામાં લગભગ ૭૦ વરસ સુધી રહયા અને તે પછી ‘ગયબતે કુબરા’ની શરૂઆત થઈ. તે પછી નાએબની નિમણુક ન ફરમાવી. કાગળો, સવાલોના જવાબ આપવાનું બંધ કર્યું, તે ‘ગયબતે કુબરા’નો ઝમાનો આજ સુધી ચાલુ છે. જયારે પરવરદિગારનો હુકમ થશે, ત્યારે જાહેર થશે અને તે ઝહુર થવા વિશે અન્ય સ્થળે ખુલાસાવાર હકીકતો આએ કિતાબમાં લખી છે.

ગયબતે સુગરાના સમયમાં ઘણા બનાવો બન્યા અને ઘણાં સવાલોના જવાબો આપ્યા, પરંતુ આ પુસ્તકમાં તે લંબાણથી લખ્યા નથી. માત્ર હઝરતની ગયબતે સુગરાના સમયના તેમના ચાર નાયબોના નામો લખવામાં આવે છે :

૧. પહેલા નાયબ : ઉસ્માન ઈબ્ને સઈદ :

દસમા ઈમામ અને અગ્યારમા ઈમામના અસ્હાબ અને વકીલ હતા. મોટી વયના મહાન બુઝુર્ગ અને આલિમ હતા. લગભગ દોઢ વરસના ટુંક સમય સુધી ઈમામના નાયબ રહયા. ઈમામે ઝમાના અલય્હિસ્સલામે તેમને લખી જણાવ્યું કે તમારૂં મૌત નજીક હોવાથી તમારી જગ્યાએ મારા નાયબ તરીકે, તમારા દીકરા મોહમ્મદને જાહેર કરો. જનાબ ઉસ્માન ઈબ્ને સઈદ બગદાદમાં વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા. બગદાદમાં આજે પણ મોઅમીનો તેમની કબર ઉપર ફાતેહા પડવા જાય છે.

૨. બીજા નાયબ : મોહમ્મદ ઈબ્ને ઉસ્માન :

ઈમામે ઝમાનાના ફરમાનુસાર જનાબ મોહમ્મદ ઈબ્ને ઉસ્માન સઈદ ઈમામના નાયબ થયા. ઈમામે ઝમાના અલય્હિસ્સલામે તેમને એક કાગળમાં લખી જણાવ્યું કે : "અય મોહમ્મદ બિન ઉસ્માન! તમારો બાપ ઘણો ખુશનસીબ છે, કેમ કે તેને તમારા જેવા નેક પુત્રની પ્રાપ્તિ થઈ, તમો સદા તેના માટે રહમતની દુઆ કરતા રહો, પરવરદિગાર તમારી મદદ ફરમાવે." જનાબ મોહમ્મદ ઈબ્ને ઉસ્માન ઘણાં દીનદાર અને આલિમ હતા. ઈમામના શીઆઓની મદદ કરતા હતા અને ઈમામના ફરમાનુસાર દરેક કામની વ્યવસ્થા કરતા રહયા. જયારે તેમની વફાતનો વખત આવ્યો, ત્યારે ઈમામનું ફરમાન મળ્યું કે તમારી જગ્યાએ મારા નાયબ તરીકે હુસયન ઈબ્ને રવહની નિમણુક કરો. લગભગ ૫૦ (પચાસ) વરસ ઈમામની નિયાબતની ખિદમત કરી સને ૩૦૫ હીજરીમાં બગદાદમાં વફાત પામ્યા અને ત્યાં દફન થયા. આજે પણ બગદાદમાં તેમની કબર ઉપર મોઅમીનો ફાતેહા પડે છે.

૩. ત્રીજા નાયબ : હુસયન ઈબ્ને રવહ 'અબુલ કાસીમ' :

શેખ જલીલુલ કદ્ર અબુલ કાસિમ હુસયન ઈબ્ને રવહ ઘણાં દીનદાર અને મહાન આલિમ હતા. તેમનો સ્વભાવ ઘણો મીઠો અને હસમુખો હોવાથી ઘણાં સુન્ની મુસલમાનો તેમને ચાહતા અને માન આપતા હતાં. ઈમામે ઝમાનાની અને શીઆ મોઅમીનોની ઘણી સારી ખિદમત બજાવી લાવતા હતા. તેમની ઘણી ફઝીલતો અને કરામતોનું વર્ણન કિતાબોમાં લંબાણથી કરવામાં આવ્યું છે, જે આએ પુસ્તકમાં સ્થળ સંકોચને કારણે લખી શકયા નથી. આપ સને ૩૨૬ હિજરીના શાબાન મહીનામાં વફાત પામ્યા.

૪. ચોથા નાયબ : અલી ઈબ્ને મોહમ્મદ સમરી :

ઈમામે ઝમાના અલય્હિસ્સલામના ગયબતે સુગરાના સમયના ચોથા અને છેલ્લા નાયબ, જનાબે શેખે જલીલ અલી ઈબ્ને મોહમ્મદ સમરી હતા. ત્રણ વરસ સુધી નાયબ રહયા. તેમની વફાત અગાઉ ઈમામે ઝમાના અલય્હિસ્સલામનું ફરમાન તેમને મળ્યું :

બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

અય અલી સમરી ! પરવરદિગાર તમારા દીની ભાઈઓને તમારી મુસીબતમાં સબર અને અજર અતા ફરમાવે. છ દિવસ પછી તમારી વફાત થશે. તેથી નિયાબતનું કામ જે રહયું હોય તે પુરૂં કરો. હવે પછી તમારી જગ્યાએ મારો કોઈ નાયબ નહિં થઈ શકે, કેમકે મને ગયબતે કુબરાનો હુકમ થયો છે. તેથી હું જાહેર નહી થઈશ. તેમજ કોઈપણ મને જોઈ નહી શકશે. હું લાંબી મુદ્દત સુધી ગાયબ (છુપો) રહીશ, મારી લાંબી ગયબતના ઝમાનામાં લોકોના દિલો સખત કઠણ થશે. આફત, મુસીબત અને ઝુલ્મ વધી જશે, ઘણાં લોકો ખોટો દાવો કરશે.

મારા માટે જાહેર થવાની મુખ્ય બે નિશાનીઓ છે :

સુફયાની શામથી ભાગી જશે, અને ઝમીન આસમાન વચ્ચે એક ભારે અવાજ થશે, દરેક કોમ અને ઝબાનના લોકો તે અવાજ સાંભળી અને સમજી શકશે.

ઈમામનીઆગમચેતી મુજબ જનાબ શેખ અલી ૧૫ મી માહે શાબાનમાં વફાત પામ્યા અને બગદાદમાં દફન થયા. આજે પણ મોઅમીનો બગદાદમાં તેમની કબર ઉપર ફાતેહા પડવા જાય છે.

## ૧૩. ગયબતે કુબરા, તેના રહસ્યો અને એઅતેરાઝના જવાબો

ગયબતે સુગરા (નાની ટુંકી ગયબત) ૭૦ વરસની મુદ્દત સુધી રહી. તેમાં ઈમામે ઝમાનાના ચાર નાયબો થયા. તે પછી પરવરદિગારનો 'ગયબતે કુબરા' માટેનો હુકમ થયો. તે મુજબ આપણા ઈમામે ઝમાના આજ પર્યંત ગાયબ છે.

ગયબતે સુગરામાં નાયબોને તેમજ દીનદાર મોઅમીનોની અરજીનો જવાબ ઈમામ આપતા હતા. જયારે ગયબતે કુબરામાં જાહેર એવી મુલકાત કે જેથી ઈમામને ઓળખી શકે અને કોઈ નાયબનો દાવો કરી શકે અથવા પત્ર વ્યવહાર કરી શકે તેવું બનતું ન હતું. તેથી ગયબતે સુગરામાં ખાસ નીમાયેલા ચાર નાયબો હતા. પરંતુ ગયબતે કુબરામાં જાહેર નીમાયલા નાયબોના બદલે આમ (સામાન્ય) નિયાબત માટે દીનદાર ઉલમા, ઈમામના નાયબો ગણાય છે. તેના બારામાં ઈમામ તરફથી જે ફરમાન થયું તેમાં જણાવવામાં આવ્યું છે કે :

‘‘જે લોકો આલિમ છે તેઓ મઝહબના રખેવાળ (રક્ષણ કરનાર) છે, તેઓ પોતાના નફસની બુરી ઈચ્છાઓને વશમાં રાખે છે. અને પોતાના ઈમામની તાબેદારી કરે છે, તેથી મોઅમીનો ઉપર વાજિબ છે કે તેઓની તાબેદારી કરે.’’

‘‘તે આલિમો અમારા તરફથી તમારા ઉપર હુજ્જત છે, અને તે આલિમો ઉપર ખુદાના તરફથી હું હુજ્જત છું. જે લોકો તે ઉલમાની વિરૂધ્ધતા કરશે તે અમારી વિરૂધ્ધતા કરેલ ગણશે અને જે અમારી વિરૂધ્ધતા કરશે, તેણે ખચિત ખુદાની નાફરમાની કરેલી ગણાશે.’’

ગયબતે સુગરા અને ગયબતે કુબરામાં હઝરતે હુજ્જત અલય્હિસ્સલામ ગાયબ અને છુપા રહયા તે વિષે વિરોધીઓ ખુબ ટીકા કરે છે, જેમ કે : તમારા ઈમામ બીકથી સરદાબમાં છુપા રહયા છે, તેથી તેમની ઈમામતનો કશો લાભ પહોંચતો નથી. જયારે કે તેઓના ઈમામ જાહેર છે, વગેરે વગેરે. પ્રથમ ઈમામની સચ્ચાઈની સાબિતીની જરૂર છે, તે સિવાય જાહેર હોવાનો કશો અર્થ નથી. તે વિષે આએ પુસ્તકમાં અન્ય સ્થળે પૂર્ણ ખુલાસો લખી કુરઆન અને હદીસો વડે સિધ્ધ કરી આપ્યું છે કે ઈમામે ઝમાના હઝરતે મહદી અલય્હિસ્સલામ બારમા ઈમામ બરહક છે.

આએ પ્રકરણમાં ગયબતના કારણો, લાભો તેમજ બીક અથવા ડરના કારણે ગાયબ રહયા નથી, માત્ર પરવરદિગારની મસ્લેહત અને હુકમને તાબે થઈ છુપા રહયા તેનો ખુલાસો અને જવાબો ટુંકમાં લખેલ છે.

સુર્ય વાદળા પાછળ છુપાય છે, છતાં તેમાંથી અજવાળું અને ગરમીનો લાભ દુનિયાને પહોંચ્યા કરે છે. એજ મુજબ ઈમામ ખુદાના હુકમથી જાહેર ન હોય છતાં મખ્લુકાતે ખુદાને તેમનાથી જાહેર ઈમામ માફક દરેક પ્રકારના લાભો પહોંચે છે. જે ઈમામની હસ્તિ હયાતી સિધ્ધ થતાં કોઈ પણ સમજુ મુસલમાન ઈન્કાર નહીં કરી શકે.

હઝરત મુસા પયગમ્બર હતા. પરવરદિગાર સર્વ શક્તિમાન હોવા છતાં પ્રથમ શરૂઆતમાં હઝરત મુસાને ફિરઔનથી ભાગવું પડયું, તેનું વર્ણન પરવરદિગારે કુરઆનમાં લંબાણથી કર્યું છે. જેમકે ફરમાવે છે :

ફખરજ મિનહા ખાએફુન યતરકકબ (સૂરે કસસ, આયત : ૩૦)

(અને મુસા) મિસરથી બીક અને સાવચેતીથી બાહર નિકળ્યા (નાસી છુટયા)

પરવરદિગારે હઝરત મુસાને તે વખતે લાકડી વગેરેના મોઅજીઝા આપી શા માટે ફિરઔન પાસે ન મોકલ્યા? જેથી પ્રથમ તેમને બીકથી નાસી છુટવું પડયું, અને ૧૦–૧૫ વરસો સુધી બની ઈસ્રાઈલની નજરથી ગાયબ છુપા રહયા. જે મુદ્દત દરમ્યાન બની ઈસ્રાઈલ ફિરઔનના સકંજામાં પીડાતા રહયા. શુ પરવરદિગાર તે વખતે અશકત હતો ? એમ કોઈ ઈન્સાન નહિ કરી શકે. માત્ર તે વખતે પરવરદિગારની એવી જ ઈચ્છા, મસ્લેહત હતી. તે થકી ફિરઔન અને મુશ્રીક, ઝાલિમ, ગુનેહગાર કોમ માટે ઢીલ અને પરીક્ષા હતી. કેમ કે અલ્લાહ તઆલા સજા કરવામાં ઉતાવળ કરતો નથી. તે સાથે બની ઈસ્રાઈલ કોમ માટે ઈમાન, ધીરજ અને સબ્રની પરીક્ષા હતી.

આ એક જ દલીલથી મોઅમીનોને ખાત્રી થશે કે ઈમામે ઝમાન હઝરત મહદી અલય્હિસ્સલામની ગયબત જગતના લોકો માટે ઢીલ અને પરીક્ષા છે. તેથી હઝરતે મહદી અલય્હિસ્સલામ ખુદાના હુકમથી પરવરદિગારની મરજી મુજબ તેની ઠરાવેલી મુદ્દત સુધી ગાયબ છુપા રહયા છે.

અગ્યારમા ઈમામ હઝરત હસન અસ્કરી અલય્હિસ્સલામની વફાત પછી ઝાલિમો, બેદીનો, બદકારોને તાત્કાલિક સજા કરવા માટે જાહેર થતે જેના માટે પરવરદિગારે બેશક તેમને દરેક પ્રકારની શકિત આપી હતી. કેમકે જમીન અને આસમાનની સઘળી મખ્લુકાત ઈમામના હુકમને તાબે હોય છે. પરિણામે જો ઈમામ તે વખતે જાહેર થઈ દુશ્મનો બેદીનોને સજા કરી મારી નાખતે, તો તે વખતના મોઅમીનો ઘણા થોડા હતા. બાકી લાખો કરોડો મુસલમાનો (બની ઉમય્યા, બની અબ્બાસીના તાબેદારો – ચાહકો – દુન્યાદાર અને બેદીનો)ને તેમજ ઈસ્લામ સિવાયના – કાફીરો, મુશ્રીકોને સજા કરી કત્લ કરતે, તો બેશક ટુંક સમયમાં આખી દુનિયા વસ્તીથી સાવ ખાલી થવા પામતે અને દુનિયામાં જેટલા ઈન્સાનોને પરીક્ષા માટે પરવરદિગારને પૈદા કરવું હતું જો આજ પર્યંત બલકે ઝુહુરની મુદ્દત સુધી જગતમાં પરીક્ષા આપવા આવ્યા અને આવવાના હોય તેઓ કયાંથી આવતે ?

એટલું જ નહીં પણ જે લાખો કરોડો મોઅમીનો એ ૧૧૦૦ વરસમાં પયદા થયા અને થવાના હોય તેઓ પરીક્ષા આપી સફળતા પામી બેહિશ્તમાં દાખલ થવા માટે દુનિયામાં કેવી રીતે આવવા પામતે ? બેશક તે મખ્લુકની

સંખ્યા અને સમયનું ઈલ્મ ખુદા સિવાય કોઈ નહી સમજી શકે. તેથી ગયબત અને ઝુહુરનો વખત અલ્લાહ તઆલાએ પોતાની મરજી અને મસ્લેહત ઉપર રાખેલ છે. અલ્લાહને કોઈ ભાગીદાર, સલાહકાર અને મદદગાર ન હોઈ શકે.

પરવરદિગારે આ સૃષ્ટિનું સર્જન પરિક્ષા અને પોતાની કુદરત તેમજ ફેપ, નેઅમત માટે કરેલ છે. તે વિષે કુરઆનમાં ફરમાવે છે.

'અલિફ–લામ–મીમ, અહસેબન્નાસો અંય્યકૂલો આમન્ના વહુમ લા યુફતનુન.

શું લોકો એવું સમજી રહયા છે કે તેઓ માત્ર કહેશે અમે ઈમાન લાવ્યા તે પછી તેઓની (ખરા ખોટાની) પરિક્ષા નહી લેવામાં આવે ? (સૂરે અન્કબુત, આયતઃ૧)

હઝરત નુહ પયગમ્બરની ઉમ્મતની આકરી પરીક્ષા લેવામાં આવી હતી તે વિશે કુરઆને મજીદ, હદીસો અને ઈતિહાસમાં વિગતવાર વર્ણન છે.

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ને કુરેશના કાફરોથી મકકાના પહાડની ગુફામાં ત્રણ વરસ સુધી ભુખ વગેરેના મહાભારે કષ્ટો સહન કરવા પડયા અને ત્યાર બાદ જયારે મુશ્રીકોએ તેમના મકાન ઉપર ઘેરો ઘાલી તેમને કત્લ કરવાનો ઈરાદો કર્યો, ત્યારે ખુદાના હુકમથી હઝરત અમીરૂલ મોઅમેનીનને પોતાના બીછાના ઉપર સુવરાવી રાતના સમયે એકલા ઘરથી હિજરત માટે રવાના થયા. શું હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)માં પરવરદિગારે એવી શક્તિ રાખી ન હતી જે વડે દુશ્મનોનો નાશ કરી દીનનો ફેલાવો કરતે ? એવું કશુ ન હતું. માત્ર અલ્લાહની મરજી અને વિજયનો વખત આવ્યો ન હતો. તેથી ખુદાના ફરમાનુસાર હઝરતને હિજરત કરવી પડી. ફકત તેમને પોતાના અને પોતાના પિત્રાઈ ભાઈ હઝરત અમીરૂલ મોઅમેનીન અને મુઠીભર અસ્હાબો સાથે તલવાર ઉપાડી જેહાદ કરવાનો હુકમ ન હતો.

વળી હઝરત સુલયમાન, હઝરત ઈબ્રાહીમ વગેરે અનેક પયગમ્બરોને સમયાનુસાર ખુદાના હુકમથી છુપાઈ જવાની અને ગયબતમાં રહેવાની ફરજ પડી. તેનું વર્ણન કુરઆનમાં તેમજ હદીસો અને ઈતિહાસમાં કરવામાં આવ્યું છે જે લંબાણની બીકથી મુકી આપ્યું છે.

ઈમામે ઝમાના ગાયબ હોવા છતાં જમીન ઉપર તેમની હસ્તિ ખુદાની રહેમત અને ભારે નેઅમત છે. બેશક અગર એ ખુદાના નુર અને પવિત્ર માઅસુમ બુઝુર્ગવાર, ખુદાની હુજ્જત, પયગમ્બરના વસી, જાનશીન દુન્યાની સપાટી ઉપર ન હોત, તો જગત ઉપર ગુનાહ અને ઝુલ્મનો અંધકાર ફેલાઈ જવાથી એક પળવાર પણ દુનિયા બાકી રહેવા પામેત નહિં અને ખુદાનો ગઝબ અને અઝાબ નાઝિલ થતાં વાર ન લાગેત. આસમાનથી વરસાદ અને જમીનમાંથી અનાજનો દેખાવ નહિ રહેતે, જે કુરઆનની આયતો અને હદીસો વડે સિધ્ધ થાય છે. જેઓ ખુદા તેના રસુલ અને કુરઆન ઉપર ઈમાન રાખતા ન હોય એવા દુન્યાદારોના માટે એની માન્યતા ન હોય તેઓ પોતાના વિચારોના ઘમંડમાં જે ધારતા હોય તે પ્રત્યે મોઅમીનોને કશો સંબંધ હોતો નથી.

વળી ઈમામે ઝમાના થકી દીન અને દીનદારોને ઘણી હિદાયત અને સહાયતા મળે છે. તેના અમુક દાખલા મોઅમીનોના ઈમાન અને યકીનમાં વધારો કરવા માટે લખ્યા છે.

નજફે અશરફથી લગભગ એકસો માઈલ આગળ શીઆ ઉલમાનું સ્થાન હીલ્લા શહેરમાં જનાબ આગા શેખ અલ્લમએ હીલ્લી શીઆના મહાન મુજતહેદ હતા. એક વેળા કેટલાક માણસોએ આવીને સવાલ પુછયો કે એક ઓરત મરણ પામી છે, તેના પેટમાં બાળક જીવતું છે. તે ઓરતને તેની એજ હાલતમાં દફન કરીએ, અથવા તેનું પેટ ચીરી તે બાળકને કાઢી, પછી દફન કરીએ. તે વખતે અલ્લામા હીલ્લીએ ફરમાવ્યું, તે ઔરતને તેની એજ હાલતમાં (તેના બાળક સાથે) દફન કરો. લોકો ચાલ્યા ગયા, તે ઔરતને ગુસ્લ કફન આપી જનાઝો કબ્રસ્તાન તરફ લઈ ચાલ્યા. રસ્તામાં એક ઘોડા ઉપર સવાર માણસે આવીને કહયું : અલ્લામા સાહેબે ફરમાવ્યું છે કે મય્યતના પેટને ચીરી જીવતા બાળકને દુર કર્યા પછી દફન કરો. તેથી તેઓ કબ્રસ્તાનમાં જનાઝો લઈ ગયા, અને તે ઔરતનું પેટ ચીરી, બાળકને જીવતો સહી સલામત બહાર કાઢી મય્યતને દફન કર્યું.

બે ત્રણ વરસ પછી એક વેળા અલ્લામા સાહેબ બેઠા હતા. ત્યાં એક માણસે તે બાળકને લાવીને પુછયું : આપ આ બાળકને ઓળખો છો ? આ બાળક માના પેટમાં હતો, અને તેની મા મરણ પામી તે વખતે આપને પુછતાં જણાવ્યું કે તે ઓરતને તેના બાળક સાથે દફન કરો. અમે જનાઝો દફન કરવા લઈ ગયા, પરંતુ રસ્તામાં આપના તરફથી એક ઘોડેસવારે આવીને કહયું કે તે ઔરતનું પેટ ચીરી બાળકને કાઢયા પછી દફન કરો. તે મુજબ અમોએ કર્યું, અને તે એજ બાળક છે.

જનાબ અલ્લામા, આ હકીકત સાંભળી વિસ્મય પામ્યા, તેમના ચેહરાનો રંગ ફીકકો પડયો, અને ઘણાં દિલગીર થયા. કેમકે તેમણે કોઈને મોકલ્યા ન હતા. તેમને ખાત્રી થઈ કે ઈમામે ઝમાના(અ.)એ સમયસર મદદ ફરમાવી, નહિં તો આ બાળકનું ખુન મારી ગરદન ઉપર બાકી રહેતે. તે પછી ઘરમાં બેસી રહયા અને મસાઈલના ફતવા આપવાનું બંધ કર્યું, એજ વિચારથી કે ફરી કોઈ વખત એવી ભુલ થાય.

ટુંક સમયમાં ઈમામે ઝમાના તરફથી તેમને કાગળ મળ્યો, તેમા જણાવેલ હતું કે, તમે ચિંતા ન કરો, મસાઈલ બયાન કરો, તમારી સમજ મુજબ ફતવા આપતા રહો. કોઈ વખત તમારી ભુલ જણાશે, તો અમે તેને સમય ઉપર સુધારી આપશું.

આ બનાવથી સાબિત થાય છે કે ઈમામે ઝમાન હઝરત મહદી (અ.સ.)ને દરેક બાબતની ખબર હોય છે. અને પોતાના શીઆ માનનારાઓની સહાયતા કરે છે. તેથી ગાયબ હોવા છતાં, સદા તેમના થકી દીન અને હિદાયતનો લાભ પહોંચે છે. એટલું જ નહીં, પણ આફત, દુ:ખના સમયમાં મદદ ફરમાવે છે.

બેહારૂલ અનવારમાં વર્ણન છે કે, જયારે બહરૈન ઉપર અંગ્રેજોએ કબ્જો કર્યો, ત્યારે ત્યાંની સઘળી પ્રજા મુસલમાન હોવાથી, એહલે સુન્નત જમાઅતના એક કુશળ મુસલમાનને તે મુલકના ગવર્નર (હાકીમ)ની પદવી

આપી. બહરૈનમાં શીઆ લોકો મોટી સંખ્યામાં વસતા હતા, પરંતુ તે હાકિમ અને તેનો વઝીર શીઆ લોકો પ્રત્યે સખત અણગમો અને દુશ્મનાવટ રાખતા હતા.

એક વખત વઝીર હાકીમ પાસે આવ્યો, અને તેને એક મોટું દાડમ આપતાં કહયું, જુઓ, અલ્લાહની કુદરતથી ઈસ્લામના ચાર ખુલફાએ રાશેદીનના નામો દાડમ ઉપર કુદરતી અક્ષરોથી લખાએલા છે. જે થકી સુન્નત જમાઅતના મઝહબ અને ચાર ખુલફાએ રાશેદીન હક હોવાની માન્યતા પુરવાર થાય છે. હવે તમે શીઆ કૌમના આલિમોને બોલાવીને દેખાડો, અને તેઓને કહો કે પોતાના બાતિલ શીઆ મઝહબને છોડીને સુન્નત જમાઅતના હક મઝહબમાં દાખલ થઈ ખરા મુસલમાન બને. જો તેઓ ના પાડે, તો તેઓ મુસલમાન નહીં રહી શકે તેથી તેઓને કતલ કરી નાખો, અથવા તેઓને કાફીરો માફક ગણો અને તેઓ પાસેથી જઝીયો (ટેકસની રકમ) વસુલ કરો. તેઓ કોઈ ખરો જવાબ ન આપે, અને જઝીયો આપવાનો ઈન્કાર કરે, તો તેઓને કતલ કરો.

હાકીમે દાડમ ઉપાડીને જોયું. તેમાં કુદરતી અક્ષરોમાં લખેલું હતું : 'લા એલાહ ઈલ્લલ્લાહ, મોહમ્મદુર રસૂલુલ્લાહ, અબૂ બકર, ઉમર, ઉસ્માન, અલી ખુલફાઉ રસૂલુલ્લાહ.'

હાકીમ ઘણો ખુશ થયો અને વઝીરની સુચના મુજબ શીઆના આલિમોને બોલાવી સઘળી હકીકત કહી સંભળાવી.

શીઆના આલિમોના હોશકોશ ઉડી ગયા અને ચેહરો ફીકકો પડયો. છતાં હિમ્મત રાખી હાકિમને ત્રણ દિવસની મોહલત આપવા કહયું. હાકિમે ત્રણ દિવસ પછી હાજર થઈ જવાબ આપવાનો હુકમ કરી તે આલિમોને રૂખ્સત કર્યા.

શીઆના આલિમો ત્યાંથી પાછા ફરી હાકીમની અવડાઈના બારમાં વિચાર કરી છેવટે, ભારે બલાથી છુટવા માટે ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની સહાયતા મેળવવાના મત ઉપર આવ્યા. ત્રણ પરહેઝગાર મહાન આલિમોની પસંદગી થઈ. દરેકને જુદી જુદી રાતે ગામની બહાર જંગલમાં ઈબાદત કરી ઈમામ પાસેથી મદદની દોઆ કરવાનો ઠરાવ કર્યો.

પ્રથમ બે રાતોમાં બે આલિમો ગયા. આખી રાત જંગલમાં દોઆ કરી, રડી રડીને ઈમામને મદદ માટે પુકાર્યા. પરંતુ સવાર સુધી તેઓને જવાબ નહિં મળતાં શહેરમાં પાછા ફર્યા. ત્રીજી (છેલ્લી) રાત્રે ત્રીજા આલિમ ગયા અને ખુબ રડીને અને કાકલુદીથી ઈમામને પુકારતા રહયા. ફજરના સમયે તેમણે જોયું કે એક બુઝુર્ગવાર તેમની નજીક આવ્યા, અને સલામ કરીને પુછયું : 'શું છે, શા માટે કકળાટ કરો છો ?'

તે આલિમે અરજ કરી : હું મારા ઈમામને સહાયતા માટે પુકારૂં છું.

તે બુઝુર્ગવારે ફરમાવ્યું : હું તમારો ઈમામ છું, કહો શું હકીકત છે.

તે આલિમે કહયું : જો તમે મારા ઈમામ છો તો બેશક તમે અમારા દુ:ખની હકીકતથી વાકેફ છો, તેથી તેનું વર્ણન કરવાની જરૂર નથી.

તેમણે ફરમાવ્યું : ખરી વાત છે. તમારા ઉપર હાકીમ તરફથી જે બલા આવી છે તેનાથી હું વાકેફ છું. તમો લેશ માત્ર ચિંતા ન કરો અને હું કહું તે મુજબ અમલ કરો.

આવતી કાલે તમે અને તમારા સાથી આલિમો હાકિમની કચેરીમાં હાજર થઈ તેને કહો કે, અમે તમારા વઝીરના મકાનમાં જવાબ આપશું. વઝીર આનાકાની કરશે, છતાં તમે તમારી વાત ઉપર મકકમ રહો અને ખુબ સંભાળ રાખો કે વઝીર તમારાથી અગાઉ પોતાના ઘરે જવા પામે નહી. હાકીમ અને વઝીર સાથે તમે વઝીરના ઘરે જાઓ. ત્યાં પહોંચીને વઝીરને કહો કે ઘરના કોઠા ઉપર જઈએ. વઝીરનો ચેહરો ફીકકો પડશે અને પોતે પ્રથમ કોઠા ઉપર જવા માંગશે, પરંતુ તેને રોકી રાખશો.

પછી કોઠા ઉપર પહોંચી, તાક બારીમાં એક થેલી રાખેલી છે, તે ઉપાડી થેલી ખોલી તેમાંની વસ્તુઓ હીકમને દેખાડો, તેમાં બે ટુકડા માટીના કાલબુદ હશે, જેમાં તે લખાણના અક્ષરો કોતરેલા જણાશે, જે વઝીરે દાડમ ઉપર બાંધી રાખેલ હોવાથી દાડમ મોટું થયું તે સાથે તે અક્ષરો તેમાં કોતરાઈ ગયા. તેથી હાકીમને ખાત્રી થશે કે દાડમનું લખાણ માત્ર વઝીરની બનાવટનું છે.

તે પછી તમે હાકીમને કહો કે દાડમ ઉપરનું લખાણ બનાવટી હોવાની એક બીજી નિશાની છે. તમે વઝીરને હુકમ કરો કે તે દાડમ પોતે તમારી સામે ભાંગે, જે થકી તમોને અલ્લાહની કુદરત અને વઝીરની ઠગાઈ અને મકરબાજીની પુર્ણ ખાત્રી થશે.

સવારના તે આલિમ (મોહમ્મદ ઈબ્ને અલી) પોતાના સાથીઓને લઈને હાકીમની કચેરીમાં ગયા. વઝીરને સાથે લઈને તેમના (વઝીરના) ઘરે જવા હાકિમને અરજ કરી. તે મુજબ તેઓ વઝીરના ઘરે પહોંચ્યા. ઈમામ (અ.સ.)એ તેમને આપેલ સમજણ મુજબ અમલ કર્યો, અને દાડમને તોડવા માટે આલિમે હાકીમ મારફત વઝીરને હુકમ કરાવ્યો.

હાકીમે વઝીરને દાડમ તોડવાનો હુકમ કર્યો. વઝીરે દાડમ ભાંગતાંની સાથે તેમાંથી કાળી રાખ ઉડી તેની આંખો અને દાઢીમાં ભરાઈ ગઈ, સઘળા હસવા મંડી પડયા. હાકિમને વઝીરને બદમાશીની ખાત્રી થઈ, તેથી તેને કત્લ કરવાનો હુકમ આપ્યો અને શીઆના આલિમોને માન સહીત રવાના કર્યા.

ઉપલી હકીકત જગમશહુર છે જે આલિમને ઈમામની ઝિયારત નસીબ થઈ તેની કબર ઉપર આજ પર્યંત બહરૈનના મુસલમાનો ફાતેહા પડવા જાય છે. આએ હીકાયતથી સિઘ્ધ થાય છે કે ઈમામે ઝમાના (અ.સ.) હયાત અને ગાયબ છે, અને સમયાનુસાર જરૂરતના વખતે પોતાના દુ:ખી હાજતમંદ શીઆઓની સહાયતા ફરમાવે છે. જેની વઘુ હીકાયતો અન્ય સ્થળે લખેલ છે.

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) સામર્રામાં જન્મ પામ્યા, અને ત્યાંથી ગાયબ થયા અને જે સરદાબમાં રહેતા હતા તે સરદાબ ૧૦માં અને ૧૧માં ઈમામના હરમની જોડમાં છે. સામર્રામાં એહલે સુન્નત જમાઅતના આરબોની વસતી સદા ૯૦–૯૫ ટકાની રહે છે. જેઓ સઘળાને હઝરત મહદી (અ.સ.)ની હસ્તીની ખાત્રી હોય છે. કેમકે અવારનવાર ત્યાં મોઅજિઝા થતા રહે છે. એટલું જ નહીં, પણ જયારે હઝરત મહદી (અ.સ.) તે પવિત્ર સ્થળે પોતાના પિદરે બુઝુર્ગવાર અને દાદા (૧૦માં અને ૧૧ માં ઈમામો) નાં હરમની ઝિયારત માટે પધારે છે, તે સમયે આખા સામર્રામાં નુર પ્રકાશિત થાય છે. જે સામર્રાના દરેક ઘરોને નુરાની કરે છે. તે વખતે નુરનો ફેલાવો થતાં સઘળા આરબો ખુશીના પુકાર કરે છે. તેઓની ઓરતો ઘરના કોઠા ઉપર ચઢી ખુબ લલકારી ખુશહાલી જાહેર કરે છે અને કહે છે કે 'સાહેબુઝઝમાન' પધાર્યા છે.

એ સિવાય જયારે હઝરતની પધરામણી થાય છે, તે રાત અંધારી હોય છતાં આખું શહેર પ્રકાશિત બને છે. હાથની આંગળીઓ ઉંચી કરે અથવા ખીસામાં ચાવી હોય તે બહાર કાઢી હાથમાં પકડે, તો મીણબત્તી માફક તેમાંથી નુરાની રોશની જાહેર થાય છે. તે આરબો અને તેઓની ઓરતો પોતાની આંગળી પોતાના ચેહરાની આગળ રાખે તો તે આંગળીમાં નુર જાહેર થાય છે. એવી અનેક નિશાનીઓ અને મોઅજીઝા સામર્રામાં જાહેર થાય છે, છતાં સામર્રાના તે આરબો શીઆ ઝવ્વારોની સતામણી તજી દેતા નથી.

ખુદાની હુજ્જત સદા પુરી થતી રહે છે. ખુદાના પવિત્ર બંદાઓ ઈમામોની સચ્ચાઈ હઝરત મહદી (અ.સ.)ની હયાતી વગેરેની સાબિતી માટે મોઅજીઝા, અલામતો જાહેર થયા કરે છે, તે થકી ઈમાનદાર મોઅમીનોનું ઈમાન પુખ્ત બને છે, અને જેઓ હઠ ઉપર રહે છે તેઓ ઉપર ખુદાની હુજ્જત પુરી થાય છે.

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) ગાયબ હોવાના કારણો અને ખુબીઓ તેમજ લાભોનું ટૂંક વર્ણન ઉપર લખી ચુકયા, છતાં અમુક શંકાઓનો ટુંક ખુલાસો સંવાદના રૂપમાં લખવામાં આવે છે.

<u>સવાલ :</u> ઈમામે ઝમાના જાહેર થાય, તો બેશક દુન્યા ઉપરથી વહેલાસર બદકારી, ઝુલ્મ, ફસાદ અને બેદીની દૂર થાય અને અમન, અમાન, રાહત અને ખુદાની તાબેદારી ચારેકોર ફેલાઈ જાય. મોઅમીનો શંકામાં રહેવા પામે નહી.

<u>જવાબ :</u> દુનિયા પરિક્ષા માટે છે. પરવરદિગારે પોતાની હુજ્જત દરેક ઉપર પુરી કરી છે, છતાં ઈમામનો ઝુહુર પરવરદિગારની મરજી – મશીય્યત ઉપર છે. તે વિશે ટીકા – અટકળ, ઉતાવળ કરવાનો કોઈને હક નથી. વળી, ઈમામના ઝુહુર થવા છતાં, જેઓના દિલો ઉંધા વળેલા હશે. તેઓ કોઈ કાળે ઠેકાણે નહી આવે. આપણા પયગંબર અને ઈમામોને અને તેઓના મોઅજીઝાને જેઓએ જોયા, હિદાયતના કલામો સાંભળ્યા છતાં મોટો ભાગ બેઈમાન રહી દુન્યાના સુખવૈભવ તરફ વલણ રાખી દુન્યાદાર બાદશાહો (બની ઉમય્યા, બની અબ્બાસી)ની તાબેદારી કરી ઈમામોની વિરૂધ્ધ દુશ્મનાવટ કરી તેઓને શહીદ કર્યા,

તેથી સિધ્ધ થશે કે અલ્લાહ તઆલા પોતાની મસ્લેહત મુજબ કરે છે તેમાં કોઈ મુસલમાન, મોઅમિન વાંધો નહી લઈ શકે.

<u>સવાલ :</u> એ ખરૂ છે છતાં ઘણા મોઅમીનો દુશ્મનોના સકંજામાં પીડાય છે, ઝલીલ અને દુ:ખી હોય છે, હાજતમંદ મોઅમીનો પોતાના ઈમામે ઝમાનને પુકારી રહયા છે. મદદ માટે દુઆઓ કરે છે, છતાં તેઓની મદદ કરી દુ:ખો ટાળતા નથી. તેથી ઈમામની હયાતી, ગયબત વગેરે પ્રત્યે શંકા ઉત્પન્ન થાય અથવા નિરાશા થાય તે ઈચ્છવા જોગ નહીં કહી શકાય.

<u>જવાબ :</u> એક વેળા એક ઓરતનું બાળક સખત બીમાર થયું, અને તેની જીવવાની આશા ન રહી. તેથી તે ઓરતે કહયું કે, જો ખુદા હોય અને તે સર્વ શક્તિમાન દયાળુ હોય તો મારા બાળકની જાન બચાવશે, નહીં તો સમજીશ કે ખુદાની માન્યતા અર્થ વગરની છે. તે બાળક મરણ પામ્યું. શું તેથી ખુદાનું સર્વ શક્તિમાન અને દયાળું હોવું મટી જશે ?

ઈમામની મદદ વગર માંગનાર બેનમાઝી, બેદીન ઝાલિમ હોય તો બેશક તે મદદ માંગી નહીં શકે. મદદ કરે તોજ તેમની ઈમામત સાબિત થાય તેવું કશું નથી અને ઈમામને પોતાની ઈમામત, ગયબત કોઈ માને કે ન માને તેની લેશ માત્ર દરકાર નથી. કેમકે ઘણી નિશાનીઓ, દલીલો, આયતો, હદીસોથી તેમની ઈમામત, ગયબત, પુરવાર થઈ ચુકી હોય તે ઉપર કોઈ ઈમાન લાવે તો તે પોતાની જ ભલાઈ અને નજાત માટે છે. 'લા ઈકરાહ ફીદ્દીન' દીનના બારામાં જબરદસ્તી અણગમો ન હોઈ શકે.

પરવરદિગારે પોતાના એક પછી એક અગ્યાર પ્રતિનિધીઓ (પોતાના પયગંબરના વસી ખલીફા અને ઈમામો) ને દુન્યાની સપાટી ઉપર હિદાયત અર્થે રાખ્યા. જેઓને યઝીદ બનુ ઉમય્યા અને બનુ અબ્બાસીના ઝાલિમ બાદશાહોએ તલવારથી અને ઝેર આપી શહીદ કર્યા. તેમજ તે ઈમામો ઝાહેર હતા, મોઅજિઝા દેખાડતા રહયા. મુસલમાનોને હિદાયત ફરમાવતા રહયા. છતાં થોડા ઈમાનદારો સિવાયના દુન્યાદાર નામના મુસલમાનોએ તેઓને તજી દીધા. જેથી બારમા ઈમામ ઝાહેર હોય તો તેમના બારામાં એજ વર્તણુંક થાય જેથી તેના સમય સુધી પરવરદિગારે તેમને ગાયબ રાખ્યા.

# ૧૪. ઈમામ મહદી (અ.સ.)ની લાંબી જીંદગી

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) સન ૨૫૫ હીજરીમાં જન્મ પામ્યા. તેમને ચાલુ ૧૩૭૭ હીજરીમાં ૧૧૨૨ વરસો થયા. તેથી તેમની લાંબી જીંદગી અને હયાતી પ્રત્યે લોકો શંકા જાહેર કરે છે કે એક ઈન્સાનને ૧૦૦ વરસ થાય, તો તે નબળો, દૂબળો અને ખોડખાંપણવાળો થઈ જાય છે. તેથી ઈમામ ૧૧૦૦ વરસો સુધી કઈ રીતે તંદુરસ્ત અને જીવંત રહી શકે ? આ શંકાના ઘણા જવાબો કુરઆનની આયતો, હદીસો અને અકલી તેમજ નકલી દલીલોથી આપી શકાય છે, જે ટૂંકમાં લખી સાબિત કરશું :

પ્રથમ તો એ કે ઈન્સાનોમાંથ ઘણા બધા લોકો હજારો વરસો સુધી લાંબી જીંદગી ભોગવનારા થઈ ગયા, તેમાં મોઅમીનો તેમજ કાફરો પણ હતાં. એટલુંજ નહી પણ આજ (પર્યંત) હજારો વરસોથી જીવતા રહયા છે, તેની વિગત આએ પ્રકરણમાં લખેલ છે.

પરવરદિગાર કુરઆનમાં હઝરત યુનુસ પયગમ્બરના બારામાં ફરમાવે છે 'વ લવ લા અન્નહુ કાન મેનલ મુસબ્બેહીન લલબિસ ફી બત્નેહી ઈલા યવમે યુબઅસુન' (અર્થ) 'અગર જો હઝરત યુનુસ માછલીના પેટમાં મારી તસબીહ પડતા ન હોત, તો બેશક અમે તેને કયામતના દિવસ સુધી માછલીના પેટમાં બાકી રાખત.' (સુરે સાફ્ફાત, આયત : ૧૪૩, ૧૪૪)

હઝરત યુનુસ પયગમ્બર ઈન્સાન હતા. જયાં અજવાળું, હવા, ખોરાક, પાણીનું નામ ન હોય, ત્યાં માછલીના પેટમાં, અંધકારમા કયામતના દીવસ (હજારો લાખો વરસો) સુધી અલ્લાહ જેને જીવતા રાખી શકે, તે સર્વ શકિતમાન અલ્લાહ પોતાના એક પવિત્ર બંદા અને પોતાની હુજ્જતને હજાર, બે હજાર વરસો સુધી તંદુરસ્તી સાથે શા માટે જીવંત ન રાખી શકે ? અલ્લાહની અપાર કુદરત પ્રત્યે કોઈ ઈન્સાન શંકા નહીં કરી શકે. માત્ર સવાલ એ ઉત્પન્ન થાય છે કે હઝરત મહદી (અ.સ.) પેદા થયા છે કે નહિં ? અને જીવંત છે કે નહિં ? આપ શા માટે લાંબી મુદ્દત સુધી ગાયબ રહયા છે ? તેની ખાત્રી કરવી જોઈએ. જે આએ પુસ્તકમાં જુદા જુદા પ્રકરણમાં સ્પષ્ટ કરેલ છે.

હઝરત મહદી (અ.સ.)ની લાંબી જીંદગી વિષે એહલે સુન્નતની કિતાબોમાં લખવામાં આવેલ છે. જે અન્ય સ્થળે આએ કિતાબમાં લખ્યું છે.

લાંબી જીંદગી ભોગવનાર ઈન્સાનોમાં પયગમ્બરો, અવલીયા તેમજ મુશરીક, કાફીર બાદશાહો વિગેરે થઈ ગયા છે, તેની ટુંક વિગત નીચે મુજબ છે :

<u>પયગમ્બરો અને મોઅમીનોમાંથી કેટલાક ઉદાહરણો :</u>

| નામ | વરસ |
|---|---|
| હઝરત નૂહ પયગમ્બર | ૨૫૦૦ |

| | |
|---|---|
| હઝરત લુકમાને હકીમ | ૩૮૦૦ |
| હઝરત સુલૈમાન પયગમ્બર | ૭૦૦ |
| હઝરત હુદ પયગમ્બર | ૪૬૪ |
| હઝરત આદમ પયગમ્બર જે ચાલીસ હજારનું કુટુંબ મુકી વફાત પામ્યા. | ૯૩૦ |
| હઝરત શીશ પયગમ્બર | ૯૦૦ |
| બીબી હવ્વા | ૯૩૦ |

ચાર પયગમ્બરો હજારો વરસોથી જીવંત છે :

આસમાન ઉપર : ૧. હઝરત ઈદરીસ પયગમ્બર, જે ૮૯૦ વરસની વયે આસમાન ઉપર ગયા, તેને પણ હજારો વરસ થયા.

૨. હઝરત ઈસા પયગમ્બરને ૨૦૦૦ વરસો લગભગ થયા, આસમાન ઉપર જીવંત છે.

જમીન ઉપર : ૧. હઝરત ખીઝર પયગમ્બર ૪૦૦૦ વરસોથી જીવતા છે અને દરેક દિશાએ પહોંચે છે.

૨. હઝરત ઈલ્યાસ પયગમ્બર ૪૦૦૦–૫૦૦૦ વરસ થવા હજી જમીનની સપાટી ઉપર જીવતા ફરે છે.

<u>કાફીરો અને મુશ્રિકોમાંથી કેટલાક ઉદાહરણો :</u>

| નામો | વરસ |
|---|---|
| ઈબ્લીસ | અગણિત હજારો વરસ |
| અનાક (હઝરત આદમના દિકરી) | ૩૦૦ |
| ઔજ બિન અનાક | ૩૬૦૦ |
| જમશેદ બાદશાહ | ૧૦૦૦ |
| ઝહાક તાઝી (જમશેદનો ભત્રીજો) | ૧૨૦૦ |
| આદ બિન ઔસ બિન ઈરમ બિન સામ બિન હઝરત નૂહ | ૧૨૦૦ |
| શદ્દાદ | ૯૦૦ |
| કયુમરસ બિન સામ (ઈરાનનો બાદશાહ) | ૧૦૦૦ |
| દજ્જાલ (કાણો દજ્જાલ મલઉન) | ૧૩૭૫ |

અંતમાં એક જ અકલી દલીલ પૂરતી થશે. કોઈ શહેરમાં એક માણસ આવીને કહે હું પાણી ઉપર ચાલી શકું છું. તો બેશક સઘળા માણસો અચરજ પામી તેને જોવા ભેગા થશે. અને જયારે તે પાણી ઉપર ચાલવા માંડશે, ત્યારે સઘળા જોનારા બેહદ અચરજ પામી તેના તરફ માનની નજરે જોશે, અને તેને વલી અથવા મહાત્મા સમજશે. પરંતુ

થોડા વખત પછી બીજો કોઈ આવી પાણી ઉપર ચાલવાનો ચમત્કાર દેખાડવાનું કહેશે તો લોકોની અચરજ અને જોશમાં ઘણો ઘટાડો થાશે. તેને જોવા માટે પહેલાની જેમ ભીડ નહીં થાય. તેઓ સમજશે કે એક વખત જોઈ ચુકયા છીએ, હવે તેમાં કોઈ નવાઈ નથી. જો ત્રીજી વખત કોઈ આવીને પાણી ઉપર ચાલવાનો ચમત્કાર દેખાડવાનું કહેશે, તો કોઈ પણ તેની દરકાર નહીં કરે, અને તેનો ચમત્કાર જોવાની કોઈને આતુરતા નહીં રહે.

એજ પ્રમાણે જયારે પરવરદિગારની મખ્લુકાત ઈન્સાનોમાં ઘણા ઈન્સાનો હજારો વરસની લાંબી જીંદગી ભોગવી ચુકયા હોય. બલ્કે હઝરત ખીઝર પયગમ્બર અને હઝરત ઈલ્યાસ પયગમ્બર ચાર–પાંચ હજાર વરસોથી જીવતા અને તંદુરસ્ત જમીન ઉપર ચોમેર ફરતા હોવાની ખાત્રી થઈ હોય, બલ્કે ઈબ્લીસ મલઉન, કાણો કાફર દજ્જાલ અને યાજુજ માજુમ **(AGOG MAGOG)** ની કોમ હઝરત ઝુલકરનૈનના જમાનાથી હજારો વરસોથી જમીન ઉપર જીવતી હોય (જેને નસારા – ક્રીસ્ચીયન કૌમ પણ માન્ય રાખે છે) તેનું હોવું સઘળા મુસલમાનો માન્ય રાખતા હોય, તો ઈમામે ઝમાના, આપણા બારમા ઈમામ, હઝરતે હુજ્જત (અ.સ.) ૧૧૦૦–૧૨૦૦ વરસોથી જમીન ઉપર જીવતા અને તંદુરસ્ત હોય, તે પ્રત્યે નવાઈ અને અચરજ પામવા જેવું કશું ન હોઈ શકે.

પરવરદિગારે પોતાની હુજ્જત, પયગમ્બરના છેલ્લા બારમા ખલીફા, ઈમામે ઝમાના, હઝરત મહદી (અ.સ.)ની લાંબી જીંદગીના પુરાવાની સાબિતી માટે પોતાના બે પયગમ્બરો હઝરત ખીઝર અને હઝરત ઈલ્યાસને લાંબી જીંદગી અતા કરી અને નમુના તરીકે જમીન ઉપર બાકી રાખ્યા છે. જયારે કે તે બંને પયગમ્બરોની નબુવ્વત અને હિદાયતનો સમય પૂર્ણ થઈ ચૂકયો છે. કેમકે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) છેલ્લા પયગમ્બર છે અને પવિત્ર ઈસ્લામ મઝહબની શરીઅત કયામત સુધીની શરીઅત છે અને પવિત્ર કુરઆન કયામત સુધીની કિતાબ છે. માત્ર પોતાનીહુજ્જતની હયાતી અને લાંબી જીંદગીના પુરાવા તરીકે તેઓને નમુના બનાવ્યા છે.

એહલે સુન્નત જમાઅતના ઘણા મહાન આલિમોએ હઝરત મહદી (અ.સ.)ની વિલાદત ૨૫૫ હીજરીમાં થઈ હોવાનું, અને આજ પર્યંત ગાયબ અને જીવંત હોવાનું, અને ઘણા લોકોએ તેમની મુલાકાત કરેલ હોવાની હકીકત માન્ય રાખી છે અને પોતાની કિતાબોમાં લખેલ પણ છે. જેનું વર્ણન આ કિતાબમાં અન્ય સ્થળે વિગતવાર લખેલ છે. છતાં તેઓના મોટા ભાગના લોકોની માન્યતા એ છે કે હઝરત મહદી (અ.સ.) પેદા થયા નથી, આખર ઝમાનામાં પેદા થાશે અને તે પછી જાહેર થઈ જમીન ઉપર અદલ અને ઈન્સાફનો ફેલાવો કરશે. આ પ્રકારની માન્યતા રાખવાના ઘણા ઉંડા ભેદ અને કારણો છે. જો તેઓ હઝરત મહદી (અ.સ.)ની વિલાદત અને તેમની ગયબતની માન્યતા રાખે, તો તેઓની ખિલાફાત સંબંઘી માન્યતા ખોટી પડે અને તેઓને પયગમ્બરના ફકત ૧૨ ખલીફા હોવાની અને તેમાના છેલ્લા બારમા ખલીફા હઝરત મહદી (અ.સ.) હોવાની માન્યતા રાખવાની ફરજ પડે.

વળી, હઝરત મહદી અલય્હિસ્સલામ જીવંત અને ગાયબ છે. તેમજ દરેક ઠેકાણે હાજર થઈ શકે છે. દરેક હજની મોસસમાં મકકા – મદીનામાં હાજર થાય છે. અને ઘણા લોકોએ હઝરતની મુલાકાતનો લાભ મેળવ્યો છે.

છતાં તેમના રહેવાના સ્થળો, નોકર ચાકરો અને સાથીઓ તેમજ જઝીરએ ખઝરામાં તેમના ફરઝંદોની બાદશાહત વગેરેને અસંભવિત અને કલ્પિત જણાવી ટીકા કરી રહયા છે. તે સ્થળો દુન્યાના નકશામાં નથી. અને તે સ્થળોની કોઈ સાબિતી ન હોવાની શંકાઓ મુકે છે. તેના જવાબમાં એહલે સુન્નતની મશહુર કિતાબોમાં એવા અનેક ગુમનામ અજાણ પુરૂષો અને તેઓના રહેવાના સ્થળો, તેઓની કરામતો અને લોકોની મુલાકાતનું વર્ણન કર્યું છે. જેની કોઈ સાબિતી હોતી નથી. છતાં એવી બાબતો અને એવા પુરૂષો હોવાની માન્યતા રાખે છે. જયારે કે ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના બારમાં જે કાંઈ જણાવવામાં આવ્યું છે, એ સઘળું એહલે સુન્નતની મશહુર કિતાબોમાં તેઓના મહાન ઉલમાએ માન્ય રાખી લખ્યું છે.

અહીં એક જ હકીકત લખવામાં આવે છે, જે થકી સિધ્ધ થશે કે એહલે સુન્નત જમાઅતમાં એવા ગાયબ (અદ્રશ્ય) પુરૂષો છે, જેઓનું નામ અથવા સ્થળોની સાબિતી હોતી નથી. છતાં તેઓ તેમની ઘણી કરામતોને માન્ય રાખે છે.

કિતાબ ‘રેહલએ ઈબ્ને બત્તુતા’માં તેણે પોતાની મુસાફરીનું વર્ણન કર્યું છે. ઈબ્ને બત્તુતા, જે સને ૭૭૯ હીજરીમાં મરણ પામ્યો, તેણે અરબસ્તાન, ઈરાક (નજફ, કરબલા, બગદાદ વગેરે) એશીયા અને ચીન સુધીની ઘણી લાંબી મુસાફરી કરી તેનું વર્ણન લખ્યું છે, જે એહલેસુન્નતની મોઅતબર કિતાબ છે. તેની બીજી જીલ્દના પેજ ૧૬૪ માં લખે છે કે, ‘મારી મુસાફરી દરમ્યાન ચીનમાં પહોંચ્યો. ત્યાં એક ઘણી અચરજ પમાડનાર વાત સાંભળી કે અહીં એક મોટી ઉમરનો શેખ છે. જેની લગભગ ૨૦૦ વરસોની ઉમર થઈ છે. તેને ખાતા પીતા કોઈએ જોએલ નથી. કોઈ સાથે વાત કરતો નથી. તેમજ તંદુરસ્ત હોવા છતાં તેણે શાદી કરી નથી. તે પહાડની એક ગુફામાં રહે છે અને તે ગુફાની બહારના ભાગમાં ઈબાદત કરે છે. તેથી હું મારા સાથીઓ સાથે તે ગુફા તરફ તેને મળવા ગયો. અમે ત્યાં પહોંચ્યા તે વખતે તે શેખ ગુફાની બહાર ઉભા હતા. અમોએ સલામ કરી. તેણે જવાબ આપ્યો અને ઘણીવાર સુધી તેણે મારો હાથ પકડી રાખ્યો. તે પછી પોતાના દુભાશ્યા (તરજુમાન) મારફતે મને કહયું કે, તમે દુન્યાની બીજી બાજુએ (પશ્ચિમ) તરફ રહો છો અને અમે આ બાજુ (પુર્વ) તરફ રહીએ છીએ. તમોએ તમારી મુસાફરીમાં ઘણી બધી અજાયબીઓ જોઈ છે. તમોને યાદ છે કે તમો એક ટાપુમાં પહોંચ્યા. ત્યાં એક દેવળ હતું. તમે અંદર દાખલ થયા. ત્યાં એક માણસને તમોએ જોયું કે મૂર્તિઓ આગળ બેઠો હતો. તેણે તમોને દસ અશરફી (સોનાના સિકકા) આપ્યા.

મેં કહયું : તે મને બરાબર યાદ છે. તેણે કહયું : તે માણસ હું પોતે હતો. તે વખતે મેં તેના હાથને બોસો આપ્યો. તે ઘણીવાર ચુપ રહયા પછી કંઈ બોલ્યા વગર ગુફાની અંદર ચાલ્યા ગયા અને ઘણીવાર સુધી બહાર ન નિકળ્યા. તેથી હું અને મારા સાથી તે ગુફામાં દાખલ થયા, તે શૈખ ત્યાં ન હતા. મેં તે શયખ વિશે પુછયું : કયાં છે? તેઓએ મને કહયું : હવે તમે ફરીવાર તેને જોઈ નહી શકો. એકના હાથમાં કાગળો લખેલા હતા, મને આપીને કહયું

: આ કાગળો તમારી મહેમાનની તરીકે શૈખ મૂકી ગયા છે, તે લઈને ચાલ્યા જાઓ. મેં કહયું : અહીં તેના માટે થોભીશ. તેણે કહયું : દસ વરસ સુધી થોભશો, તો પણ તમો તેને જોઈ નહીં શકો, કેમ કે તેની આદત છે કે જે કોઈને તેના ભેદની ખબર પડે છે તેની એક વખત મુલાકાત કરે છે, ફરીવાર મળતા નથી. તમે એમ ન સમજો કે તે તમારાથી દૂર છે, તમારી સાથે (અહીં) હાજર છે, પરંતુ તમે તેને જોઈ નહિં શકો. અમે ઘણા અચરજ પામ્યા અને ત્યાંથી રવાના થયા. કિતાબ લખનાર ઈબ્ને બત્તુતા કહે છે તે શૈખના બારામાં મેં કાઝી અને શૈખુલ ઈસ્લામ અને અવહદુદદીન બુખારીને વાત કરી, તેઓએ કહયું કે, ખરીવાત છે. જે કોઈ તેને મળવા જાય, તો ફરીવાર તેની નજરે પડતો નથી અને ગુફામાં જે તેના સાથીએ તમોને કાગળો આપ્યા તે પોતે જ હતો (શીકલ બદલાવી હતી) તેના બીજા સાથીઓનું કહેવું છે કે તે પચાસ વરસો સુધી ગાયબ છુપા રહયા અને તે પછી ફરીવાર દેખાવ આપ્યો. તેની ગુફામાં કોઈ ચીજ નથી, છતાં જે ગરીબો આવે છે તેઓને નાણું આપે છે. તે માણસ ભુતકાળની વાતો અને હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) વિષે લોકોને ઘણી હીકાયતો કહી સંભળાવે છે અને તે કહે છે કે જો હું હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ના સમયમાં હોતે, તો બેશક તેમની સહાયતા કરેત. તે મુઆવીયા અને યઝીદને ભુંડી રીતે (ઘણી) લાનતો કરે છે.

વળી તેણે પોતાની મુસાફરીની કિતાબમાં એ પણ લખ્યું છે કે મને અવહદુદીન બુખારીએ કહયું કે, એક વખત હું તે ગુફામાં દાખલ થયો, તો શૈખે મારા હાથ પકડી રાખ્યા. મેં જોયું કે તે વખતે હું એક મોટા શણગારેલા મહેલમાં છું અને એક તખત ઉપર તે શૈખ બેઠા છે, તેના માથા ઉપર તાજ છે અને ત્યાં ઘણી ખુબસુરત ઓરતો તેના તખતની આસપાસ હતી અને પાણીની નહેરો વહે છે. અને ત્યાં ઘણા ઉમદા ફળોના ઝાડો હતા, તેમાંથી ફળો ટપકી રહયા હતા. મેં તેમાંથી એક ફળ હાથમાં લઈ ખાવાનો ઈરાદો કર્યો એટલી વારમાં મેં જોયું કે હું તે ગુફાની બહાર એકલો ઉભો છું, અને તે દેખાવ નજરથી અદ્રશ્ય થયો, તેથી હું ત્યાંથી ચાલ્યો ગયો.

તે શૈખ સંબંધી બીજી એવી ઘણી અચરજ પમાડનારી બાબતો લખેલ છે. તેથી સિધ્ધ થશે કે મુસલમાનો એવા એક અજાણ ગુમનામ માણસના બારામાં તેની ગયબત અને અચરજ પમાડનારી કરામતોને માન્ય રાખે છે, છતાં ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના બારામાં તેઓ શંકામાં રહે છે, જયારે કે કુરઆન, હદીસો અને ઈતિહાસમાં ઈમામની ગયબત, મોઅજિઝા વગેરેની પૂર્ણ સાબીતી મુસલમાનોની કિતાબોમાં મૌજૂદ છે.

## ૧૫. નબીઓની ગયબત

શેખ અબુ જઅફર મુહમ્મદ ઈબ્ને અલી બાબવયહ, જે 'શેખ સુદુક'ના લકબથી મશહુર છે. તેમણે કહયું કે, એક વખત મને શેખ નજમુદ્દીન અબુ સઈદ મોહમ્મદ ઈબ્ને હસને, ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની ગયબતના બારામાં એક કિતાબ લખવા કહયું. મેં કહયું : જયારે હું મારા વતન તેહરાન (ઈરાન) પહોંચીશ, ત્યારે લખીશ.

હું મારા વતન તેહરાન પહોંચ્યો, પરંતુ મારા બચ્ચાઓની અને બીજી બાબતોની ચિંતામાં હતો. તેથી તે કિતાબ લખી ન શકયો. એક વખત રાતના સ્વપ્નમાં જોયું કે, હું મકકાએ મુઅઝઝમા પહોંચ્યો છું, અને ખાનએ કા'બાનો તવાફ કરતો હતો, સાતમા તવાફમાં હતો અને હજરે અસવદને બોસો આપી, 'અમાનતી અદદયતુહા' કહયું. એટલી વારમાં ખાનએ કાઅબાના દરવાજા આગળ મેં એક બુઝુર્ગવાર નુરાની ચેહરાને જોયા. મારા દિલમાં થયું કે તે બુઝુર્ગવાર મારા ઈમામ છે. મેં સલામ કરી. તેમણે જવાબ આપીને ફરમાવ્યું : તમે શા માટે ગયબતની કિતાબ લખતા નથી ?

મેં અરજ કરી : ગયબતના બારામાં મેં ઘણું લખ્યું છે.

ઈમામે ફરમાવ્યું : હવે એક કિતાબ લખો અને તેમાં થઈ ગયેલા પયગમ્બરોની ગયબતનું બયાન લખો.

હું સ્વપ્નમાંથી જાગ્યો. સ્વપ્ન યાદ આવતા હું ઘણું રડયો અને દોઆ માંગતો રહયો. પછી ફજરની નમાઝ પડયો, અને તેજ દિવસે ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની ગયબત વિષે કિતાબ લખવાની શરૂઆત કરી.

ઈમામે ઝમાનાની ગયબત વિષે ઘણી દલીલો આએ કિતાબમાં અન્ય સ્થળે લખેલ છે. આએ પ્રકરણમાં અમુક પયગમ્બરોની ગયબતનું વર્ણન ટુંકમાં લખેલ છે :

### હઝરત મુસા પયગમ્બરની ગયબત

શૈખે સદુક હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)થી રિવાયત લખે છે કે, હઝરત યુસુફ પયગમ્બરે પોતાની વફાત અગાઉ, પોતાના કુટુંબીજનો અને શીઆઓને એકઠા કરી પોતાના મૃત્યુ સમયે જે બનાવો બનશે તેની તેઓને ખબર આપતાં ફરમાવ્યું કે, તમોને ઘણી મુસીબતો ફીરઔનના સમયમાં સહન કરવી પડશે. તમારા મરદોને ગુલામ બનાવી કત્લ કરવામાં આવશે. તમારી ઔરતોના પેટ ચીરવામાં આવશે અને પેટમાં બાળક હશે તેને ઝબ્હ કરાશે. તે પછી પરવરદિગાર લાવી બિન યઅકુબના ફરઝંદ હઝરત મુસા (અ.સ.)ને જાહેર કરશે. જે ઘઉંવર્ણા અને લાંબા કદના હશે.

બની ઈસ્રાઈલે ચારસો વરસ ફીરઔનના ઝમાનામાં આફતો – મુસીબતો ઉપર સબર કરી. તે સમયના અંબીયા, અવસીયા ગાયબ રહયા. લોકો હંમેશા ફરજ અને હઝરત મુસાના ઝુહુર માટે રાહ જોઈ દોઆ કરતા રહયા.

તે લાંબી મુદ્દત પછી તેઓને હઝરત મુસાના પેદા થવાની ખુશ ખબરી મળી. તેથી તેઓ આશાવંત બન્યા. તેઓમાં એક આલિમ પરહેઝગાર હતા. તે હંમેશા પોતાની કૌમને ઝુહુર અને ફરજની હકીકતો સંભળાવી દીલાસો આપતા હતા. પણ ફીરઔનની સખત સતામણી અને ઝુલમના કારણે તે આલિમ જંગલ તરફ પહાડોમાં આશરો લઈ છુપાઈ ગયા. જયારે ફીરઔને બની ઈસરાઈલ ઉપર સખત ઝુલ્મ કરતો હતો અને તેઓ પાસેથી ભારે લાકડા અને પત્થર ઉપડાવતો હતો, ત્યારે તેઓએ તે આલિમને પયગામ મોકલ્યા કે હવે અમારી મુસીબતોની હદ આવી ગઈ છે. તમે હતા ત્યારે તમારી વાતોથી અમોને સધ્યારો અને દીલાસો મળતો હતો, હવે આવો અને અમારા દુ:ખોમાં ભાગ લઈ ફરજ કયારે મળશે તેની હકીકત જણાવો.

તે આલિમ તેઓને જંગલ—બીયાબાનમાં, જયાં પોતે રહેતા હતા, ત્યાં તેડાવ્યા. બની ઈસરાઈલમાંથી અમુક માણસો તેને મળવા ગયા. તેઓ તે આલિમ સાથે ફરજની વાતો કરતા હતા, અજવાળી રાતનો સમય હતો. તે આલિમે તેઓને બશારત આપી કે, હવે ફરજ બહુ નજીક છે. તેઓ ગુફગતુમાં હતા, એટલી વારમાં તેઓએ જોયું કે એક નુરાની ચેહરાના લાંબા કદના જવાન તેઓની સામે હાજર થયા. તે આલિમ હઝરત મુસાની નિશાઅનીઓથી વાકેફ હતા. તેથી તેણે તેમને ઓળખી લીધા અને શુકરે ખુદા માટે સજદામાં ઝુકી પડયા. તે સાથે સઘળા બની ઈસરાઈલ તેની સાથે શુકરના સજદામાં ઝુકી પડયા. સજદામાંથી ઉઠીને હઝરત મુસાના પગોના બોસા લઈ પોતાના દુ:ખોનું વર્ણન કરી ખુબ રડયા. હઝરતે તેઓને દીલાસો અને ફરજની વધામણી આપી કે, હવે નજીકમાં જ ફરજ મળશે. તે પછી નજરથી ગાયબ થયા, અને મદાયન તરફ હઝરત શુઅયબના મકાન તરફ ગયા અને તેમની દીકરી સાથે દસ વરસની ખિદમત કરવાની શરતે નિકાહ કર્યા. (તે વર્ણન લંબાણમાં હોવાથી લખ્યું નથી.)

હઝરત મુસાની પહેલી ગયબત, ગયબતે સુગરા માફક હતી. હવે બીજી ગયબત થઈ. બની ઈસરાઈલની મુસીબતોમાં વધારો થતો રહયો, અને તેઓની ધીરજ ખુટી ગઈ. અમુક મુદ્દત (દસ વરસો) પછી ફરી તેઓ તે આલિમના રહેઠાણ તરફ ગયા. તેઓ તે આલિમ સાથે બેસી પોતાના દુ:ખો અને ફરજની વાતો કરતા હતા. તે આલિમે કહયું, મને પરવરદિગાર તરફથી પ્રેરણા થઈ (જણાવવામાં આવ્યું) છે કે હવે ચાલીસ વરસ પછી ફરજ થશે. તેઓએ કહયું : 'અલ્હમ્દો લિલ્લાહ' પરવરદિગારે તેઓના શુકરના કારણે વીસ વરસ મુદ્દતમાં ઘટાડો કર્યો. તેની ખબર ખુદાના તરફથી તે આલિમને તેજ વખતે કરવામાં આવી. તે આલિમે તેઓને કહયું, તમારા શુકર અને સબરથી અલ્લાહ તઆલાએ વીસ વરસો ઘટાડયા. તેઓએ કહયું : 'દરેક પ્રકારની નેઅમતો ખુદાના તરફથી છે.' તેથી ફરીવાર તે આલિમને પ્રેરણા થતાં તેણે તેઓને જણાવ્યું કે, હવે પરવરદિગારે બીજા દસ વરસ ઘટાડયા છે. તેઓએ કહયું કે, દરેક પ્રકારની બલા, મુસીબત ખુદા સિવાય કોઈ ટાળી શકતું નથી.

એટલીવારમાં તેઓએ જોયું કે હઝરત મુસા પયગમ્બર તેઓની પાસે હાજર થયા. સૌપ્રથમ સર્વો શુકરના સજદામાં જુકી પડયા. સીજદાથી માથુ ઉંચુ કરી હઝરત મુસાના પગોને બોસા આપ્યા. હઝરતે તેઓને ખુશ ખબરી

આપી કે હવે મને જાહેર થઈ ફીરઔન પાસે જવાનો હુકમ થયો છે. તમે સઘળા વીખરાઈ ચાલ્યા જાઓ. તે પછી હઝરત મુસા પયગમ્બર ફીરઔનની કચેરીમાં ગયા, જાદુગરો હાજર થયા. તે પછી હઝરત મુસા બની ઈસરાઈલના છ લાખ નાના મોટો, સ્ત્રી પુરૂષો સાથે મીસરથી બહાર નીકળી ગયા અને દરિયામાં માર્ગ થવાથી તેઓ પસાર થયા. ફીરઔન અને તેના લાખો સાથીઓ તેઓની પાછળ આવી દરિયામાં ડૂબી ગયા.

ઉપરની હકીકતથી જણાશે કે હઝરત મુસા પયગમ્બરની ગયબત થઈ અને તેમની ઉમ્મતની પરિક્ષા થઈ. એજ મુજબ આપણા પયગમ્બરની ઉમ્મત માટે ગયબતની પરિક્ષા શા માટે ન હોય ?

<u>હઝરત સુલૈમાન પયગમ્બરની ગયબત</u>

હઝરત દાવુદ પયગમ્બર પછી હઝરત સુલૈમાન પયગમ્બર બાદશાહ થયા. પછી ખુદાના હુકમથી પોતાની ઉમ્મતથી ગાયબ થયા. તે ગયબતના સમયમાં તેમને બાદશાહતની વીંટી મળી, જેનો રસપ્રદ કિસ્સો અહિં ટુંકમાં લખવામાં આવે છે :

હઝરત દાવુદ પયગમ્બરને ખુદાનો હુકમ થયો કે, તમારા સૌથી નાના દીકરા હઝરત સુલૈમાનને તમારા વસી તરીકે નિમણુંક કરો. હઝરતે પોતાની અવલાદ અને પોતાની ઉમ્મતને ખુદાના ફરમાનની જાણ કરી. બની ઈસરાઈલે વાંધો લીધો કે હઝરત સુલૈમાન નાની વયના છે, તેમના ભાઈઓમાં મોટી વયના અને લાયક હાજર હોવા છતાં આ નિમણુંક ઈન્સાફી ન હોઈ શકે.

હઝરતે ફરમાવ્યું : ખુદાની મરજીની વિરૂઘ્ધતા કોઈથી નહી થઈ શકે. આમછતાં તમે બધા તમારી લાકડી હાજર કરી નામ લખી આ ઓરડામાં રાખો. મારા તમામ દીકરાઓની લાકડીઓ અને હઝરત સુલૈમાનની લાકડી તે ઓરડામાં રાખી મુકીશ. પછી આવતી કાલે સવારના હાજર થઈ જુઓ કે જેની લાકડી લીલીછમ થાય અને તેમાં પાંદડા અને ફળ ઉગેલા જણાય, તે મારો ખલીફા અને ગાદી વારસ થશે. તેઓએ આ વાતને માન્ય રાખી અને પોતાની લાકડીઓ હાજર કરી. બીજા દિવસે હાજર થઈ ઓરડાનો દરવાજો ખોલી બધાએ પોતાની લાકડી બહાર કાઢી. તેમાંથી ફકત હઝરત સુલૈમાનની લાકડીમાં જ પાંદડા અને ફળ લાગ્યા હતા, તેથી તેઓએ માન્ય રાખ્યું.

હઝરત દાવુદ પયગમ્બરે હઝરત સુલયમાનની લાયકાત સાબિત કરવા માટે, તેમના ઈલ્મ, સમજની પરીક્ષા લીધી, અને તેજ સમયે બની ઈસરાઈલ સામે હઝરત સુલયમાનને સવાલો કર્યા. હઝરતે પોતાના ફરઝંદ અને ગાદીવારસ હઝરત સુલયમાનને પુછયું : કઈ ચીજ સૌથી વધુ રાહત આપનાર અને દિલને ઠંડક બક્ષનાર છે ? હઝરત સુલયમાને અરજ કરી : ખુદાની માફી અને લોકો એક બીજાને દરગુજર કરે એ સૌથી મનરંજક અને દિલને રાહત પહોંચાડનાર હોય છે.

ફરી પુછયું : સર્વથી વઘુ મીઠી સ્વાદિષ્ટ કઈ ચીજ છે ? અરજ કરી : મોહબ્બત અને ખરી મિત્રતા. એ મોહબ્બત અને મિત્રતા ખુદાના તરફથી પોતાના બંદાઓ માટે રહેમત અને ભલાઈ છે.

હઝરત દાવુદ (અ.સ.) પોતાના દીકરાના ખરા અને ઉમદા જવાબોથી ખુશ થયા અને મોં મલકાવી બની ઈસરાઈલને ફરમાવ્યું : હવે તમે સંતોષ પામ્યા કે મારી ખિલાફત માટે મારા દીકરા હઝરત સુલયમાન દરેક રીતે લાયક છે.

હઝરત દાવુદ પયગમ્બરની વફાત પછી હઝરત સુલયમાન (અ.સ.) ખુદાના હુકમથી ગાયબ થયાં અને પરવરદિગારે તેમની ગયબતના સમયમાં તેમના શીઆઓની પરીક્ષા લીધી. તેથી ગયબતની મુદ્દત સુધી તેઓ દુઃખ અને આફતમાં રહયા. હઝરત સુલયમાન ગાયબ થઈ એક નજીકના મુલકમાં રેહવા ગયા અને ત્યાં શાદી કરી પોતાના સસરાને ત્યાં રહયા. એક દિવસે હઝરતની સ્ત્રીએ કહયું કે, તમારા રંગરૂપ, રીતભાત અને ખુબીઓ દરેક રીતે ઈચ્છવા જોગ છે. તેમજ દરેક પ્રકારની ભલાઈ અને ખુબીઓ તમારામાં છે. છતાં, તમો મારા પિતાના આધારે અને ખરચે રહો છો, જેથી મને બહુ જ શરમીદગી ઉપજે છે. જો તમે કામ કરી કાંઈ લાવશો, તો મારૂ મોઢું ઉંચુ થશે.

હઝરત સુલૈમાન પયગમ્બરે ફરમાવ્યું : દુનિયાનું કોઈ કામ હું જાણતો નથી. (શાહઝાદા હતા) અને કોઈ વખતે રોજી મેળવવા માટે મને કામ કરવાની જરૂર નથી પડી. છતાં આવતી કાલે હું બજારમાં જઈશ. બીજે દિવસે બજારમાં ગયા, ખુબ ફર્યા, પરંતુ કાંઈ મેળવી ન શકયા અને ખાલી હાથે ઘરે પાછા આવ્યા.

તેમની સ્ત્રીએ કહયું : તમે ચિંતા ન કરો, નિરાશ ન બનો. ફરીવાર આવતી કાલે કામની શોધમાં જાઓ. બીજે દિવસે ગયા, તે દિવસે પણ ખાલી હાથે પાછા ફર્યા. (અલ્લાહની પરિક્ષાની મહીમા હતી.)

તેમની સ્ત્રીએ કહયું : દિલગીર ન થાઓ, આવતીકાલે ફરી બહાર નિકળો, અલ્લાહ તઆલાના કરમ અને બક્ષીસથી તમો ફતેહમંદ થશો.

ત્રીજે દિવસે હઝરત બહાર નિકળી દરીયા કિનારે પહોંચ્યા, ત્યાં એક માછીમારને જોયો. આપે તેમને ફરમાવ્યું કે, 'હું તમોને તમારા કામમાં સહાય કરૂં, તેની મજુરી જે ધ્યાનમાં આવે તે આપજો.' માછીમારે કબૂલ કર્યું. હઝરતે તેના કામમાં મદદ કરી. સાંજના માછીમારે હઝરતને બે માછલીઓ આપી. હઝરત ખુશી થઈ ખુદાનો શુકર બજાવી લાવ્યા. પ્રથમ દરીયા કિનારે તે માછલીઓના પેટ ચીરી સાફ કરવા મંડી પડયા. એક માછલીના પેટમાંથી એક વીટી મળી. (હઝરત, પયગંબર હોવાથી વીટીની ખૂબી પારખી શકયા, જે રાજય–મુલ્કની નિશાની હતી.) વીટી ધોઈ રૂમાલમાં લપેટી ખીસામાં રાખી મુકી અને માછલીઓ લઈ ઘરે આવ્યા. તેમની સ્ત્રી માછલી જોઈ ઘણી ખુશ થઈ. પોતાના પિતાને બોલાવી માછલીઓ દેખાડી. તે વખતે હઝરતે પોતાના સસરાને કહયું કે, તમે મને ઓળખો છો, હું કોણ છું ? તેણે કહયું કે, તમે ઘણા ભલા અને મારા દીકરા સમાન છો. પરંતુ હું તમોને ઓળખતો નથી. હઝરતે ફરમાવ્યું : હું પયગમ્બર અને બાદશાહ હઝરત દાવૂદનો ફરઝંદ અને ગાદીવારસ છું. પછી તે વીટી બહાર કાઢી અને પોતાની આંગળીમાં મુકી. તેજ સમયે હઝરતની આગળ ચોમેરથી જીન્નાત અને પંખીઓ આપની સેવામાં હાજર થઈ ગયા.

હઝરત પોતાની સ્ત્રી અને તેના માતા–પિતાને લઈ પોતાની રાજધાની તરફ રવાના થયા. તેમની ઉમ્મતના લોકો તેમને જોઈ ખુશ થયા અને ખુદાના શુકરના સજદામાં જુકી ગયા. હઝરત સુલયમાનની બાદશાહીનો રસપ્રદ અહેવાલ આ કિતાબનો વિષય ન હોવાથી લખેલ નથી.

ઉપર જણાવેલા બે પયગમ્બરો હઝરત મુસા અને હઝરત સુલયમાનની ગયબતનું વર્ણન વાંચતી વખતે ખાત્રી થશે કે દરેક પયગમ્બરની ઉમ્મત માટે એવી પરિક્ષાઓ હતી. હઝરત યુનુસ, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈદરીસ વગેરે ઘણા પયગમ્બરોની ગયબતનું રસિક બયાન કિતાબોમાં છે. પરંતુ સ્થળ સંકોચના કારણે માત્ર બે પયગમ્બરોની હકીકત લખેલ છે.

## ૧૬. ઈમામ મહદી (અ.સ.) અને પરધર્મીઓ

અલ્લામા સય્યદ ગુલામહસનૈન કંતુરી પોતાની કિતાબ 'ઈન્તીસારૂસ ઈસ્લામ' (ઈ.સ. ૧૯૧૭) માં લખે છે કે, અમારા નજીકના કુટુંબી હકીમ સય્યદ ઝફર મેહદી મરહુમ, ઝીયારતોની સફરથી લાહોર પાછા ફરી લાહોરની મેટી સતય (ઉતારાની જગ્યા)માં પોતાના સાથીઓ સાથે બેઠા હતા. એટલી વારમાં એક હિંદુ રમ્માલ (જયોતિષ) આવ્યો અને કહયું : 'મને કોઈ સવાલ પુછો.' સય્યદ સાહેબે તેને કાંઈ આપવા ચાહયું. તેણે કહયું : 'કોઈ સવાલનો જવાબ આપ્યા વગર કાંઈ લેવાનો મારો ઘારો નથી.' તેથી સય્યદ સાહેબ ખુબ ખીજાઈ ગયા. કેમકે પોતે પણ રમલ જાણતા હતા. છતાં તેમણે પુછયું : તમે કોઈ ભૂતકાળ, ભવિષ્યકાળની વાત કહેશો અથવા દિલની છુપી વાત જણાવશો ? તેણે કહયું : દિલની છુપી વાત જે અઘરૂં છે તે હું જણાવીશ.

સય્યદ સાહેબે કહયું : મેં મારા દિલમાં એક માણસનો ખ્યાલ કર્યો છે, તમે કહો કે તે કોણ છે ? જોશી મહારાજ કાગળ કલમ લઈ ખુબ લીસોટા કરવા લાગ્યા, પરંતુ તેનો છેડો ન જણાયો. તે માણસની રૂપરેખા, આચાર વિચાર, સિફાતો, ખુબીઓ, એક પછી એક તેની નજરે પડયા. તે હેરાન થયો. તેથી સય્યદ સાહેબને કહયું : ખરૂં કહો, જે માણસનો તમોએ દિલમાં ખયાલ કર્યો છે, તે દીન દુન્યાના કેવા મહાન બાદશાહ છે. મારૂં ઈલ્મ મને જણાવે છે કે જો મારી આખી જીંદગી તેમની સિફતો અને ખુબીઓની તપાસમાં પસાર કરૂં, તો પણ તેનો છેડો નહીં આવે. બેશક તે એક મહાપુરૂષ, આકાશ–પાતાળના માલિક અને જગતની સપાટી ઉપર સર્વથી શ્રેષ્ઠ, દીન–દુન્યાના શહેનશાહ છે.

જોશી મહારાજનું કથન સાંભળી સય્યદ સાહેબ ખુશીના આવેશમાં ડોલવા લાગ્યા, અને કહયું : મેં મારા દિલમાં અમારા ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)નો ખ્યાલ કર્યો હતો, જે તમો ખુબ પારખી શકયા. પછી પોતાના નોકરને કહયું : મારી કિંમતી શાલ લાવી જોશી મહારાજને ઓઢાડો. જોશી મહારાજે માથું ધુણાવતા અને આંખોમાંથી દળદળ આંસુ પાડતા ગદગદ કંઠે કહયું : નહિં, નહિં, મને શાલ અથવા ભેટનો કોઈ જરૂરત નથી.

આખા જગતની બાદશાહત અને દોલતથી વિશેશ આજે તમોએ મને આપાવ્યું. મારા મવલા, મારા આકાની ઓળખાણ કરાવી હિદાયતના માર્ગે પહોંચાડયો, તેથી હવે મને દુન્યાની કોઈ પણ વસ્તુની હાજત રહી નથી. તે જોષી ખૂબ ધુનમાં આવી રડતો હતો. તેથી સય્યદ સાહેબ અને તેમના સાથીઓ ખુબ રડવા લાગ્યા. જોશી મહારાજ રડતા રડતા ત્યાંથી રવાના થયા.

આએ કિતાબના લેખકે મુંબાસામાં લગભગ પચીસ વરસ અગાઉ મુંબઈથી આવેલા એક જયોતિષને પુછયું હતું. તે અમારી દુકાને આવ્યો હતો. મોટી ઉમરવાળો ચેહરા ઉપર ભરાવદાર દાઢી અને પોતાને 'હુસૈની બ્રાહમણ' તરીકે ઓળખાવતા હતા. તેમણે કોઈ સવાલ પુછવાને કહયું, તો મેં તેને કહયું, હું કામમાં ગુંથાઈ ગયો છું, હમણા કાંઈ પુછી શકું તેમ નથી. છતાં તે જોશી માહારાજ ચીટકીને બેઠા. તેને ચાલ્યા જવા માટે કહેવાની જરૂરત ન હતી, થાકીને પોતે ચાલ્યા જશે એમ સમજી હું મારા લખવાના કામમાં ગુંથાઈ ગયો. થોડી મિનિટો પછી મહારાજ બોલવા મંડી પડયા અને મારા ભૂતકાળ અને ભવિષ્યકાળ તેમજ મારા ધંધા રોજગાર અને કુટુંબી સુખ–દુઃખ તેમજ મારી સારી નરસી ટેવો, બિમારી વગેરેની વ્યાખ્યા શરૂ કરી. હું કલમ નીચે રાખી એક ચિત્તે તેને સાંભળતો રહયો. જેમાં ૯૯ ટકા ખરી હકીકત હતી. તેથી જયારે તેણે બોલવાનું ખતમ કર્યું, ત્યારે મેં કહયું : મહારાજ ! જો તમે મારા એક મિત્ર જેની હકીકત લાંબા સમયથી જાણવાને હું બહુજ આતુર છું, અને ચિંતામાં છું કે તે મારો મિત્ર કયાં, કેવી હાલતમાં છે, જીવતો છે કે મરણ પામ્યો, સુખી છે કે દુઃખી અને કોઈ વખતે તેની મુલાકાત થશે કે નહીં, તે વિષે મને સંતોષકારક હકીકત જણાવશો, તો હું તમોને રૂપીયા પચીસ (તે વખતે ઈસ્ટ આફ્રિકામાં ઈન્ડીયાના રૂપિયાનું ચલણ હતું.) ઈનામ આપીશ, નહિ તો કાંઈ આપવાનો ઈરાદો નથી.

મારો સવાલ સાંભળી જોશી મહારાજ કાગળ કલમ કાઢી ગણત્રી કરવા મંડી પડયા. અગાઉ તેમણે મારી સ્થિતિનું વર્ણન પુછયા કે લખ્યા વગર કર્યુ હતું, તે સંબંધી પુછતા તેમણે જણાવ્યું કે કપાળની રેખાઓ ઉપરથી હું એ સઘળું જાણી શકયો. પરંતુ હવે તમારા મિત્રના સવાલ માટે કાગળ કલમની સહાયતા લેવાની ફરજ પડી.

લગભગ દસ પંદર મિનિટ ગણતરી કરી અને કાળગ ઉપર લીસોટા અને આંગળીના ટેરવાં ગણવામાં અને વારંવાર ઉંચે જોવામાં પસાર થયા. પછી મને કહયુ : બેશક તમારા મિત્ર જેનો તમોએ વિચાર કર્યો છે, એ મહાપુરૂષ છે, જમીન અને આકાશ ઉપર તેમની હુકુમત અને સત્તા છે. તેમને કોઈ પ્રકારની ચિંતા અથવા દુઃખ નથી, માત્ર પોતાના દાદાના ધર્મની ચિંતામાં છે. બેશક જીવતા છે અને દરેક પ્રકારે સુખી છે. નજીકમાં બહાર આવી હિન્દ, એશિયા તેમજ આખા જગતના માલિક બની રાજય કરશે. તેણે તેમની ઘણી સિફાતોનું વર્ણન કર્યું, તેથી હું હર્ષઘેલો થયો. મારી ખુશીનો પાર ન રહયો, અને ઝડપથી તેને વચન મુજબના પચીસ રૂપિયા રોકડાની થડીની ભેટ કરી. તે પછી મેં પુછયું : મહારાજ ! એ તો જણાવો કે અમારા સરતાજ શહેનશાહ કયારે જાહેર થશે ? ત્યારે તેણે ગણતરી કરી

અમુક શબ્દોનું રટણ કર્યા પછી જણાવ્યું કે, નજીકના સમયમાં લગભગ પચીસ ત્રીસ વરસોના સમયમાં જાહેર થઈ જગતના માલિક બનશે.

એવી રીતે રમલ અને જ્યોતિષના ખરા હિસાબથી જગતના તારણહાર ઈમામે ઝમાના (અ.સ.)ની હકીકત, તેમની હયાતી અને ગાબય હોવાની ખાત્રી ઘણાઓએ કરી છે.

મોહક્કીકે તૂસી (અ.ર.) શીઆ ઈસ્નાઅશરી મઝહબના એક બહુ મોટા અને મહાન આલિમ થઈ ગયા છે. તેમને એક વખત તવહીદ સંબંધી દહરીય્યતની ભારે શંકાના જવાબ માટે ચિંતા થઈ. તેથી પોતાના ઈમામે ઝમાનાની મુલાકાત કયાં અને કેવી રીત થઈ શકે તે રમલના હિસાબમાં જોયું. તેમને જણાયું કે અત્યારે ઈમામે ઝમાના (અ.સ.) મસ્જિદે કુફામાં છે. તેથી આપ ઝડપથી નજફ રવાના થઈ મસ્જિદે કુફા પહોંચ્યા. (ખુદાને મંજુર હોવાથી તેમજ તે આલિમ ઈમામના પ્રતિનિઘી હોવાથી) ઈમામની મુલાકાત થઈ. સવાલનો સંતોષકારક જવાબ મેળવી શકયા.

ઈમામે પુછયું તમોને મારી ખબર કેમ મળી. અરજ કરી : રમલના હિસાબથી. હઝરતે ફરમાવ્યું : ખબરદાર હવે પછી એવી હિંમત નહીં કરવી. મેં અરજ કરી : સવાલ બહુજ ભારે મુંજાવનારો હોવાથી લાચારીએ તમારી મુલાકાત માટે મને જોવું પડયું. પરંતુ હવે પછી આવી હિંમત હું નહિ કરીશ, મારા કસુરની માફી ચાહું છું.

ઈંગ્લેંડના પાદરીઓએ હઝરત દાનયાલ પયગમ્બરની કિતાબમાંથી આખેરૂઝ– ઝમાનમાં જે લડાઈઓ, દુકાળ અને બીજી નિશાનીઓ જાહેર થશે તેના બારામાં અંગ્રેજી ભાષામાં એક દળદાર પુસ્તક FORTY FUTURE WONDERES (ભવિષ્યની ચાલીસ અજાયબીઓ) લખી છે, જેની આજ સુઘીમાં પચાસથી પણ વઘારે આવૃતિઓ પ્રગટ થઈ ચૂકી છે. તેની ૧૬ મી આવૃતિ લગભગ ઈ.સ. ૧૯૨૫ માં છપોલી હતી. તે આએ કિતાબના લેખકે મેળવીને વાંચી છે. તેમાં લખ્યું છે કે,'ભવિષ્યમાં એક મહા ભારે લડાઈ થશે અને યુરોપના રાજયોમાં ફકત નવ રાજયો બાકી રહેશે અને દસમું નાનું રાજય સીરીયા (અરબસ્તાન) માં રહેશે, અને તે રાજયના બાદશાહ 'PROBABLE MAHOMEDAN MEHDI' (ઘણું કરી ઈસ્લામના મેહદી) થશે. અને તે મેહદી ખ્રિસ્તીઓના કટર વેરી હશે. યુરોપ ઉપર ચઢાઈ કરી તેને કબ્જે કરશે અને આખા જગતના માલિક બનશે. પરંતુ તે ફકત સાત વરસ રાજય કરશે. પછી હઝરત ઈસા પયગમ્બર આવશે અને ઈસાઈ (નસારા, ખ્રિસ્તી ઘર્મ) આખા જગતમાં ફેલાઈ જશે અને હઝરત ઈસા પયગમ્બર એક હજાર વરસ સુઘી જગત ઉપર રાજય અમલ ચલાવશે.'

ઉપર મુજબનું લખાણ ૧૬ મી આવૃતિમાં અમે પોતે વાંચ્યું છે, જે ઈસ્લામ અને હઝરત મહદી (અ.સ.)ની સચ્ચાઈની સચોટ દલીલ હોવાથી પાદરીઓ ચેતી ગયા અને તે પછીની આવૃતિમાં હઝરત મહદી (અ.સ.)નું નામ સમુળગુ કાઢી નાખ્યું. જે તેઓની નબળાઈ કહી શકાય. સોળમી આવૃતિ જે મેળવી શકે, તે વાંચી ખાત્રી કરી શકશે.

પ્રથમ તો હઝરત મહદી (અ.સ.) આખી દુનિયાના માલિક થશે. તેનો ઈકરાર હઝરત મહદી (અ.સ.)ના ઝહુરની મજબુત દલીલ છે. તે પછી તેમનું સાત વરસ રાજય અમલ રહે અને હઝરત ઈસા આવીને દુનિયા ઉપર

ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરી હજાર વરસો સુધી રાજય કરે, તે વિષે ઈમામે ઝમાના હઝરત મહદીને ઈમામે બરહક સમજનારા મોઅમીનોને લેશમાત્ર ચિંતા કરવાનું કારણ નથી, કેમ કે હઝરત મહદી (અ.સ.)નો ઝહુર થતાં તેજ વખતે હઝરત ઈસા આસ્માનથી આવશે અને એક જ હક મઝહબ તવહીદનો, જે માત્ર ઇસ્લામ ધર્મ છે, તેનો ફેલાવો થશે. હઝરત ઈસા પયગમ્બરે પોતાને ખુદાનો દીકરો માનવા માટે તેમજ TRINITY (તસલીસ) ત્રણ ખુદાનો એક અને એકના ત્રણ માનવાને કહયું નથી. ખુદાની ઝાતમાં શિર્ક કરવાનું અને એકથી વધુ ખુદા માનવાનું શિક્ષણ નહીં જ આપી શકે. એક ખુદા અને તેના પયગમ્બરને માનનાર, સઘળા મુસલમાનો ગણાય છે. હઝરત આદમ અને તે પછીના પયગમ્બરો અને તેમની ઉમ્મતોમાં જે તેમના શિક્ષણો ઉપર કાયમ રહેનારા તેમજ શિર્ક કુફ્રથી દૂર રહેનારા મોઅમીનો સઘળા મુસલમાન હતા. જેમકે પરવરદિગારે કુરઆનમાં હઝરત ઈબ્રાહીમ પયગમ્બરના બારામાં ફરમાવે છે : 'હુવા સમ્માકુમુલ મુસલીમીન' અને તે (હઝરત ઈબ્રાહીમ) એ છે કે જેમણે તમારૂં નામ મુસલેમીન રાખેલ છે.

હઝરતે દાવુદ પયગંબરના ઝબુરમાં ૪થી આયત મુરમુઝ પ્રકરણ ૧૯માં નીચે મુજબ અસલ ઈબારત છે : ' સબય્યા વગાનાન વ અરાફીલ સદકરૂ મીશયાત મખુન કબસઉ' (તરજુમો) આખર ઝમાનામાં તે બુઝુર્ગવાર જાહેર થશે, જેના માથા ઉપર વાદળા છતર (સાયો) કરશે, અને અદલ ઈન્સાફ ફેલાવશે.

હઝરત સફયાય પયગમ્બરની કિતાબના ૩જા પ્રકરણ, આયત ૯ મા છે : 'કઈ અઝ અહયુખ અલ અમ્મીમ સાફાહ બરૂરાહ લબકરૂ ફુલામ પશમ અદુનાય લઅબદવાય સખમ અહાદ' (તરજુમો) વાકેફ થાઓ, દુનિયાના તે આખર ઝમાનામાં એક બુઝુર્ગ જાહેર થશે જેથી સઘળા લોકો ખુદાને યાદ કરી એક જ રીતથી ખુદાની ઈબાદત કરશે. (સઘળી મખલુકાત એક જ તવહીદના મઝહબ ઉપર આવશે.)

હિન્દુ ધર્મના પાતનકલ મુખ્ય પુસ્તકમાં છે : પ્રથમ દુનિયાની જીંદગીના ચાર પ્રકારો થશે, અને તે દરેક પ્રકારના ચાર કોર, અને દરેક કોરના ચાર દોર, અને દરેક દોરના ચાર હજાર વરસ થશે. જેથી દુન્યાના બે લાખ છપન હજાર વરસો છે. જયારે તે મુદ્દત ખતમ થશે, ત્યારે એક મહાપુરૂષ જાહેર થશે. જે દુન્યાના મહાન બે સરદારની ઔલાદમાંથી હશે. એક આખર ઝમાનાના પયગમ્બર અને બીજા તેમના વસી જેનું નામ બીશન હશે. તે જાહેર થનાર બાદશાહનું નામ રાહનુમા (રસ્તો દેખાડનાર હાદી, મહદી) છે અને તે રામના (ખુદાના) ખલીફા છે. અને તે થઈ ગયેલા પયગમ્બરો માફક દુન્યા ઉપર હુકુમત કરશે. તેના ઘણા મોઅજીઝા જાહેર થશે. જે કોઈ તેની તાબેદારી કરશે, તે નજાત પામશે અને તેની જીંદગી ઘણી લાંબી થશે અને આખી દુન્યાને તાબે કરશે. સોમનાથના બુતખાનાને ખરાબ કરશે અને મોટુ બુત જગન્નાથને તેના હુકમથી વાચા આવશે અને બોલશે, તે પછી તે બુત જમીન ઉપર પડી જશે અને તેના હુકમથી તે બુત તોડી નાખવામાં આવશે તેમજ જયાં જયાં બુત (મુર્તિઓ) હશે તેઓને તોડી નાખવામાં આવશે.

હિન્દુ ધર્મગુરૂના 'નાસક' નામના પુસ્તકમાં લખેલું છે કે જયારે આખર ઝમાનો આવશે, ત્યારે એક એવું રાજય થશે કે જે હક અને સચ્ચાઈથી ભરપુર હશે અને જે કાંઈ દરીયા, પહાડો અને જમીનમાં ખઝાનો હશે, તે બહાર લાવશે અને તે જમીન અને આસમાનની ખબરો આપશે.

આતશ પરસ્ત, મજુસ (ઈરાની) ની કિતાબ 'ઝંદ વપાઝંદ'માં, જે કિતાબને મજુસીઓ ઝરદોશ પયગમ્બરની આસમાની કિતાબ માને છે, તેમાં હઝરત મહદી (અ.સ.)નું બયાન છે, તેમજ કિતાબ 'કોસબા અને અઝાવસ્ન' તેમજ જામાસ્પ હકીમ પોતાની કિતાબમાં પયગમ્બરે આખેરૂઝઝમાન અને તેમના વસીના બારામાં લખેલ છે કે, તે પયગમ્બર અરબસ્તાનમાં પહાડોની વચ્ચેના મુલકમાં પેદા થશે, ઉંટ ઉપર સવાર થશે અને ગુલામો સાથે બેસીને જમણ લેશે. (તકબ્બુર નહિ કરે) મજકુર પયગમ્બર દરેક મઝહબને મટાળી નાખશે, ઈરાનનો મુલક ફતેહ કરશે અને મજુસી ધર્મ બાતલ કરશે. અને તે પયગમ્બરની દિકરી શાહે ઝનાનના દીકરાની અવલાદમાં, જે પયગમ્બરના છેલ્લા વારસ જાનશીન હશે, તે ખુદાના હુકમથી આખી દુન્યા ઉપર હુકુમત કરશે અને તેની બાદશાહત મકકાથી જાહેર થશે અને તે કયામત સુધી બાકી રહેશે. અને અહરમન (ઇબ્લીસ) જે ખુદાનો દુશ્મન છે તેને પકડી કેદ કરશે, તેમજ મરણ પામેલ નેક લોકો તેમજ ઝાલિમોને સજીવન કરશે. નેક લોકોને બક્ષીસ કરશે, બુરા અને ઝાલિમોને સજા કરશે. અને હઝરત ખીઝરના બાપને તેમજ હઝરત ઇલ્યાસના બાપને, તેમજ મહરાસ, લફવાસ, અહસતાલાલીસના બાપને, આસફ બિન બરખીયા, સામ, હઝરત નૂહ, શમાસુન, સોલાન, શમુઈલને સજીવન કરશે. તેમજ નમરૂદ, ફીરઔન, હામાનને સજીવન કરી તેઓને આગમાં બાળી નાખશે વગેરે હકીકતો લંબાણથી તેમાં લખેલ છે.

અગાઉના થઈ ગયેલા ઘણા પયગંબરોની કિતાબો–સહીફાઓમાં તેમજ તવરાત, ઈંજીલ, ઝબુરમાં અને પરધર્મિઓ ધાર્મિક પુસ્તકોમાં આખર ઝમાનામાં આવનાર બાદશાહના બારામાં ઘણું લખાયેલું છે. વળી નસારા, યહુદી, મજુસ અને હિંદુઓ સઘળા એક રેહબરની રાહ જોઈ રહયા છે. નસારા હઝરત ઈસાની અને યહુદીઓ હઝરત મુસાની રાહ જોઈ રહયા છે. તેથી દુન્યા એક એવા REFORMER (સુધારક) ની રાહ જોઈ રહી છે, જે જગત ઉપરથી ફીત્ના, ફસાદ, લડાઈ દુઃખો અને બેદીની દૂર કરી અદલ, ઇન્સાફ અને શાંતિ ફેલાવે. તેથી સાબિત થાય છે કે આજ પર્યંત જે બનાવટી મેહદી થઈ ગયા અને હજી પણ મેહદીના દાવેદારો હોય, તેઓ કશું કરી શકયા નથી તેથી તેઓ ખરા મેહદી તરીકે માની ન શકાય.

બાયાસજીએ એક કિતાબ 'બોથીરામ સંઘરામ' લખી છે. અને ગોસાઈ તુલસીદાસજીએ તેનો તરજુમો ભાશા બોલીમાં કરેલ છે. તેના કાંડમંતર : ૧૨, પેજ ૨૧૨ માં તુલસીદાસજીએ લખ્યું છે :

ભાનમે કુછ બાત મંય રાખુ, વેદ પરાન સતસતભાગું

બરખ સીન દસ સંદરમ હુઈ, ન કે બઅદ, ન પએ કોઈ

દેસ અરબમે ભરકથા માઈ, સોથલ ભુમ ગત સુનો કથક રાઈ

સુનો સમત સાગર હુઈ, સંદરમ દેસ થથ સુની

સમત બકરમકે દો દવાંગા મહા, કરક, નસ, ચતર, તષાગા

તબતક જો સંદરમ જપા કોઈ નયા મન મહમદ પાન હુઈ

હુવે સંગલંગ અવતારા, મેહદી કહી સંગલ સંસારા

ફીર સંદરમ તમામ ન હુઈ, તુલસી બચ સત ગેઈ.

તરજુમો : હું મારા તરફથી પોતાનું કાંઈ કહીશ નહિ. સિવાય જે કાંઈ વેદ અને પરાનોમાં લખેલું હોય એજ ખરેખરૂં કહીશ. દસ વરસ સુધીમાં વિલાયત (સત્તા) તમામ થશે. તે પછી કોઈ તે મરતબો નહિ પામી શકશે, જે જગોએ તે સીતારો ઉગશે, તે ઘણી પવિત્ર ભુમિ હશે. અશકય વાત (મોઅજિઝા) તેનાથી જાહેર થશે. જમીન ઉપર વલી કામિલ કરવામાં આવશે. સુમ્બત અકરમા જીતના સમદરો (સમુદ્રો) ની ગણતરી માફક થશે. જે ખુદા પાસે પહોંચવાનો ઈરાદો રાખશે તે મહમદ વગર તે સમુદ્રો પાર નહી કરી શકે. તે પછી એક ઈન્સાને કામિલ (સંપૂર્ણ ખુબીના એક માણસ) થશે. દુન્યાના માણસો તેને મેહદી કહેશે. તેમના પછી વિલાયત (સરદારી) નહિ થશે. તુલસીદાસ સાચેસાચું (ખરેખરૂં જ) કહે છે.

(એહલે સુન્નતનું માસિક, મોલવી – દેહલી, રીસાલા નંબર સફર – રબીઉલ અવ્વલનો અંક સને ૧૩૫૨ હીજરી)

એજ મુજબ સત્યાર્થ પ્રકાશમાં એક રીફોરમર (સુધારક)નું ગાયબ (છુપું) રહેવું અને તેનું જાહેર થવું અને તેની બાદશાહતના સમયમાં ચોમેર ઈન્સાફ અદાલતનો ફેલાવો થવા વિષે જણાવવામાં આવ્યું છે.

## ૧૭. ફરજ, ઈન્તેઝાર અને પરિક્ષા સંબંધિત હદીસો

૧. ઈમામ રઝા (અ.સ.) ફરમાવે છે : ઈન્તેઝાર (ફરજની રાહ જોવા)ના બારામાં પરવરદિગારે કુરઆનમાં ફરમાવ્યું છે : 'ફન્તઝેરૂ ઈન્ની મઅકુમ મેનલ મુન્તઝેરીન' (તરજુમો) તમે રાહ જુઓ, હું પણ તમારી સાથે રાહ જોનારાઓમાંથી છું.

૨. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે : ઈમામના ઝુહુરની રાહ જોતા રહો, નિરાશ ન થાઓ, કેમકે જે કોઈ અમારા હુકમની રાહ જોશે (ઈમાન રાખશે) તો પરવરદિગાર તેને તે શહીદની સવાબ આપશે, જે શહીદ થઈ પોતાના લોહીમાં આળોટયો હશે.

૩. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : લોકો ઉપર એવો ઝમાનો આવશે કે તેઓના ઈમામ તેઓની નજરથી છુપા હશે અને તેઓને દુશ્મનોની બીકથી પોતાના ઈમામની ગયબતમાં સહન કરવું પડશે, તેથી

પવરવરદિગાર તેઓને બેહદ સવાબ આપશે. કયામતના દિવસે તેઓને કહેવામાં આવશે કે, મારા બંદાઓ ! તમો મારી હુજ્જત ઈમમે ગાબય ઉપર ઈમાન લાવ્યા. તમોને વધામણી આપું છું કે તમારા ગુનાહો માફ કરી તમોને બક્ષી આપ્યા અને તમારી નેકીઓ કબુલ કરી, તમારા જેવાની હસ્તિ થકી દુન્યામાં વરસાદ, અનાજ વગેરે મારી બીજી મખ્લુકને આપતો હતો. જો તમારા જેવા ઈમાનદારો ન હોત, તો બેશક મારા નાફરમાન બંદાઓ ઉપર અઝાબ ઉતારી તેઓને તાત્કાલિક સજા કરતે.

૪. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : જે મોઅમીન પોતાના ઈમામે ઝમાના ઉપર ઈમાન રાખી તેમના જાહેર થવાની રાહ જોતો રહે અને તે મરણ પામે તો તેને હઝરત મહદી (અ.સ.) સાથે રહેવાનો સવાબ મળશે.

૫. અબ્દુલ હમીદ વાસ્તીએ પાંચમા ઈમામ હઝરત મોહમ્મદ બાકીર (અ.સ.)ને અરજ કરી : ફરજના ઈન્તેઝારમાં રાત દિવસ પસાર કરીએ છીએ, જેથી કોઈ કામ સુજતું નથી. હઝરતે ફરમાવ્યું : જે કોઈ ખુદામાં ફરજ (છુટકારા) ની આશા રાખે તેને ખુદા ફરજ આપે છે. ખુદા રહમ ફરમાવે તે મોઅમીન ઉપર જે અમારા બારામાં સબર કરે. ખુદા રહેમ ફરમાવે તે મોઅમીન ઉપર જે અમારી વાતો (હદીસો) મોઅમીનો સુધી પહોંચાડે.

મેં અરજ કરી : ઝુહુરથી અગાઉ મારણ પામું તો શું થાય ? હઝરતે ફરમાવ્યું : જે કોઈ એવી નિય્યત રાખે કે મારા ઈમામ ઝુહુર ફરમાવશે, ત્યારે હું મારા મવલા સાથે રહી તેમની મદદ કરીશ, તો તેને ઈમામ સાથે રહી જેહાદ કરવાનો અને શહીદ થવાનો સવાબ મળશે.

૬. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ પોતાના અસ્હાબોને ફરમાવ્યું : તમારા પછી આખર ઝમાનામાં એવા મોઅમીનો હશે જેઓમાંના એકની નેકીનો સવાબ તમારા જેવા પચાસ માણસોથી વધુ હશે.

અસ્હાબોએ અરજ કરી : અમે આપના અસ્હાબ છીએ અને જેહાદમાં ભાગ લેનારા છીએ.

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : બેશક તે ઝમાનાના મોઅમીનો દુશ્મનો વચ્ચે ઘેરાયેલા, સખત આફતો – મુસીબતો ઉપર એવી રીતે સબર કરી ઈમાન ઉપર મકકમ રહેશે, કે તમે લોકો તે મુજબ સબર નહિ કરી શકો. (તેઓના માટે સખત પરિક્ષા હશે.)

૭. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે : અય આલે મોહમ્મદના શીઆ અને દોસ્તો, યાદ રાખો, જરૂર તમારી પરિક્ષા લેવામાં આવશે, જેવી રીતે આંખમાં સુરમો લગાડનાર જાણે છે કે, કયારે સુરમો પડયો. પરંતુ સુરમો કયારે નિકળી જાય છે તેની તેને ખબર પડતી નથી. અને તમારા બારામાં પણ એવું જ થશે. તમારામાં અમુક એવા થશે કે સવારના તે મોઅમીન હશે અને રાતના વખતે ઈમાનથી ખસી જશે. (બેઈમાન થશે) તેની તેને ખબર નહિ પડે.

૮. ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે : જયારે દરેક શકી (બદબખ્ત – બેઈમાન) પોતાની શકાવત – બેઈમાની જાહેર કરશે અને નેક લોકો પોતાના ઈમાન અને સઆદત જાહેર કરશે, (દીનદારો બેદીનોથી જુદા થાય) મોઅમીનો કાફરથી જુદા ઓળખાઈ જાય તેમજ તમારા ઈમામે ઝમાનાથી નાઉમ્મેદ, નિરાશ થશો તે પછી ઝુહુર થશે.

સાર : ઘણી સખત પરીક્ષા થશે. ઢચુપચુ બેદીનો, બેઈમાનો, જેઓ નમાઝ, રોઝા વગેરે દીનના એહકામો પ્રત્યે બેદરકાર, દુન્યાની મોજશોખમાં ડુબેલા, સ્વાર્થી અને ઝાલિમો હશે, તેઓ બેઈમાન બેદીન જાહેર થશે. અને જેઓ ખુદાથી ડરી નમાઝ, રોઝા અને દીનના અહકામોમાં મકકમ રહેશે, નેક અમલ, તવબા અને મોહબ્બત, ભલાઈ, એહસાનના કાર્યોમાં મકકમ રહેશે, તેઓ પરીક્ષામાં સફળતા પામશે અને દીન ઉપર બાકી રહેશે.

૯. વળી એજ બુઝુર્ગવારે અબુ બસીરને ફરમાવ્યું : જેઓ જાહેરમાં હઝરત હુજ્જત (અ.સ.) ઉપર ઈમાન રાખનાર હશે, તેઓમાંથી ૨/૩ ભાગ (૬૬ ટકા લગભગ) (ગુનાહો, બેદરકારી થકી) દીનથી ખસી જશે, બેઈમાન થશે. (તેઓ નિરાશ થઈ કહેશે કે ઈમામ ગયબ છે, તો શા માટે જાહેર થતા નથી ? આ રીતે તેઓનું ઈમામ ઉપર ઈમાન બાકી નહીં રહે.)

૧૦. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે : તમે આખર ઝમાનાની નિશાનીઓ અને ઈમામે ઝમાનાની ગયબત અને ઝુહુરની હદીસો વધુ બયાન કરો. જેઓ ઈમાન રાખનાર, કબુલ કરનાર હોય અને સાંભળવાને આતુર હોય તેઓને સંભળાવો. પણ જેઓ ઈન્કાર કરનારા હોય તેઓને છોડી આપો.

૧૧. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે : તમો મોઅમીનો મધમાખી માફક થશો. દુન્યાદારો તમોને નબળા, હલકા, ઝલીલ અને તુચ્છ સમજશે. પણ તેઓ જાણતા નથી કે તમારામાં શું ખુબીઓ છે. યાદ રાખો, ઈમામનો ઝુહુર નહીં થાય, ત્યાં સુધી કે મતભેદના કારણે એક બીજા ઉપર થૂકવા મંડી પડશો. એક બીજાને જુઠા કહેશો. એવા સખત પરિક્ષાના સમયમાં આંખમાં સુરમો અને ખોરાકમાં નિમક માફક થોડા દીન ઉપર સાબિત કદમ (મકકમ અને ઈમાનદાર) રહેશો.

## ૧૮. આખર ઝમાનાની નિશાનીઓ

વર્તમાનકાળ કાળજુગ, આખર ઝમાનો, બેદીની, બેઈન્સાફી, ફસાદ અને ઝુલ્મનો ઝમાનો છે. ચોમેર ઝુલ્મ, ફીત્ના, ફસાદ, લડાઈ, બળજબરી અને બેદીની ફેલાઈ ગઈ છે. છતાં તે સાથે વિદ્યા, શોધખોળ, અકકલ, ડહાપણનો સુધરેલો (MODERN CIVILIZATION) નો ઝમાનો કહેવાય છે. પરકોમ સુધારા કેળવણી અને તરકકીના માર્ગે ખુબ ઝડપથી આગેકુચ કરી રહી છે. તેને અનુસરી આપણને તરકકીના માર્ગે આગેકુચ કરવાની અને પીછેહઠ

કરી પછાત ન રહેવાના આપણા લીડરો ભાષણો અને લખાણો આપી રહયા છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ વર્તમાન સમય કાળજુગમાં, ફીત્ના, ફસાદ, લડાઈ અને ઝુલ્મના અંધકારના વાદળમાં એ સઘળા સુધારા અને કેળવણી વગેરે છુપાઈને ગુમ થતાં જણાય છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે : આખર ઝમાનાનાા લોકોની અકકલ ઉંધી વળી જશે. તે સમયમાં દરેક સારી બાબતો ખરાબ અને બુરાઈ, બિદઅત તથા નિર્લજ બાબતો સારી ગણાશે.

આખર ઝમાનાની અલામતોની પુષ્કળ હદીસો છે. તેમાંથી અમુક હદીસો લખીએ છીએ. જેમાંથી લગભગ ઘણી નિશાનીઓ જાહેર થઈ છે અને થતી રહી છે. બીજી અમુક મોટી નિશાનીઓ ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના ઝુહુરની નજીકમાં જાહેર થશે, તે પણ લખવામાં આવશે.

૧. હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે : એક એવો ઝમાનો આવશે કે લોકો આલિમોને સારા કપડાથી ઓળખી માન આપશે. (જાહેર દેખાવ ઉપર અમલ કરશે. ખાસ આલિમો ગરીબ હશે, તે તરફ નજર નહિ નાખે.)

૨. કુરઆનને મીઠા સરોદથી સાંભળવા આતુર થશે. (ગ્રામોફોન, રેડીયોમાં સારા અવાજથી કુરઆન સાંભળવામાં આવે છે.)

૩. ખુદાની ઈબાદત ફકત માહે મુબારકે રમઝાનમાં થશે. (તે પછી કુરઆન, રોઝા, દોઆ સઘળું વિસરાઈ જશે.)

૪. જયારે તે સમય આવશે, તો મખ્લુકાત ઝાલિમ બાદશાહના ઝુલ્મમાં ફસાઈ જશે.

૫. હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ફરમાવે છે : આખર ઝમાનામાં અજમનો બાદશાહ (અહમદશાહ) પદભ્રષ્ટ થશે. (રાજયગાદી ઉપરથી ઉઠાડી લેવામાં આવશે.) અને તે કાફરનો આસરો લેશે. તે બાદશાહની પગની પિંડલી બારીક હશે (તે શરીરમાં જાડો માતેલો હશે.) તેનું નામ અહમદ હશે. (તે ઈરાનના કાજાર વંશનો છેલ્લો બાદશાહ હતો, પદભ્રષ્ટ થવાથી પેરીસમાં રહેવાનું થયું અને ત્યાં મરણ પામ્યો, જેનું નામ સુધ્યાં હઝરતે તેરસો વરસ અગાઉ બયાન ફરમાવ્યું, જે બયાન સેંકડો વરસો અગાઉની કિતાબોમાં લખેલું છે.)

૬. વળી એજ હઝરતે ફરમાવ્યું : આખર ઝમાનામાં મુસલમાનો ગરદન ઉપર રંગીન ગુલુબંધ (નેકટાઈ) બાંધશે.

૭. વળી ફરમાવ્યું : તેહરાન (ઈરાનની રાજધાની) મોઅમીનો માટે કૈદખાનું અને દોઝખ માફક થશે. જયારે કે બીજાઓ માટે બેહિશ્ત સમાન ગણાશે. ત્યાં ઈસ્લામનું નામ નહીં રહે. મરદોમાં ઔરતોના રંગઢંગ અને ઔરતોમાં પડદો નહી રહે. બજારમાં છુટથી ફરશે. તે ઔરતોથી બજારના રસ્તા ઉભરાઈ જશે. વટાવવું મુશ્કીલ બનશે.

૮. મદરેસાના લોકો બે પ્રકારના થશે : (૧) ફલસફા શીખનારા (૨) એહલે કુફરની ભાષા (ઇંગ્લીશ, ફ્રેંચ, રશીયન)નું શિક્ષણ લેવા માટે આતુર જોવામાં આવશે.

૯. ઈમામ સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : જયારે મુલ્કો ઉપર બલા, ફીત્‌ના, ફસાદ બરપા થાય ત્યારે (ઈરાનના) કુમ શહેરમાં રહો, જે બલાથી અમાનમાં રહેશે. નજફથી ઇલ્મ નિકળી કુમમાં જાહેર થશે. અને કુમમાં ઇલ્મની ચર્ચા વધી થશે. અને તે શહેર ઇલ્મનું કેન્દ્ર સ્થળ બનશે, જે ઇમામના ઝુહુરના સમયની નઝદીકમાં હશે.

૧૦. વર્તમાન કાળમાં ઔરતોની બેપર્દગી, બેહયાઈ, શણગાર વગેરે નજરે પડે છે, તે આખર ઝમાનાની મુખ્ય નિશાનીઓ છે. અને તે આખર ઝમાનાની નિશાની હોવાની ઘણી હદીસો છે.

૧૧. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે : ઔરતોમાં હયા શરમ નહિં રહે. પરાયા પુરૂષો તરફ વલણ રાખશે, પોતાના માથાના બાલો એવી રીતે બાંધશે, જેવી રીતે ઊંટની પીઠ ઉપર ચરબીનું (કોહાન) ઉપસેલુ દેખાશે. એવી ઔરતો બેહિશ્તમાં દાખલ નહી થાય. (તેરસો વરસની અગાઉ પયગમ્બર અને ઈમામોએ આપેલી ખબરો પ્રત્યક્ષ નજરે પડે છે, જે હદીસો અને ઈસ્લામની સચ્ચાઈની દલીલ છે.)

૧૨. વળી ફરમાવ્યું : આખર ઝમાનામાં ઔરતો ઠાઠમાઠથી પરદા વગર બજારોમાં ફરશે અને પરાયા પુરૂષોને પોતાના શણગાર અને ખુબસુરતીનું પ્રદર્શન કરાવશે. બેશક એવી ઔરતો દીનથી વિમુખ (બહાર), ફીતના, મોજશોખમાં ડુબેલી, હરામને હલાલ સમજનાર અને હંમેશા દોઝખમાં રહેનાર હોય છે.

૧૩. વળી ફરમાવ્યું : શું તમોને શરમ આવતી નથી ? તમારી ગયબત (સ્વમાન) કયાં ગઈ ? કે તમારી ઔરતો ખુલે મોઢે બજારમાં ફરતી હોય.

૧૪. વળી પોતાના ફરઝંદ ઇમામ હસન (અ.સ.)ને ફરમાવ્યું : બેટા, ઔરતોની સલાહ ન લો, અને પડદામાં રાખો, બહાર જવાની રજા ન આપો, તમારા સિવાય કોઈ પરાયો પુરૂષ તેનાથી વાકેફ ન થાય, તેની તાબેદારી ન કરો.

ઉપરોક્ત હદીસો ધ્યાનમાં લઈ આએ સુધરેલા ઝમાનાની ફેશનની ફીશ્યારી, આઝાદી તરફ નજર કરીએ. એક શાએરે પ્રસંગોપાત કહયું છે :

'આવાઝ આ રહી હય ઝમાનેકે બેન્ડસે, વાઈફકા ઇન્ટ્રોડયુસ કરાઓ ફ્રેંડસે.'

૧૫. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : આખર ઝમાનામાં લોકો સુરતથી ઇન્સાન, દિલથી શયતાન, લોહી વહેવરાવવા, ખુનરેજી, કત્લ કરવામાં, શુરા, બુરાઈ ગુનાહોમાં ડુબેલા, તેઓની નજરમાં સુન્નત તે બીદઅત, અને બીદઅત તે સુન્નત. (હરામને હલાલ અને હલાલને હરામ) સમજશે. મોઅમીન ઝઈફ (ઝલીલ) અને બુરો–બેદીન ભલો ગણાશે. અમ્ર બિલ મઅરૂફ (નેક કાર્યોની ભલામણ) કોઈ નહિ કરી શકે. બેશક તે વખતે દુકાળ, બલા, ઝાલિમોના ઝુલ્મ વધવા પામશે.

૧૬. વળી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : આખર ઝમાનામાં પેટની પુજા થશે. (દોલત અને પેટ ભરવાની ચિંતા સિવાય ખુદા યાદ નહિ આવે.) ઔરતોને પોતાનો કિબ્લો (સિજદો કરવાનું સ્થળ) બનાવાશે. પૈસા, દૌલતને દીનદારી – ઇઝઝત, શરાફત ગણાશે. ઈમાન નામ માટે રહેશે (જીભનું ઈમાન રહેશે.) ઇસ્લામ માત્ર રસમ અદા કરવા માટે રહેશે. (સઘળી ક્રિયાઓ આદત અને રસમ અદા કરવા માટે રહેશે.) કુરઆન ફકત પડવા માટે હશે (અમલ માટે નહી), મસ્જિદો લોકોથી ભરપુર રહેશે, છતાં દિલો એક બીજાથી છુટા, નિફાક, વેરવૃતિ, હસદથી ભરપુર હશે. તે વખતના આલિમો (મોટે ભાગે) સઘળા લોકોથી ખરાબ (લાલચુ તુમાખી) હશે. તે વખતે દુકાળ, આફત, બલા, ઝુલ્મથી દુન્યા ભરાઈ જશે.

૧૭. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ પોતાના અસ્હાબોને આખર ઝમાનાની નિશાનીઓ કહી સંભળાવી:

- જયારે તમે જુઓ કે હક (સચ્ચાઈ) અને સાચા લોકો મરણ પામે અને જોર, ઝુલ્મ (ઝાલિમો) ફેલાઈ જાય.
- કુરઆનના મનગમતા અર્થ કરવામાં આવે.
- કુફ્ર, બાતીલનું જોર વઘવા પામે.
- બુરાઈ, ગુનાહો વઘારે પ્રમાણમાં જાહેર થાય અને રોકનાર કોઈ ન હોય.
- મરદો મરદો સાથે અને ઔરતો ઔરતો થકી પોતાની મોજની ઇચ્છાઓ પાર પાડતા હોય. (એવી બદફેલી, સૃષ્ટિ વિરૂઘ્ઘ હરામ ખોરી વઘી પડે.)
- લોકોના ખોટા વખાણો વઘી પડે.
- નાનાઓ મોટાઓનું અપમાન કરે.
- લોકો પોતાની દોલત બુરા કામોમાં વાપરે અને વખાણ માટે આપે છતાં કોઈ રોકનાર ન હોય.
- મોઅમીનોની ઈબાદત, નેક કાર્યો પ્રત્યે તિરસ્કારની નજરથી જોવામાં આવે, અને તેઓથી દુર ભાગતા રહે.
- શરાબ, બદફેલી, જાહેરમાં છડેચોક થાય અને તેવા બદકારોના વખાણ થાય.
- અમ્ર બિલ માઅરૂફ ન થઈ શકે, ભલાઈના રસ્તા બંઘ અને શર્ર, બુરાઈના રસ્તા ખુલ્લા થાય.
- ઔરતોની મિટીંગો (કમિટી, મંડળી, કલબો) થાય.
- પૈસાદાર બેદીન હોવા છતાં તેને ખરા મોઅમીનથી વઘુ માન આપવામાં આવે.
- વ્યાજ જાહેરમાં લેવામાં આવે. ઝીના, બદફેલીના વખાણ કરવામાં આવે.

- કુરઆન અને હદીસથી વિરૂઘ્ધ પોતાની અકલ મુજબ વર્તન થાય.
- ફંડફાળામાં માત્ર નામવારી (વખાણ માટે) મોટી મોટી રકમો ખુદાના હુકમની વિરૂઘ્ધના કાર્યોમાં વાપરવામાં આવે, ખુદાના હુકમ મુજબના વાજીબ કાર્યોમાં ન આપવામાં આવે. (ગરીબ સગા સ્નેહીઓ અને મુઅમીનોને ખુમ્સ, ઝકાત ન આપવામાં આવે.)
- ઔરતોની સત્તા મરદો ઉપર વધી જાય.
- કુરઆન, હદીસો, ખુદાના અહેકામનું બયાન (મજલિસો) સાંભળવા ભારે પડે. અને બાતિલ વાતો (નાટક, સીનેમા, રેડીયો, ભાષણો) સાંભળવા લોકો આતુર રહે.
- લોકો પાસે દોલત ઘણી વધશે, પરંતુ ખુદાનો હક અદા કરવામાં નહી આવે.
- જયારે કોઈ ખુદાનો હુકમ સંભળવાશે, તો ઝટ કહેશે, મારી અકકલમાં આ વાત આવતી નથી.
- મા–બાપની નાફરમાની વધી પડે. દીકરો બાપની નીંદા કરે, પોતાના બાપ ઉપર તોહમત મુકે, બાપના મરવાની રાહ જુએ, તેના મરણથી ખુશ થાય.
- કોઈ દિવસ ગુનાહ, (હરામ) વગર પસાર થાય, તો અફસોસ કરશે કે આજનો દિવસ ફોકટ ગયો.
- સદકો, ખૈરાત, સખાવત ભલામણથી કરવામાં આવે (ખુદાની ખુશી માટે અને કોઈની ભલામણ વગર ગરીબ હાજતમંદ જોઈને કોઈ નહિં આપે.)
- લોકોનું વલણ દુન્યા અને તેના વૈભવ, સુખ, દૌલત તરફ વઘુ રહે, અને તેઓને ઘણી દૌલત મળે. (લખપતી, તવંગરો અને નાણાની રેલછેલ ચાલે.)

જયારે આ સઘળી બાબતો થતી જુઓ, તો ખુદાની પનાહ માંગતા રહો, તેની સજા / અઝાબથી ડરતા રહો, અચાનક મૌત, સજા, બલાઓ ઉતરશે. (અલ્લાહ તારી પનાહ)

૧૮. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : બહુ નજીક છે કે મારી ઉમ્મત પાંચ બાબતો પસંદ કરશે અને પાંચ ભુલી જશે.

- દુન્યાની ઝિંદગી પસંદ કરશે અને આખેરતને ભુલી જશે.
- માલ દૌલત પસંદ કરશે અને કયામતનો હિસાબ ભુલી જશે.
- ઔરતો પસંદ કરશે અને બેહિશ્તની હુરો ભુલી જશે.
- ઉંચી હવેલીઓ પસંદ કરશે, કબરોને ભુલી જશે.
- પોતાને પસંદ કરશે, ખુદાને ભુલી જશે.

૧૯. હઝરત મોહમ્મદ હનફીય્યાહે પોતાના પિદરે બુઝુર્ગવાર અમીરૂલ મુઅમેનીન (અ.સ.)ને પુછયું : ઝુહુરે હઝરતે હુજ્જત કયારે થશે ?

હઝરતે ફરમાવ્યું : જયાં સુધી દુન્યા ઉપર દુઃખ, તકલીફ નહિં આવે, ભાઈ ભાઈ ઉપર સીતમ નહિં કરી ચુકે, કઝવીન ઈરાનમાંથી એક બેદીન રાજ કરી ઓરતોના માથા ઉપરથી પડદો અને ચાદર દૂર કરી બેપરદા નહિં બનાવે, જે કોઈ તે બાદશાહનો વિરોધ કરશે, તેને કતલ કરવામાં આવશે અને જે તેની તાબેદારી કરશે તે કાફર થશે, એ સઘળા બનાવો નહિં થાય, ત્યાં સુધી ઝુહુરે હઝરત હુજ્જત નહિ થાય.

૨૦. એક વખત કુફાની મસ્જિદમાં મિમ્બર ઉપર અમીરૂલ મુઅમેનીન હઝરત અલી (અ.સ.)એ ખુત્બામાં ફરમાવ્યું તેનો ટુંકસાર નીચે મુજબ છે :

હઝરતે ફરમાવ્યું : 'અના અબુલ કાએમુલ મહદી' હું હઝરત હુજ્જતે કાએમ મહદી (અ.સ.)નો બાપ છું. (હઝરત મહદી અ.સ. મારી અવલાદમાં છે.)

તે વખતે માલિકે અશતરે અરજ કરી : મૌલા ! હઝરત મહદી કયારે જાહેર થશે ?

હઝરતે ફરમાવ્યું : સાંભળો, જયારે હલાક થનારા હલાક થશે, ખરી હકીકત જાહેર થશે, લોકોની પીઠ ગુનાહોથી ભારે થશે. (હદ ઉપરાંત ગુનાહો છુટથી થશે) દુન્યાના કારભારમાં ખલલ પડશે. (ફીતના, ફસાદ, લડાઈ અને બલાથી અંધાધુંધી ફેલાઈ જશે) ખુદાના (શરીઅતના) એહકામો છુપાવવામાં આવશે. (બેદીનો દોલતમંદોની સતામણીની બીકના લીધે કોઈ પણ હક વાત નહિં કહી શકે) નેક, ભલી, ખાનદાની ઔરતો ઉપર સિતમ, ઝુલ્મ થશે. અવનવી બિદઅત કાઢવામાં આવશે (નવી રીતો, નવા રંગઢંગ શરીઅત વિરૂઘ્ધના થશે.) ખુરાસાન ખરાબ કરશે, કીલ્લાઓ તોડી પાડશે, દટાયેલો ખજાનો બહાર કાઢશે, ઈરાક ફતેહ કરશે. સખત ઝુલ્મ કરાશે, લોહી વરસાવશે. (ઘણી ખુનરેઝી થશે.)

તો પછી ઈમામ સાહેબુઝઝમાન હઝરત મહદી (અ.સ.)ના જાહેર થવાની રાહ જોતા રહો. તે પછી હઝરતે લોકો તરફ નજર કરી એક ઠંડો નિસાસો ભર્યો.

તે સ્થળે ખવારીજ (હઝરતના દુશ્મનો) નો સરદાર સુવેદ બીન નવફીલ (મલઉન જે ત્યાં હાજર હતો.) ઉભો થયો અને ટીકા કરતાં કટાક્ષમાં કહયું, જે તમો હમણાં બોલ્યા, શું તે બધું જોઈ ચુકયા ? હઝરતે તેના તરફ ગઝબની નજર કરી. તેણે મોટી રાડ પાડી. અને જમીન ઉપર પટકાઈ મરણ પામ્યો. તેના શરીરના ટુકડે ટુકડા થયા. મસ્જિદમાં હાજર થયેલા સઘળા મુસલમાનો આ બનાવ જોઈ બીકથી ધ્રુજવા લાગ્યા.

હઝરતે ફરમાવ્યું : શું મારા જેવાની મશ્કરી કરવામાં આવે અને મારા ઉપર ટીકા થાય ?

લોકો ઉભા થઈ હઝરતના કદમે મુબારક ઉપર બોસો આપી, કરગરીને માફી ચાહી અને ખુત્બો ચાલુ રાખવાને અરજ ગુજારી તેથી હઝરતે ખુત્બો ચાલુ રાખી, બીજી ઘણી નિશાનીઓનું વર્ણન કર્યું.

# ૧૯. કાદયાની (અહમદી) ફીરકો

પંજાબના કાદયાન ગામમાં ગુલામ અહમદ કાદયાનીએ લગભગ ૭૫ વરસ અગાઉ નબુવ્વત અને મહદીનો દાવો કર્યો, અને તે અહમદી કાદયાની ફીરકો હજી સુધી હિન્દુસ્તાનમાં છે. ગુલામ અહમદના મરણ પછી તેના બે જુદા જુદા કાદયાની અને મિરઝાઈ ટોળા થયા. મહદી હોવાના સેંકડો દાવેદારોમાં ગુલામ અહમદે વધારો કર્યો. તેની રદમાં શીઆ અને સુન્નત જમાઅતના આલિમોએ ઘણા પુસ્તકો લખ્યા, વાદ વિવાદો કર્યા અને તેની પોકળતા બલ્કે બેદીની જાહેર કરી આપી.

આએ પુસ્તકમાં કાદયાની વિષે લંબાણથી લખી શકયા નથી. માત્ર ઈમામે ઝમાના હઝરત મહદીની ઈમામત સાબિત કરવાના હેતુથી ટૂંકમાં કાદયાની ટોળાની પોકળ અને બનાવટી માન્યતા તેમજ ઉલમાના ફતવા વગેરે લખેલ છે.

ગુલામ અહમદ બિન ગુલામ મુરતઝા બિન અતા મોહમ્મદ કાદયાનમાં ૧૯૦૮ માં ૬૫ વરસની જીંદગી ભોગવી મરણ પામ્યો. તે જાતે મુગલ હતો અને તેની માતૃભુમિ સમરકંદ ઈરાન હતી. તેણે ઘણા દાવા કર્યા. તે પોતાને મુજદ્દીદે દીન, ધર્મ સુધારક, મસીહ અને મહદીએ મવઉદ કહેતો હતો. છેવટે તેણે નબુવ્વતનો દાવો કર્યો હતો. કાદયાની ફીરકો ઈસ્લામના ફીરકામાં ગણાતો નથી, કેમકે સઘળા મુસલમાનો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને 'ખત્મુલ મુરસલીન' છેલ્લા પયગંબર માને છે. મીરઝા સાહેબે ઈ.સન ૧૮૯૮ માં સુન્નત જમાતના આલિમોને સવાલ લખી જવાબ માંગેલ તે સવાલ જવાબ લખીએ છીએ. જેથી ઈમામે ઝમાન હઝરત મહદી (અ.સ.)ની ઈમામત, ગયબત, ઝુહુર સાબિત થાય છે. છતાં પોતે મીરઝા સાહેબે મહદી, ઈસા, કૃષ્ણ અને નબીનો દાવો કરવાની હિમ્મત કરી.

લાહોરમાં જનાબ મુનશી મોહમ્મદ અબદલ્લા સાહેબે પોતાના 'શહાદતે કુરઆની' નામના રિસાલામાં મીરઝા ગુલામ અહમદ કાદયાનીનો સવાલ અને સુન્નત જમાઅતના ઉલમાનો જવાબ લખેલ છે.

સવાલ : હું સવાલ કરૂં કે સુન્નત જમાઅત હદીસોની રૂએ ખાત્રી પૂર્વક એઅતેકાદ રાખે છે કે આખર ઝમાનામાં જનાબે ફાતેમા (સ.અ.)ની અવલાદમાંથી એક શખ્સ જાહેર થશે, જેને 'મહદી' કહેવામાં આવે છે, તે જાહેર તેમજ બાતિનની રૂએ બરહક ખલીફા હશે.

તમામ સુન્નત જમાતની એ માન્યતા હોવા છતાં, તેઓમાંથી કોઈ કહે કે એવો એઅતેકાદ ખોટો, બેહુદો અને ગુમરાહી છે, તો એવા શખ્સ માટે શું હુકમ છે ? તેને સુન્નત જમાતમાં ગણવો કે નહિં ? તેને જુઠો, તમામ ઈસ્લામીઓથી વેગળો થનારો, દજ્જાલ અને મુલહીદ (બેદીન) કહી શકાય કે કેમ ? આનો જવાબ દીનના આલિમોએ અને શરાના મુફતીઓએ આપવો જોઈએ.

તારીખ ૨૯ ડીસેમ્બર, ઈ.સ.૧૮૯૮, ઈસ્લામી તારીખ ૧૫ મી શાબાન, હીજરી સન ૧૩૧૬, સવાલ કરનાર મીરઝા ગુલામ અહમદ.

જવાબ : તમામ સુન્નત જમાતનો એઅતેકાદ છે અને સઘળા એકમત છે કે આખર ઝમાનામાં જનાબે ફાતેમા (સ.અ.)ની અવલાદમાંથી હઝરત મહદી (અ.સ.) જાહેર થશે, અને તેઓ આખી દુન્યા ઉપર દીને ઈસ્લામ ફેલાવશે અને જાહેરી તથા બાતેની (દીન દુન્યાની) ખિલાફત–બાદશાહત કરશે. તો જે શખ્સ આ એઅતેકાદ ન રાખે, તો ખુદાએ કુરઆનમાં ફરમાવેલી આયત : 'વ મંય્ યોશાકિકિ ર્રસૂલ...' અર્થ 'જે ખુદા અને તેના રસુલની વિરૂઘ્ધતા કરશે તે દોજખી છે.'

તે (આયત) મુજબ સજાને પાત્ર થશે. તેમાં કશો શક નથી કે તે ગુમરાહ થયો, બલ્કે સખત ગુમરાહીમાં પડયો.

સહી : અબ્દુલ હક ગઝનવી. સુન્નત જમાતના આલિમ. અને તે પછી ૧૯ ઉલમાએ તેનો જવાબ લખેલ છે જેમાંથી કેટલાકોએ ચોકખુ લખ્યું છે કે એવો એઅતેકાદ રાખનાર જહન્નમી છે.

આ સવાલ જવાબ ઉપર લાહોરના શીઆ મુજતહેદ જનાબ મોલવી સય્યદઅલી હાઈરીએ લખ્યું કે, સુન્નત જમાઅતના ઉલમાએ જે લખ્યું છે તે બરાબર છે. એવો (ખોટો) એઅતેકાદ રાખનાર કાફર, ગુમરાહ અને બેદીન છે. તેમાં કોઈ શક નથી.

પ્રથમ મીરઝા ગુલામ અહમદ એહલે સુન્નત જમાઅતમાં હતા. અને હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ને છેલ્લા પયગંબર માનતા હતા. હઝરત ઈસા (અ.સ.) આસમાન ઉપર જીવતા હોવાની તમામ મુસલમાનોની માન્યતા મુજબ મીરઝા સાહેબ માનતા હતા. અને પોતાની કિતાબ 'બરાહીને અહમદીયા'માં મહદીનો દાવો કર્યા પછી પણ લખ્યું છે. એ વિષે લંબાણથી લખવાની જરૂરત ન હોવાથી ફકત મીરઝા સાહેબે, ઈસ્લામ, કુરઆન, ઈસ્લામની માન્યતા અને ઈમામો વિષે જે ગલીચ વાણી કાઢી લખી છપાવ્યું છે, તેનો ટૂંક સાર અને તેની ભવિષ્ય વાણી જે સાવ ખોટી પડી તે લખીએ છીએ. જેથી ખાત્રી થશે કે તેમનો મહદી હોવાનો દાવો ખરો ન હોઈ શકે.

<u>મીરઝા ગુલામ અહમદની માન્યતાઓ</u>

૧. મીરઝા સાહેબે મહદી થયા પછી એક કિતાબ 'બરાહીને એહમદીયા' લખી છપાવી, તેમાં પેજ : ૪૯૮ ના હાશીયામાં લખે છે 'આ આયત હઝરત ઈસા માટે છે, તેઓ આ દુન્યામાં બીજી વખત આવશે.'

વળી મીરઝાના દીકરા અને ખલીફા મીરઝા મહમુદે ૨૭ મી જૂન, ઈ.સ.૧૯૧૬ ના 'અફઝલ ઉરદુ માસિક'માં લખ્યું છે કે, (તરજુમો) પાછલી સદીઓમાં દુન્યાના સઘળા મુસલમાનોનું ઈમાન એજ હતું કે હઝરત ઈસા જીવતા છે અને મોટા મોટા બુઝુર્ગો પણ એજ અકીદો રાખતા હતા કે હઝરત ઈસા જીવતા છે. એટલું જ નહી પણ હઝરત મસીહ (એટલે કે) લેખકના બાપ મુરઝા ગુલામ અહમદ 'મહદી' ગયા તેઓ પણ એમજ માનતા હતા કે

હઝરત ઈસા જીવંત છે. એટલે સુધી કે તેઓ 'મહદી' થયા પછી દસ વરસ સુધી એજ માન્યતા ઉપર કાયમ રહયા કે હઝરત ઈસા હયાત છે અને આસમાન ઉપર છે.

૧૩૦૦ વરસોથી સઘળા ઈસ્લામીઓ બલ્કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.), ઈમામો, ખુલફા, ઉલમાની એજ માન્યતા છે કે હઝરત ઈસા જીવતા છે. મીરઝા કાદયાનીના 'મહદી' બન્યા પછી દસ વરસો સુધી એજ માન્યતા હતી, પણ તે પછી તેમને થયેલી પ્રેરણા (વહય) થકી જણાવ્યું કે હઝરત ઈસા મરણ પામ્યા અને હવે તે પોતે ઈસા (અવતાર ?) છે. ખુદાએ તેમને ફરમાવ્યું : 'આગલા ઈસા વફાત પામ્યા છે, કદી આવનાર નથી, અને ઈસા જે મરયમના દીકરા આવનાર છે તે તુંજ છો.'

૧. મીરઝા સાહેબ આલિમ હતા, કુરઆન અને હદીસો જાણતા હતા અને ૧૩૦૦ વરસોથી ઈસ્લામીઓની એ પ્રચલિત માન્યતા અને પોતાની વરસોની એજ માન્યતા હોવા છતાં ૧૩૦૦ વરસો પછી કુરઆન અને હદીસોની વિરૂઘ્ધતા કોઈપણ આઘાર વગર માત્ર પોતાના શેતાની વસવસાથી હઝરત ઈસાને જીવતા હોવાની માન્યતા ઘરાવનારને કાફિર મુશરીક કહેવું એ અકકલથી વિરૂઘ્ધ અને પોતાની પોકળતા હોવાની સાબિતી છે.

૨. મીરઝા સાહેબ 'બદર' પેપર (છાપા) માં ૦૫–૦૩–૧૯૦૯ ના અંકના લેખમાં લખે છે 'હમારા દઅવા હૈ કે હમ 'રસૂલ' ઔર 'નબી' હય, ખુદા તઆલા જીસકે સાથ અયસા મુકાલિમા ઔર મુખાતબા કરે, જો બલેહાઝ કુમ્મીય્યત વ કયફીય્યત દુસરોંસે બઢહકર હોફ ઔર ઉસમેં બહોત પેશીનગોઈયાં ભી કસરતસે હોં. ઔર યેહ તઅરીફ હમપર સીદક આતી હય.'

૩. લાહોરમાં ઈસ્લામીય્યહ સ્ટીમ પ્રેસમાં 'શહાદતે કુરઆની અલા કિઝબે ક્રિષ્ણ કાદયાની'માં નીચે મુજબ મીરઝાના વિચિત્ર ખ્યાલોનો ગુજરાતી તરજુમો ટૂંકમાં લખીએ છીએ :

- મીરઝા સાહેબ પોતાની 'ઈઝાલએ અવહામ'ના પેજ : ૬૮૯ માં લખે છે : હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ઈલહામ (વહય) બયાન કરતા હતા તે પણ ગલત (ખોટા) નીકળતા હતા.' (મઆઝલ્લાહ)
- 'બરાહીને અહમદીયા', પેજ : ૫૫૬ માં લખે છે : 'હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને ખુદાએ મારા તાબામાં કર્યા છે. તેઓ થકી મને ઈલહામ કરે છે.' (મઆઝલ્લાહ)
- 'ઈઝાલા' બુકના પેજ : ૨૫ માં લખે છે : 'ખુદાએ કુરઆન તો મોકલ્યું, પણ તેમાં કેટલીક આયતોમાં સભ્યતાથી ઉલ્ટી બાબતો છે, જે સાંભળે તો સમજી શકે તે કેવા ખરાબ કલામ છે. તેમાં ખુદાએ કાફરો ઉપર લાનત કરી છે. વલીદ બિન મુગેરા માટે ન છાજતા અને ગંદી ગાળોના શબ્દો વાપર્યા છે.'
- 'અંજામે અથમ' ના પેજ ૫૧ માં લખે છે 'કશલીયાં (રાજા રામચંદ્રના માતાજી) કરતાં મરયમ અને તેનો દીકરો ઈસા વધે તેમ નથી.'

- 'અંજામે આથમ' પેજ : ૮૦ માં લખે છે : 'હઝરત ઈસા આવશે એમ મુસલમાનો કહે છે, પણ ખુદાએ મને ખબર આપી કે તે તો મરી ગયા, અને ઈસા તો હું પોતે જ છું.'
- 'ઈઝાલએ અવહામ'ના પેજ : ૬૯૧ માં લખે છે : 'ઈસા બિન મરયમ હું પોતે જ છું અને દજ્જાલ તે ખ્રિસ્તીઓ છે અને દજ્જાલનો ગધેડો તે રેલ્વે છે.'
- 'અલ હકમ' માસિકના પુસ્તક : ૪, તારીખ : ૧૭–૦૬–૧૯૦૦ ના અંકમાં લખે છે : 'તમારામાં એક જીવતો અલી તો હું પોતેજ છું, છતાં તમો મુડદા અલીને માનો છો.' (મઆઝલ્લાહ)
- 'આઈનએ કમાલાતે ઈસ્લામ' પેજ : ૫૬૪–૬૫ માં લખે છે : મેં મારા કશફમાં જોયું કે હું પોતે જ ખુદા છું, અલ્લાહની રૂહે મને ઘેરી લઈને પોતામાં સમાવી દીધો. શું કહું ખુદા મારામાં દાખલ થયો, ત્યારે જમીન આસમાનને મેં પયદા કર્યા.' (મઆઝલ્લાહ)
- ઈમામ હુસૈન (અ.સ.)ના બારામાં (ગુસ્તાખી કરતા) લખે છે કે, 'એવા હજારો હુસયન મારા ખીસામાં છે.' (મઆઝલ્લાહ)

<u>મીરઝા કાદયાની સાહેબની ખોટી પડેલી વાણી</u>

મીરઝા સાહેબે 'ઈલહામાતે મીરઝા' છપાવી ઘણી ભવિષ્ય વાણી લખી છે, જે મોટા ભાગે ખોટી ઠરી. તેમાંથી ટુંકમાં ખોટી ઠરેલી ભવિષ્ય વાણી લખીએ છીએ :

૧. મારી સચ્ચાઈ માટે ભવિષ્ય વાણી કહું છું કે ખુદાએ મને ખબર આપી છે કે, મીરઝા અહમદ બેગની મોટી દીકરી સાથે મારી શાદી થશે. જે વાત ખરી પડવાથી ઘણાં બેદીનો ઈસ્લામમાં દાખલ થશે અને ગુમરાહો હિદાયત પામશે. (મજકુર અહમદ બેગ મીરઝા સાહેબના મામના દીકરા હતા.)

પછી શાદીની માંગણી કરી તે સાથે ધમકીઓ આપી કે, જો શાદી નહીં કરી આપીશ, તો છોકરીનો અંજામ બહુ ખરાબ થશે. અને તે છોકરીની શાદી બીજે ઠેકાણે કરીશ તો અઢી વરસમાં તેણીનો ઘણી મરણ પામશે. અને ત્રણ વરસમાં છોકરીનો બાપ મરણ પામશે. તે સાથે તેના ઘર ઉપર મોટી આફત આવશે, વગેરે ઘણી ધમકીઓ આપી, છતાં અહમદ બેગે તેની કશી પરવા કરી નહીં અને પોતાની દીકરીની શાદી બીજા સાથે કરી આપી.

મીરઝા સાહેબે પોતાની ભવિષ્યવાણી ખોટી પડેલી જોઈને બીજી ભવિષ્યવાણી કરી કે, અલ્લાહે મને જણાવ્યું છે કે છેવટે તે છોકરી તને મળશે. ખુદાની વાતને કોઈ ટાળી નહી શકે, જેથી તારા દુશ્મનો જે હાલ મશ્કરી કરે છે તેઓ શરમીંદા થશે અને તારા વખાણ કરશે. વગેરે.

લી. ખાકસાર ગુલામ અહમદ કાદયાની, જીલ્લો : ગોરદાસપુર, તારીખ : ૧૦ જુલાઈ, ઈ.સ. ૧૮૮૮

એ સંબંધી બીજી ઘણી ભવિષ્યવાણી પ્રગટ કરતા રહયા, અને છેવટે કિતાબે 'શહાદતુલ કુરઆન' પેજ : ૪ માં છાપ્યું કે અહમદ બેગ તથા તેનો જમાઈ ૨૧ ઓગષ્ટ, ઈ.સ. ૧૮૯૪ પછી દુન્યામાં જીવતા નહિ રહેવા પામે.

મીરઝા સાહેબ તે છોકરીના બારામાં વીસ વીસ વરસ સુધી ખુબ ધમકીઓના ઈલ્હામો આપતા રહયા. છેવટે ઈ.સ. ૧૯૦૮ માં મીરઝા સાહેબ પોતે મરણ પામ્યા. અને તે છોકરી તેને મળી નહી. એટલું જ નહી પણ મીરઝા સાહેબ મરણ પામ્યા તે વખતે તે છોકરી અને તેણીનો ધણી અને બાપ સઘળા ચંગાભલા જીવતા રહયા.

૨. બીજી ભવિષ્યવાણી 'જંગે મુકદ્દસ'ના રિસાલામાં લખ્યું કે, 'આથહમ શખ્સ' પંદર મહીનામાં મરીને હાવીયા (જહન્નમ) માં નહિ જાય, તો હું દરેક જાતની સજા ભોગવવા તૈયાર છું. મને બેઈઝઝત ઝલીલ કરી, મારા ગળામાં દોરી બાંધી, મારૂં મોઢું કાળું કરી અને શયતાનોથી વઘુ મારા ઉપર લાનતો કરવી.' પરંતુ તે મુદ્દત પસાર થઈ અને આથહમ પાદરી મરણ પામ્યો નહી.

૩. મીરઝા સાહેબ 'દાફેઉલ બલા' નામના રિસાલામાં છાપ્યું કે, 'કાદયાનમાં પ્લેગ દાખલ નહિ થશે, કેમકે ખુદાનો રસુલ મીરઝા કાદયાનમાં રહે છે.' પરંતુ ટુંક સમયમાં કાદયાનમાં જોરશોરથી પ્લેગ દાખલ થયો અને હજારો માણસો મરણ પામ્યા. જેમાં મીરઝાના મુરીદો પણ ઘણા મરણ પામ્યા.

૪. મીરઝા સાહેબે ૧૫ મી એપ્રિલ, ઈ.સ. ૧૯૦૭ માં લંબાણથી પત્રિકા છાપી જણાવ્યું કે, મારી સચ્ચાઈ માટે જાહેર કરૂં છું કે જો હું હક ઉપર હોઈશ તો મારી હયાતીમાં મીરઝા સેનાઉલ્લાહ (અમૃતસરી) ઉપર ખુદાનો ગઝબ ઉતરશે. અને તે પ્લેગ વગેરેને કોઈ બલામાં મરણ પામશે. તે થકી મારી સચ્ચાઈ ખુદા જાહેર કરશે. પરંતુ મીરઝા સાહેબ પોતે ૧૨ મહીનાના ટુંક સમયમાં ૧૯૦૮ ની ૨૬ મી એપ્રિલના મરણ પામ્યા. જયારે કે મોલ્વી સનાઉલ્લાહ ચંગાભલા જીવતા રહયા, એટલું જ નહિં પણ બીમાર ન થયા.

મીરઝા સાહેબની એવી અનેક ભવિષ્યવાણી ગપના ગોળા માફક ખોટી પડી, જે સ્થળ સંકોચના કારણે લખી નથી.

<u>મિરઝા કાદયાની ખુદા, ખુદાની ઓરત અને ખુદાનો દિકરો (મઆઝઅલ્લાહ)</u>

૧. બાબુ ઈલાહી બક્ષ ચાહતા હય કે તેરા હયઝ (ઓરતોની માસિક બીમારીનું લોહી) દેખે યા કિસી પલીદી ઔર નાપાકી પર ઈત્તીલાઅ પાએ. મગર ખુદાએ તઆલા તુજે અપની ઈત્તીલાઆત દીખાયગા. જો મુતવાતીર હોંગે. ઔર તુજમેં હયઝ નહિ બલ્કે બચ્ચા (બાળક) હો ગયા હે જો બમન્ઝીલએ અત્ફાલ અલ્લાહ કે હંય. (હકીકતુલ વહ્ય, પેજ : ૧૪૩ અને અરબાઈન, પેજ : ૧૨)

૨. મીરઝા સાહેબના એક મુરીદેખાસ, કાઝી, યારમહમદ સાહેબ બી.એ.એલ. લીડર પોતાના એક ટ્રેકટ નંબર ૨૪, 'ઈસ્લામી કુરબાની' (રીયાઝ હિંદ પ્રેસ, અમૃતસર) માં લખે છે :

'જયસા કે એક મવકા પર હઝરતે મસીહ મવઉદને અપની યેહ હાલત ઝાહેર ફરમાઈ કે કશફકી હાલત આપ પર ઈસ તરહ તારી હુઈ કે ગોયા આપ ઔરત હય. અલ્લાહ તઆલાને રૂજુલીય્યત કી તાકતકા ઈઝહાર ફરમાયા.' (સાર : મીરઝા સાહેબે કશફમાં જોયું કે તે પોતે ઔરત છે. અને ખુદાએ (મઆઝલ્લાહ) તેના ઉપર અથવા તેની સાથે મરદાનગીની કુવ્વત જાહેર કરી. (ઔરત ઉપર કોઈ મરદ પોતાની મરદાનગીની તાકતનો દેખાવ કેવી રીતે કરે છે તે સહેલાઈથી હરકોઈ સમજી શકે છે.)

૩. મરયમકી તરફ ઈસાકી રૂહ મુજમે નફખ કી ગઈ (ફુંકવામાં આવી) ઔર ઈસતઆરા કે રંગમેં મુજે હામેલા (ગર્ભવતી) ઠેહરાયા ગયા. ઔર આખર કંઈ મહીનોંકે બાઅદ જો દસ મહીનોસે ઝીયાદા નહી બઝરીએ ઈસ ઈલહામ કે મુજે મરયમસે ઈસા બનાયા ગયા. (કીશ્તીએ નુહ, પેજ : ૪૭)

૪. 'અનતા, મિન માઈના' અય મીરઝા ! તું હમારે પાની (નુત્ફા) સે હંય ઔર દુસરે લોગ ખુશ્કીસે હંય.' (કિતાબ અરબઈન, બીજી આવૃતિ, પેજ : ૩૯)

૫. 'ફીર મરયમકો, મુરાદ ઈસ આજીઝસે દરદે ઝહ (સુરની તકલીફ) દરખ્તે ખજુરકી તરફ લે આઈ.' (કીશ્તીએ નુહ, પેજ : ૪૭)

૬. 'નુઝુલે વહ્‌ય કે વકત વોહ ખાલિક મુજે યું મુખાતિબ કરતા હય : 'ઈસ્મઅ્ વલદી' 'અય મેરે બેટે સુન' (અય મારા પુત્ર, સાંભળ) (હકીકતુલ વહ્‌ય, પેજ : ૭૯ અને અરબઈન, પેજ : ૨૨)

૭. 'વરઅતની નફસી ફીલ મનામ અનલ્લાહ, વ તયકકન્તુ ઈન્ની હુવ' મયને ખાબમેં દેખા કે હુબહુ અલ્લાહ હું, ઔર યકીન કીયા કે વાકેઅન વોહી હું. (મને ખાત્રી થઈ હું એજ (ખુદા) છું.) (કમાલાતે ઈસ્લામ, પેજ : ૬૪)

૮. 'અન્ત મિન્ની વ અના મિન્ક' ફરમાતા હય : અય મીરઝા ! તુ મુજસે હય ઔર મંય તુજસે હું. (હકીકતુલ વહ્‌ય, પેજ : ૭૪)

મીરઝા સાહેબને ઓરત – મરયમ – થઈ હમલ રહયું, ખુદાની ઔરત થયા, પછી પોતે ખુદાના દીકરા, ખુદાના બાપ અને છેવટે ખુદા થયા. અકકલ હૈરાન છે કે શું સમજવું ?!!

# ૨૦. બાબી, અઝલી અને બહાઈ (નવા ફૂટી નીકળેલા ફીરકા)

જેવી રીતે પંજાબમાં કાદયાની મીરઝાએ નબી, મહદી વિગેરેનો દાવો કર્યો, તેવી રીતે ઈરાનમાં લગભગ એકસો વરસ પુર્વે બાબી, અઝલી અને બહાઈના નામથી નવા પંથો ફુટયા. પંજાબ અને ઈરાનના એ નવા પંથોમાં માનનારા વેરવિખેર ઈરાન અને હિંદુસ્તાન વગેરે મુલકોમાં બાકી રહયા છે.

આએ નાનકડા રિસાલામાં બાબી, અઝલી અને બહાઈ પંથનું વૃતાંત અને રદ લખી નહી શકાય, તેથી ટુંકમાં તેનો ઈતિહાસ અને પોકળતાનું વર્ણન કરીશું.

'બાબી' પંથનો સ્થાપક મીરઝા અલી મોહમ્મદ મીરઝા રઝા શીરાઝી હતો. તેના બાબી મઝહબમાંથી ' અઝલી' અને 'બહાઈ' પંથ ફુટી નિકળ્યા. મીરઝા અલીમોહમ્મદ બાબે મીરઝા યહ્યા સુબ્હે અઝલ અને તેના ભાઈ મીરઝા હુસેનઅલી બહા (એ બંને ભાઈઓ)ની બીશારત આપી. તેઓ 'બાબ'ને પયગમ્બર અને બીશારત આપનાર કહે છે.

'બહાઈ' લોકોમાં બાબને કાયમે આલે મુહમ્મદ, અને મીરઝા હુસેનઅલી (બહા)ને 'મસીહે મવઊદે સાની' કહે છે.

મીરઝા અલી મોહમ્મદ બાબના મરણ પછી 'બાબી' લોકો મીરઝા યહયા સુબ્હે અઝલ અને મીરઝા હુસેનઅલી બહાને માન્ય ન રાખ્યા, બલ્કે તેઓને જુઠા ઠરાવ્યા. મીરઝા યહયાએ કહયું કે, બાબે મારા જાહેર થવાની ખબર આપી છે. મીરઝા હુસેનઅલી બહા પ્રથમ પોતાના ભાઈ યહયાની તાબેદારીમાં અને પોતાના ભાઈના તરફથી ઘર્મપ્રચાર (તબ્લીગ) કરતા હતા, પરંતુ તે પછી પોતાના ભાઈથી ફરી જઈ તેને જુઠો, ખોટો દાવો કરનાર જાહેર કરી પોતાના બહાઈ પંથનો પ્રચાર કરવા લાગ્યા.

આ બંને ભાઈઓની એક બીજાની વિરૂઘ્ધતાના કારણે આપસમાં ઘણી ખુનરેજી થઈ. મીરઝા યહયાના ચેલાઓ 'અઝલી' તરીકે ઓળખાયા અને મીરઝા હુસેનઅલીને માનનાર 'બહાઈ'ના નામથી ઓળખાતા થયાં.

વર્તમાન કાળમાં બહાઈ પંથના મિશનરીઓ એશીયા, યુરોપ અને આફ્રિકામાં ફેલાઈ ગયા છે. બહાઈ પંથના સ્થાપક મીરઝા હુસેનઅલીએ ત્રણ ત્રણ વખત ઘર્મ પલટો કર્યો પછી પોતાનો ઈલ્હામી પંથ હોવાનો દાવો કેમ કરી શકે !! તે પ્રથમ શીઆ ઈસ્નાઅશરી મઝહબમાંથી હતો. પછી બાબી પંથમાં દાખલ થયા. ત્યાર બાદ પોતાના ભાઈ મીરઝા યહયાના અઝલી પંથના પ્રચારક બન્યા. અને છેવટે પોતે બહાઈ પંથના સ્થાપક બની પોતાને 'મહદીએ મવઉદ' જાહેર કરી, 'મહદી' હોવાનો દાવો કર્યો. જે માત્ર બાબી પંથની શાખા કહી શકાય.

'બાબી' પંથના સ્થાપકની ઈલ્હામી કિતાબ 'અલ બયાન' વગેરેના આઘારે બાબીઓની નવી શરીઅતનો ટુંકસાર લખવામાં આવે છે, જે ઈસ્લામી શરીઅત અને કુરઆન – હદીસોથી બિલ્કુલ વિમુખ અને વિરૂઘ્ઘ સિઘ્ઘ થશે:

૧. નમાઝે જમાઅત હરામ છે.

૨. દૈનિક પાંચ નમાઝોની ૧૭ રકાતોના બદલે ૯ રકાતો રાખી છે, તે સાથે નમાઝના અરકાનમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે.

૩. માહે મુબારકના રોઝા હરામ ઠરાવી તેના બદલામાં બુર્જે હમલથી પેહલે (માર્ચની શરૂઆતમાં) ૧૯ રોઝા રાખ્યા છે. (અસ્રારૂલ અકાઈદ, પેજ : ૮૩)

૪. ગુસ્લે જનાબત જરૂરી નથી.

૫. જણેતી માં સિવાય કોઈ પણ ઓરત હલાલ છે.

મુળ અસલ બાબી પંથના સ્થાપક મીરઝા મોહમ્મદઅલી બાબ 'શીઆ ઈસ્નાઅશરી' મઝહબમાં હતો. ઈરાક, નજફમાં તાલિબે ઈલ્મ હતો. પછી ઈરાન આવીને પ્રથમ તપાસ કરવા લાગ્યા. ઉઘાડા માથે સુર્યની સામે લાંબો વખત સુધી ઉભા રહેતો હતો, તેથી ભેજું સુકાઈ જવાથી ચકભ્રમ થયો અને પ્રકાર પ્રકારના જુઠા દાવા કરવા લાગ્યો.

ઈ.સ. ૧૮૪૪ માં મીરઝા અલી મોહમ્મદે જાહેરમાં પોતાના નવા પંથનો પ્રચાર શરૂ કર્યો. પોતાને બાબુલ્લાહ, શજરએ તુર, મહદીએ મવઉદ કહેવા લાગ્યો, અને છેવટે પોતાની નબુવ્વત જાહેર કરી નબી થયો.

શીરાઝના શીઆ ઉલમા સાથેના વિવાદમાં ખુલ્લી રીતે ઉલમાને કહયું : 'મારા કલામ તમારા કુરઆનથી વધું છટાદાર અને બેહતર છે. મારો પંથ તમારા પયગંબરના (ઈસ્લામ) મઝહબને બાતિલ કરનાર પંથ છે. તમે સઘળાં તમારી જીંદગીની ચિંતા કરો. હું સઘળા મારા વિરોધીઓનું ખુન રેડીશ.'

તેણે પોતાના ચેલાઓને અઝાનમાં, 'અશહદો અન્ન અલી મોહમ્મદ બકિયતુલ્લાહ, અશહદો અન્ન અલી મોહમ્મદ બાબુલ્લાહ' વધારવાનો હુકમ કર્યો હતો.

'બાબી' પંથના મુખ્ય સહાયકો અને પ્રચારકોમાં 'કુર્રતુલ અયૂન' એક આલિમની દીકરી, અને એક બીજા આલિમની પરણેતર હતી. તે ઓરત ચાલાક અને ઈલ્મ હાસલ કરેલી તેમજ છટાદાર વક્તા અને બાબી પંથની મુખ્ય અને મશહુર પ્રચારક હતી. તેણીનું અસલ નામ 'ઝર્રીન તાજ' હતું. ઈલ્મ, સમજશક્તિ અને છટાદાર વક્તા હોવાની સાથે તે એક અતિ રૂપસુંદરી હતી. પોતાના આલિમ શૌહર સાથે અણબનાવ થવાથી, માત્ર પોતાના ધણીથી વેર વસુલ કરવાના હેતુથી 'બાબી' પંથમાં દાખલ થઈ અને પોતાના ચેહરા ઉપરનો નિકાબ ઉલટ પલટ કરી, બાબી પંથના ચેલાઓની સામે પોતાની જવાની અને ખુબસુરતીનું પ્રદર્શન કરવાનું ચુકતી ન હતી.

એક વખત લોકોની ઠઠ મેદની સામે કુર્રતુલ અયન બાબી પંથના પ્રચારક મિમ્બર પર ચડી અને પ્રથમ પોતાના ચેહરા ઉપરથી ઓઢણી હટાવી ફડફડાટ ગર્જના કરતી બોલી :

'મિત્રો અને વિરોધીઓ ! બાબના જાહેર થવાથી શરીઅતે મોહમ્મદી (ઈસ્લામ) રદ થઈ ચુકી. હવે તમારા માટે નમાઝ, રોઝા, ઝકાત વગેરે સઘળાં એહકામ નિરૂપયોગી, અર્થ વગરના થયા. યાદ રાખો હઝરતે બાબ તાત્કાલિક આખુ જગત સર કરશે, દુન્યામાં 'બાબી' પંથ સિવાય બીજો કોઈ મઝહબ નહિં રહે. આપણી ફરજ છે કે આપણી સંખ્યામાં ખુબ વધારો કરીએ.

પરદો જે તમારી અને તમારી ઓરતો વચ્ચે જુદાઈ કરાવે છે, તે હટાવી દુર ફેંકી દીઓ. યાદ રાખો, ઔરત જગતના બગીચાનું સુગંધી ફુલ છે, તે ફુલ તમે ચુંટી લીઓ. તેથી મગન રહો. ફુલ ચુંટી લેવામાં આવે છે અને તે ભેટ તરીકે મિત્રોને આપવામાં આવે છે. ધન એકઠું કરવું એ તમામ ખરાબીઓનું મુળ છે. તમારી સ્ત્રીઓને તમારા મિત્રોને અર્પણ કરતા અચકાવું ન જોઈએ, કેમકે (બાબી પંથમાં) તે સંબંધી સઘળા અટકાવ દુર કરવામાં આવ્યા છે. (દરેક પ્રકારની છુટ આપવામાં આવી છે.) દુન્યાની દરેક પ્રકારની લીઝઝત ખુબ લેતા રહો, કેમ કે મરણ પછી કશુંએ નથી.'

ઉપર મુજબના ટુંકા ખુલાસાથી 'બાબી' પંથની પોકળતા અને બેદીનીની ખાત્રી થાય છે. તેથી વિશેષ સ્થળ સંકોચનાં કારણથી લખી શકતા નથી.

## બહાઈ

'બાબી' પંથમાંથી ફુટી નિકળેલ બહાઈ પંથના યોજક હુસેનઅલી, લકબ 'બહાઉલ્લાહ', માઝીન્દરાન (ઈરાન) ના રહીશ હતા. તેણે ઈ.સ.૧૮૫૩ માં 'બાબીય્યત'નું સ્વરૂપ બદલી 'બહાઈ' પંથની સ્થાપના કરી. તે થકી ઈરાનમાં ઘણી ખુનામરકી થઈ. છેવટે ઈરાનના શાહ નાસીરૂદ્દીન શાહના હુકમથી તેને કેદમાં પુરવામાં આવ્યો. અને ઈ.સ.૧૮૯૮ માં કેદખાનામાં મરણ પામ્યો. તેના મરણ વખતે તેનો દીકરો અબ્બાસ અફંદી પેલેસ્ટાઈનના અકકા શહેરમાં તેનો જાનશીન થયો, અને વર્તમાન કાળમાં 'બહાઉલ્લાહ'નો નવાસો શવકી અફંદીએ 'બહાઈ' કોમની સરદારી લીધી છે.

પ્રોફેસર બ્રાઉન લખે છે કે, 'બહાઈય્યત' એ 'બાબીય્યત'ની એક નવી શીકલ છે. 'બાબી' લોકો અલી મોહમ્મદ (બાબ)ને જેવી રીતે મહાપુરૂષ માને છે. એજ મુજબ 'બહાઈ' લોકો મીરઝા હુસેનઅલી બહાઉદ્દીનને સર્વશ્રેષ્ઠ માને છે.

'બહાઈ'ની માન્યતા એ છે કે અલી મોહમ્મદ બાબ ખુદાના ઝુહુરે કામિલની બિશારત આપવા આવ્યા અને તે બિશારત 'બહાઉલ્લાહ' થકી પૂરી થઈ. કેમકે મીરઝા હુસેનઅલી બહાઉદદીન અલ્લાહની પવિત્ર ઝાતનું સ્વરૂપ બલ્કે ખુદાની ઝાત છે. જે પોતે બહાઉલ્લાહના કેદીની હાલતમાં ઉચ્ચારેલા શબ્દો થકી સિધ્ધ થાય છે. તેણે કેદીની હાલતમાં કહયું : લા ઈલાહ ઈલ્લા અનલ મસ્જુનુલ મઝ્લુમ' 'મુજ કેદી અને મઝલુમ સિવાય કોઈ મઅબુદ નથી.'

(મઆઝઅલ્લાહ) અલ્લાહ અને મઅબુદ, કેદી અને મઝલુમ હોય તો તેની સઘળી રચના માટે શું સમજવું ? અને એ પંથને ઈસ્લામ સાથે શો સંબંઘ હોઈ શકે ?

'બહાઈ'ની કિતાબ પ્રથમ 'અયકાન' અને ખુદાઈનો દાવો કર્યા પછી કિતાબે 'અક્દસ' પેશ કરી, જેને તેઓ સઘળી આસમાની કિતાબોને બાતલ કરનાર સમજી રહયા છે. મજકુર કિતાબે 'અકદસ'માં છે કે 'હુર્રિમત અલયકુમ અઝવાજુ આબાઅકુમ, ઈન્ના નસ્તહયી અન નઝકુરૂ હુક્મુલ ગિલમાન' (અર્થ) 'ફકત તમારી માઓ તમારા પર હરામ છે, અને ગીલમાન (ગબરૂ જવાન છોકરાઓ)ના હુકમના બારામાં સ્પષ્ટ કરવાને શરમના લીઘે અચકાઈએ છીએ.' સાર : મા સિવાય સઘળી ઓરતો બહેન–દીકરી વગેરે હલાલ છે અને સાથે સૃષ્ટિ વિરૂઘ્ઘના કોમે લુતના કાર્યને પણ હલાલ જણાવેલ છે.

'બાબી' અને 'બહાઈ'ના ફસાદ થકી ઈરાનમાં ઘણી ખુનરેજી થઈ. ઉલમા, વઝીરો અને છેવટે ઈરાનના શાહ નાસિરૂદદીન શાહનું ખુન થયું. છતાં ઈરાનમાં જે 'બાબી' અને 'બહાઈ' લોકો નજરે પડે છે, તેમાં મોટો ભાગ હમદાન, કાશાન અને યઝદના યહુદીઓ હોય છે, જેઓ 'બાબી' – 'બહાઈ' પંથમાં દાખલ થયા હતા, તેમજ ઈરાન અને હિંદુસ્તાનના પારસીઓ એ પંથમાં વઘુ જોવા મળે છે. મુસલમાનોમાંથી ઘણાં થોડાં લોકો તે પંથમાં દાખલ થયા હશે.

'બહાઈ' પંથના મુખ્ય મુબલ્લીગ (ઘર્મપ્રચારક) મીરઝા હસન નીકુ, જે બહાઉલ્લાહના દીકરા અબ્બાસ અફંદીના નાએબ (પ્રતિનિઘી) હતા, તેણે અને અન્ય એક પ્રચારક આવારહ જેને બહાઈ લોકોએ 'જિબ્રઈલે વહ્ય'નો માનવંતો ખિતાબ આપ્યો હતો, જેનું ઈસ્લામી નામ 'અબ્દુલ હુસૈન આયની' હતું, તેમજ બીજા ઘણાં બહાઈના મુખ્ય પ્રચારકોએ તૌબા કરી અને 'બહાઈ' મઝહબની વિરૂઘ્ઘમાં કિતાબો લખી અને તેઓની પોકળતા જાહેર કરી આપી.

આવારાએ 'કશફુલ હીયલ' નામની કિતાબ પાંચ ભાગમાં પ્રગટ કરી અને તેમાં ફોટાના બ્લોક વિગેરે પ્રગટ કરી બહાઈ મઝહબની પોકળતા અને પોલીટીકલ હીલચાલના ભેદો જાહેર કર્યા. માત્ર ઈરાન દેશ અને ઈસ્લામ મઝહબની દુશ્મની અને તેની વિરૂઘ્ઘતામાં સહાય કરવાના હેતુથી યહુદી અને પારસીઓએ તેમાં ભાગ લીઘો હતો.

વર્તમાનકાળમાં તેરમી અને ચૌદમી સદીમાં 'મેહદીય્યત'નો દાવો કરવામાં મીરઝા કાદયાની પ્રથમ એહલેસુન્નતના આલિમ અને ઘર્મ પ્રચારક હતા, પછી ઘીમે ઘીમે 'મેહદી', 'નબી' અને છેવટે 'ખુદા' બની બેઠા. એજ મુજબ 'બાબી' પંથના મીરઝા મોહમ્મદઅલી બાબ, અને 'બહાઈ' પંથના હુસેનઅલી બહાઉલ્લાહ પ્રથમ શીઆ મઝહબમાં હતા, અને તેઓએ પણ નવો પંથ જારી કર્યો અને એક પછી એક દાવા કર્યા, જેમ કે, 'મેહદીના પ્રતિનિઘી', 'બાબના પ્રતિનિઘી', અને પછીથી 'મહદી', 'નબી' અને 'ખુદા' હોવાનો દાવો કરી ચુકયા.

નામદાર આગાખાનના બાપદાદા ઈરાનથી શીઆ ઈસ્નાઅશરી મઝહબના એઅતેકાદની માન્યતા સાથે હિંદુસ્તાન આવ્યા. અને બાર ઈમામ, ચૌદ મઅસુમીન તેમજ નમાઝ, રોઝા વગેરે શીઆ મઝહબના સઘળા એહકામો ઉપર અમલ કરતા હતા. હાલના નામદાર આગાખાન સાહેબના શરૂઆતના સમયમાં તેઓ સાહેબ પીર તરીકે ઓળખતા હતા. અને જમાતખાનામાં નમાઝ, રોઝા, કુરઆન અને બાર ઈમામોની માન્યતા વગેરે પ્રચલિત હતી. તે પછી લગભગ પચાસ સાઠ વર્ષો થયા, ધીમે ધીમે એક પછી એક ઈમામત, મહદીય્યત અને તે સાથે અવતાર વગેરેની માન્યતાઓ જાહરે કરતા રહયા. પ્રથમ આગાખાની ભાઈઓ 'ભગત'ના નામની અને શીઆ ઈસ્નાઅશરી મસ્જીદ પાર્ટીના ભાઈઓ 'સુભાન્યા'ના નામથી ઓળખાતા હતા, તે પછી 'ભગત' ભાઈઓ 'ઈસ્માઈલી'ના નામથી અને હવે થોડા વર્ષો થયા 'શીઆ ઈમામી ઈસ્માઈલી'ના નામથી ઓળખાવા લાગ્યા છે.

જયારે કે કુરઆન, બાર ઈમામો અને હઝરત મહદી (અ.સ.)ની વિલાદત, ગયબત, ઝુહુર વગેરેની માન્યતા શીઆ ઈસ્નાઅશરી મઝહબ મુજબ ઈસ્લામના આરંભથી પ્રચતિલ છે, જે કુરઆન, હદીસો અને ઈતિહાસ થકી સિઘ્ઘ થાય છે અને તેની સચોટ દલીલો અને સંપૂર્ણ ખુલાસો આએ પુસ્તકમાં વિગતવાર સ્પષ્ટ કરેલ છે.

એક પછી એક 'મહદી' હોવાના દાવેદારો થતા રહયા છે. જેઓ પ્રથમ ઈસ્લામના મુખ્ય સિઘ્ઘાંતોમાં કુરઆન અને હદીસો ઉપર પ્રહારો કરી ઈસ્લામથી વિરૂઘ્ઘ મનઘડત બાબતો જગત સમક્ષ પેશ કરી રહયા છે. બેશક એ સઘળા બની બેઠેલા મેહદીઓ ખરા ન હોઈ શકે. કેમ કે ફકત એક જ 'મહદી'ની ખબર આપવામાં આવેલ હોવાથી એકથી વઘુ ખરા 'મહદી' ન હોઈ શકે, જે આએ કિતાબમાં સચોટ દલીલો વડે સ્પષ્ટ કરવામાં આવેલ છે.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ના ખલીફા બાર છે, અને છેલ્લા બારમા ખલીફા (ઈમામ) હઝરત મહદી અલય્હિસ્સલામ છે. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની મશ્હુર હદીસ છે કે, 'મારા બાર ખલીફા થશે...' આ હદીસ નીચેની કિતાબોમાં જોવા મળે છે :

૧. કન્ઝુલ ઉમ્માલ, જીલ્દ : ૬, પેજ : ૧૯૮

૨. સુનને અબી દાઉદ, પેજ : ૫૮૮

૩. જામેએ તીરમીઝી, પેજ : ૨૬૯

૪. સહીહ મુસ્લીમ, જીલ્દ : ૨, પેજ : ૧૧૯

૫. સહીહ બુખારી, કિતાબુલ ફીતન, બાબુલ ઈસ્તિખ્લાફ, પારો (ભાગ) : ૨૯, પેજ : ૬૨૮

ઉપરોકત સઘળી એહલેસુન્નતની સહીહ કિતાબોમાં બાર ખલીફાની હદીસ મૌજુદ છે. તે સિવાય બીજી ઘણી કિતાબોમાં આ મશ્હુર હદીસ લખવામાં આવેલ છે.

બેશક હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવેલી બાર ખલીફાની હદીસ તેમણે ખુદાના હુકમથી જ પોતાની ઉમ્મતને જણાવી છે. પોતાની મરજી મુજબ નથી ફરમાવી. જેથી પયગમ્બરના ખલીફા બાર જ હોઈ શકે, ન

તો બારથી વધારે હોઈ શકે, અને ન તો બારથી ઓછા હોઈ શકે. તેથી સિધ્ધ થાય છે કે જેઓ ખલીફા (ઈમામ)ની સંખ્યા બારથી વધારે હોવાની માન્યતા રાખે છે, તેઓની માન્યતા ખુદા અને તેના રસુલની મરજી અને ફરમાન મુજબ ન હોઈ શકે.

પયગમ્બરના ખલીફા અથવા ઈમામની સંખ્યાનું વર્ણન ફિરકા પ્રમાણે નીચે મુજબ છે :

૧. પહેલો સિલસિલો : ખુલફાએ રાશેદીન, જે પ્રથમ ચાર ખલીફાનો છે, જે ૧૨ ની સંખ્યા મુજબ નથી.

૨. બીજો સિલસિલો : બની ઉમય્યાના થઈ ગયેલા ખલીફા, જેની સંખ્યા ૧૪ હતી, જે ૧૨ થી વધુ છે.

૩. ત્રીજો સિલસિલો : બની અબ્બાસીના ખલીફા, જેઓની સંખ્યા ૩૭ ની થઈ, તે પણ હદીસ મુજબ ૧૨ ખલીફાની સંખ્યાથી વિશેષ છે.

૪. ચોથો સિલસિલો : મીસરના બની અબ્બાસી ખુલફાનો છે. જેઓની સંખ્યા ૧૮ ની થઈ, હલાકુખાને બગદાદના બની અબ્બાસીની ખિલાફતનો અંત લાવવાથી મીસરના બાદશાહોએ બની અબ્બાસીના ખાનદાનમાંથી એક શાહઝાદાને ખલીફો જાહેર કર્યો, જેની સંખ્યા ૧૮ ની થઈ.

૫. પાંચમો સિલસિલો : તુરકી ખુલફાનો છે. તુરકીનાં પહેલા ખલીફા સુલતાન સલીમે મીસરને સર કરી ત્યાંની ખિલાફતનો અંત લાવી પોતે ખલીફા થયા. જેઓની સંખ્યા ૩૦ થી વધી ગઈ. મુસ્તફા કમાલ પાશાએ તે ખિલાફતના સિલસિલાનો અંત લાવવાથી એહલે સુન્નત જમાઅતના એ પાંચમા સિલસિલએ ખિલાફતનો અંત આવ્યો. અને હાલમાં જગતની સપાટી ઉપર ખિલાફત બાકી રહી નથી.

એ સિવાયના અન્ય ફિરકાઓમાં

૧. બાબી, અઝલી અને બહાઈના સ્થાપકો, જેઓ ઈરાની અને પ્રથમ શીઆ ઈસ્નાઅશરી મઝહબમાં હતા. તેઓએ મેહદીય્યત અને નબુવ્વતનો દાવો કરી નવા પંથો રચ્યા. તેઓને ૧૨ ઈમામની હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની હદીસ અથવા ખિલાફતની માન્યતા સાથે કશો સંબંઘ રહયો નથી. તેઓનો એઅતેકાદ કુરઆન અને ઈસ્લામી શરીઅતથી વિરૂઘ્ધ હોવાથી તેઓ ઈસ્લામમાં ન ગણી શકાય.

૨. પંજાબના મીરઝા ગુલામ અહમદ કાદયાની, તે પણ ઈરાની હતા. પ્રથમ એહલે સુન્નત જમાઅતના મુસલમાન હતા, બલ્કે પ્રચારક હતા. પરંતુ તે પછી પોતે 'નબુવ્વત' અને 'મહેદીય્યત'નો દાવો કરી બેઠા. તેઓને ઈસ્લામી શરીઅત અને ખિલાફત (ઈમામત) સાથે કશો સંબંઘ ન હોવાથી તેઓ ઈસ્લામમાં ન ગણી શકાય.

૩. વોહરા ઈસ્માઈલી કોમ ઈસ્લામના ફિરકામાં છે અને તેઓની માન્યતા મુજબ આજ પર્યંત તેઓના ૨૧ ઈમામો થયા અને તેઓ પોતાના છેલ્લા ઈમામ 'તય્યબ' ગાયબ હોવાની માન્યતા રાખે છે. તેથી તેઓના

ઈમામોની સંખ્યા પણ ૧૨ થી વધારે છે. જયારે કે અસલ હદીસમાં પયગંબરના ૧૨ ખલીફા અને ઈમામો જણાવવામાં આવેલ છે.

૪. આગાખાની ઈસ્માઈલી કૌમની માન્યતા મુજબ હાલના નામદાર આગાખાન સાહેબ ૪૯ માં ઈમામ છે, જે ૧૨ ની સંખ્યાથી વધારે છે.

૫. શીઆ ઈસ્નાઅશરી મઝહબની માન્યતા હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની હદીસ અને ફરમાનુસાર ૧૨ ખલીફા (ઈમામો)ની છે. પહેલા ખલીફા (ઈમામ) અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) છે અને ૧૨ મા ઈમામ હઝરત મહદી (અ.સ.) છે. જે ઉપર લખ્યા મુજબ એહલે સુન્નતની પાંચ મશહુર સહીહ કિતાબોમાં અને એ સિવાય એહલેસુન્નતની બીજી ઘણી કિતાબોમાં છે, અને ઈતિહાસમાં પણ ઈમામોના નામો હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ સ્પષ્ટ કરી જણાવ્યા છે.

બાર ઈમામોના પવિત્ર નામો નીચે દર્શાવેલી એહલેસુન્નતની મશ્હુર કિતાબોમાં સ્પષ્ટ લખવામાં આવ્યા છે :

૧. અલ્લામા સય્યદઅલી હમદાની, પોતાની કિતાબ 'મવદદતુલ કુરબા', મુંબઈ છાપ, પેજ : ૩૪ માં

૨. 'અરજહુલ મતાલીબ', લાહોર છાપ, પેજ : ૪૦૨ માં

૩. અલ્લામા શેખ સુલેમાન કંદુઝી, જે ઈસ્તંબુલના 'શેખુલ ઈસ્લામ' હતા, તેમની કિતાબ 'યનાબીઉલ મવદદહ', ઈસ્તંબુલ (તુરકી) છાપ, પેજ ૪૪૫ માં

૪. અલ્લામા મુહદદીસ જમાલુદદીન, 'તારીખે રવઝતુલ અહબાબ' જીલ્દ : ૩, પેજ : ૨૭ માં

એ સિવાય બીજી ઘણી કિતાબોમાં ૧૨ ઈમામોની ઓળખ અને નામો લખવામાં આવ્યા છે.

૫. નામદાર આગાખાનના બાપદાદાઓની માન્યતા ૧૨ ઈમામોની હતી. જે તેઓની કિતાબોમાં છે, જેનો ખુલાસો આએ કિતાબમાં અન્ય સ્થળે લખવામાં આવેલ છે.

## ૨૧. ઈમામ મહદી (અ.સ.)નું રહેઠાણ

આએ જગતની સપાટી ઉપર ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ હયાત છે. અને દરેક મુલકમાં જે કોઈ તેમને મદદ માટે પુકારે છે, તેની મદદ માટે હાજર થાય છે. તે સંબંધી ઘણી હિકાયતો છે, જેમાંથી થોડી અન્ય પ્રકરણમાં લખેલ છે. છતાં ઈમામના રહેઠાણની ઘણી જગ્યાઓ છે. તેમાં યમનમાં 'રબવા', 'ઝીતુવા' વગેરે સ્થળો વિષે ઈમામની દોઆઓમાં ઈશારો થયેલ છે.

તદુપરાંત 'જઝીરએ ખઝરા'નું 'મ્હોન્ટુ' પ્રદેશ ઈમામના રાજ અમલમાં છે. અને તેમાં ઘણાં મોટા શહેરો છે. અને ત્યાંની વસ્તી ઘણી મોટી છે અને સઘળા શીઆઓ રહે છે. તે મુલકો ઉપર ઈમામના દીકરાઓ હુકુમત ચલાવે

છે. તે 'જઝીરએ ખઝરા' ઉત્તર આફ્રિકાથી મેડીટ્રેનીયન સમુદ્ર પાર કરી યુરોપ–ઈંગ્લેંડની પશ્ચિમ દિશા તરફ ' બહરે અબયઝ' (સફેદ સમુદ્ર)ના નામથી મશ્હુર દરિયાની વચ્ચે તે ટાપુઓ છે, જયાં ઘણા માણસો ખુદાના હુકમ અને મરજીથી પહોંચી જોઈ આવ્યા છે. તે સમુદ્રનું પાણી ચકકર ફરતું હોવાથી તે ટાપુઓ તરફ કોઈ સ્ટીમર અથવા વહાણ પહોંચી શકતું નથી. તેનું વર્ણન લંબાણથી ઈતિહાસ અને ઉલમાની કિતાબોમાં છે. જે આએ કિતાબમાં સ્થળ સંકોચના લીધે વિસ્તારીને લખી શકતા નથી.

એવી મોટી વસ્તીના ટાપુઓ હોય, તે સાથે એરોપ્લેન, સ્ટીમરો વગેરેની સંપૂર્ણ સગવડો હોવા છતાં, તે ટાપુઓ શોધી નકશામાં દાખલ કરવામાં આવ્યા નથી. જેથી તે ટાપુઓની હસ્તી માની શકાય નહિં, એવા આક્ષેપો અને શંકાનો જવાબ પ્રથમ લખીને તે પછી તે સ્થળોનું ટુંકમાં વર્ણન કરીશું.

૧. અમેરીકાની શોધ ૧૮ મી સદીમાં થઈ. એવા મોટા પ્રદેશની શોધ તે અગાઉ કેમ ન થઈ શકી, જે લગભગ અર્ધ દુન્યા (નવી દુન્યા) કહેવાય છે ?

૨. ઉત્તર ધ્રુવના બરફથી ઢંકાયેલા પ્રદેશોની શોધ માટે આજ પર્યંત કોશિષો ચાલુ છે.

૪. વળી જુની દુન્યા અને નવી દુન્યાના મહાસાગરોમાં ઘણા ટાપુઓ હોય છે. જેમાંથી અમુક ટાપુઓ સિવાય બીજા ટાપુઓ આપણી નજરથી વિમુખ છે.

૪. ઉત્તર આફ્રિકન જંગલોમાં ઈતિહાસના આધારે 'સદદે સિકંદરી', જયાં યાજુજ માજુજ રહે છે (જેને યુરોપીયનો AGOG MAGOG ના નામથી માન્ય રાખે છે)

હઝરત સુલયમાન પયગમ્બરે ઉત્તર આફ્રિકામાં એક કિલ્લો બાંધી તેમાં અખુટ ખજાનો ભરીને રાખેલ છે, જેનું વર્ણન ઈતિહાસમાં છે.

અસહાબે કહફનું રહેઠાણ, બાગે ઈરમ, શદ્દાદની બનાવેલી બેહિશ્ત, જે સઘળા માન્ય રાખેલ છે, તે સ્થળો આજ પર્યંત જમીનની સપાટી ઉપર હોવા છતાં કોઈએ જોયેલ નથી. સિવાય કે મુઆવિયા બાદશાહના વખતમાં એક મુસલમાન ત્યાં પહોંચ્યો હતો, જેનું વર્ણન ઈસ્લામી ઈતિહાસમાં છે.

યુરોપીઅનો પોતાના એરોપ્લેન થકી આજ પર્યંત જે સ્થળોને શોધી શકયા નથી, એવા ઘણાં સ્થળોનું વર્ણન ઈતિહાસમાં હોવા છતાં, તેની શોધ થઈ શકી નથી.

૫. થોડા વરસો અગાઉ કોરીયાની લડાઈ ચાલુ હતી. તે સમયે રૂટર મારફતે નીચે મુજબના સમાચાર જગતને આપવામાં આવ્યા, તેનાથી સિધ્ધ થાય છે કે દુન્યાની સપાટી ઉપર એવા ઘણાં ટાપુઓ તથા પ્રદેશો છે, જેની શોધ થઈ શકી નથી. તેમાં જો ઈમામે ઝમાન અલય્હિસ્સલામના મુલ્કો – 'જઝીરએ ખઝરા'ના ટાપુઓ હોય, તો તેમાં નવાઈ પામવા જેવું કશું નથી. જયારે કે ઈતિહાસમાં તે ટાપુઓનું વર્ણન સેંકડો વરસો અગાઉ લખાએલું છે. અને તે ટાપુઓ ઘણાં જોઈને આવ્યા છે. તેઓના નામો અને હિજરી સનની તારીખો કિતાબોમાં છે.

ઉપર જણાવેલ રૂટરની ખબર નીચે મુજબ છે :

**"SOUTH POLE VENTURE AFTER KOREN WAR"**

**"Read –admiral byrd, who is 64, announced yesterday that, he will lead another expedition to the south pole, as soon as the Korean war is over"**

**He said :- "There is a land area in the antartic, as large as the united states which so far, as is known has never been seen by the human eye."**

**"It was imperative that this reservoir of natural resources did not fall into hands of a potential ememy, he spoke of the possibility of using a hydrogen bomb or other nuclear devices to melt great of ice and snow so as to tap deposits." (Reuter)**

તરજુમો : રીઅર એડમીરલ બર્ડ, જે ૬૪ વરસની વયના છે, તેમણે ગઈકાલે જાહેર કર્યું છે કે, તે કોરિયાની લડાઈ ખતમ થતાં, તાત્કાલિક તે એક ટોળા સાથે સાઉથ પોલ (દક્ષિણ ધ્રુવ) તરફ જશે.

તેણે કહયું કે, 'મને ખાત્રી છે કે એન્ટારટીક મહાસાગરમાં યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા જેટલો પ્રદેશ (જમીન) છે, જે આજ પર્યંત કોઈ ઈન્સાનની આંખે ચડયો નથી.' (કોઈએ જોયો નથી.)

'બેશક એ બહુ જરૂરી અને અગત્યની બાબત છે કે, એ ખનીજ પદાર્થોથી ભરપુર અમુલ્ય પ્રદેશ કોઈ દુશ્મનના હાથમાં ન જઈ પડે.' વળી તેણે (રીઅર એડમીરલે) કહયું કે, 'કદાચ તે જમીન ઉપરથી બરફના ઢંકાવને સાફ કરી – માર્ગ કરવા માટે હાઈડ્રોજન બોમ્બનો ઉપયોગ કરવો પડે.' (રૂટર)

<u>હરમાને મીસર</u>

મજલિસી અલયહિ ર્રેહમહ અને બીજા ઘણાં આલિમોએ લખ્યું છે કે, અબુલ હસન હમ્માદ બિન અહમદ બિન તવલુનને મીસરમાં એક મોટો ખઝાનો હાથ આવ્યો, તે અગાઉ કોઈને એવો ખઝાનો મળ્યો ન હતો, તેથી તેની તમા (લાલચ) વધી થઈ અને તેણે 'મીસરના હરમાન'ને તોડી તેમાંથી ખઝાનો કાઢવાનો ઈરાદો કર્યો. તેના સાથી સલાહકારોએ તેને અટકાવ્યો અને કહયું કે, જે કોઈ હરમાનને તોડી નાખશે, તેની જીંદગી ટુંકી થાય છે. પરંતુ તેણે તે પ્રત્યે દરકાર ન કરી અને એક હજાર માણસોને રોકી તે જગ્યા તોડવાનો હુકમ કર્યો. એક વરસ સુધી ખોદકામ ચાલુ રહયા છતાં કાંઈ જણાયું નહી. તેથી તેણે તે કામ પડતુ મુકી દેવાનો ઈરાદો કર્યો. છેલ્લા દિવસે તેઓને એક ભોંયરૂ જણાયું. તેમાં દાખલ થયા. નીચે પહોંચતી વખતે તેઓએ આરસપહાણની મોટી લાદી જમીન ઉપર જોઈ. તેઓ તેને ઉખેડીને બહાર લાવ્યા, તેમાં એક લખાણ યુનાની ભાષામાં લખાયેલું જોયું. મીસરના આલિમોને તે વાંચવા કહયું. પરંતુ કોઈ વાંચી સમજી ન શકયા. છેવટે એક માણસ જેનું નામ 'અબી અબ્દીલ્લાહ મદીની' હતું. તેણે કહયું : હું એક માણસને ઓળખું છું, જે હબશના મુલકમાં છે, જેની ઉંમર ૩૬૦ વરસની થઈ છે, તે આ અક્ષરો ઉકેલી શકશે. તેથી હાકિમે હબશના બાદશાહને તે માણસને મીસર રવાના કરવા લખ્યું. હબશના બાદશાહે જવાબમાં જણાવ્યું કે, હું તેને મોકલી શકતો નથી, તેની ઉંમર ૩૬૦ વરસની થઈ છે. મુસાફરીની તકલીફથી તે જીવતો નહિં રહે. માટે જે કાંઈ પુછવું હોય તે લખી મોકલો. તેથી તેણે આરસપહાણની લાદી કેટલાક માણસો સાથે હબશના મુલકમાં રવાના

કરી આપી. તેઓ હબશમાં પહોંચ્યા અને તે માણસને લખાણ દેખાડયું. તેણે તે લખાણ વાંચી તેનો તરજુમો હબશની ઝબાનમાં કરી આપ્યો, અને તે ઉપરથી અરબીમાં તેનો તરજુમો થયો, જેનો ટુંકસાર નીચે મુજબ છે :

'હું રય્યાન બિન દોમગ અઝીઝે મીસર છું. (તેના સમયમાં હઝરત યુસુફ અલય્હિસ્સલામ પયગમ્બર હતા, અઝીઝની ઉમર ૭૦૦ વરસની હતી, તેના બાપ રય્યાન ૧૭૦૦ વરસની જીંદગી પસાર કરી અને તેના દાદા દોમગ ૩૦૦૦ વરસ સુધી જીવતા રહયા) તે લખાણમાં રય્યાન (અઝીઝના બાપે લખ્યું) નીલ નદીનો છેડો જોવાનો મેં ઈરાદો કર્યો. એંસી વરસો સુધી મારા સાથીઓ સાથે ખૂબ મુસાફરીઓ કરી. છેવટે હું ઝુલમાત (અંધકાર) ની જગ્યાએ પહોંચ્યો. તે મુસાફરીમાં મારા સઘળા માણસો હલાક થયા. (નાશ પામ્યા.) ફકત ચાર હજાર માણસો બાકી રહયા, તેથી હું પાછો ફર્યો. અને મીસરમાં આવી મેં બે હરમાનની ઈમારતો કરી, તેમાં મારો ખઝાનો – જવાહીરાત વગેરે મુકયા, અને તેની એવી હિફાઝત બનાવી કે તે વરસો સુધી ખઝાનો અને ઇલ્મની કિતાબો ખરાબ ન થાય.'

તે પછી તે લખાણમાં કેટલાક અશઆર હતા. જેનો સાર નીચે મુજબ છે :

મારા ઇલ્મ થકી હું કેટલીક ભેદની વાતો જાણી શકયો. છતાં ખુદા ગયબના ઇલ્મથી વધુ વાકેફ છે, એંસી વરસો સુધી મેં ઘણી લાંબી મુસાફરી કરી, ઝુલમાત સુધી પહોંચ્યો, છેવટે મને ખાત્રી થઈ કે હવે હું આગળ વધી નહિં શકીશ. અને બીજો કોઈ પણ હવે પછી ત્યાં સુધી પહોંચવાની હિંમત નહીં કરી શકે. તેથી હું મારા વતન મીસર તરફ પાછો ફર્યો. અને મીસરમાં બે એહરામ બનાવ્યા, જેમાં મારા હાથની તાકાત અને મારી બુધ્ધિ તેમજ હિંમતનો નમુનો મુકી જાઉં છું. જે કોઈ કાળે જુનું અને ખરાબ નહિં થશે. જે એહરામમાં એ મારી અમાનતો અજાયબીના નમુના અને મારો ખઝાનો રાખેલ છે. તેને મજબુત બનાવેલ છે. જે કોઈથી ખોલી નહિં શકાશે. સિવાય કે આખર ઝમાનામાં એક ખુદાના વલી ખોલી શકશે અને મારી અજાયબીઓ જાહેર કરશે. જે બયતુલ્લાહ ખાનએ કઅબામાં જાહેર થશે. બેશક તેના દરેક કાર્યો સંપૂર્ણ થશે અને તે દરેક ઉપર સર્વોપરીતા ભોગવશ અને તેમનાથી તવહીદનો કલેમો – ખુદાનું નામ ચોમેર ફેલાઈ જશે. જયારે તે જાહરે થશે તે વખતે ૩૧૩ તાઈફા તાબેદારી કરશે અને જેઓ વિરૂધ્ધતા કરશે તે સઘળા માર્યા જશે. તે પછી ૯૯ તાઈફાના મરણ પામેલા લોકો સજીવન થશે અને મારી અમાનત ખઝાનો બાહેર લાવી જેહાદના કામમાં વાપરશે. આ પત્થર ઉપર મેં ઇશારામાં લખ્યું છે : બેશક સર્વકોઈ નાશ પામશે અને હું પણ નાશ પામીશ.'

આ લખાણ વાંચી હીકમ અબુલ હસન હમાદ બિન અહમદે કહયું કે, આ લખાણથી સાબિત થાય છે કે આ ખઝાનો કોઈ પણ નહિં ખોલી શકે, સિવાય કે હઝરત મહદી અલય્હિસ્સલામ ખોલશે, જેની ખબર રય્યાને આપી છે. પછી તે આરસપહાણની લાદીને તેની જગ્યાએ રાખી દીધી.

મજકુર હમાદ, જેણે તે ખઝાનો કાઢવાનો હુકમ આપ્યો હતો, તે બાર મહીનાના ટુંક સમયમાં તાહર નામના તેના નોકરના હાથે રાતના વખતે જયારે શરાબના નશામાં બિછાના ઉપર મસ્ત પડયો હતો, કત્લ થયો.

હઝરત સુલૈમાન પયગમ્બરે સીસાથી બનાવેલ 'મદીનતુન્નહાસ'ના મજબુત કિલ્લામાં છુપાવી રાખેલ ખઝાનો

દુન્યાની મહાન અજાયબીઓમાં એક 'મદીનતુન્નહાસ'નો મજબુત કિલ્લો છે. હઝરત સુલૈમાન પયગમ્બરે પુર્વ આફ્રિકાના અંદલુશીયાના જીલ્લામાં જીન્નાતની સહાયતાથી સીસું પીગળાવી ૧૨ ચોરસ માઈલ જમીનની ચારે તરફ પચાસ ઝરાઅ (૭૫ ફીટ) ઉંચી દિવાલનો એક મજબુત કિલ્લો બનાવ્યો હતો. તેમાં ભારે કિંમતી ખઝાનો રાખેલ છે. તે વિષે પરવરદિગારે કુરઆનમાં ઈશારો ફરમાવેલ છે : 'વઅસલની લહુ અયનલ કિતરી વ મિનલ જીન મંય્યઅમલુ બયાન યદયહી બેઇઝને રબ્બેહી' (સુરે સબા, આયત : ૧૨)

તરજુમો : અને અમોએ સીસાનો ઝરો જારી કરી આપ્યો, અને તેના ખુદાના હુકમથી તેના હાથ નીચે જીન્નાતનું ટોળું તેની સેવામાં કામ કરતા હતા.

પરવરદિગારે પીગળેલા સીસાનો ઝરો તે ઠેકાણે જાહેર કર્યો. અને તે સીસા થકી જીન્નાતની સહાયતાથી હઝરત સુલૈમાન પયગંબરે ઉપર લખ્યા મુજબ 'મદીનતુન્નહાસ' બનાવ્યું. બની ઉમય્યા ખલીફા અબ્દુલ મલિક બિન મરવાનના રાજયશાસનમાં એક માણસ ત્યાં પહોંચ્યો હતો. (પરવરદિગારને મંજુર હતું કે પોતાની કુદરતની નિશાની અને ઈમામ મહદી અલય્હિસ્સલામની શાન બની ઉમય્યા અને તે ઝમાનાના બલ્કે તે પછીના મુસલમાનો માટે જાહેર કરે.) તેણે ખલીફાને તે બાબતની ખબર આપી. તેથી ખલીફાએ પૂર્વ આફ્રિકાના અંદલસ (ANDOLUSIA) ના પોતાના ગવર્નર (હાકિમ) ને લખ્યું કે, તે 'મદીનતુન્નહાસ'ની શોધ કરી તેની હકીકત મને લખી મોકલે.

તે હાકિમ તેની શોધમાં રવાના થયો અને તે શહેરના કોટની દિવાલ આગળ પહોંચ્યો. પરંતુ દાખલ ન થઈ શકયો. તે કિલ્લાની અંદરથી વિચિત્ર પ્રકારનો અવાજ આવતો હતો. અને તેની નજીકમાં એક તળાવ હતું, જેના પાણીમાં સદા મોજા ઉઠતા હતા. તેમજ ઉકળતું પાણી હોય તે માફક પરપોટા ઉભરતા હતા. હાકીમે કેટલાક તરવૈયાઓને મોકલ્યા. તેઓ તે પાણીમાં દાખલ થયા અને તેમાંથી કલઈ અને સીસાના ગોળ ઠામ બહાર કાઢયા, જેના ઉપર મહોર લાગેલી હતી, જે હાકીમને લાવી આપ્યા. હાકિમે તે ઠામ ભાંગવાનો હુકમ આપ્યો, તેમાં ઘોડેસવાર અને પ્યાદા શીકલો બહાર આવ્યા. તેઓ પુકારતા હતા 'યા નબીયલ્લાહ મઆવઝી ઈલયક' (અય ખુદાના નબી, અમે તમારી પનાહ (આશરો) માંગીએ છીએ.) મુસા હાકિમને ખાત્રી થઈ કે તે ઠામમાં હઝરત સુલૈમાન પયગંબરે નાફરમાન દેવોને પુરી રાખ્યા હતા.

એ સઘળી હકીકતની વિગત હાકિમે ખલીફા અબ્દુલ મલિક બિન મરવાનને લખી વાકેફ કર્યા. અને તેમાં લખ્યું કે તમારા ફરમાનુસાર મેં તેની શોધમાં જવા માટે તૈયારી કરી. મને અમુક અનુભવી જાણકાર લોકોએ ત્યાં જવાની મનાઈ કરી, અને કહયું કે તે કિલ્લા સુધી કોઈ પહોંચ્યું નથી. સિકંદર બાદશાહ જે આખી દુન્યા ફર્યો, તેણે તે કિલ્લા સુધી પહોંચવાની કોશિષ કરી, અને પોતાના માણસોને તેની શોધ માટે રવાના કર્યા, તેઓ લાંબી મુદ્દત સુધી તેની શોધમાં રહયા, છેવટે નિરાશ થઈ પાછા ફર્યા. તેથી સિકંદરે તે તરફ જવાનું માંડી વાળ્યું. છતાં હું મારા ઘણાં

સાથીઓને લઈ પુરતા અસબાબ સરંજામ સહિત રવાના થયો. ઘણાં કષ્ટો સહન કર્યા. ભાતું ખોરાકી તમામ થયા, છતાં હેરાન પરેશાનની હાલતમાં તે સ્થળે પહોંચ્યા, તે ગઢની ચારે બાજુ દિવાલો પચાસ ગજ (૭૫ ફીટ) લાંબી અને સીસાની બનાવેલી મજબુત દિવાલ હતી. અમે તેની અંદર દાખલ ન થઈ શકયા. તે ગઢમાંથી ભારે ઘોંઘાટ શોરબકરોનો અવાજ આવતો હતો. અમોએ જોયું કે ગઢની દિવાલ ઉપર અરબીમાં એક લખાણ હતું. તે મેં પોતે વાંચ્યું અને તેની નકલ લખી લેવાને મારા માણસને હુકમ કર્યો. જે હું આ કાથળ સાથે તમોને મોકલું છું. તે લખાણમાં નીચે મુજબના અશઆર હતા. અસલ અરબી અશઆર ઘણાં છટાદાર, ખુબીદાર, ચાનક આપનાર હોવા છતાં લંબાણની બીકથી માત્ર તેનો સાર લખીએ છીએ :

'જો કોઈ સત્તાવાન અને માનવંતો પુરૂષ દુન્યામાં સદા રહી શકતો હોત, અને બેશક કોઈ જીવંત ઈન્સાન સદા માટે રહી શકતો નથી, તો બેશક સુલૈમાન પયગંબર લાંબી જીંદગી પામતે, પરવરદિગારે મારા માટે એક નહેર (નદી) જારી કરી, જેમાં સીસું વહેતું હતું. તેથી મેં જીન્નાતની કોમને ફરમાન આપ્યું કે તેમાંથી મારા માટે એક એવી નિશાની ગઢ બનાવી આપો કે જે કયામત સુધી બાકી રહેવા પામે. અને તે કોઈ વખત જુનું પુરાનું થઈ બગડીને નાશ ન પામે. તે ગઢની દિવાલો ઉંચી બનાવી તેમાં સીસુ ઢાળી લીઓ. તે મજબુત ગઢમાં મારો અખુટ ખઝાનો હિફાઝતથી રાખો, જે લાંબા કાળના પસાર થવા છતાં તેમાં લેશમાત્ર ફેરફાર બગાડો ન થવા પામે. બેશક દુન્યામાં કોઈ બાદશાહની જાહો જલાલી સદા રહેતી નથી. દરેક બાદશાહનો એ અંજામ છે કે તે જમીનના પેટમાં એકલો અટુલો પડયો રહે. મારા માટે પણ એજ અંજામ છે. તેથી ઈન્સાન વાકેફ થાય કે માત્ર ખુદાની બાદશાહી સદા રહેનાર છે. તે સિવાય દરેકની બાદશાહી માટે અંત અને ફના છે. હવે મારી હયાતી પછી એક એવો ઝમાનો આવશે કે અદનાન અને હાશમની અવલાદમાંથી એક સર્વોત્તમ મવલુદ પૈદા થશે. પરવરદિગાર તે મવલુદને મુઅજીઝા – નિશાનીઓ સાથે નબુવ્વત અતા ફરમાવશે. અને દુન્યાની સઘળી મખ્લુકાત – ઘોળા અને કાળા ઉપર ખુદાની હુજ્જત અને હિદાયત કરનાર થશે. આખી દુન્યા અને તેના ખઝાનાની ચાવી તેની પાસે હશે અને તેમના અવસીયા જાનશીનો પણ આખી દુન્યાના માલીકો બનશે. તે અવસીયાની સંખ્યા બાર (૧૨) થશે અને તે સઘળાં જમીન ઉપર ખુદાની હુજ્જત હશે. તેમના છેલ્લા અને બારમાં વસી હુજ્જતુલ્લાહ, ખુદાના હુકમથી જાહેર થશે અને આસમાનથી તે હુજ્જતે ખુદાના નામની નીદા થશે. અને તે બુઝુર્ગવાર મારો આએ ગઢ અને ખઝાનો ખોલશે.'

અબ્દુલ મલિક બિન મરવાન તે કાગળની હકીકત વાંચી વાકેફ થયો. ત્યારે તે કાળગળ લાવનાર કાસીદ તાલીબ બિન મુદરકે અરજ કરી કે, હું હાકિમની સાથે હતો અને તે લખાણ ગઢની દિવાલ ઉપર લખેલું મેં પોતે વાંચ્યું છે. તે વખતે કચેરીમાં મોહમ્મદ ઇબ્ને શહાદ ઝોહરી (ચોથા ઈમામના અસ્હાબ અને એહલેબૈતના મુહીબ) હાજર હતા. તેમને ખલીફાએ પુછયું : તમે આ બારામાં શું કહો છો ? ઝોહરીએ કહયું કે, ગઢ ઉપર જીન્નાતનો કબ્જો છે. કોઈને જવા દેતા નથી. જે તે ગઢ ઉપર જવા ચાહે તેને અટકાવે છે. ખલીફાએ પુછયું કે, તે અશઆરમાં જે મહદીના

નામની આસમાનથી નિદા થશે તે કોણ છે ? તેણે અરજ કરી : તે બારામાં મને ન પુછો. ખલીફાએ કહયું : હું શા માટે ન પુછું ? તે એક મહા ભારે બનાવ છે અને મારા માટે તે અગત્યની વાત છે. તમો ડરો નહિં. મારી મરજીની વિરૂઘ્ધ કોઈ વાત હોય, તો પણ કહો, હું તે જાણવા આતુર છું.

ઝોહરીએ કહયું કે, મને હઝરત અલી ઈબ્નુલ હુસૈન ઝયનુલ આબેદીન (ચોથા ઈમામ) અલય્હિસ્સલામે જણાવ્યું છે કે, જેના નામની નિદા આસમાનથી થશે તે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના ફરઝંદમાંથી હઝરત મહદી અલય્હિસ્સલામ છે. અબ્દુલ મલિકે કહયું : તમો બંને જુઠા છો. અને તે વખતે તેની જીભ લથડતી હતી. પછી કહયું કે તે મહદી, બની ઉમય્યામાંથી છે. ઝોહરીએ કહયું : ખાત્રી કરવા માટે તમે પોતે અલી ઈબ્નુલ હુસૈનને પુછી જુઓ. ખલીફાએ કહયું : મને તેમને પુછવાનું કશું કારણ નથી. પછી ધીમા અવાજે ઝોહરીને કહયું : ખબરદાર, આ ગઢ અને તેના લખાણની વાતથી કોઈ વાકેફ ન થાય. ઝોહરીએ કહયું : હું વચન આપું છું કે કોઈ આગળ આએ હકીકત બયાન નહિં કરીશ.

અંદલસ (ANDOLUSIA) આફ્રિકાના નકશામાં છે અને તે મુલકમાં અંગ્રેજો પહોંચી ગયા છે. છતાં તે ગઢ સુધી નથી પહોંચી શકયા. જો તે અંગ્રેજો ત્યાં પહોંચે, તો તે ખઝાનો મેળવવા માટે હજારો જાન કુરબાન કરવાને નહિં અચકાય. આમ, સાબિત થાય છે કે 'જઝીરએ ખઝરા' અને ઈમામના બીજા સ્થળો લોકોની નજરથી છુપા રહે તેમાં કશી નવાઈ નથી.

ઈમામે ઝમાના હઝરત હુજ્જત (અ.સ.)ના રહેવાના ઘણાં સ્થળો છે. છતાં હઝરત પોતાના અમુક ખિદમતગારો અને એહલેબૈત (ઘરના માણસો) સિવાય બીજા કોઈની નજરે પડતા નથી. અલબત્ત, ઘણાંઓની મદદ કરે છે, તેઓ જુએ છે, છતાં તે વખતે તેમને ઓળખી શકતા નથી. જયારે તેઓની મદદ ફરમાવી નજરથી દુર થાય છે, ત્યારે સંજોગો અને બનેલા બનાવો અને મુઅજીઝાની નિશાનીઓથી તેઓને ખાત્રી થાય છે કે મારા ઈમામ હતા. અને તેઓને તે વખતે નહિં ઓળખી શકવા માટે ખુબ પસ્તાવો થાય છે.

ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ માહે મુબારકના અઅમાલ માટે કોઈ વખત મસ્જિદે કુફામાં, કોઈ વખત નજફે અશરફ અને કરબલામાં હાજર થાય છે. દરેક હજની મોસમમાં મકકા શરીફમાં હાજર થઈ હજ બજાવી લાવે છે. છતાં તેમના રહેવાના અમુક સ્થળો વિષે કિતાબોમાં ટુંકમાં ખુલાસો કરવામાં આવ્યો છે. જેમકે બહરે અબયઝ (સફેદ સમુદ્ર)ના જઝીરએ ખઝરા નામના ટાપુઓમાં તેમના મોટા શહેરો છે, જે ઉત્તર પશ્ચિમ આફ્રિકાના સમુદ્ર કાંઠાથી, દરીયા માર્ગે પંદર વીસ દિવસના રસ્તાની મુસાફરી પછી તે ટાપુઓ આવે છે. તે શહેરોના નામો નીચે મુજબ છેઃ

૧. શહેર : મુબારકા, રાજધાની : ઝાહેરા, હાકિમ : ઈમામના ફરઝંદ જનાબે તાહીર

૨. શહેર : રાએકા, હાકિમ : ઈમામના બીજા ફરઝંદ જનાબે કાસીમ

૩. શહેર : સાફીયા, હાકિમ : હઝરત ઈબ્રાહીમ બિન હઝરત સાહેબુલ અમ્ર હઝરત મહદી (અ.સ.)

૪. શહેર : શેહરે ઝલુમ, હાકિમ : હઝરત અબ્દર રહમાન ઈબ્ને હઝરત મહદી (અ.સ.)

૫. શહેર : શેહરે પનાતીસ, હાકિમ : હઝરત હાશમ બિન હઝરત સાહેબુલ અમ્ર (અ.સ.)

આ પાંચ ટાપુઓ સિવાય, યમન અને ઈરાક તરફની એકાંત જગ્યાઓમાં હઝરતના રહેઠાણના મકાનો છે, જે સ્થળોએ કેટલાક મોઅમિનો પહોંચ્યા છે, તેની હિકાયતો અન્ય સ્થળે લખેલ છે.

<u>જઝીરા વિષેની હકીકત</u>

૧. આગા સય્યદ મોહમ્મદ શફતી, રીશતીએ પોતાના રીસાલામાં બારમા ઈમામ (અ.સ.)ના બારામાં કેટલીક ભલામણો મોઅમિનો માટે લખી છે, કે સદાય પોતાના ઈમામને, જે મુઅમીનો માટે હેતાળ બાપથી વિશેષ છે તેમને યાદ કરતાં રહેવું અને આપણાથી રાજી થાય તેવા નેક અમલ કરવાનો પુરો ખ્યાલ રાખવો. પછી લખે છે હું સદાય મારા ઈમામની ખિદમતમાં અરજ ગુજારતો હતો કે, જઝીરએ ખઝરા, બહરે અબયઝ અને તે મુલકો મને દેખાડે, જયાં ઈમામના ફરઝંદોની હુકુમત છે.

એક વખત ઈદે ગદીરની રાતના, જે જુમેરાત પણ હતી, અઅમાલ અને દોઆથી પરવારી મારા તે મકાનમાં, જે ઈસ્ફહાનની મોટી બજાર બેદાબાદના મહોલ્લાથી ઓળખાય છે. પોણી રાત પસાર થયા પછી તે મારા મકાનના બગીચામાં વિચારોના વમળમાં ધીરે ધીરે ચાલતો હતો, એટલી વારમાં મારી સામે એક જલીલુલ કદર સય્યદને જોયા જે ઉલમાના લિબાસમાં હતા. પ્રથમ સલામ કરી, મને ફરમાવ્યું તમે 'જઝીરએ ખઝરા' પોતાની આંખે જોવા ચાહો છો, જેથી તમોને અને બીજાઓને ખાત્રી થાય. મેં અરજ કરી : હા મારા આકા, હું બહુજ આતુર છું.

તે બુઝુર્ગે ફરમાવ્યું : તમારો હાથ મને આપો. તમારી બંને આંખો બંધ કરો અને સાત વખત સલવાત પઢો. મેં તેમ કર્યું, મારી આંખો બંધ હતી. છતાં હવાના ખુબ ઝપાટા લાગતા હતા. જાણે આસમાન તરફ ઉડીનો જતો હોઉં એવું મને જણાયું. થોડી વાર પછી મને ફરમાવ્યું : હવે તમારી આંખો ખોલીને નજર કરો અને ખુદાની કુદરતના નમુના નિહાળો. મેં આંખો ખોલીને જોયું તો એક એવા સુંદર શહેરમાં, જેના રસ્તા પહોળા, ઘરો એકબીજાની નજીક હતા. પાણીની નહેર જારી અને ચારે તરફ ઉમદા બગીચા અને તેમાં પ્રકાર પ્રકારના મેવાથી ભરપુર ઝાડ લાગેલા જોયા. ખરેખર તે બેહિશ્તનો નમુનો હતો. પછી તેમણે ફરમાવ્યું : સામેના બગીચા તરફ જાઓ, ત્યાં મસ્જીદ છે અને લોકો ફજરની નમાઝ માટે ભેગા થયા છે, તે મસ્જીદમાં નમાઝ પઢાવનાર પેશનમાઝ જે 'સાહેબુલ અમ્ર' ઈમામે ઝમાના (અ.સ.)ની સાતમી પેઢીના ફરઝંદ છે અને તેમનું નામ અબદર રહમાન છે. તેમની પાછળ નમાઝ પઢો. નમાઝ પછી હું તમોને ત્યાં મળીશ. હું તે મસ્જીદ તરફ ગયો. એક આલીશાન મસ્જીદ હતી, તેમાં દાખલ થયો, મેહરાબમાં એક નુરાની પ્રકાશિત ચેહરાના બુઝુર્ગ હતા. નમાઝીઓની સફો લાગેલી હતી. હું આળગ વધ્યો, પેશનમાઝની ખિદમતમાં પહોંચી સલામ કરી, મુસાફેહો કર્યો. તેમણે મોહબ્બતથી આવકાર આપી ફરમાવ્યું :

પરવરદિગારે તમારા ઉપર ભારે એહસાન કરી તમોનં અહિં પહોંચાડયા છે. મારી નજરમાં જે ઘણા અઘરા સવાલો હતા, તે તેમને પુછયા. તેમણે મને સંતોષકારક જવાબ આપ્યા. એટલી વારમાં ફજરની નમાઝનો સમય થયો. નમાઝ શરૂ થઈ, હું તેમની સાથે નમાઝે જમાઅત પઢયો.

નમાઝ પછી મને ખ્યાલ થયો કે ઈસ્ફહાનમાં નમાઝે ફજર હું પઢાવું છું, નમાઝીઓ મારી રાહ જોતા હશે. તેઓ નિરાશ થશે કેમકે હવે નમાઝે ફજર માટે નહિં પહોંચી શકું. તે વખતે મેહરાબથી ઈમામઝાદાએ ફરમાવ્યું : ચિંતા ન કરો, તમે ઈસ્ફેહાનમાં નમાઝે ફજરના માટે સમયસર પહોંચી નમાઝ પડાવી શકશો. એટલીવારમાં જે સય્યદ મને ઈસ્ફહાનથી અહિં લાવ્યા હતા, તે મારી નજીક આવ્યા, ફરમાવ્યું : મારો હાથ પકડી ચાલો, હું તમને ઈમામે ઝમાના અલય્હિસ્સલામની બરકતથી ઈસ્ફહાન પહોંચાડું. મેં આંખો બંધ કરી, પળવારમાં આંખો ખોલતા પોતાને ઈસ્ફહાનની મસ્જીદમાં જોયા. લોકો મારી રાહ જોઈને બેઠા હતા. મેહરાબમાં દાખલ થઈ તેઓને હંમેશા માફક મેં નમાઝે જમાઅત પઢાવી, પણ ફરીવાર તે સય્યદ મને જોવામાં ન આવ્યા.

## ૨૨. ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની હદીસો અને નિશાનીઓ

એહલે સુન્નત જમાઅતની ઘણી હદીસો જાહેર થવાના બારામાં છે. જે ઈમામે ઝમાના (અ.સ.)ના હયાત હોવાની દલીલો છે. જીવતા અને છુપા હોય તે જાહેર થાય છે. પરંતુ હવે પછી જન્મ પામનાર હોય, તો તેમના માટે જાહેર થવાનું ન કહી શકાય.

૧. 'તારીખે ખમીસ'ની જીલ્દ બીજીમાં વર્ણન છે કે, મહદી તે મોહમ્મદ બ્નિ હસને અસ્કરી છે, તે જાહેર થશે, ત્યારે ફરીશ્તો અવાજ આપશે કે, મહદી જાહેર થયા. તે ખુદાના ખલીફા છે, તેઓના ઝમાનામાં વરૂ અને બકરા સાથે ચરશે. ઈન્સાનના બચ્ચાંઓ સાંપ તથા વીંછુને પકડી તેની સાથે રમત કરશે.

૨. 'અસઆફુર રાગેબીન'ના પેજ ૧૪૦ માં શેખ મુહિય્યુદીન અરબીની કિતાબ 'ફુતુહાત'ની સનદથી વર્ણન છે કે, ઈમામ મહદી જાહેર થશે, તેમાં કશો શક નથી, પણ કયારે જાહેર થશે, કે જયારે દુન્યા ઝુલ્મ, જબરદસ્તી, બેઈન્સાફી અને ગુનાહોથી હદ ઉપરાંત ભરપુર થશે, ત્યારે હઝરત મહદી જાહેર થશે અને દુન્યામાંથી એ સઘળી બુરાઈઓ દૂર કરી તેને અદલ અને ઈન્સાફથી ભરી દેશે. અને તે હઝરત મહદી (અ.સ.) હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ની ઈતરતથી તેમની દીકરી જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાના ફરઝંદ ઈમામ હુસૈનની નસ્લમાં એવી રીતે છે કે, ઈમામ હુસૈનના ફરઝંદ અલી (અ.સ.), તેમના ફરઝંદ મોહમ્મદ બાકીર (અ.સ.), તેમના ફરઝંદ જાફર સાદિક (અ.સ.), તેમના ફરઝંદ મુસા (અ.સ.), તેમના ફરઝંદ અલી રઝા (અ.સ.), તેમના ફરઝંદ

મોહમ્મદ તકી (અ.સ.), તેમના ફરઝંદ અલીનકી (અ.સ.), તેમના ફરઝંદ હસને અસકરી (અ.સ.), તેમના ફરઝંદ હઝરત મહદી (અ.સ.) છે. અને તેઓ મકકામાં ખાનએ કાઅબામાં બયઅત લેવરાવશે. વગેરે.

૩. કિતાબ 'ફરાઈદુસ્સીમતયન'માં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે, હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : ખુદાની હુજ્જતો બાર છે. જેમાં પહેલા હઝરત અલી (અ.સ.) છે, અને છેલ્લા મારા ફરઝંદ મહદીએ મવઉદ છે. હઝરતે ઈસા (અ.સ.) આસમાનથી નીચે ઉતરશે, અને મહદી (અ.સ.)ની પાછળ નમાઝે જમાઅત પડશે, તે વખતે દુન્યા ખુદાના નુરથી પ્રકાશિત થશે, અને પૂર્વથી પશ્ચિમ સુધી હઝરત મહદી (અ.સ.)નું રાજય ફેલાઈ જશે. (ઉપલી ત્રણ હદીસો એહલે સુન્નત જમાઅતની કિતાબોની હદીસો છે.)

એવી ઘણી હદીસો એહલે સુન્નતની કિતાબોમાં છે, તેથી સાબિત થાય છે કે આખર ઝમાનામાં બારામા ઈમામ હઝરત મહદી (અ.સ.) ઝુહુર ફરમાવી જગત ઉપર એકજ ઈસ્લામ મઝહબ અને અદલ ઈન્સાફ ફેલાવશે, અને તે ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે. જેઓ મહદી હોવાનો દાવો કરી ચુકયા. (કાદયાની મીરઝા અને બીજાઓ) તેમજ જેઓ પોતાને ઈમામે ઝમાના અને મહદી સમજે છે તેઓના ઝમાનામાં દુન્યા ઝુલ્મ અને ગુનાહોથી ભરપુર હોવા છતાં કાંઈ કરી શકયા નથી. જયારે ઈમામે ઝમાના બારમા ઈમામ હઝરત મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે, ત્યારે જગત ઉપરથી ફીતના, ફસાદ, ઝુલ્મ, બેદીની દૂર થશે અને અદલ, ઈન્સાફ, દીનદારીનો ફેલાવો થશે.

<u>ઈમામ મહદી (અ.સ.)ના જાહેર થવા પહેલાની ચોક્કસ નિશાનીઓ</u>

ઈમામે ઝમાના (અ.સ.)ના જાહેર થવા પહેલા આખર ઝમાનાની નિશાનીઓ લખી ચુકયા છીએ. હવે ઈમામ મહદી (અ.સ.)ના જાહેર થવા પહેલા અમુક જરૂરી અટલ નિશાનીઓ જાહેર થશે, તે પછી ટૂંક સમયમાં હઝરત ઝુહુર ફરમાવશે.

૧. અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે : ઝુહુર અગાઉ નવ અટળ (ચોકકસ) બાબતો નિશાનીઓ તરીકે જાહેર થશે, તે પછી હઝરત મહદી (અ.સ.) ટુંક સમયમાં જાહેર થશે :

- દજ્જાલ નિકળશે
- આસમાનથી નિદા (અવાજ) સંભળાશે
- સુફયાની જાહેર થઈ ભારે લડાઈ કરશે
- સુફયાનીનું લશ્કર મકકા અને મદીના વચ્ચે જમીનમાં ધસી ગરક થશે
- એક નફસે ઝકીય્યા સય્યદ મકકામાં કતલ થશે
- એક સય્યદે હસની પોતાની ફોજ સાથે જાહેર થશે

- સુર્યની સામે આસમાન ઉપર એક ઈન્સાનની શકલ દેખાશે
- માહે મુબારકે રમઝાનમાં ચાલુ હિસાબ અને નિયમથી વિરૂઘ્ઘ બે ગ્રહણ થશે. ૧૫ મી તારીખે સુર્યગ્રહણ અને છેલ્લી તારીખે ચંદ્રગ્રહણ થશે
- માહે મુબારકમાં ત્રણ વખત આસમાનથી અવાજ સંભળાશે

  (આ જુદી જુદી નિશાનીઓની વઘુ વિગત અને ખુલાસો અન્ય સ્થળે લખેલ છે.)

૨. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : નિયમ વિરૂઘ્ઘ સુર્ય અને ચંદ્ર ગ્રહણ થશે. એ ભારે નિશાની જાહેર થયા અગાઉ મુસલમાનોનો ૨/૩ ભાગ દીનથી નિકળી મુરતદ થશે.

૩. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે : હઝરત મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા દુન્યામાં લાલ અને સફેદ રંગના મૌત થશે, તેમજ બે વખત કીડીઓ દેખાવ આપશે. તે કીડીઓ લોહીના રંગની માફક લાલ રંગની હશે. ફરમાવ્યું : લાલ રંગના મૌતનો અર્થ ખુનરેજી, કતલ છે, અને સફેદ રંગના મૌતનો અર્થ પ્લેગની બીમારી છે.

## ૨૩. કાણો કાફર દજજાલ

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) એક વખત કુફાની મસ્જીદમાં ખુત્બો પઢી રહયા હતા. પછી ફરમાવ્યું : મને જે પુછવું હોય તે પુછી લો, એ પહેલા કે તમે મને નહી પામી શકો. (મારા વફાતની અગાઉ)

તે વખતે સઅસઆ બિન સવહાએ ઉભા થઈ અરજ કરી : યા અમીરૂલ મુઅમેનીન ! હઝરત હુજ્જતુલ કાયમ કયારે જાહેર થશે ?

આપ (અ.સ.)એ ફરમાવ્યું : બેસી જાઓ, હું તમોને તેનો ખુલાસો કહી સંભળાવું છું. પ્રથમ તે ઝુહુરના માટે કેટલીક નિશાનીઓ છે જે એક પછી એક જાહેર થશે. હવે ઘ્યાન પુર્વક તે નિશાનીઓ સાંભળી યાદ રાખો.

જયારે લોકો નમાઝને બરબાદ કરશે, અમાનતમાં ખયાનત કરશે, જુઠને હલાલ સમજશે, વ્યાજ ખાશે, લાંચ રૂશ્વત લેશે, નફસની તાબેદારી કરશે, (ઇચ્છા મુજબ વર્તશે) સીલે રહમ છોડી દેશે, ઝુલ્મને ફખર સમજશે, કુરઆનને શણગારશે, મસ્જીદો ઉપર નકશીકામ કરશે, મસ્જીદના મીનાર ઉંચા કરશે, બુરા લોકો – ઝાલિમો માનવંતા સમજાશે, નમાઝની સફો ભરપુર હશે, પણ નમાઝીઓના દિલ જુદા હશે, દુન્યાની દોલતની તમન્નાના કારણે પોતાની ઓરતોને વેપાર ઘંઘાના કામમાં ભાગીદાર બનાવશે, ગુનેહગારોની વાત માન્ય રાખશે, અને તેઓની તાબેદારી કરશે, હલકટ કમીના માણસો કોમના સરદાર બનશે, રમત ગમતની ચીજો (વાજુ, પીઆનો, તંબુરો વિ.) ઘરમાં રાખશે. ઔરતો (ઘોઢા, સાઈકલ વિ.)ની સવારી કરશે. ઔરતો મરદોની શબાહત કરશે.

(મરદોના લિબાસ પહેરશે), દુન્યાના કામો ઈબાદતથી અગાઉ કરશે. (નમાઝ વગેરેમાં ઢીલ કરશે), જાહેરમાં દેખાવ સારો (વાતો મીઠી કરશે) પણ તેઓના દિલો એડીયાથી વધુ કડવાશથી ભરપુર હશે.

અસબગ બિન નબાતાએ તે વખતે અરજ કરી : યા અમીરલ મોઅમેનીન ! દજ્જાલ કોણ છે ? ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : દજ્જાલનું નામ સાયદ બિન સેદ છે. તે બદબખ્ત હશે, જે તેને માનશે. અને તે નેકબખ્ત હશે, જે તેને જુઠલાવશે. ઈસ્ફહાન (ઈરાન)ના યહુદીય્યા ગામથી બહાર આવશે. તેની જમણી આંખ અસલી નહી હોય, તે કાણો હશે, તેની એક આંખ તેના કપાળ ઉપર હશે જે ખુબ ચમકતી હશે. તેની આંખમાં લોહીના રંગનું લાલ ગોશ્ત હશે, અને તેની આંખની બાજુમાં ચોકખા અક્ષરે 'કાફર' શબ્દ એવી રીતે કપાળ ઉપર લખેલ હશે કે દરેક માણસ સહેલાઈથી તેને વાંચી શકશે. તેની સામેની બાજુથી ધુંવાડા (ગુબાર) નો ટેકરો હશે, અને તેની પાછળ એક સફેદ રંગનો ટેકરો હશે જે સખત દુકાળના વખતે જાહેર થશે. લોકો સમજશે કે તે ટેકરા ખોરાકીના છે, તેથી તે તરફ વલણ કરશે. તે દજ્જાલ એક વાની રંગના ગધેડા ઉપર સવાર થશે, જેનું એક ડગલું એક માઈલનું અંતર હશે અને જમીન તેની નીચેથી ઝડપથી પસાર થશે.

જે પણ નદીનાળા આગળથી પસાર થશે, તેનું પાણી સુકાઈ જશે. તે કાફર મોટા અવાજે પુકારશે, જેને સઘળા ઈન્સાન, જીન્નાત સાંભળી શકશે. તે બદબખ્ત કહેશે : મારા દોસ્તો ! જલ્દી મારી પાસે હાજર થાઓ, સઘળી મખ્લુકાતનો પેદા કરનાર હું છું, મેં તેઓને જુદા જુદા રંગરૂપમાં બનાવ્યા છે. તેઓની રોજી મેં પેદા કરી છે. અને મારી ખુદાઈ તરફ તેઓને બોલાવ્યા છે. હું પોતે ખુદા છું અને દરેક ચીજ ઉપર મારી સત્તા છે.

પછી હઝરતે ફરમાવ્યું : યાદ રાખો ! તે દુશ્મને ખુદા જુઠો છે, તે પોતે ખાય પીવે છે. વળી તમારો પરવરદિગાર કાણો નથી, ખાતો પીતો નથી. અને એક સ્થળથી બીજી જગ્યા તરફ હટતો નથી. તેના માટે શરીર, હરકત, હીલચાલ નથી.

વાકેફ થાઓ કે, તે મલઉનની તાબેદારી કરનારા હરામઝાદાઓ અને યહુદીઓ વગેરે હશે. શામના મુલ્કમાં એક ઉંચી ટેકરી ઉપર જેને 'તલ્લુ – અફીક' કહે છે, શુક્રવારના દિવસે ત્રણ કલાક પસાર થયા પછી તે માણસ તેને (દજ્જાલને) મારી નાખશે જેની પાછળ હઝરત ઈસા નમાઝ પડશે. (એટલે કે ઈમામ મહદી અ.સ.ના હાથે કાણો દજ્જાલ માર્યો જશે.)

તે પછી મહા ભારે બાબત જાહેર થશે. લોકોએ પુછયું : તે ભારે બાબત શું છે ? હઝરતે ફરમાવ્યું : તે ' દાબ્બતુલ અર્ઝ' (જમીન ઉપર ચાલનાર) જેનું વર્ણન કુરઆનમાં છે. 'વ અખરજ્ના લહુમ દાબ્બતુલ અર્ઝ તુકલ્લીમુહુમ' (તરજુમો) 'અને અમોએ તેઓના માટે જમીન ઉપર ચાલનારને જાહેર કર્યો, જે તેઓ સાથે વાતચીત કરશે.' તે માણસ મકકાના સફા નામના ટેકરા આગળથી જાહેર થશે. તેની પાસે હઝરત સુલૈમાન પયગમ્બરની વીટી અને હઝરત મુસા પયગમ્બરની લાકડી હશે. તે માણસ મોઅમીનના કપાળ ઉપર તે વીટી રાખશે. જેથી તેના કપાળ

ઉપર 'હાઝા મોઅમીન' (આ મોઅમીન છે.) લખાશે, અને જે કાફર હશે તેના કપાળ ઉપર લાકડી રાખવાથી 'હાઝા કાફિર' (આ કાફિર છે.) લખાશે. પછી જયારે સૂર્ય પશ્ચિમ દિશાથી નિકળશે, તે વખતે તે માણસ સૂર્ય આગળ પોતાનું માથું ઉંચુ કરશે અને પુર્વ પશ્ચિમની સઘળી મખ્લુકાત તેને જોઈ શકશે. તે વખતે તૌબાના દરવાજા બંધ થઈ જશે. કોઈની તૌબા, અમલ કબુલ નહી થાય. સિવાય જે તે નિશાનીઓથી અગાઉ ઈમાન લાવ્યો હોય. તેમજ એવા લોકોનું ઈમાન કબુલ નહી થાય જેઓએ તે નિશાનીઓ અગાઉ સારા અમલ નહિં કર્યા હોય. કેમકે અમલ વગરનું ઈમાન કબૂલ નહિં કરવામાં આવે.

કિતાબ કમાલુદ્દીનમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર નકલ કરે છે કે, એક દિવસે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) નમાઝે સુબ્હ પછી, પોતાના અસ્હાબો સાથે મસ્જીદથી બહાર નિકળી મદીનાની બજારોમાં પસાર થયા. અને એક ઘર આગળ પહોંચી તેના દરવાજાની સાંકળ હલાવી. એક ઔરતે બહાર આવી, હઝરતે રસૂલને ઓળખી અરજ કરી : યા અબલ કાસિમ (સ.અ.વ.)! આપને શું ખપે છે ? શા માટે પધાર્યા ?

હઝરતે ફરમાવ્યું : અય અબ્દુલ્લાહની મા, મને તમારા દિકરા અબ્દુલ્લાહને મળવું છે. તેણીએ અરજ કરી : તેને મળીને શું કરશો ? કસમ પરવરદિગારના, તેની અકકલ ઉપર આફત પડી છે. તે પોતાના કપડામાં પેશાબ પાખાનું કરી બગાડે છે. તે ઘણી મોટી મોટી વાતોની બકવાસ કરે છે. હઝરતે ફરમાવ્યું : અમોને રજા આપ, ઘરમાં દાખલ થઈ તેને જોઈએ. તે ઔરતે અરજ કરી : આપને રજા છે, પરંતુ જો તે દીવાનો તમારૂં અપમાન કરે, તો તેના માટે મને ઠપકાપાત્ર ન સમજશો.

હઝરત પોતાના અસ્હાબો સાથે ઘરમાં દાખલ થયા. તે મરદુદ એક જાડા કપડાથી પોતાને લપેડી લાંબો પડયો હતો અને ધીમા અવાજે ગણગણતો હતો. તેની માએ તેને કહયું : ચુપ રહે, આ બુઝુર્ગવાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તને જોવા આવ્યા છે, તેથી તે ઉભો થઈ બેઠો થયો. હઝરતે ફરમાવ્યું : ખુદા લાનત કરે તે ઔરત પર, શા માટે તેને મુંગો રહેવા કહયું, જો તે બોલવાનું ચાલું રાખતે, તો તમને તેની હાલતની ખબર પડતે, જે મેં તમોને જણાવ્યું હતું.

તે પછી હઝરતે તેને પુછયું : તું શું જોઈ રહયો છે ? તેણે કહયું : હું હક અને બાતિલ બેઉ જોઈ રહયો છું. અને પાણીની સપાટી ઉપર અર્શને જોઈ રહયો છું. હઝરતે ફરમાવ્યું : ખુદાની તવહીદ ઉપર અને મારી નબુવ્વત ઉપર ઈમાન લાવ. તે મરદુદ બાળકે કહયું : હું પોતે ખુદાની વહદાનિય્યત ઉપર ઈમાન લાવું છું અને હું પોતે ખુદાનો પયગમ્બર છું, કેમકે તમે પયગંબરી માટે મારાથી વધુ લાયક નથી. તે પછી હઝરત ત્યાંથી રવાના થયા.

બીજે દિવસે ફરીવાર પોતાના અસ્હાબો સાથે તેને જોવા ગયા. તે ઓરતની રજા લઈ ઘરમાં દાખલ થયા, જોયું કે તે બાળક ખજુરીના ઝાડ ઉપર બેઠો ખુબ આવાજથી લલકારી રહયો છે. તેની માએ તેને ધમકાવીને કહયું ચુપ થા, અને ઝાડથી નીચે આવ, હઝરત મુહમ્મદ (સ.અ.વ.) આવ્યા છે. તે ચુપ રહી ઝાડથી નીચે ઉતર્યો. હઝરતે

નિરાશ થઈ ફરમાવ્યું, ખુદા લાનત કરે તેની મા ઉપર, શા માટે તેને ચુપ રહેવાને કહયું, જો તેને નહિં ધમકાવતે તો તમોને ખાત્રી થાત કે એજ મરદુદ દજ્જાલ છે. જેની ખબર તમોને આપી ચુકયો છું, અને ત્યાંથી રવાના થયા.

ફરી ત્રીજે દિવસે અસ્હાબો સાથે તેને જોવા ગયા અને ઘરમાં દાખલ થતાં જોયું કે તે મરદુદ આગળ કેટલાક બકરા છે. અને તેની સાથે તે રમે છે. હઝરતે ફરમાવ્યું : ખુદાની વહદાનિય્યત અને મારી નબુવ્વત ઉપર ઈમાન લાવ. પછી હઝરતે ફરમાવ્યું : મારા દિલમાં મેં એક વાત રાખેલ છે, તે તું જણાવ. તેણે કહયું : 'અદદુખ અદદુખ' (દુખનાનો અર્થ ધુંવાડો થાય છે. કેમકે હઝરત ઉપર તે દિવસે સુરએ દુખાન નાઝિલ થયો હતો, અને તે નમાઝે સુબ્હમાં પડયા હતા.) પછી હઝરતે ફરમાવ્યું, જે ખુદાએ ચાહયું એજ થશે, તું તારી મુરાદ પામીશ નહી.

પછી હઝરતે પોતાના અસ્હાબોને ફરમાવ્યું : આ મરદુદ દજ્જાલ છે. જેની હકીકત મેં તમોને કહી સંભળાવી છે. તે આખર ઝમાનામાં બહાર આવશે અને તે મુદ્દત દરમ્યાન પરવરદિગાર તેને એક ટાપુમાં કેદમાં રાખશે. આખર ઝમાનામાં તેના થકી ભારે ઈમ્તેહાન થશે. જે પયગંબરો મારાથી અગાઉ આવ્યા તે સઘળાઓએ પોતાની ઉમ્મતને દજ્જાલના ફીતનાની ખબર આપી ચેતવણી આપી ચૂકયા છે. અને હું તમોને તેની ચેવતણી કરૂં છું. તમો શંકામાં ન પડો, તમારો ખુદા કાણો નથી, તેમજ તેને શરીર જેવું કશું નથી, તે મરદુદ આખર ઝમાનામાં પોતાના ગધેડા ઉપર સવાર થઈ જાહેર થશે, વગેરે.

દજ્જાલ આખર ઝમાનામાં જાહેર થશે અને દુન્યામાં ચાલીસ દિવસો સુધી દરેક ઠેકાણે પોતાના ગધેડા ઉપર સવાર થઈ પહોંચશે, છેવટે ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના હાથે શામના મુલકમાં માર્યો જશે.

એ સિવાય ઝુહુર થવા પહેલાની ઘણી નિશાનીઓ છે, જે આખર ઝમાનાની નિશાનીઓના પ્રકરણમાં લખેલ છે.

## ૨૪. ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર સમયની હકીકત

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના જાહેર થવાનો વખત થાશે, ત્યારે તેમની તલવાર અવાજ કરશે : અય હુજ્જતે ખુદા ! ઝુહુરનો વખત થયો માટે હવે જાહેર થાઓ.

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે : ઈમામે ઝમાના હઝરત મહદી અલય્હિસ્સલામ પ્રથમ જાહેર થશે ત્યારે મકકામાં દાખલ થશે. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)નો લિબાસ શરીર ઉપર અને પીળા રંગની પાઘડી તેમના માથા ઉપર અને હાથમાં પયગંબરની લાકડી, પગમાં રસુલના પગરખાં હશે. થોડા દુબળા બકરા તેમની આગળ હશે. મકકામાં તેમને ઓળખનાર કોઈ નહી હોય. એવી હાલતમાં ખાનએ કાઅબામાં દાખલ થાશે. તે વખતે તેમનો દેખાવ અને શીકલ ઉગતી વયના યુવાનની માફક હશે. તે સમય રાતનો હશે. મધરાત પછી આસમાનથી જિબ્રઈલ

અને મીકાઈલ ફરીશ્તાઓ મલાએકાના ટોળા સાથે ખાનએ કઅબામાં ઈમામની ખિદમતમાં હાજર થઈ સલામ કરશે. જનાબે જિબ્રઈલ અરજ કરશે : ખુદાનો હુકમ છે કે જે કાંઈ આપ ચાહશો અને ફરમાવશો તે મુજબ થાશે. તે વખતે હઝરત પોતાનો મુબારક જમણો હાથ પોતાના ચહેરા ઉપર ફેરવીને કહેશે 'અલહમ્દોલિલ્લાહીલ્લઝી સદકના વઅદહુ અવરસનલ અર્ઝ નતબવ્વઉ મેનલ જન્નતે હયસુ નશાઉ ફનિઅમ અજરૂલ આમિલીન.' (તરજુમો) 'દરેક વખાણ રબ્બુલ આલમીન માટે છે, જેણે અમારા બારામાં પોતાના વચનો પુરા કરી અમોને જમીનના વારસ બનાવ્યા. જેથી અમારી મરજી મુજબ કોઈ પણ જગાએ પહોંચી શકાશે. ખચિત અમલ કરનારા માટે સર્વોત્તમ અજર (નેક બદલો) હોય છે.'

તે પછી હઝરત હુજ્જત ખાનએ કઅબાના રૂકનો મકામ આગળ ઉભા રહી મોટા અવાજથી પુકારશે, અય નુકબાની જમાઅત અને ખુદાના ખાસ (ચુંટાયલા) બંદાઓ, જેઓને પરવરદિગારે મારી સહાયતા માટે રાખ્યા છે, મારી પાસે આવી હાજર થાઓ. તેમનો અવાજ દુન્યાના દરેક મુલકમાં પહોંચશે અને ૩૧૩ ચુંટાયલા મુઅમિનો એશિયા, આફ્રિકા અને ચીન વગેરેના મુલ્કોમાં જયાં પણ હશે, તે અવાજ સાંભળશે. તેઓમાં કેટલાક મુસલ્લા ઉપર ઈબાદત કરતા હશે, કેટલાક સુતા હશે. તેઓ સઘળા મકકા તરફ તરત જ રવાના થશે અને પળવારમાં હઝરતની ખિદમતમાં હાજર થઈ જશે.

તે વખતે પ્રથમ ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના મુબારક હાથ ઉપર જનાબે જિબ્રઈલ બોસો આપશે અને બયઅત કરશે. તે પછી બીજા ફરીશ્તાઓ અને જીન્નાતના સરદારો બયતઅ કરશે. અને તેઓના પછી ૩૧૩ નુકબા મુખ્ય અસહાબો બયઅત કરશે.

મકકાના લોકો તેઓ તરફ નજર કરી અચરજ પામતા કહેશે કે, 'આ લોકો કોણ છે ? કયાંથી આવ્યા ? અને આજે રાતના જે નુરનો પ્રકાશ અને મોઅજિઝા જોવામાં આવ્યા તે શું છે ?' તેઓ એક બીજાને પુછશે કે, 'આ લોકોમાંથી તમે કોઈને ઓળખો છો ?' તેઓમાંના કેટલાકો જવાબ આપશે કે, 'અમો તેઓને ઓળખતા નથી. સિવાય કે તેઓની સાથે ચાર માણસો જેઓ મદીનાના રહેવાસીઓ છે, તેઓને ઓળખીએ છીએ' અને તેઓ કહેશે કે, 'આ ટોળાના સરદાર પ્રકાશિત ચેહરાના બુઝુર્ગવાર હઝરત સાહેબુઝઝમાન છે.'

સુર્ય નિકળ્યા પછી તેમાંથી અવાજ સંભળાશે કે કોઈ બોલનાર ચોકખી અરબી ભાષામાં મોટા અવાજથી પુકારશે જે આસમાન અને જમીનની સઘળી મખ્લુકાત સાંભળી શકશે. તે કહેશે, 'અય આસમાન અને જમીનની મખ્લુકાત ! સાંભળો, કે આએ બુઝુર્ગ જે જાહેર થયા છે તે મહદીએ આલે મોહમ્મદ (સ.અ.વ.) છે. અને તેમનું પુરૂં નામ તેમના બાપદાદા ઈમામ હુસૈન (અ.સ.) સુધીના નામ જણાવશે, અને કેહશે કે તમે સઘળાઓ આવી પોતાના ઈમામે ઝમાનાની બયઅત કરી, તાબેદારી કરો અને તેમની નાફરમાની કરી ગુમરાહ ન થાઓ.' તે વખતે

ફરીશ્તાઓ જીન્નાત અને ઈન્સાનોમાં ૩૧૩ નુકબા અને બીજા મોઅમીનો કહેશે,'અમોએ માન્ય રાખ્યું અને તાબેદારી કરી.'

દુન્યાના દરેક મુલ્કોમાં, ગલો, પહાડોમાં તે અવાજ પહોંચશે અને સઘળા નાના મોટા, સ્ત્રી પુરૂષો તે અવાજ સાંભળી અચરજ પામશે. તે દિવસે સુર્ય અસ્ત પામવા સમયે (મગરીબ વખતે) એક બીજો અવાજ સંભળાશે : 'લોકો સાંભળો, તમારો ખુદા યાબીસના જંગલમાં (જે પેલેસ્ટાઈનમાં છે.) જાહરે થયો છે અને તેનું નામ ઉસ્માન બિન અમ્બસહ ઉમવી છે, જે યઝીદ બિન મઆવીયાની અવલાદમાંથી છે. તેની પાસે જાઓ અને તેની બયઅત કરો, જેથી હિદાયત પામશો.' તે વખતે તેના જવાબમાં મલાએકા, જીન્નાત અને ઈન્સાનમાંથી સઘળા મોઅમીનો કહેશે,'તારી વાત અમોએ સાંભળી અને તે માન્ય રાખતા નથી. તુ જુઠી છે.' તે વખતે જેઓ કાફીર, મુનાફિક, બેદીન હશે તેઓ શકમાં પડી જશે અને ગુમરાહ રહેશે.

તે પછી ઈમામે ઝમાના (અ.સ.) ખાનએ કાઅબાને અઢેલીને (અડીને ઉભા હશે અને) ફરમાવશે : ખુદાની સઘળી મખ્લુકાત, મારી વાત સાંભળો, સઘળા પયગમ્બરો અને હઝરત રસુલેખુદા (સ.અ.વ.) અને ઈમામોની ખુબીઓ, નિશાનીઓ, ઈલ્મ અને મોઅજિઝા મારી પાસે છે. આસમાની કિતાબોનું ઈલ્મ પણ મારી પાસે છે' તે વાત સઘળા મુઅમીનો માન્ય રાખશે.

તે પછી રૂકન અને મકાન આગળથી 'દાબ્બતુલ અર્ઝ' એક ઈન્સાન જાહેર થશે, જેના હાથમાં વીંટી અને લાકડી હશે. મોઅમીનોની પેશાની ઉપર ચોકખા અક્ષરે લખાશે ક 'આ મોઅમીન છે' અને કાફરોની પેશાની ઉપર લાકડી અડાડતાં તેઓના કપાળ ઉપર લખાશે, 'આ કાફર છે.'

તે પછી હઝરતની ખિદમતમાં એક માણસ હાજર થશે, જેનો ચહેરો પીઠ તરફ વળી ગયેલ હશે. તે હાજર થઈ અરજ કરશે : 'મારા સરદાર, હું તમારા માટે એક વધામણી લાવ્યો છું. એક ફરીશ્તાએ મારો ચહેરો પીઠ તરફ ફેરવીને તમારી ખિદમતમાં હાજર થઈ વધામણી આપવાનો હુકમ કર્યો છે, તેથી હું હાજર થયો છું.' હઝરત ફરમાવશે : તારી અને તારા ભાઈની હકિકત કહી સંભળાવ. તે માણસ અરજ કરશે : મારા સરદાર હું અને મારો ભાઈ અમો બેઉ સુફયાની લશ્કરમાં હતા. અમારી ફોજ દમિશ્કતથી બગદાદ સુધી હુમલો લઈ જઈ તે મુલકોને વેરાન કરી, મદીના મકકા તરફ આવવાને રવાના થયા. અમારી ફોજ ત્રણ લાખની હતી. અમારો ઈરાદો મકકામાં ખાનએ કાબાને તોડી ત્યાંની વસ્તીને કતલ કરવાનો હતો.

મદીના અને મકકાની વચ્ચે બયદાના રણમાં રાતના વખતે પહોચ્યા. મધરાત પછી અમોએ અવાજ સાંભળી કે,'અય બયદા ! આ સીતમગાર કાફીરોનો નાશ કર', કસમ ખુદાની, જમીન ફાટી ગઈ અને ત્રણ લાખ સિપાહીઓ અને તેઓના સઘળા જાનવરો અને સામાન સહીત જમીનમાં ધસી ગયા. તેઓની નિશાની પણ ન રહી. ફકત હું અને મારો ભાઈ બચી ગયા. એક ફરીશ્તાએ આવી અમો બેઉને તમાચો માર્યો, તેથી અમારા ચેહરા પીઠ તરફ ફરી

ગયા. પ્રથમ મને કહયું : 'બશીર, તું મકકા તરફ જઈ હઝરતે સાહેબુઝઝમાનને સુફયાનના લશ્કરની હલાકતની બશારત (ખુશખબરી) આપ.' અને મારા ભાઈને કહયું : 'તેના લશ્કરની હલાકતની ખબર પહોંચાડી ઠરાવ અને સુફયાનીને જણાવ કે હઝરત મહદી (અ.સ.) મકકામાં જાહેર થયા છે. તેમની ખિદમતમાં પહોંચી તવબા કરીશ, તો તારી તવબા કબુલ થશે.' (પરંતુ તે મલઉન તવબા નહિં કરે અને છેવટે તે પણ વાસીલુન્નાર થશે) આએ હકિકત હઝરત અને તેમના સાથીઓએ સાંભળી અને હઝરતે પોતાના મુબારક હાથથી તે માણસનો ચેહરો સરખો કરી આપ્યો.

હઝરત મેહદી અલય્હિસ્સલામ મકકાથી કુફા તરફ આવશે. નજફ અને કુફાની વચ્ચે જંગમાં ઉતારો રાખશે, તેમની સાથે ફરીશ્તા અને જીન્નાતોનું બહુ મોટું લશ્કર હશે. મસ્જીદે કુફા તેમની રાજધાની અને મસ્જીદે સહલામાં તેમનું રહેઠાણ થશે.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : હઝરત મહદી(અ.સ.)નું કાર્ય એકજ રાતમાં સફળ થશે.

'મહદી' અને 'ઈમામત'ના જેઓ દાવેદારો થયા છે અને દાવો કરનારા હશે, તેઓની પોકળતા માટે એક ઉમદા નિશાની અને દલીલ છે.

ઈમામનું રાજધાની કુફા, મોટું શહેર થશે અને નજફ સુધી તેના મકાનો પહોંચશે. તેથી નજફે અશરફ કુફામાં ભળી જશે. એક વેંત જમીનની ઘણી કિંમત થશે અને મોઅમીનો ચારે તરફથી ત્યાં એકઠા થશે. કુફા શહેર લગભગ ચોપન માઈલનું થશે, અને કરબલા સાથે ભળી જશે. તે વખતે મોઅમીનો જે કાંઈ ખુદા પાસે માંગશે તેઓની હાજત પુરી થશે.

હઝરત હુજ્જત (અ.સ.) એક બહુ મોટું લશ્કર દમિશ્ક તરફ મોકલશે અને સુફયાનીના લશ્કરને હરાવી સુફયાનીને કત્લ કરશે. એજ સમયમાં ઈમામ હુસૈન (અ.સ.) પોતાના ૭૨ અસ્હાબો શોહદાએ કરબલા અને દસ હજાર સીદદીકીન મોઅમીનો સાથે રજઅત ફરમાવશે, અને ઈમામ મહદી (અ.સ.) પાસે હાજર થશે. તેમજ અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) અને બીજા ઈમામો પણ પાછા ફરશે. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) પોતાના અસ્હાબો અને તેમની સાથે જેહાદમાં શહીદ થયેલા સઘળા પાછા ફરશે. તેમજ જેઓએ હઝરતને જુઠલાવ્યા હતા, સતાવ્યા હતા અને તેમને જાદુગર વગેરેની ઉપમા આપી હતી, તેઓ પણ પાછા ફરશે, અને પોતાએ કરેલ ઝુલ્મ, સીતમની સજા પામશે.

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) જાહેર થશે, તે સમયમાં હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) અને ઈમામો પાછા ફરશે, તેમજ હઝરત ઈસા (અ.સ.) અને બીજા પયગંબરો અને મોઅમિનો વગેરે પાછા ફરશે. આખી દુન્યા ઉપર એક જ ઈસ્લામ મઝહબ, અમન, ઈમાન, અદલ, ઈન્સાફ ફેલાઈ જશે. દરેક પ્રકારની નેઅમતો જાહેર થશે, વગેરેનું વર્ણન કિતાબોમાં વિગતવાર જોવા મળે છે. આ પ્રકરણમાં ફકત ટૂંકસાર લખેલ છે.

## ૨૫. રજઅત

‘રજઅત’ એટલે : ‘મરણ પામેલાઓનું ફરીવાર સજીવન થઈ દુન્યામાં આવવું. ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ના જાહેર થયા પછી, પરવરદિગારની મસ્લેહત અને મરજી મુજબ ઘણા નેક લોકો, પયગમ્બરો, અસ્હાબો, મોઅમીનો અને તે સાથે બુરા લોકોમાંથી ઝાલિમો, એહલેબૈતના દુશ્મનો વગેરે દુન્યામાં ફરીવાર સજીવન થશે.’

‘રજઅત’ પ્રત્યે એઅતેકાદ (માન્યતા) રાખવાનો હુકમ છે, અને તે જરૂરી માન્યતા અને ઈમાનની નિશાની છે. તે વિષે કુરઆનની આયતો તેમજ શીઆ અને એહલે સુન્નત જમાઅતની કિતાબોમાં ઘણી હદીસો છે. એટલું જ નહીં પણ નસારા, યહુદી, આતશપરસ્ત મજુસી અને હિંદુઓના પુસ્તકોમાં પણ તેનું વર્ણન મૌજુદ છે. આએ પ્રકરણમાં પ્રથમ તે વિષે કુરઆની આયતો અને તે પછી હદીસો વડે ‘રજઅત’ની માન્યતાનું ટૂંકમાં વર્ણન કરીશું.

૧. ‘વ યવ્ય નહશોરો મીન કુલ્લે ઉમ્મતીન્ ફવજેન મિમ્મં યુકઝ્ઝેબો બેઆયાતેના ફહુકમ યુઝઉન.’

અને તે દિવસે અમે દરેક ઉમ્મતમાં એક ટોળાના તે લોકોને લાવશું, જેઓ અમારી નિશાનીઓ જુઠલાવતા હતા. (આ આયત રજઅત વિષે છે)

જયારે કે મહશરના કિયામતના દિવસ માટે પરવરદિગાર કુરઆનમાં ફરમાવે છે.

‘વ હશરના હુમ ફલમ નુગાદીર મિન હુમ અહદા’ (સુરે કહફ, આયત : ૪૭)

અને અમે કયામતમાં તેઓને ઉભા રાખીશું અને તેઓમાં એક પણ બાકી રહેવા નહિ પામે. સઘળી મખ્લુકાત હાજર થશે. (આ આયત મહેશર વિષે છે)

આ બીજી આયતથી સાબિત થાય છે કે કયામતના દિવસે તમામ મખ્લુકાત સજીવન થશે. તેથી પ્રથમ આયત, જેમાં દરેક ઉમ્મતમાંથી એક ટોળાને સજીવન કરવાના બારામાં વર્ણન છે, તે આએ દુન્યામાં અમુક લોકોની રજઅત (સજીવન થવા) વિશે છે.

૨. ‘વ હરામુન અલા કરયતીન અહ્લક્નાહા અન્નહુમ લા યરજેઉન’ (સુરે અંબીયા, આયત : ૯૫)

અને જે લોકોને અમોએ અઝાબ ઉતારી સજા કરેલ છે, તેઓ (રજઅતમાં) પાછા નહીં ફરે.

આ આયત ‘રજઅત’ માટે હોવાનું સાબિત થાય છે, કેમ કે કયામતમાં હશ્રના મેદાનમાં સઘળી મખ્લુકાતને હાજર કરવામાં આવશે.

૩. કાલુ રબ્બના અમત્તનસનતયન, વ અહયયતનસ્તનસ્તયન ફહલ એલા ખુરૂજીન મીન સબીલ (સૂરે મોઅમીન , આયત : ૧૧)

કાફીરો કયામતના દિવસે કહેશે : ‘અય અમારા પાલનહાર ! અમોને તેં બે વખત મૌત આપી અને બે વખત સજીવન કર્યા.’

આ આયતમાં બે વખત મૌત અને બે વખત સજીવન થવાના બારામાં છે, તે પ્રથમનું સજીવન થવું ‘રજઅત’ના ઝમાના માટે છે.

૪. ફઈઝા જાઅ વઅદુ ઉલા હુમા બઅસના અલયકુમ ઈબાદન લના ઉલી બઅસીન શદીદીન. (સૂરે બની ઈસરાઈલ, આયત : ૫)

જયારે પ્રથમ વાયદાનો વખત આવ્યો, ત્યારે અમે અમારા એવા જોરાવર બંદાઓને જાહેર કરી તમારા ઉપર સત્તા આપી તેથી તેઓ તમારા ઘરોમાં દાખલ થઈ તમોને કાપી નાખશે.

૫. ઈન્ની લનનસોરો રોસોલના વલ્લઝીના આમનુ ફીલ હયાતુદદુન્યા (સૂરે મોઅમીન, આયત : ૫૫)

બશક અમે અમારા રસુલો અને મુઅમિનોને આએ દુન્યામાં મદદ કરી.

એવી બીજી ઘણી આયતો કુરઆનમાં મરણ પામેલા લોકોના દુન્યામાં ફરીવાર સજીવન થવાના બારામાં છે. વળી અગાઉ થઈ ગયેલા પયગંબરોની ઉમ્મતમાં રજઅત થઈ છે, અને મરણ પામેલા માણસો પાછા સજીવન થયા છે. જેથી મરણ પામ્યા પછી કયામત પહેલા આએ દુન્યામાં કોઈ સજીવન ફરીવાર નહીં થઈ શકે, એ માન્યતા ખોટી ઠરે છે.

૧. હઝરત મુસા પયગમ્બર, મીકાત ઉપર મુનાજાત અને ખુદાના કલામ સાંભળવા માટે પોતાની લાખોની ઉમ્મતમાંથી ૭૦ ને ચુંટીને લઈ ગયા હતા. તેઓએ ખુદાને પ્રત્યક્ષ નજરે જોવાની માંગણી કરી, તેથી તેઓ હલાક થઈ મરણ પામ્યા. હઝરત મુસાની દોઆથી પરવરદિગારે તેઓને સજીવન કર્યા, જેની હકીકત કુરઆનમાં છે.

૨. પરવરદિગારે કુરઆનમાં પ્લેગની બીમારી અને મૌતથી પોતાનું ગામ છોડી ભાગી જનારા બધા ઉપર એકી વખતે મૌત મોકલી મારી નાખ્યા. અને ફરીવાર તેઓને તે ઝમાનાના પયગમ્બરની દોઆથી સજીવન કર્યા, જેના વર્ણનમાં અલ્લાહ ફરમાવે છે : ‘અલમ તર ઈલ્લલ્લઝીન ખરજુ મિન્દીયારે હીમ વ હુમ ઉલુફુન હઝરલ મૌત ફકાલ લહુમુલ્લાહુ મૂતુ સુમ્મ અહયાહુમ’ (સુરે બકરહ, આયત : ૨૪૩)

શું તમે જોતા નથી કે જે કોમ પોતાના રહેઠાણના મુલકથી મૌતથી ડરીને બાહેર નિકળી ગયા હતા. અને તેઓની હજારોની સંખ્યા હતી. તેઓને અલ્લાહે ફરમાવ્યું મરી જાઓ (તેઓ સઘળા તે વખતે મરણ પામ્યા) પછી તેઓને ફરી સજીવન કર્યા.

તેની હિકાયતમાં છે કે, તે કોમ હઝરત હીઝકીલ પયગંબરના ઝમાનામાં હતી. તેઓના સીત્તેર હજાર કુટુંબો હતા. તેઓના શહેરમાં મરકી (પ્લેગ) ફેલાઈ જવાથી તેઓ સઘળા શહેરમાંથી બહાર નિકળી ગયા. હજી ઠરીઠામ ન થયા હતા, કે પરવરદિગારનો હુકમ થયો કે, તમે સઘળા મરી જાઓ. તેઓ સઘળા મરણ પામ્યા અને તેઓનું શરીર

સડી જતાં ફકત હાડકાં જ રહી ગયા. એક વખત બની ઈસરાઈલના એક પયગંબર અરમીયા અથવા હીઝકીલ ત્યાંથી પસાર થયા, આપે દોઆ કરી કે,'ખુદાવંદા તારી અપાર શક્તિથી તું આ કોમને ફરીવાર સજીવન કર. જેથી શહેર આબાદ થાય અને તેઓ તારી ઈબાદત કરે.' ખુદાનો હુકમ થયો. પાણી લઈ તેઓના હાડકાં ઉપર છાંટો, તે નવરોઝનો દિવસ હતો. પયગમ્બરે પાણી છાંટયું, તે સઘળા ફરીવાર સજીવન થઈ પોતાના શહેરમાં દાખલ થયા. તે પયગમ્બરની હિદાયત માન્ય રાખી અને ખુદાની બંદગી અને તાબેદારી કરતા રહયા.

'રજઅત'માં જેઓ પાકા મોઅમીનો હશે અને જેઓ પુરા કાફીરો હશે તેઓ સજીવન થશે. જયારે કે તે સિવાયના માટે રજઅત નથી. તેમજ અગાઉ થઈ ગયેલા પયગમ્બરોમાંથી અમુક પયગમ્બરો અને આપણા પયગમ્બર કુલ ૧૧ ઈમામો, તેમના અસ્હાબોમાંથી અમુક અસ્હાબો અને સઘળા શોહદાએ કરબલાના માટે રજઅત થાશે. તેનું બયાન બહુજ લંબાણથી છે અને તેની ઘણી હદીસો છે, તેમાંથી થોડી હદીસો લખેલ છે.

૧. ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે : રજઅતમાં હઝરત મહદી (અ.સ.)ના જાહેર થયા પછી પ્રથમ ઈમામ હુસૈન (અ.સ.) પોતાના અસ્હાબો, જેઓ કરબલામાં શહીદ થયા હતા, તેઓની સાથે પાછા દુન્યામાં સજીવન થશે, અને ઈમામ હુસૈન (અ.સ.) સાથે સીત્તેર પયગમ્બરો હશે. જયારે હઝરત મહદી (અ.સ.)ની વફાતનો સમય આવશે, ત્યારે પોતાની વીટી ઈમામ હુસૈન (અ.સ.)ને આપશે, ઈમામ હુસૈન (અ.સ.) ઈમામ મહદી(અ.સ.)ને દફન કરશે.

૨. ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે : હઝરત મહદી (અ.સ.) ઝુહુર થયા પછી કુફામાં દાખલ થાશે, ત્યારે કુફાની પછવાડે નજફના વાદીયુસ્સલામમાંથી પરવરદિગાર સીત્તરે હજાર સીદદીકીન મોઅમીનોને સજીવન કરશે, જેઓ સઘળા હઝરત મહદી (અ.સ.)ની સાથે તેમની મદદમાં રહેશે.

૩. ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે : જયારે અમારા કાએમ હઝરત મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે, ત્યારે દરેક મોઅમીનની કબર આગળ એક ફરીશ્તો આવી તેને કહેશે કે, તમારા ઈમામ જાહેર થયા છે, તેમની ખિદમતમાં પહોંચવું હોય તો ઉઠો. તે વખતે જે મોઅમીનને હઝરતની ખિદમતમાં હાજર થવું હશે, તે પોતાની કબરમાંથી ઉઠશે.

૪. ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે : જે મોઅમીન ચાલીસ દિવસો સુધી દરરોજ સુબ્હની નમાઝ પછી અહદની દોઆ પઢશે, તે હઝરત મહદી (અ.સ.)ના અન્સારમાં થશે અને જો તે મરણ પામ્યો હશે, તો તે સજીવન થઈ બહાર આવશે.

૫. ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે : જયારે ઝુહુરનો સમય આવશે તેની અગાઉ જમાદિઉલ આખરનો આખો મહીનો અને રજબના દસ દિવસો મળી ચાલીસ દિવસો સુધી એવો સખત વરસાદ પડશે, જે કોઈએ અગાઉ જોયો નહિં હોય. તે થકી પરવરદિગાર મરણ પામેલા મોઅમીનોના શરીરમાં હાડકા અને ગોશ્ત પેદા કરશે,

અને મોઅમીનો માથાથી માટી સાફ કરતા, કબરમાંથી બહાર આવશે. (આ પ્રકારની ઘણી હદીસો છે જે સ્થળ સંકોચના કારણે લખી શકયા નથી.)

૬. હરસ બિન અબદુલ્લાહ રબઈ રિવાયત કરે છે કે,એક વેળા બગદાદના મોટા પુલ આગળ બની અબ્બાસીના મન્સુર ખલીફા સાથે હું બેઠો હતો. ત્યાં તેની બાજુમાં તેના વડા કાઝી સવવાર મને સય્યદ હમયરી શાએર હાજર હતા. સય્યદ હમયરી કેટલાક કાવ્યો રચી ખલીફાને સંભળાવતો હતો, જેમાં તેના વખાણ હતા. જે સાંભળી ખલીફા બેહદ ખુશ થતા હતા. સવવાર કાઝીએ જોયું કે સય્યદ ઉપર ખલીફા બેહદ ખુશ થયા છે તેથી હસદના લીધે તેણે કહયું : યા અમીરલ મુઅમેનીન, આ સય્યદ ખોટું બોલે છે. તેના દિલમાં તમારા પ્રત્યે માન, મોહબ્બતની લાગણી નથી. તેણે પોતાના સરદારો એહલેબૈતે રસુલની મોહબ્બત દિલમાં છુપાવી રાખેલ છે. એટલું જ નહિં, પણ તે ખુલફા અને અસ્હાબોને બુરૂં બોલે છે, તેમજ તેના દિલમાં તમારી અદાવત ભરેલી છે.

સય્યદે અરજ કરી : તમારો કાઝી હસદના લીધે મારી વિરૂઘ્ધતા કરે છે. આ કાઝીનો આખો કબીલો કુફ્રના ઝમાનામાં અને ઈસ્લામ લાવ્યા પછી પણ તમારા ખાનદાનના દુશ્મનો રહયા છે, એ લોકોના બારામાં ખુદાએ પોતાના પયગમ્બરને કુરઆનમાં ફરમાવ્યું છે કે,જે તમારા મકાનના ઓરડાની પાછળ ઉભા રહી તમોને પુકારી રહયા છે, તેઓમાંથી ઘણા ખરા અકકલ વગરના જાહીલો છે, તેથી આ કાઝી પણ તેઓમાંથી જ છે.

મનસુર ખલીફાએ મોં મલકાવતાં કહયું : ‘ખરી વાત છે.’ તેથી કાઝી વધુ ભડકયો અને કહયું કે આ સય્યદ રજઅત ઉપર એઅતેકાદ રાખે છે. સય્યદે કહયું : અલબત રજઅત ઉપર મારૂં ઈમાન છે, કેમકે ખુદાએ કુરઆનમાં ઘણે ઠેકાણે ફરમાવ્યું છે અને બે ત્રણ આયતો પડયા. (જે શરૂઆતમાં લખી ચુકયા છીએ) તેમજ પયગમ્બરની ઘણી હદીસોમાં રજઅત (મરણ પામેલા લોકો આએ દુન્યામાં ફરીવાર સજીવન થયા) વિષે ફરમાવ્યું છે.

બેશક હઝરતે રસૂલેખુદા (સ.અ.વ.)ની હદીસ છે કે કયામતના દિવસે મગરૂર લોકો કીડીની શકલમાં આવશે. વળી ફરમાવ્યું : આખર ઝમાનામાં ઉમ્મતમાંથી કેટલાક લોકોને જમીન ઘસી લેશે અને કેટલાકોની શીકલ વાંદરાં, ડુકકર વગેરેમાં મસ્ખ થશે. રજઅતની મારી માન્યતા ખરી છે અને કુરઆન તેમજ હદીસો મુજબની છે. મને ખાત્રી છે કે આ સવવાર કાઝી રજઅતમાં ફરીવાર કુતરા, ડુકકર અથવા વાંદરાની શીકલમાં આવશે. કસમ પરવરદિગારની, આ કાઝી જબ્બાર, મુતકબ્બીર અને પુરો કાફર છે.

મન્સુર ખલીફા સય્યદની ટીકા સાંભળી ખુબ ખસ્યા અને કહયું : ‘તમારૂં કહેવું સહી છે.’

રજઅતમાં ઈમામ મહદી (અ.સ.), ઈમામ હુસૈનના કાતિલો તેમજ ઈમામોને શહીદ કરનારા અને મોઅમીનોને કતલ કરનારા ઝાલિમો પાસેથી પુરો બદલો લેશે.

દુન્યામાં જેઓનું નાહક ખુન થયું હોય તેઓ પાછા ફરી પોતાની બાકીની જીંદગી પુરી કરશે. તેઓના કાતિલો પાસેથી બદલો પામશે, અને તે ખુન કરનારાઓને કતલ કરવામાં આવશે.

તે વખતે હઝરત મહદી (અ.સ.) પોતાના ઈલ્મથી હુકમ કરશે, સાક્ષી લેવાની જરૂરત નહીં પડે. એ ઝુહુર પછીના ઝમાનાને 'કયામતે સુગરા' (નાની કયામત) કહેવામાં આવે છે.

૭. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે : આશુરાના દિવસે લડાઈથી અગાઉ ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાના અસ્હાબોને ફરમાવ્યું હતું કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ મને જણાવ્યું છે કે : 'મારા ફરઝંદ હુસેન, મારી વફાત પછી દુશ્મનો તમોને ઈરાક (કુફા) તેડાવશે અને ત્યાં તમોને અને તમારા અસ્હાબોને શહીદ કરશે.' પછી ઈમામ હુસૈન અલય્હિસ્સલામે પોતાના અસ્હાબોને ફરમાવ્યું હું જોઈ રહયો છું કે આ કાફરો આપણને બધાને શહીદ કરશે. બેશક શહાદત પછી આપણે સઘળા રસૂલેખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચીશું, અને તેમની સાથે અચોકકસ મુદ્દત સુધી રહીશું. ત્યાર બાદ રજઅતના ઝમાનામાં સર્વથી પહેલા હું મારી કબરમાંથી બહાર આવીશ, અને અમારા કાએમ (અ.સ.) સાથે રહી ખુદાના દુશ્મનો સામે જેહાદ કરીશું. આસમાનમાંથી તે ફરીશ્તાઓ ઉતરશે, જેઓ અગાઉ કોઈ વખત જમીન ઉપર આવ્યા નહીં હોય, તેઓ અમારી સાથે સહાયતામાં રહેશે. તેમજ જિબ્રઈલ, મીકાઈલ, ઈસરાફીલ જમીન ઉપર ફરીશ્તાઓ સાથે આવશે. તે સમયે રસૂલેખુદા (સ.અ.વ.), હઝરત અમીરૂલ મુઅમેનીન અલી (અ.સ.) અને મારા ભાઈ ઈમામ હસન (અ.સ.) તેમજ મારી અવલાદના સઘળા ઈમામો આવશે. તે વખતે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) પોતાનો અલમ ખોલી તલવાર સાથે અમારા કાએમ હઝરત મહદી (અ.સ.)ને આપશે. તમો મારા અસ્હાબો મારી સાથે રહેશો, અને ખુદાને મંજુર હશે એટલા લાંબા સમય સુધી આપણે દુન્યામાં રહીશું.

તે પછી અમીરૂલ મુઅમેનીન અલી (અ.સ.), રસૂલેખુદા (સ.અ.વ.)ની તલવાર મને આપશે અને મશ્રીકની જમીન (એશીયા) તરફ ફોજ સાથે રવાના કરશે. હું ત્યાં પહોંચીશ અને જે ખુદાના દુશ્મનો, બેદીનો હશે, તેઓને કતલ કરીશ. હિંદુસ્તાન પહોંચી તે મુલક ફતેહ કરીશ અને મુશ્રીકો, કાફીરોથી તે મુલકને પાક કરીશ. જમીનની સપાટી ઉપરથી હલાલ જાનવરો સિવાય સઘળા હરામ ગોશ્ત જાનવરોનો નાશ કરીશ. નસારા, યહુદી અને સઘળા મુશ્રીકો, કાફીરને હિદાયત કરીશ. જેઓ પોતાના કુફર ઉપર બાકી રહેશે, તેઓને કતલ કરીશ. તે સમયે પરવરદિગાર મોઅમીનો ઉપરથી દરેક પ્રકારની બલા, બીમારીને દુર ફરમાવશે અને નેઅમતો, બરકતો તેઓ ઉપર ઉતારશે. ઝાડની ડાળીઓ ફળોથી ભરપુર જુકી જશે, ગરમીની મોસમના ફળ ફળાદી ઠંડીની મોસમમાં પણ તેઓને મળશે, તેમજ ઠંડીની મોસમના ફળો – મેવા ગરમીના દિવસમાં મેળવી શકાશે.

પછી ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાના અસ્હાબોને ફરમાવ્યું કે, પરવરદિગારે કુરઆનમાં તે વિષે ફરમાવ્યું છે:

'વ લવ અન્ન અહલલ કિતાબ આમનુ વત્તકવ લફતહના અલયહીમ બરકાતિમ્મીનસ્સમાએ વલ અર્ઝે, વલાકીન કઝઝબુ ફઅખઝનાહુમ બેમા કાનુ યકસેબુન.' (સૂરે અઅરાફ, આયત : ૯૪)

અગર જો એહલે કિતાબ ઈમાન લાવી અમારો ડર રાખતે, તો બેશક અમે આસમાન અને જમીનમાંથી તેઓના માટે બરકતના દરવાજા ખોલી આપતે, પણ તેઓએ અમારા રસુલોને જુઠલાવ્યા તેથી તેઓના બુરા કર્તવ્યોના લીધે અમોએ તેઓને સજા કરી.

૮. હઝરત ઇદરીસ પયગમ્બર વીસ વરસ સુધી ગાયબ રહયા. જયારે પાછા ફર્યા ત્યારે એક ઔરતના તરત મરણ પામેલા દીકરાને સજીવન કરી મોઅજીઝો દેખાડયો. તે ઔરતે પોતાની કૌમને ખબર આપી, તેથી તેઓએ હઝરતની ખિદમતમાં હાજર થઈ માફી ચાહી, દુકાળ દફે થવા માટે દોઆ કરવાની રડી રડીને અરજ ગુજારી. હઝરત ઇદરીસે તેઓના માટે દોઆ કરી તેથી દુકાળ દફે થયો.

એવી રીતે દુન્યાની સપાટી ઉપર મરણ પામેલાઓના સજીવન થવાના ઘણા બનાવો બન્યા છે. જેઓમાં કેટલાક લોકોએ તો લાંબી મુદ્દત સુધી દુન્યામાં રહી, શાદી કરી અને તેઓની ઔલાદ થઈ. જે આએ પુસ્તકમાં વિસ્તારીને લખી શકતા નથી. તેથી સિઘ્ધ થાય છે કે ઘણાં મરણ પામેલા લોકો ખુદાના હુકમથી ફરી દુન્યામાં સજીવન થઈ પાછા ફર્યા છે. જેને રજઅત (પાછા ફરવાનું) કહે છે. એજ મુજબ ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર વખતે ‘ રજઅત’ થશે અને મરણ પામેલા પયગમ્બરો, ઇમામો, મોઅમિનો તેમજ અમુક ઝાલિમો, કાફીરો સજીવન થશે. તે બાબત કોઈપણ રીતે અશકય અથવા ન બનવાજોગ કહી શકાય નહિં. જયારે કે કુરઆનની આયતો અને હદીસોથી તે પુરવાર થયેલ માન્યતા છે.

## ૨૬. ઈમામ મહદી (અ.)ની ગયબતના ઝમાનામાં મોઅમીનોની ફરજો, વસીલા અને દોઆઓ

ઈમામે ઝમાના આપણી નજરથી છુપા હોય છે, છતાં આપણા આમાલ, આપણી હીલચાલ અને દુઃખો, આફતોથી વાકેફ હોય છે. જે મોઅમીન ઈમાન અને યકીનની સાથે દુઃખ અને હાજતના સમયે મદદ માટે પોતાના ઈમામને યાદ કરી પુકારે છે, તો તેઓની મદદ ફરમાવે છે. તેથી ગયબતના ઝમાનામાં મોઅમીનોની અમુક ફરજો હોય છે, જે ઈમાનની ખરી નિશાની ગણાય છે.

૧. મોઅમીનની ફરજ છે કે સદા પોતાના ઇમામને, જે દીન—દુન્યાના શહેનશાહ અને સરદાર છે. તેમની મોહબ્બત દિલમાં રાખી, તેમની યાદમાં રહે, અને તેના બારામાં જે દોઆઓ છે તે પઢતો રહે. જેમકે દરરોજ ફજરની નમાઝ પછી અહદની દોઆ. જુમ્આના દિવસની દોઆએ નુદબા અને તેમની ઝિયારતો પઢે.

૨. ઈમામનો હક દુન્યાના બાદશાહો ગસબ કરી બેઠા, દીનના એહકામમાં ફેરફાર, બિદઅતો કરવામાં આવી, એહલેબૈતે રસુલના ચાહકો, મોઅમીનો થોડાં છે અને દુઃખી ઝલીલ થતાં રહે છે, વગેરે બાબતોને યાદ કરી ગમગીન, દુઃખી રહે, અને ફરજ માટે દોઆ કરતા રહે.

૩. દીને બરહક કાયમ રહે, મોઅમીનો હિદાયત ઉપર બાકી રહે, તેના માટે દરેક પ્રકારની કોશિશ તબ્લીગ, હિદાયત અને દીની મદ્રેસા, દીની કિતાબોનો ફેલાવો અને મદદ કરવાની પોતાની ફરજ સમજે.

૪. પોતાને ઈમામે ઝમાના (જે રૂહાની બાપ સમાન છે.) તેમની સલામતી માટે, જેવી રીતે પોતાના અને પોતાના મા–બાપ કુટુંબીજનો માટે સદકો આપે છે, તે મુજબ ઈમામ માટે સદકો આપે. તે મોહબ્બતની ખરી નિશાની છે. જેવી રીતે પયગંબર અને તેમની આલ ઉપર સલવાત (જે રહમતની દુઆ છે) મોકલવાનો હુકમ છે, તે સલવાત, રહમતની દુઆ માટે તેઓ મોહતાજ હોતાં નથી, માત્ર મોહબ્બતની યાદ, અને તેના મહાન સવાબને પામવા માટે હોય છે, એજ મુજબ ઈમામે ઝમાના માટે સદકો આપવો એ મોહબ્બતની યાદ અને સવાબ હોય છે.

૫. પોતાના ઈમામના માટે કુરઆનો ખતમો (આખા કુરઆનની તિલાવત), કરબલાની ઝિયારતો, હજ્જે બયતુલ્લાહના અમલ વગેરે કરી, તેમની મોહબ્બત અને યાદમાં વધારો કરી તેમને સદા રાજી રાખવા માટે જરૂરી કાર્યો છે. તેથી આપણાં ઈમામ, આપણાં માટે ખુદા પાસે ઈમાનની સલામતી અને મગ્ફેરતની દોઆ કરો, કેમકે તે બુઝુર્ગવાર આપણાં દરેક કાર્યો અને અમલથી વાકેફ હોય છે.

(હિકાયત) અબુ મોહમ્મદ અદાજીએ એક મોઅમિનને ઈમામે ઝમાના (અ.સ.)ની નિયાબતથી હજ પઢવા માટે પૈસા આપીને મોકલ્યા. તે માણસના બે દિકરા હતા. એક મદઅમિન હોત, જયારે બીજો બદકાર ફાસીક અને બેપરવા હતો. તેણે તે હજના પૈસામાંથી અમુક રકમ તે બદકાર દીકરાને વાપરવા માટે આપ્યા.

મકકામાં જયારે અરફાતના મેદાનમાં પહોંચ્યો, ત્યારે તેણે એક નુરાની ચેહરાના બુઝુર્ગવારને જોયા. તેમણે ફરમાવ્યું : અય શયખ! તું શરમ કરતો નથી ? તેણે અરજ કરી : શા કારણે હું શરમ કરતો નથી? તે બુઝુર્ગવારે ફરમાવ્યું : તું જેની નિયાબત માટે હજ કરવા આવ્યો, તેને તું ઓળખે છે કે તે તારા ઈમામ છે. અને દરેક બાબતની તેમને ખબર પડે છે. છતાં હજની રકમમાંથી તેં તારા બદકાર દીકરાને પૈસા આપ્યા. નજીક છે કે તારી આંખો આંધળી થાય. એટલું કહી તે બુઝુર્ગવાર અદ્રશ્ય થયા. તે ફરીવાર તેમને જોઈ નહિં શકયો. મારા વતને પહોંચ્યા પછી થોડા દિવસોમાં મારી આંખોમાં દુ:ખાવો થયો. અને તે પછી મારી બેઉ આંખો ખરાબ થવાથી હું આંધળો થયો.

૬. દુ:ખ અને હાજતના વખતમાં પોતાના ઈમામની મદદ માંગવાથી બેશક તે બુઝુર્ગવાર મદદ ફરમાવે છે. માત્ર શરત એ છે કે નમાઝ રોઝાનો પાબંદ હોય, અને ગુનાહોથી દૂર રહેવાની પુરી કોશીષમાં રહે. થઈ ગએલા ગુનાહો માટે તોબા પસ્તાવો કરતો હોય. પોતાના ઈમામની મોહબ્બત દિલમાં હોય, દોઆ અને ઝિયારતોથી તેમને યાદ કરતો હોય, તો બેશક ઈમામ તાત્કાલિક મદદ ફરમાવે છે.

રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : 'જયારે છરી ગરદન સુધી પહોંચી ચુકી હોય, તે વખતે જો તમે તમારા ઈમામે ઝમાનાને યાદ કરશો, તો તરત જ તમારી મદદ ફરમાવશે.' તે બુઝુર્ગવારની મદદની ઘણી ઉમદા હિકાયતો છે જે હિકાયતોના પ્રકરણમાં લખેલ છે.

૭. દરેક મોઅમીનની ફરજ છે કે, જયારે પણ દોઆ, ઝિયારત અથવા કોઈ વાતચીતમાં ઈમામે ઝમાન (અ.સ.)નું નામ લેવામાં આવે, તો અદબ માટે ઉભા રહી જમણો હાથ પોતાના માથા ઉપર રાખે. જે ઈમામે ઝમાના પ્રત્યેની લાગણી, માન અને મોહબ્બતની તેમજ ઈમાનની નિશાની છે.

૮. દુ:ખ વખતે મદદ માંગવા માટેની ઘણી દોઆઓ, ઝિયારતો અને અમલ કિતાબોમાં છે. તેમાંથી જે એક સહેલી દોઆ છે તેની હિકાયત નીચે મુજબ છે.

(હિકાયત) ઈરાનના શાહ ફતેહઅલીના સમયમાં ઈસ્ફેહાનમાં બે મોટા આલિમો, આગા હાજી મોહમ્મદ ઈબ્રાહીમ અને આગા મીરઝા મોહમ્મદ મહદી વચ્ચે કોઈ વકફીયતના બારામાં મતભેદ થયો. તેથી ઈરાનના શાહે પોતાના એક મોટા આલિમ મુલ્લા કાસમને ઈસ્ફેહાન મોકલ્યા, કે તેઓ વચ્ચે સમજુતી કરી આપે. મુલ્લા કાસમે ઈસ્ફેહાન આવી તે બે આલિમો વચ્ચેની ગેરસમજુતી દૂર કરી તેઓ વચ્ચે ઈસ્લાહ કરી આપી. એક દિવસે મુલ્લા કાસમ ઈસ્ફેહાનના કબ્રસ્તાનમાં ફાતેહા પડવા ગયા, સાથે તેમનો નોકર હતો. તે દિવસ જુમેરાતનો ન હોવાથી કબ્રસ્તાનમાં લોકોની આવનજાવન ન હતી. તેમજ ગુરૂવારના કાવો અને હુક્કાની દુકાનો રેહતી હતી, તેવું કશું ન હતું.

કબ્રસ્તાનમાં પહોંચી ફાતેહા પડી પોતાના નોકરને કહયું : અહિં કોઈ દુકાન કે કાવાખાનું નથી. મને હુકકો ખપે છે. નોકરે અરજ કરી : આપ ગામમાં મને જણાવતે, તો હું હુક્કાનો સામાન સાથે લાવતે. તે કબ્રસ્તાનમાં મહાન આલિમ મરહુમ મીરઝા મોહમ્મદ બાકર દામાદની કબર ઉપર ઈમારત હતી, તે તરફ ફાતેહા પડવા ગયા. ઈમારતમાં દાખલ થતાં જોયું કે એક બુઝુર્ગવાર મુસલ્લો બિછાવીને એક ખુણામાં બેઠા છે. મુલ્લા કાસમ કબર આગળ આવી ફાતેહા પડયા. તે બુઝુર્ગવારે ફરમાવ્યું : મુલ્લા કાસમ! તમે મુલ્લાઓ અદબમાં સમજતા નથી. તમે દાખલ થયા સલામ કેમ ન કરી. તેમના રોબથી હું બેચેન થયો. શરમથી માથું નીચે નમાવી અરજ કરી : ફાતેહા પઢી તમારી ખિદમતમાં હાજર થઈ સલામ બજાવી લાવતે. પછી મેં સલામ કરી, તો આપે તેનો જવાબ આપીને ફરમાવ્યું : આવો બેસો. તમારા મરહુમ બાપ ઘણાં નેક હતા. તેમણે દોઆ કરી હતી કે ખુદા તેમને એક નેક ફરઝંદ આપે જે આલિમ થાય. તેમની દોઆ પુરી થઈ ગઈ અને તમારા જેવા નેક આલિમનો જન્મ થયો.

હમણાં તમોને હુક્કો પીવું છે ખરૂં ? મેં અરજ કરી : હું ધારતો હતો કે કબ્રસ્તાનમાં દુકાનો હશે, તેથી મારી સાથે કાંઈ લાવ્યો નહિં. તેમણે ફરમાવ્યું : આ થેલીમાંથી હુક્કાનો સામાન કાઢો. મેં તેમની બાજુમાં પડેલી નાની ખુરજીન (થેલી) માં જોયું. તેમાં હુક્કો એક વખત માટેની તંબાકુ, કોલસા, ચકમક બધું હતું. મેં તે લઈ મારા નોકરને બોલાવવાનો ઈરાદો કર્યો. તેમણે ફરમાવ્યું : નહિ. તમે પોતે જાઓ અને હુકકો બનાવી પીઓ. હું બહાર ગયો, હુક્કો બનાવીને બહાર બેસી પીવા લાગ્યો. ખતમ થતાં સાફ કરી પાછો લાવ્યો. તે બુઝુર્ગવારની થેલીમાં તે સામાન રાખી દીધો.

તે પછી તેમણે ફરમાવ્યું : હવે તમારી હાજત હોય તે માંગો. મેં કહયું મને ભાતું આપો. ફરમાવ્યું દુન્યાની ચીજ ન માંગો. મેં અરજ કરી : આપ જે આપશો તે હું મારી આંખો પર રાખીશ. તેમણે ફરમાવ્યું : હું તમોને બે દોઆ પઢવા માટે આપું છું, જે દુઃખ / હાજતના વખતે મારી મદદ મેળવવા માટે પઢશો, તો હું તાત્કાલિક મદદ કરીશ. પણ તેમાંથી એક દોઆ ખાસ તમારા માટે છે, બીજાના માટે નથી, અને બીજી દોઆ દરેક મોઅમીન માટે છે.

મેં અરજ કરી : મારી પાસે કલમ કાગળ કાંઈ નથી. આપે ફરમાવ્યું : આ થેલીમાં કલમ કાગળ છે. મેં તે થેલીમાં જોયું તો હુકકાની વસ્તુઓ તેમાં કાંઈ ન હતી. ફકત એક દવાત, કલમ અને એક કાગળનો ટુકડો હતો, તે કાઢી લખવા મંડી પડયો.

પ્રથમ તે બુઝુર્ગવારે મારા માટે ખાસ દોઆ હતી, તે લખાવી, જેને મેં લખી લીધી. પછી ફરમાવ્યું : હવે બીજી દોઆ દરેક મોઅમીન માટે છે તે લખો. જે મોઅમીનને હાજત, દુઃખ હોય તે ૭૦ વખત આ દોઆ પઢે :

'યા અલ્લાહ, યા મોહમ્મદ, યા અલી, યા ફાતેમહ. યા સાહિબઝ્ઝમાન અદરિકની વલા તુહલીકની.'

હું વિચારમાં પડયો, છેલ્લો ફકરો લખી ન શકયો, કારણ કે કિતાબોમાં બહુવચન 'અદરીકુની' (સઘળા મારી મદદ કરો) લખેલું છે. તેમણે ફરમાવ્યું : શા માટે લખતા નથી ? 'અદરિકની' એકવચન બરાબર જ છે, જે મારી મદદ માંગવા માટે છે. કારણ કે આ ઝમાનામાં હું ખુદાની હુજ્જત છું અને દરેક પ્રકારની સત્તા, હુકુમત મારા માટે છે. પ્રથમ ખુદા, રસુલ (સ.અ.વ.), હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ના નામ છે, તે વસીલા છે. એટલે કે મદદ માંગનાર મારી પાસેથી તેઓનો વસીલો આપીને મારી મદદ માંગે છે. તેથી મેં તે દોઆ લખી લીધી. અને કલમ, દવાત તે થેલીમાં રાખી દીધી. મારૂં તે લખાણ ફરીથી વાંચવા લાગ્યો. માથું ઉંચુ કરીને જોયું, તો તે બુઝુર્ગવાર, તેમનો મુસલ્લો કે થેલી કશું જ ન હતું. હું ઝડપથી દરવાજા તરફ દોડયો. બહાર ચારે તરફ તપાસ કરી, કાંઈ જોવામાં ન આવ્યું. મારા નોકરને પુછયું : દરવાજાથી કોઈને બહાર નિકળતા જોયા ? તેણે કહયું : કોઈ બહાર નિકળ્યું નથી. મને ખાત્રી થઈ કે, તે મારા ઈમામ હતા. તેમના મોઅજીઝા જોયા. પ્રથમ મારા દિલની વાત, મારા હુક્કા માટેની ઈચ્છા. પછી થેલીમાં હુક્કાનો સામાન, તે વખતે થેલીમાં બીજું કશું ન હતું, તે પછી એજ થેલીમાંથી કાગળ, દવાત, કલમ જોયાં અને હુક્કાની વસ્તુઓ તેમાં ન હતી. એ સઘળું યાદ કરવાથી મને ખાત્રી ઉપજી કે તે બુઝુર્ગવાર મારા ઈમામ હતા. ખુદાનો શુક્ર બજાવી લાવ્યો અને ઈમામને તે વખતે ઓળખી બીજી બાબતો માંગી ન શકયો, તે માટે મને બેહદ દિલગીરી ઉપજી.

૯. સય્યદે જલીલ અલી ઈબ્ને તાવુસે પોતાના મોટા દીકરાને વસીય્યત લખીને આપી, તેમાં લખ્યું કે, હું તમોને, તમારા ભાઈઓને, અને જે કોઈ આએ વસીય્યતના લખાણથી વાકેફ થાય તેને જણાવું છું કે, ખુદા અને તેના રસૂલ (સ.અ.વ.)એ આપણા મૌલા ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની આપણને બશારત (ખુશખબરી) આપી છે. તેમજ તે બુઝુર્ગવારની શાન, મરતબો, તેમના થકી જે ઉમ્મતને અનેક લાભો પહોંચે છે. અને તે આપણા

માટે ઉમદા વસીલો છે. તે બુઝુર્ગવારની મોહબ્બત અને યાદ પલવાર પણ આપણે ભુલવી ન જોઈએ. છતાં જો કોઈ દુન્યાની વસ્તુઓ, દોલત, અવલાદ, મકાન, રાચ ચીલું, અને ધંધો રોજગારની મોહબ્બતમાં અને તે મેળવવાના ખ્યાલમાં જ ગુંથાઈ જાય, તો ખરેખર સાબિત થશે કે તે મોઅમીન પોતાના ઈમામની સરખામણીએ દુન્યાની નજીવી, હલકી અને બીનપાયદાર વસ્તુઓને વધુ ચાહે છે.

વળી જે કોઈ માણસ દુન્યાના બાદશાહો, હાકીમો, સરદારો, અમીરોને ચાહતો હોય, તેઓ સાથે ભળી જઈ તેઓ પાસેથી લાભ મેળવવાની આશાથી તેઓને માન આપતો હોય. અને સદા તેઓને રાજી રાખવા આતુર રહેતો હોય, તો બેશક તે માણસ એ લોકોની હુકુમત અને દોલત બાકી રહે તે માટે સદા આતુર જણાશે. તેથી સાબિત થાય છે કે તેને પોતાના ઈમામે ઝમાના (અ.સ.)ના ઝુહુર અને હુકમતથી અણગમો હોય છે.

વળી જે કોઈની એ માન્યતા હોય, અને તેના માટે તે દાવો કરતો હોય કે મારા ઈમામ દુન્યાના શહેનશાહ છે, અને જે કાંઈ દુન્યાની સપાટી ઉપર રાજ્ય, દૌલત, ખઝાનો, હુકુમત, નેઅમતો જોવામાં આવે છે એ સઘળાના ખરા હકદાર માલિક મારા ઈમામ છે. જે દુન્યાના બાદશાહો, સરદારો, ધનપતિઓ માલિક બની બેઠા છે. અને તેનો ઉપયોગ ખુદા અને તેના રસુલની ઈચ્છા અને ફરમાન વિરૂઘ્ધ થાય છે, એવું ઈમાન યકીન હોવા છતાં તે જરા પણ દિલગીર થઈ, તે પ્રત્યે અણગમો જાહેર કરતો નથી. તેમજ તેઓના નાશ માટે દોઆ કરતો નથી, તો ખાત્રી પુર્વક સમજવું જોઈએ કે તે પોતાની એ માન્યતા અને ઈમાનમાં ખરો નથી.

આએ ઉપર જણાવેલ વસીય્યતના લખાણનો ટૂંકસાર લખેલ છે. બેશક પોતાના ઈમામે ઝમાના પ્રત્યે ઈમાન, એઅતેકાદ હોય તો સદા તેમની યાદ રહે. જયાં બે ચાર મોઅમીનો ભેગા થયા હોય, ત્યાં પ્રથમ પોતાના ઈમામની જુદાઈ, દીને ખુદાની વિરૂઘ્ધતા, મોઅમીનોની હાલહવાલીની ચર્ચા થવી જોઈએ. એજ દીન, ઈમાન અને ઈમામ પ્રત્યેની ખરી લાગણી હોય છે. પરંતુ વર્તમાનકાળના સુધરેલા (વિફરેલા) ઝમાનામાં મોઅમીનોમાં ઈમાન હોવા છતાં પોતાના ઈમામની યાદ વરસમાં એક વખત, ૧૫મી શઅબાન અથવા માહે મુબારકમાં 'દોઆએ ઈફતીતાહ' પઢતી વખતે અથવા લયલતુલ કદ્રના બયાનમાં, અથવા નમાઝો પછીની બારમા ઈમામની ઝિયારત પઢતી વખતે નામ લેવાય છે. તે સિવાય કોઈ વખત તે સંબંધી ચર્ચા થતી નથી. એ બહુજ શોચનિય છે. આપણી મીટીંગો, જાહેર સભાઓમાં આપણી નામદાર રાણી પ્રત્યે વફાદારી અને શુભેચ્છાની લાગણી જાહેર કરવાના ઠરાવો પસાર કરીએ છીએ, પરંતુ પોતાના દીન દુન્યાના શહેનશાહ, રૂહાની બાપને યાદ કરી કોમ અને સભાના કાર્યોની સફળતા માટે તેમની સહાયતા, ભલી દોઆ અને મીઠી નજરની યાચના કરતા નથી. તેથી કોમના લીડરો, મુલ્લા મોલવીઓ, આલિમોની ફરજ હોય છે કે તેઓ સદા પોતાના દીની બિરાદરોને પોતાના ઈમામે ઝમાના (અ.સ.) વિષે અને ગયબત, આખર ઝમાનાની નિશાનીઓના બારામાં વધુ અને વધુ ચર્ચા કરી, તેઓના ઈમાન – યકીનમાં વધારો

કરે. જેથી કોમ બેદીની, ગુનાહો અને મોજશોખ તરફ વલણ કરતા અટકી જાય, અને પરકોમના ખોટા સુધારા, દુન્યાદારી, એશ ઈશરત, મોજ મજા, ખોટી અને નાશકારક આઝાદીથી સદા દુર રહેવાની કોશીષમાં રહે.

યાદ રાખવું જોઈએ કે ઈમામમની ગયબત એ મોઅમીનો માટે મહાભારે કસોટી અને પરીક્ષા છે. પરવરદિગારે અગાઉના પયગંબરોની ઉમ્મતોની એવી પરીક્ષાઓ લીધી છે, જેનું વર્ણન કુરઆન અને હદીસોમાં કરવામાં આવ્યું છે. તેમાંથી ટુંકું વર્ણન આએ પુસ્તકમાં અન્ય સ્થળે કર્યું છે.

અફસોસ! દુઃખ મુસીબતના વખતમાં પણ આપણને તે દુઃખો દુર કરવા માટે આપણાં રક્ષક, સરતાજ અને ઈમામ યાદ આવતા નથી. જે બુઝુર્ગવારના વસીલા વગર પરવરદિગાર અપણાં કોઈ અમલ, દોઆ કબુલ નહિં કરે, તેની આપણને ખાત્રી હોય છે, છતાં તે પ્રત્યે આપણે ગફલત વધતી રહે છે.

૧૦. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ના ઝમાનામાં કુફામાં એક મોઅમીન અસ્હાબ રમીલાએ કહયું કે, એક વખત મને સખત તાવ આવ્યો. થોડા દિવસો પછી મને જરા આરામ થયો, શુક્રવારનો દિવસ હોવાથી મેં ઈરાદો કર્યો કે આજે ગુસ્લ કરી, મસ્જીદમાં મારા મૌલા સાથે નમાઝ પઢી, હઝરતના મુબારક ચેહરાની ઝિયારત કરૂં. તેથી હું ગુસ્લ કરી, કપડા બદલી મસ્જીદમાં ગયો. ઈમામ (અ.સ.) ખુત્બો પઢતા હતા, ત્યારે મને ઠંડી જણાતાં ધ્રુજવા લાગ્યો, છતાં બેઠો રહયો અને નમાઝ પછી હઝરત પોતાના ઘરમાં તશરીફ લઈ ગયા. હું તેમની ખિદમતમાં પહોંચ્યો અને મેં સલામ કરી. હઝરતે મને જવાબ આપી બેસવા ફરમાવ્યું. તે પછી મને પુછયું : મસ્જીદમાં ખુત્બા વખતે તમે ધ્રુજતા હતા ? મેં હકીકત બયાન કરી. હઝરતે ફરમાવ્યું :અય રમીલા, અમારા દોસ્તોમાંથી જે કોઈ દુઃખી અથવા બીમાર હોય, તેની અસર અમોને થાય છે. અમે પણ તે સાથે બીમાર અને દુઃખી થઈ છીએ. મેં અરજ કરી : મૌલા ! આ બાબત અહિં કુફાના રહેવાસીઓ માટે જ છે કે બીજા મોઅમીનો માટે પણ છે ? હઝરતે ફરમાવ્યું : દુન્યાની સપાટી ઉપર જયાં પણ અમારા દોસ્તો, મોઅમિનો હશે, તેઓમાંથી કોઈ પણ બીમાર અથવા દુઃખી હોય તેની ખબર અને અસર અમોને પહોંચે છે.

૧૧. કોઈ દુશ્મનની બીક હોય, તે વખતે પોતાના ઈમામે ઝમાના (અ.સ.)ને તે દુશ્મનની અઝીયત, સતામણીથી નજાત માટેની મદદ માંગવાની નીચે મુજબ દોઆ દૈનિક, બે રકાત નમાઝ અને ઈમામે ઝમાનાની કોઈ ટૂંકી ઝિયારત પછી ૭૦ વખત કહે :

'યા મવલાય, યા સાહેબઝઝમાન અન મુસ્તગીસુન બિક, યા મવલાય ઈકફિની શર્રા મન્ યુઅઝીની'

૧૨ ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની સહાયતા, હાજત મેળવવાના તવસ્સુલમાં તેમની ખિદમતમાં અરીઝા (અરજી) લખી, દરિયા, તળાવ અથવા નદી, કુવામાં નાખવાની રીતો કિતાબોમાં છે, તે ૧૫ મી શઅબાનના ઈમામ (અ.સ.)ની વિલાદતના મુબારક દિવસે સવારના પહોરમાં નમાઝે સુબ્હ પઢી સૂર્યના ઉદય થવા અગાઉ નાખવામાં આવે છે. તે અરીઝો પાક માટીમાં લપેટી, ખુશ્બુ લગાડી દર્યામાં નાખવાની રીત અને અરીઝાનું

લખાણ, તેમજ દરીયામાં નાખતી વખતની દોઆ વગેરે લંબાણની બીકના કારણે લખ્યું નથી. જે મોઅમીનને તેની જરૂરત હોય, તે છાપેલા અરીઝાના કાગળો અને દોઆ મેળવીને અમલ કરે.

એ સઘળા અરીઝા (અરજીઓ) બેશક ઈમામે ઝમાના (અ.સ.)ની ખિદમતમાં પહોંચે છે. અને જે મોઅમીનને પોતાના ઈમામે ઝમાના (અ.સ.)ની ઈમામત, હયાત, ગયબત પ્રત્યે ઈમાન યકીન હોય. તેમજ નમાઝ રોઝા ઈત્યાદી વાજિબાત ઉપર અમલ કરતો હોય, અને ગુનાહોથી દુર રહેવાની કોશીષ તેમજ થઈ ગએલા ગુનાહો માટે તૌબા, પસ્તાવો હોય, ટૂંકમાં જે મોઅમિનના દિલમાં ખુદાની બીક, ઈમાન, યકીન હોય, તે પોતાની હાજત માટે અરીઝા મોકલી શકે છે. ૧૫ મી શઅબાન સિવાય, કોઈ પણ વખતે અમલ થઈ શકે છે. જે થકી ઈમામે ઝમાના (અ.સ.) પ્રત્યેનું ઈમાન, યકીન અને મોહબ્બતની લાગણી જાહેર કરવાની ઉમદા તક મળે છે. તે સાથે ઈમામે ઝમાના (અ.સ.)ની ખિદમતમાં સલામ સાથે અરજી લખી મોકલવાની મહાન ઈઝઝત પામે છે.

તે અરીઝા ઈમામની ખિદમતમાં પહોંચે છે, અને ઈમામ (અ.સ.) જેની હાજત પુરી થવા લાયક હોય છે તે અરજી ઉપર પોતે પોતાની મહોર, સહિ કરે છે. બે ઉમદા હિકાયતો (પ્રસંગો) મોઅમિનોના ઈમાનમાં વધારો કરવાના હેતુથી લખવામાં આવે છે :

<u>પ્રસંગ : ૧</u>

આકા મીરઝા ઈબ્રાહીમ શીરાઝી બયાન કરે છે કે, હું શીરાઝમાં હતો તે સમયમાં મારી અમુક ઘણી જરૂરી હાજતો હતી. હું સદા ચિંતામાં રહેતો હતો. તે હાજતોમાં કરબલાની ઝિયારત માટે મારી મુખ્ય હાજત હતી. તેથી ઈમામે ઝમાના (અ.સ.)ની મદદ ચાહવા માટે એક અરીઝો લખી, તેમાં મારી હાજતો દર્શાવી, પાક માટીમાં લપેટી, મગરીબના સમયે શહેરની બહાર ગયો અને એક ઉંડા કુવામાં, જેમાં ઘણું પાણી હતું, તેમાં નાખી શહેરમાં પાછો ફર્યો. ખુદા સિવાય કોઈને તેની ખબર ન હતી.

બીજે દિવસે મારા ઉસ્તાદ પાસે દરસ લેવા ગયો. જયાં બીજા ઘણાં વિધ્યાર્થીઓ હતા. મારા ઉસ્તાદે મારૂં નામ લઈને ફરમાવ્યું : મીરઝા ઈબ્રાહીમ! તમારો અરીઝો ઈમામની ખિદમતમાં પહોંચાડવામાં આવ્યો છે. મને ઘણી ખુશી ઉપજી. છતાં તે વાતની મારા ઉસ્તાદને કેમ ખબર પડી, તે વિષે પુછતાં તેમણે ફરમાવ્યું : ગઈ રાતના મેં સ્વપ્નમાં હઝરત સલમાને ફારસીને જોયા, તેમની પાસે ઘણાં માણસો હતા અને તેમની સામે ઢગલાબંધ કાગળો હતા, જેને આપ જોઈ રહયા હતા. મને જોઈને ફરમાવ્યું કે, મીરઝા ઈબ્રાહીમને અને બીજા કેટલાક માણસોના નામો બયાન કરીને ફરમાવ્યું તેઓને કહો કે, તમારા અરીઝા ઈમામ (અ.સ.)ની ખિદમતમાં પહોંચાડવામાં આવ્યા છે. પછી મેં જોયું કે, જે કાગળો જનાબે સલમાનના હાથમાં હતા, તેના ઉપર ઈમામની મહોર (સીલ, સહિ) હતી. જેથી હું સમજયો કે, જે લોકોની અરજી કબુલ કરવા લાયક છે, તેના ઉપર ઈમામ (અ.સ.) પોતે સહી કરે છે, અને જેઓના અરીઝા કબુલ કરવા લાયક ન હોય, તેના ઉપર મહોર કરતા નથી.

તે પછી ત્યાં હાજર રહેલા વિધ્યાર્થીઓએ સય્યદ ઉસ્તાદના સ્વપ્નની હકીકત વિષે પુછયું. મેં તેઓને ગઈકાલના મારા અરીઝાની હકીકત કહી. તેથી તેઓને તે સ્વપ્નાની સચ્ચાઈની ખાત્રી થઈ. તે પછી ટુંક સમયમાં મારી સઘળી હાજતો પુરી થઈ, અને કરબલાની ઝિયારત પણ મને નસીબ થઈ.

<u>પ્રસંગ : ૨</u>

સય્યદ મોહમ્મદ સય્યદ અબ્બાસ (કરબલાના મહાન મુજતહીદ આગા સય્યદ ઈસ્માઈલ સદરના સમયમાં) જે જબલે આમીલના રહેવાસી હતા, તે બયાન કરે છે કે, હું નજફમાં રહેતો હતો અને અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ના હરમે મુતહહરના સહનની ચારે તરફના ઓરડાઓમાંથી ઉપરના ભાગના એક ઓરડામાં રહેતો હતો. મારી હાલત ઘણી તંગ હતી. મોટેભાગે મુઠીભર ખજુર અને પાણી થકી જીંદગી પસાર કરતો હતો. રોજી માટે ઘણી દોઆ કરતો હતો, છતાં કોઈ પાસે માંગતો ન હતો. છેવટે ઈમામે ઝમાના (અ.સ.)ને અરીઝા લખવાનું શરૂ કર્યું. દરરોજ સવારના પહોરમાં નજફનો દરવાજો ખુલવાના સમયે બહાર જઈ અરીઝો નદીમાં નાખતો હતો. એ રીતે ૩૯ દિવસો પસાર થયા, તે દિવસે અરીઝો દર્યામાં નાખી પાછા ફરતાં મને જણાયું કે કોઈ માણસ પાછળ આવે છે. તેની તરફ નજર કરી જોયું, તો તે એક અરબ જબલ અમીલના રહીસ જેવા હતા. તેમણે મને સલામ કરી, મારી સાથે ચાલ્યા, સલામનો જવાબ આપી હું ચુપ આગળ વધ્યો. તેમણે કહયું : સય્યદ મોહમ્મદ ! તમે ૩૯ દિવસથી દરરોજ સવારના પહોરમાં દરવાજો ખુલવાના સમયે બહાર નિકળી દરીયામાં અરીઝા નાખતા રહયાં. શું હાજત છે ? શું તમે એમ ધારો છો કે તમારા ઈમામ તમારી હાજતથી વાકેફ નથી ? હું વિચારમાં પડયો કે કોઈને ખબર નથી છતાં આ અજાણ માણસને ખબર પડી ગઈ, કોણ હશે ?! તુરત મને ખ્યાલ આવ્યો કે મારા ઈમામ હશે. મેં કિતાબોમાં જોયું હતું કે ઈમામે ઝમાના (અ.સ.)ની પવિત્ર હથેળી બહુજ સુંવાળી, નરમ હોય છે, તેથી ખાત્રી કરવા માટે મુસાફેહો કરવા મારા હાથો લંબાવ્યા. તેમણે મારા હાથો પોતાના હાથમાં ભેળવી મુસાફેહો કર્યો. તેમની હથેળી મને બેહદ નરમ અને સુંવાળી જણાઈ. તેથી ખાત્રી ઉપજતા હું ઝટ હાથોનો બોસો લેવાને જુકયો, એટલી વારમાં મારા ઈમામ અદ્રશ્ય થઈ ગયા, અને હું એકલો રહી ગયો. મારા અરીઝા પહોંચ્યા અને ઈમામ (અ.સ.)ની ઝિયારત નસીબ થઈ, મને બેહદ ખુશી ઉપજી. તે પછી ટૂંક સમયમાં મારી હાલત સુધરી ગઈ.

<u>દોઆએ અહદ</u>

સય્યદ ઈબ્ને તાવુસ અલયહિર્ રહમહ પોતાની કિતાબમાં લખે છે કે, મુસ્તહબ છે કે દરેક મોઅમીન દરરોજ સુબ્હની નમાઝ પઢયા પછી નીચે લખેલી અહદની દોઆ ઉભા રહીને પઢે. તેનો મહા ભારે સવાબ પામશે, અને રજઅતના સમયે તે ઈમામે ઝમાના (અ.સ.)ની સાથે રહેશે.

(અહદની બે દોઆઓ કિતાબના છેલ્લા ભાગમાં છે, ગુજરાતી અક્ષરોમાં ફકત પેહલી નાની દુઆ અને તેનો તરજુમો લખેલ છે.)

## અહદની પહેલી દુઆ

## બિસ્મિલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદ. અલ્લાહુમ્મ બલ્લિગ મવલાય સાહેબઝઝમાન. સલવાતુલ્લાહે અલયહી, અન જમીઈલ મુઅમેનીન વલ મુઅમેનાત ફી મશારેકિલ અર્ઝે વ મગારેબિહા વ બર્રેહા વ બહ્‌રિહા વ સહ્‌લિહા વ જબલેહા વ હય્યેહમ વ મય્યેતિહિમ. વ અન વાલિદી વ વુલ્દી, વ અન્ની મિનસ્સલવાતિ વત્તહિય્યાતિ ઝેનત અર્શિલ્લાહ વ મેદાદ કલેમાતેહી વ મુન્તહા રેઝાહુ વ અદદમા અહસાહુ કિતાબોહુ વ અહાત બેહી ઈલ્મોહુ. અલ્લાહુમ્મ ઈન્ની ઓજદ્‌દેદો લહુ ફી હાઝલ યવ્મ વફી કુલ્લે યવ્‌મિન અહદન્ વ અકદન્ વ બયઅતન્ લહુ ફી રકબતી.

અલ્લાહુમ્મ કમા શર્રફતની બેહાઝત્તશરીફ વ ફઝ્ઝલતની બેહાઝેહિલ ફઝીય્લહ, વ ખસસ્તની બેહાઝિહિ ન્નેઅમહ, ફસલ્લે અલા મવલાય વ સય્યેદી સાહેબઝઝમાન, વજ્‌અલની મિન અન્સારેહી વ અશ્‌યાએહી વઝ્ઝાબ્બીન અન્હ, વજ્‌અલ્ની મેનલ મુસ્તશહદીન બય્‌ન યદય્‌હ, તાએઅન ગય્ર મુકરહીન ફીસ્સફ્ફિલ્લઝી નઅત્ત અહલહુ ફી કેતાબેક ફકુલ્ત સફ્ફન કઅન્નહુ બુન્યાનુમ મરસુસુન અલા તાઅતેક વ તાઅતે રસુલેક વ આલેહી અલય્‌હેમુસ્સલામ. અલ્લાહુમ્મ હાઝેહી બય્‌અતુલ લહુ ફી ઓનોકી ઈલા યવ્‌મિલ કેયામહ.

(તરજુમો) યા અલ્લાહ, હઝરત મોહમ્મદ અને તેમની આલ ઉપર સલવાત મોકલ. અય ખુદા, મારા મૌલા સાહેબુઝઝમાન અને સઘળા મોઅમીન મર્દો અને ઔરતો, જેઓ પુર્વ અને પશ્ચિમમાં, જમીન અને પાણી ઉપર, સપાટ મેદાનમાં અને પહાડો ઉપર રહેનારા, જીવતા અને મરણ પામેલા, સઘળાં તરફથી, તેમજ મારા મા–બાપ, મારી અવલાદ અને મારા તરફથી એટલા સલવાત અને આવકાર પહોંચાડી આપ, કે જે પરવરદિગારના અર્ષના ભારે ભાર તેના (ખુદાના) કલામોના લખાણો અને તેના રાજીપાના છેડા સુધીના અને તેની કિતાબોના લખાણની ગણત્રી મુજબના, અને તેના ઈલ્મમાં ઘેરાએલી સઘળી વસ્તુઓની ગણત્રી મુજબના હોઈ શકે.

અય ખુદા, હું આજના દિવસે અને હવે પછી (મારી જીંદગીના) સઘળાં દિવસોમાં મારા ઈમામ પ્રત્યેની મારી વફાદારી માટે અહદ (વચન) તાબેદારીનું બંધન અને બયઅત, મારી ગરદન ઉપર લેવાનું ફરીવાર તારી સમક્ષ જાહેર કરૂં છું.

યા અલ્લાહ, જેવી રીતે મને તે થકી આવું ભારે માન, મહાન ફઝીલત અને નેઅમતની, તે નવાઝીશ ફરમાવી (મારી ચડતી કરી) તો હવે (પરિપૂર્ણ માટે) પ્રથમ મારા મૌલા અને સરદાર (ઈમામ) હઝરતે સાહેબુઝ્ઝમાન ઉપર તારા તરફથી સલવાત મોકલ, અને મને તેમના અન્સારો (સહાયકો) શીઆઓ (તાબેદારો) અને તેમના દુશ્મનોને હાટવનારાઓમાંથી ઠરાવ. અને તેમની ખિદમતમાં હાજર રહેનારા અને કોઈ પણ પ્રકારના અણગમા વગર ખરા દિલથી તેમની તાબેદારી કરનારાઓમાં (જેહાદની એવી સફોમાં દાખલ કર કે જે (જેહાદ કરનારા) ના બારામાં તેં ફરમાવ્યું છે કે,(તારી અને તારા રસુલ અને તેમની એહલેબૈત અલય્હેમુસ્સલામની તાબેદારીમાં) તેઓની સફો સીસાથી ચણેલી મજબુત અટલ દિવાલો માફક હોય છે.

અય ખુદા, (તને ગવાહ રાખું છું કે) મારી આએ બયઅત (કબુલાત) કયામતના દિવસ સુધી સદા મારી ગરદન ઉપર રહેશે.

## ૨૭. શું ગયબતે કુબરાના ઝમાનામાં ઈમામ મહદી (અ.સ.)ની મુલાકાત અસંભવિત છે ?

ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) અગ્યારસો વરસથી ખુદાના હુકમથી નજરથી છુપા ગાયબ રહયા છે તે સંબંધી વિરોધીઓના આક્ષેપો પણ થાય છે, જેમકે કાદયાની ઉર્દુ માસિક 'તહશીઝુલ અઝહાન'માં મુન્શી ખાદીમ હુસૈનનું એક લખાણ 'તહકીકે આખેરૂઝ્ઝમાનમાં' છે કે,'કેટલી અચરજ પમાડનારી બાબત છે કે આજ પર્યંત એકેય માણસ નથી કહી શકતો કે મેં ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની મુલાકાત કરી છે'

જયારે કે હજારો માણસોએ ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)ની ઝિયારત કરી છે. તે બારામાં શીઆ ઈસ્નાઅશરી કિતાબોમાં એવા હજારો બનાવોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેમાંથી માત્ર થોડી હિકાયતો આએ કિતાબના છેલ્લા પ્રકરણમાં લખેલ છે. છતાં એહલે સુન્નત જમાઅતની ઘણી મોઅતબર મશહુર કિતાબોમાં એવા ઘણાં મુસલમાનોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમણે હઝરતની ઝિયારત કરી છે.

એહલે સુન્નતના મશહુર આલિમ અલ્લામા શઅરાની પોતાની કિતાબ 'લવાકીહુલ અન્વાર'માં લખે છે કે, શેખ હસન ઈરાકી બયાન કરે છે કે, એક વખત હું મસ્જીદે જામેએ બનુ ઉમય્યામાં દાખલ થયો. મેં જોયું કે ઘણા માણસો બેઠા છે અને એક માણસ ખુરસી ઉપર બેસી હઝરત મહદી (અ.સ.)નું વર્ણન કરી રહયો છે. જે વર્ણન સાંભળી હઝરતની મોહબ્બત મારા દિલમાં એવી રીતે અસર કરી ગઈ કે તે વખતથી હું હંમેશા હઝરતની મુલાકાત માટે ખુદા પાસે કરગરીને દોઆ કરતો હતો. એવી રીતે બાર મહીના પસાર થયા. એક દિવસ હું તે મસ્જીદમાં

મગરીબ પછી દાખલ થયો, નમાઝ પઢી દોઆ કરતો હતો, એટલી વારમાં એક માણસ આવ્યો, જેમના માથા ઉપર અજમ લોકોની પાઘડી બાંધેલી હતી. મારી નજીક આવી મારા ખભા ઉપર હાથ રાખીને કહયું, તમે શા માટે મારી મુલાકાત માટે દોઆ કરી રહયા છો ? મેં કહયું : આપ કોણ છો ? ફરમાવ્યું : હું મહદી (અ.સ.) છું. મેં તેમના હાથ ઉપર બોસો આપ્યો અને તેમને મારા ઘરમાં આવવાની ખાહીશ કરી. હઝરત મારી સાથે મારા મકાન ઉપર આવ્યા અને સાત દિવસ મારા ઘરમાં રહયા. તે દરમ્યાન મને દીની બાબતો અને ઝીક્રનું શિક્ષણ આપતા રહયા. તે પછી ફરમાવ્યું : સદા એક દિવસ રોઝો રાખો અને બીજે દિવસે ન રાખો. અને દરરોજ પાંચસો રકાત નમાઝ પઢતા રહો. સાતમે દિવસે રવાના થતી વખતે ફરમાવ્યું હવે કોઈની મુલાકાત નહીં કરો, ખુદાની ઈબાદત કરો, અને આજીવીકા માટે ચિંતા નહીં કરો. તમોને તમારી જરૂરીયાત પહોંચ્યા કરશે. પછી હઝરત ઉઠયા, હું દરવાજા સુધી પહોંચાડવા ગયો. ફરમાવ્યું : બસ હવે ઘરમાં દાખલ થાઓ. શેખ હસને કહયું : ઘણા વરસો સુધી હું મારા ઘરમાં આરામથી રહયો. મેં હઝરતને પુછયું કે,આપને કેટલા વરસ થયા? ફરમાવ્યું : હમણાં મારી વય છસો વીસ વરસની છે. આએ હિકાયત મજકુર આલિમે પોતાની બીજી કિતાબ 'યવાકીત વલ જવાહીર',મીસર છાપ, પેજ:૨૮૮માં નકલ કરેલ છે.

તદુપરાંત એહલેસુન્નત જમાઅતની કિતાબો 'કીફાયતુત્ તાલિબ', 'મતાલીબુસ્સુઉલ' અને 'યનાબીઉલ મવદૃહ' વગેરે અનેક કિતાબોમાં હઝરત મહદી (અ.સ.)ની મુલાકાત કરનારાનું વર્ણન તેઓના નામ સહીત કરવામાં આવ્યું છે. તેમાંથી ફકત એકજ કિતાબ 'યનાબીઉલ મવદૃહ' જે તુરકી ઈસ્તંબુલના શેખુલ ઈસ્લામ શેખ સુલેમાન કન્દુઝીની લખેલી છે. તેમાં તે વિશે ઉમદા ખુલાસો લખવામાં આવે છે. મજકુર કિતાબના બાબ ૮૩ માં ફકત ઈમામે ઝમાના હઝરત મહદી(અ.સ.)ની મુલાકાત કરનારા લોકોનું વર્ણન કર્યું છે, તેનો ટુંકસાર લખીએ છીએ:

૧. અલી અબ્દુલ્લાહ બિન સાલેહ કહે છે કે, મકકામાં હજરે અસ્વદ આગળ ઈમામ મહદી (અ.સ.)ને જોયા, તે વખતે લોકો એક બીજા ઉપર તુટી પડતા હતા અને આગળ વઘતા હતા. ત્યારે ફરમાવ્યું : આવી વર્તણુંક માટે ખુદાનો હુકમ નથી.

૨. મોહમ્મદ ઈબ્ને શાઝાન કાબુલીએ હઝરત મહદી (અ.સ.)ની ઝિયારત કરી, હઝરતે તેને તેના અસલ નામ, જેનાથી માત્ર તેના કુટુંબીઓ વાકેફ હતા, તે નામથી તેને પુકાર્યા, અને તેણે જે સવાલો પુછયા તેના જવાબ આપ્યા.

૩. મોહમ્મદ બિન ઉસ્માન ઉમરીએ ખાનએ કઅબામાં હઝરત મહદી (અ.સ.)ને જોયા, હાથ ઉંચા કરી દુઆ કરતા હતા : 'અય ખુદા ! મારા બારામાં જે તારો વાયદો છે તે પુરો કરી આપ.'

૪. ઝરીફ અબુનસર કહે કે, એક વખત ઈમામે ઝમાનાની ઝિયારત નસીબ થઈ. હઝરતે ફરમાવ્યું : હું ખાતેમે અવસીયા (પયગંબરના છેલ્લા વસી) છું અને મારા થકી જમીનના લોકો (ઇન્સાનો) ઉપરથી બલા દુર રહેશે.

૫. મહમદ ઈબ્ને અબ્દુલ્લાહ કુફીએ ૧૨ માણસોના નામો લખ્યા, જેઓ વકીલો (સરકારી) માણસો હતા અને તે સિવાયના ૫૩ માણસોના નામો લખ્યા જે સઘળા ઈમામની ખિદમતમાં પહોંચી મુલાકાત કરી હતી.

૬. હસન ઈબ્ને વજના નસીબી કહે છે કે, હું ૫૩ વખત હજથી મુશર્રફ થયો, (૫૩ હજ માટે ગયો) દર વખતે ખાનએ કઅબામાં ઈમામે ઝમાના (અ.સ.)ની ઝિયારત માટે દોઆ કરતો હતો. જયારે ૫૪ મી સફરે હજ માટે ગયો, ત્યારે હું મકકામાં બેઠો હતો, ત્યાં એક ઓરતે આવી મને કહયું : હસન ! ઉઠો, મારી સાથે ચાલો. હું તેની સાથે ગયો. મકાને બીબી ખદીજા આગળ પહોચ્યાં. દરવાજા આગળ ઉભો રહયો. તે વખતે હઝરત મહદી (અ.સ.) પોતે દરવાજા આગળ આવ્યા. મેં સલામ કરી, હઝરતે જવાબ આપી ફરમાવ્યું : હસન ! હું તમારી દરેક હજમાં તમારી સાથે હતો. હવે તમે જાઓ અને હઝરતે જઅફરે સાદિક (અ.સ.)ના મકાનમાં રહો અને આજીવીકા માટે ચિંતા ન રાખો. ખાધાખોરાકી અને કપડા જરૂરતના પ્રમાણમાં તમોને મળ્યા કરશે. તેમજ એક દોઆ હઝરતે દરરોજ પઢવા ફરમાવ્યું. હસન કહે છે કે લાંબી મુદ્દત સુધી હું તે મકાનમાં રહયો અને સમયસર મારી જરૂરીયાતની વસ્તુઓ મને મળતી રહી.

૭. અલી બિન અહમદ કુફી કહે છે કે, એક વખત હું હજની મોસમમાં ખાનએ કાબાના તવાફમાં હતો. મારી નજર એક ઘણા ખુશ્બુ, ખુશરૂ જવાનના નુરાની ચેહરા ઉપર પડી. હું આકર્ષાઈ ગયો. તેથી પુછયું કે, આપ કોણ છો? ફરમાવ્યું : હું સાહેબુઝઝમાન છું, અને તે મહદી (અ.સ.) છું જે જમીનને અદલ ઈન્સાફથી ભરપુર કરીશ. બેશક તે જમીન ઉપર સદા ખુદાની હુજ્જત રહે છે. પછી પોતાના હાથમાં લાકડી હતી. તે જમીન ઉપર પટકી આપી, મેં નમીને તે લાકડી ઉપાડી જોયું, તો તે લાકડી સોનાની થઈ ગઈ હતી, પછી તે લાકડી ઉંચકી તેમને સુપ્રત કરી.

૮. રાશીદ હમદાની કહે છે, એક વખત હજ કરી પાછા ફરતાં રસ્તો ભૂલાઈ ગયો. તેથી હું એકલો જંગલમાં રહયો. થોડુંક ચાલ્યો તો એક લીલા છમ મેદાનમાં પહોંચ્યો. ત્યાંની જમીન ઘણી ખુશ્બુદાર હતી. મેં ત્યાં એક સુશોભિત ખયમો (તંબુ) જોયો, તેની બહાર બે નોકરો ઉભા હતા. મને જોઈ તેઓમાંથી એક ખયમાની અંદર ગયો, થોડીવારમાં બહાર આવ્યો, અને મને ખયામામાં જવા કહયું. હું અંદર દાખલ થયો. મેં જોયું કે એક નુરાની ચેહરાના રોબદાર જવાન ખુરસી ઉપર બેઠા છે. અને તેમના માથા તરફ એક લાંબી તલવાર અધર લટકતી હતી. મેં સલામ કરી, તેમણે જવાબ આપી ફરમાવ્યું : હું એજ કાએમ છું, જે આખરઝમાનામાં આ તલવાર સાથે જાહેર થઈશ. અને જમીનને અદલ ઈન્સાફથી ભરપુર કરીશ. હું જમીન ઉપર જુકી પડયો. ફરમાવ્યું : ખુદા સિવાય કોઈ મખ્લુકનો સજદો ન થઈ શકે. માથું ઉંચુ કરો. તમારૂં નામ રાશિદ છે, અને તમે હમદાનના રહેવાસી છો, તમે શું ચાહો છો ? વતને પહોંચવું છે ? મેં અરજ કરી : હા મારા મૌલા, મારા વતને પહોંચવા માટે આતુર છું. હઝરતે મને એક થેલી આપી, અને પોતાના નોકરને ફરમાવ્યું : આ માણસને વતને પહોંચાડો. અમે બન્ને બહાર નિકળી થોડું ચાલ્યા.

થોડીવારમાં મને કહયું : જુઓ આ તમારો મુલ્ક અસદ આબાદ દેખાય છે, હવે તમે ચાલ્યા જાઓ. રાશીદ કહે છે એટલી વારમાં મેં જોયું તો મારો સાથી અદ્રશ્ય થયો. અને હું મારા ઘરે પહોંચ્યો. હઝરતે આપેલી થેલીમાં પચાસ સોનાના સિકકા હતા. જયાં સુધી તે સિકકા હતા. અમે સદા ખુશહાલ રહયા.

ઉપલી સઘળી હકીકતો ફકત એક જ કિતાબ 'યનાબીઉલ મવદ્દહ'માં લેખકે વર્ણન કરેલ છે, તે સિવાય ઘણી બીજી હિકાયતો છે જે લંબાણની બીકથી લખી શકયા નથી. એ સિવાય એહલે સુન્નત જમાઅતની બીજી ઘણી કિતાબોમાં ઈમામની ખિદમતમાં પહોંચી ઝિયારત કરનારાના નામો અને હકીકત લખવામાં આવી છે. જયારે કે શીઆ મઝહબની કિતાબોમાં એવા અસંખ્ય બનાવોનું વર્ણન કરવામાં આવ્યું છે.

## ૨૮. ઈમામ મહદી (અ.સ.)ની મુલાકાતના પ્રસંગો

### ૧. ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)નું હજરે અસ્દને તેની જગ્યાએ રાખવું

અબીલ કાસિમ જઅફર ઈબ્ને મોહમ્મદ કવલીયહે (શીઆના મહાન આલિમે) પોતાની કિતાબમાં લખ્યું છે કે, સન ૩૦૭ હીજરીમાં જયારે કરામતાની ફોજે ખાનએ કાઅબા ઉપર હુમલો કરી હજરે અસ્વદ લઈ ગયા હતા, તે પછી પાછા લાવ્યા તે વખતે હજ માટે હું રવાના થયો અને બગદાદ પહોંચ્યો. મારો ઈરાદો હતો કે હજરે અસ્વદ જે તેના ઠેકાણે રાખશે તે બેશક ઈમામે ઝમાના છે. તેથી તેમની ઝિયારત કરવાના ઈરાદાથી હજ માટે જવાનું નકકી કર્યું હતું. પરંતુ બગદાદમાં હું સખત બીમાર પડયો તેથી એક માણસ ઈબ્ને હશામને હજ માટે જવાનો ખર્ચ અને કાગળ આપી રવાના કર્યો. મેં તેને સખત ભલામણ કરી ગમે તે ભોગે ખર્ચ કરી હજરે અસ્વદ તેના ઠેકાણે રાખનારને જોવો અને મારો કાગળ તેમને પહોંચાડવો.

ઈબ્ને હશામ કહે છે કે, હું મકકા શરીફ પહોંચ્યો, ખાદિમોને સારી રકમ આપી, જેથી મને હજરે અસ્વદની જગ્યા આગળ ઉભા રહેવાની સગવડ કરી આપી. હરમમાં મોટી મેદની હતી. મેં જોયું કે ઘણા સરદારો, આલિમો આવ્યા, હજરે અસ્વદ તેની જગ્યાએ રાખતા હતા, પણ તેઓ ગોઠવી ન શકયા. તે પત્થર હલતો હતો. એટલી વારમાં મેદની ચીરતાં એક નુરાની પ્રકાશિત ચેહરાના રોબદાર જવાન આવ્યા અને પોતાના પવિત્ર હાથે તે પત્થર તેની જગ્યાએ રાખી દીધો, તે પત્થર બરાબર સ્થિર ગોઠવાઈ જતાં મેદનીના સઘળાં લોકોએ ખુશહાલીના અને તકબીરના આવાજનો શોર મચાવ્યો. તે જવાન પત્થર ગોઠવી મેદની ચીરતાં પાછા ફર્યા. હું તેમની પાછળ ચાલ્યો, દીવાના માફક લોકોને ધકકા મારતો હટાવતો તેમની પાછળ દોટ મુકી રવાના થયો. તે જવાન આસ્તે ચાલતા હતા છતાં હું તેમના પાસે પહોંચ્યો નહી. તેથી દોડતો તેમની પાછળ ચાલ્યો. શહેરથી બહાર જંગલ તરફ પહોંચ્યા. જયાં એકાંત હતી. તે બુઝુર્ગવાર થોભ્યા અને મને કહયું : કાગળ આપો. મેં તે કાગળ તેમને આપ્યો. કાગળ વાંચ્યા વગર

ફરમાવ્યું કે, કાગળ લખનારને કહો કે આએ બીમારીથી શફા પામશે. અને બીજા ત્રીસ વરસ જીંદગી ભોગવશે. આ સાંભળી મને ખુશહાલીનું રડવું આવ્યું. એટલી વારમાં તે બુઝુર્ગવાર મારી નજરથી ગાયબ થયા.

ઈબ્ને હશામે પાછા ફરી જનાબ ઈબ્ને કવલિયહને ઈમામનો જવાબ કહી સંભળાવ્યું અને ઈમામના ફરમાવ્યા મુજબ ત્રીસ વરસ સુધી તે આલિમ જીવતા રહયા.

<u>૨. અફઘાનિસ્તાનના કંદહારમાં હઝરત મહદી (અ.સ.)નું જાહેર થવું.</u>

અખુન્દ મુલ્લા અબુલ કાસીમ કંદહારીએ અસલ કિતાબ લખનાર આલિમના જવાબમાં લખ્યું કે, સને ૧૨૬૬ હીજરીમાં હું કંદહાર (અફઘાનિસ્તાન) માં મુલ્લા અબ્દુલ રહીમ મુલ્લા હબીબુલ્લાહના દીકરા પાસે ફારસીની કિતાબ 'હયઅત અને તજરીદ'ની તાલીમ લેતો હતો. એક વખત જુમ્આના દિવસે સાંજના હું તેમના ઘરે મળવા ગયો. ઘરના કુશાદે સહનમાં પોતે બેઠા હતા અને શહેરના ઘણા આલિમો, કાઝીઓ અને સરદારો તેમની ચારે બાજુએ દિવાલને અઢેલી બેઠા હતા. તેઓમાં જનાબ મુલ્લા ગુલામ મોહમ્મદ મોટા કાઝી, સરદાર અહમદઅલીખાન તેમજ મીસરના આલિમ (સઘળા એહલે સુન્નત મઝહબના) બેઠા હતાં. તેઓમાં એક શીઆ વેપારી અને મુલ્લા અબુલ કાસીમ (ઘર ઘણીના) દીકરાઓ તેમજ કાઝીના દિકરા કિબ્લા તરફ મોઢું કરી સઘળાં બેઠા હતા. ઈલ્મ અને મઝહબની ચર્ચા શરૂ થઈ. મોટા કાઝી શીઆ મઝહબની વિરૂઘ્ધમાં ઘણું બોલ્યા અને કહયું : શીઆ લોકો કેવા જાહીલ અને કમસમજ છે, કહે છે કે હઝરત મહદી હઝરત હસન અસ્કરીના દીકરા સામર્રામાં ૨૫૫ હીજરીમાં પૈદા થયા અને ૨૬૦ હિજરીમાં ગાયબ થયા અને આજપર્યંત સઘળા લોકો તેના મતને મળતા થઈ બોલવા લાગ્યા સિવાય કે મીસરના આલિમ (જે સુન્નત જમાઅતના હતા.) જે પ્રથમ શીઆ મઝહબને વખોડવામાં ભાગ લેતા હતા, તે ચુપ રહયા. જયારે કાઝીની વાત પુરી થઈ, ત્યારે તે મિસરના આલિમે કહયું. હવે મારી વાત ઘ્યાન પુર્વક સાંભળો.

તવલુન શહેરના મદ્રેસામાં હું હદીસની તાલીમ પામતો હતો. એક ફકીહ હદીસ બયાન કરતો તેણે હાજર રહેલાઓને હઝરત મહદી (અ.સ.)ની શીકલ, રંગ, રૂપ, કદ અને આકાર વિષે કહયું. હાજર રહેલાઓમાં તે વિષે ઘણી ચર્ચા થઈ. એટલીવારમાં સઘળા ચુપ થયા, કેમકે તેઓની વચ્ચે એક જવાન એજ શીકલ, રંગ, રૂપના બેઠેલા જોયા. હાજર રહેલાઓ સઘળા માથું નીચું નમાવી ગુપચુપ બેઠા રહયા. કોઈમાં આંખ ઉંચી કરવાની અથવા બોલવાની શક્તિ બાકી ન રહી, સઘળા દીગમુઢ બની ગયા.

મીસરના આલિમે પોતાની વાત પુરી કરી તેજ વખતે (મુલ્લા અબુલ કાસીમ) કહે છે, મેં જોયું કે ત્યાં હાજર સઘળા માથું નીચું નમાવી ચુપ બેઠા રહયા. અમો સઘળા પસીનામાં તરબોળ થયા. હું પોતે ફકત એકજ વખત મારા ઈમામની ઝિયારત કરી શકયો. તે બુઝુર્ગવાર હાજર રહેલાની વચ્ચોવચ ગોઠણભેર બેઠા હતા, અને પોતાની પવિત્ર આંખો વડે ચારે તરફ શાંતિથી નજર કરતા હતા. મારી ખુશીનો પાર ન રહયો. છતાં ફરીવાર આંખ ઉંચી કરી જોવાની મારી હિંમત ન થઈ. લગભગ દસ પંદર મીનીટ સુધી અમો સઘળા અર્ધ બેહોશીની હાલતમાં દીગમુઢ

રહયા. તે પછી તે બુઝુર્ગવાર ગાયબ થયા. છતાં હાજર રહેલાઓની હાલત કફોળી હતી. કોઈમાં બોલવાની તાકત ન રહી. એક પછી એક ઉઠી સલામ વિદાય કર્યા વગર ચાલતા થયા. હું ત્યાંથી ઉઠી મારા ઘરે ગયો. તે આખી રાત મને ખુશહાલીનો પાર ન હતો, કેમ કે મને મારા ઈમામની ઝિયારત નસીબ થઈ તે સાથે વિરોધીઓની ટીકાનો જવાબ તેઓને સમયસર મળ્યો. જેથી ઈમામની હયાતી, ગયબત અને દુન્યા ઉપરની તેમની સંપૂર્ણ સત્તાની સચોટ દલીલ પુરવાર થઈ, છતાં મને બેહદ દિલગીરી ઉપજી કે ફકત એકજ વખત મારા ઈમામની ઝિયારત કરી શકયો. દસ પંદર મિનિટના સમયમાં ફરીવાર હું તેમના મુબારક ચેહરા તરફ જોઈ ન શકયો.

બીજે દિવસે હું મુલ્લા અબ્દદુલ રહીમ (મારા ઉસ્તાદ) ના મદ્રેસામાં ગયો, જયાં ઈમામ (અ.સ.)ની પધરામણી થઈ હતી. મારા ઉસ્તાદે મને પોતાના કુતુબખાના (લાઈબ્રેરી)માં એકાંતમાં બોલાવીને પુછયું : ગઈ કાલે જોયું, શું થયું !! કાએમે આલે મોહમ્મદ (અ.સ.) તશરીફ લાવ્યા અને આપણે સઘળા પસીનાથી તરબોળ ગુપચુપ દીગમુઢ બની ગયા એટલે સુધી કે સલામ કર્યા વગર હાજર રહેલા વિખેરાઈ ગયા. મેં તકય્યહ (બીક) ના લીધે કહયું: મેં કાંઈ જોયું નથી. તેમણે કહયું : ખુલ્લી જાહેર વાત છે, છતાં તમે શા માટે ના પાડો છો ? હાજર રહેલામાં ઘણા લોકોએ ગઈ રાતે અને આજે સવારના મને લખીને તે જોયેલી હકીકત વિષે આશ્ચર્ય જાહેર કરી લખ્યું છે.

બીજે દિવસે રસ્તામાં એક વેપારી મળ્યા. જે ત્યાં હાજર હતા. મને કહયું કે, પરવરદિગારે પોતાની હુજ્જતની ઝિયારત નસીબ ફરમાવી આપણને હિદાયત કરી, તેથી આપણી આંખો ઠંડી થઈ. તેમજ સરદાર અલીખાનને ખાત્રી થતાં તે શીઆ થઈ ગયો.

થોડા દિવસો પસાર થયા કે રસ્તામાં મોટા કાઝીના દીકરા મને મળ્યા અને કહયું કે, મારા બાપ કાઝી સાહેબે તમોને યાદ કરેલ છે. હમણાં મારી સાથે ચાલો. મેં બહુ જ આનાકાની કરી, છતાં મને પોતાની સાથે લઈ ગયો. હું કાઝીની ખિદમતમાં પહોંચ્યો. સલામ કરી, તેનો જવાબ આપી, આવકારથી બેસવા કહયું. તેમની પાસે તે વખતે મીસરના આલિમ અને બીજા ઘણા આલિમો હાજર હતા. કાઝીએ મને તે દિવસની બેઠક અને દેખાવ વિષે પુછયું. મેં કહયું : હું એટલું જ જોઈ શકયો કે લોકો ચુપ બેઠા હતા અને સલામ કર્યા વગર ઉઠી ચાલતા થયા. તે વખતે કાઝીના ઘરે જે લોકો બેઠા હતા તેઓએ કહયું : આ માણસ જુઠું બોલે છે. અમો સઘળાઓએ તે બુઝુર્ગવારને જોયા કે આપણી વચ્ચે ગોઠણભેર બેઠા હતા. કાઝીએ કહયું : આ માણસ તાલિબે ઈલ્મ છે, જુઠુ નહિં બોલે. બનવાજોગ છે કે જેઓ શંકામાં હતા, તેઓએ જોયું અને આ માણસને (શીઆ હોવાથી) ઈમામ પ્રત્યે ઈમાન હોવાથી તેણે ન જોયું હોય. કાઝીનો જવાબ સઘળાંઓએ માન્ય રાખ્યો.

### ૩. હીલ્લામા 'બહરૂલ ઉલુમ' આગા સય્યદ મહદીના મકાનમાં હઝરત મહદી (અ.સ.)ની પધરામણી

હિલ્લામાં શેખ અલી વેપારી મોઅમિન હતા. તે બયાન કરે છે કે, એક દિવસ હિલ્લાના મહાન મુજતહીદ આગા સય્યદ મહદી 'બહરૂલ ઉલુમ'ની મુલાકાત માટે હું સવારના સમયે મારા ઘરેથી નિકળ્યો. રસ્તામાં સય્યદ

મોહમ્મદ ઝીદઅમહની કબર આગળ પહોંચ્યો. મેં જોયું કે એક રોબદાર બુઝુર્ગ કબર આગળ ઉભા રહી ફાતેહા પડતા હતા. તે બુઝુર્ગવાર અરબ કોમના અને ઘણાં પ્રકાશિત ચેહરાના બુઝુર્ગ હતા. હું તેમને જોઈ ફાતેહા પઢવા ઉભો રહયો. તે પછી મેં તેમને સલામ કરી, તેમણે સલામનો જવાબ આપી ફરમાવ્યું : અય અલી ! તમે સય્યદ મહદીની ઝિયારત માટે જાઓ છો ? મેં કહયું : હા. તેમણે ફરમાવ્યું : ચાલો હું પણ તેમને મળવા જાઉં છું. રસ્તામાં ચાલતાં તેમણે કહયું : અય અલી ! તમે દિલગીર ન થાઓ. તમોને વેપારમાં ઘણી નુકસાની થઈ. માલ દૌલતની એજ હાલત છે. સદા રહેતી નથી. પરવરદિગાર તમારી સહાયતા કરશે. તમારા ઉપર હજ વાજિબ હોવા છતાં તમે ગયા નહિં. તમોને ફરીવાર દોલત મળશે. ચિંતા ન કરો. મે મનમાં વિચાર્યું કે, મને થયેલી નુકસાનીની ખબર એટલી હદે ફેલાઈ ગઈ કે આ અજાણ માણસ પણ વાકેફ થઈ ગયો. પછી મેં તેમને કહયું : 'અલ્હમ્દો લિલ્લાહ ! ખુદાની જેવી મરજી'

એટલી વારમાં અમે મુજતહીદના ઘર આગળ આવ્યા. હું ઉભો રહયો અને તેમને પ્રથમ ઘરમાં દાખલ થવા વિનંતી કરી. તેમણે ફરમાવ્યું : 'અના સાહેબુદદાર' હું ઘરનો માલિક છું. (ઇમામે ઝમાનાના લકબમાંથી એક ' સાહેબુદદાર' છે.) પછી મારો હાથ પકડી પ્રથમ મને ઘરમાં દાખલ કર્યો, તે પછી પોતે દાખલ થયા.

તે ઘરમાં એક કુશાદે ઓરડામાં મદ્રેસો હતો અને વિધ્યાર્થીઓ મુજતહીદની રાહ જોઈ બેઠા હતા. એક ખાલી બેઠક જનાબ આગા મુજતહીદ માટે હતી, તે બેઠક ઉપર તે બુઝુર્ગવારે બેઠા, અને હું એક ખુણામાં બેઠો. તે બુઝુર્ગવાર આગાની બેઠક આગળ મૂકેલી કિતાબોમાંથી મુજતહીદ સાહેબના હાથની લખેલી એક કિતાબ ઉપાડી વાંચવા લાગ્યા અને તે હાજર રહેલા વિધ્યાર્થીઓને સંબોધી ફરમાવ્યું : આ કેવી ઉપયોગી કિતાબ છે, શરાયેઅ – મસઅલાના બારામાં કેવી ઉમદા દલીલો લખેલ છે.

આગા મુજતહીદ પોતાના ઓરડામાંથી બહાર આવ્યા, જોયું કે તેમની બેઠક ઉપર એક બુઝુર્ગવાર બેઠા છે, આગાને જોઈ ઉઠી ઉભા થયા, તેમને રોકીને આગાએ કહયું : આપ એજ જગ્યા ઉપર બેસો, અને પોતે તેમની સામે અદબથી બેઠા.

મેં ઘણું ચાહયું કે, તેમને પુછું કે કોણ છે ? અને કયાંથી આવ્યા છે ? પરંતુ મારી હિમ્મત ન થઈ. મેં વિધ્યાર્થીઓને હંમેશા માફક દરસ આપવાનું શરૂ કર્યું. અને એક મસઅલાના બારામાં ખુલાસો સમજણ આપતો હતો. અને તે બુઝુર્ગવારે તે મસઅલા વિશે પોતાના વિચારો દર્શાવ્યા. જાણે મોતી ખરતા હોય એવી રીતે મીઠાશથી એવી ઉમદા દલીલો સંભળાવતા હતા, જે મેં કોઈ વખત સાંભળેલી ન હતી. વચમાં એક ઉદ્ધત જાહીલ તાલિબે ઇલ્મે તે બુઝુર્ગવારને કહયું : તમે આ મસઅલામાં શું સમજી શકો ? તે બુઝુર્ગવાર મોં મલકાવી ચુપ રહયા.

તે પછી હઝરતે પાણી લાવવા માટે ફરમાવ્યું. એક નોકર અંદરના ભાગમાંથી એક મોટા કુજામાં પાણી ભરા લાગ્યો. તે બુઝુર્ગવારે ફરમાવ્યું, તે કુંજામાં પાણી નજીસ છે, તેમાં મરેલું જાનવર પડયું છે. માટે બીજા કુંજામાંથી ભરી લાવો. પાણી આવ્યું, તેમણે પીધું, ત્યારબાદ મેં પુછયું : આપ કયાંથી આવો છો ? તેમણે કહયું : સુલેમાનીય્યાહ

ગામથી. મેં પુછયું : ત્યાંથી કયારે રવાના થયા, કહયું ગઈ કાલે ત્યાંથી રવાના થયો. અને ત્યાં નજીબપાશાએ સરકારી ફોજ સાથે દાખલ થઈ સુલેમાનય્યાહ કબજે કર્યું. અને ત્યાંના બળવાખોર હાકિમ અહમદને કેદ કરી લઈ ગયા અને તેની જગ્યાએ અબ્દુલ્લાહ પાશાને હાકિમ બનાવ્યા. મને વિચાર થયો કે સુલેમાનીય્યાહથી હીલ્લા સુધી દસ દિવસનો રસ્તો હતો, તેથી અગાઉ કોઈ આવી ન શકે. તેમજ હિલ્લાના હાકિમને કે કોઈને તેની ખબર ન પડી, છતાં હું ચુપ રહયો.

તે બુઝુર્ગવાર જવા માટે ઉઠયા, હું તેમને દરવાજા સુધી વળાવવા ગયો. અંદર પાછા આવીને મેં વિધ્યાર્થીઓને કહયું : હિલ્લાથી દસ દિવસનું અંતર હોવા છતાં તેમણે કહયું કે, ગઈકાલે રવાના થયો તે વિશે કોઈએ કાંઈ કહયું નહિં. તેઓએ કહયું : આપે પોતે શા માટે તે વિશે ન પુછયું ? તે વખતે મને શુધ્ધી આવી, મેં કહયું : જાઓ દોડો તે બુઝુર્ગવારની તપાસ કરો, પણ મને ખાત્રી છે કે તેમને ફરીવાર નહિં જોઈ શકો. બેશક તે આપણા ઈમામે ઝમાના (અ.સ.) હતા. પાણીનો કુંજો અંદર હતો, છતાં ફરમાવ્યું કે, તેમાં મરેલું જાનવર છે, નોકરે જોયું તો તેમાં ઢેઢગરોળી મરણ પામેલી હતી. વળી મસઅલાના બારામાં તેમનું બયાન એવું હતું જાણે મોતી ખરતા હોય, જે કોઈ વખત મેં સાંભળ્યું ન હતું. તે વખતે શેખ અલીએ રસ્તામાં તેમના વેપારની નુકસાની, અને હજ માટે ન ગયો તેની ખબર આપી. તેથી સઘળાને ખાત્રી થઈ કે તે બુઝુર્ગવાર આકાએ દોજહાન, ઈમામે ઝમાના હઝરત હુજ્જત (અ.સ.) હતા. દસમે દિવસે હિલ્લાના હાકિમને સુલેમાનીય્યાહ ફતેહ થવાના સમાચાર મળ્યા, તેથી અમોને વધુ ખાત્રી થઈ અને ઈમામે ઝમાના (અ.સ.)ની ઝિયારત નસીબ થવા માટે ખુદાનો શુક્ર બજાવી લાવ્યા.

### ૪. મસ્જીદે કુફામાં નજફના વિધ્યાર્થીઓને હઝરત મહદી (અ.સ.)ની ઝિયારત નસીબ થઈ

નજફના આલિમ શેખ અબ્દુલ હાદી બયાન કરે છે કે, નજફમાં એક મોઅમીન હાજી અલી કાવ હંમેશા બુધવારની રાતે મસ્જીદે સહલાની ઝિયારત માટે જતા હતા. એક વખત મેં તેમને પુછયું કે, તમને કોઈ વખતે ઈમામે ઝમાના (અ.સ.)ની મુલાકાત નસીબ થઈ છે ? તેમણે કહયું કે, કેટલાક વરસો અગાઉ મારી જવાનીમાં જયારે હું વિધ્યાર્થી હતો, તે સમયમાં કેટલાક મોઅમીન વિધ્યાર્થીઓ સાથે, અમે દર બુધવારે રાતે મસ્જીદે સહલા અને તે પછી મસ્જીદે કુફામાં રાત પસાર કરતા હતા. અમે સઘળા અગીયાર (૧૧) માણસો હતા, અને દર બુધવારે રાતે અમારામાંથી એક ખાદ્યાખોરાકી, ચા અને તંબાકુનો સામાન લાવતો હતો. એક વખત અમારો એક સાથી, જે દુકાનદાર હતો, તેનો વારો હતો. તેણે સઘળી જરૂરીઆત, ખાદ્યાખોરાકીનો સામાન તૈયાર કરી પોતાની દુકાને રાખ્યો હતો, જે સાંજના મસ્જીદ તરફ રવાના થતી વખતે સાથે લાવતા ભુલી ગયો. અમે સઘળા મસ્જીદે સહલા થઈ, મગરીબ પછી મસ્જીદે કુફા આવ્યા. ઝિયારત અને અઅમાલથી પરવારી, મસ્જીદના એક ઓરડામાં રહેવા ગયા અને ખોરાકી હાજર કરવાને કહયું, સઘળા ચુપ રહયા. જેનો વારો હતો તે પણ શરમથી માથું જુકાવી ચુપ રહયો, તેને પુછવામાં આવતાં જણાવ્યું કે સઘળી વસ્તુઓ તૈયાર કરી દુકાનમાં લાવીને રાખી હતી, જે સાથે લાવતાં હું ભુલી ગયો

છું. આવતીકાલે મારી દુકાન ખોલી તમોને દેખાડીશ. અમો સઘળા ચૂપ રહયા અને આખી રાત ઠંડીમાં કકડતા, ભુખ્યા રહેવાની તૈયારી કરી શાંત બેઠા. એટલી વારમાં કોઈએ અમારા ઓરડાના દરવાજાની સાંકળ ખખડાવી હોય તેવો અવાજ થયો. અમારામાંના એક માણસે જેને વઘુ ભુખ લાગવાથી કરડો થયો હતો. તેણે કહયું : આવી કકળતી ઠંડીમાં મઘરાતના વખતે કોણ આવ્યું હશે ? તેથી તે પોતે દરવાજો ખોલવા ગયો. દરવાજો ખુલતાં જ એક પ્રકાશીત ચેહરાના રોબદાર બુઝુર્ગવારને જોયાં, તેમણે સલામ કરી. સલામનો અવાજ સાંભળી તેને ઘણી શાંતિ મળી. સલામનો જવાબ આપીને પુછયું : આપનો શું હુકમ છે ? તેમણે કહયું : આજ રાતના માટે તમોને મહેમાન ખપે છે ? તેણે કહયું : ખુશીથી પઘારો. તે બુઝુર્ગવાર અંદર આવી અમારી વચ્ચે બેઠો, તેમની હાજરીથી અમારા દિલમાં ઘણી ખુશી ઉપજી. તેમણે મીઠાશ અને નરમાશથી અમારી સાથે ગુફ્ગતુ કરી. અને હદીસો બયાન કરતા હતા, ફરમાવતા હતા કે મારા દાદા હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું વગેરે. થોડીવાર પછી તેમણે કહયું કે, તમોએ ચા પીઘી નથી, માટે મારી સાથેની આ થેલીમાંથી ચા માટેની દરેક જરૂરી વસ્તુ કાઢી, ચા બનાવીને પીઓ. અમો સઘળા ખુબ મગન થયા કે આવી ઠંડીમાં ખોરાકી નહી મળી શકે, તો ગરમ ચા પીવાથી રાહત મળશે. એક માણસે ઉભા થઈ થેલીમાંથી ચા, ખાંડ અને ચા પકાવવા માટે સમાવર કોલસા કાઢી ચા તૈયાર કરી. તે દરમ્યાન અમારા મેહમાન અમને ઘણી ઉમદા હદીસો સંભળાવતા રહયા, ચાથી પરવારી તેનો સામાન થેલીમાં મુકી, ફરી ગુફ્તગુમાં રહયા. થોડીવાર પછી ફરમાવ્યું : તમોને ભુખ લાગી હશે, અને આજે રાતના તમો હજી સુઘી જમ્યા નહિં હશો, માટે ઉઠો અને થેલીમાંથી ખોરાકી કાઢી જમી લીઓ. અમે સઘળા બેહદ ખુશી થઈ ખુદાનો શુક્ર કરવા લાગ્યા. એક માણસે થેલી આગળ આવી તેમાંથી ખોરાકીથી ભરપુર એક વાસણ કાઢયું. જેના ઉપર ઢાંકણું હતું. ઢાંકણું ખોલતા તેમાં એક ઉમદા પકાવેલા ચાલવ અને તેના ઉપ્ર ગોશ્ત રાખેલું જોયું, જેમાંથી ઘુંવાડો નિકળતો હતો, જાણે કે હમણાં જ પકાવેલ હોય. અમો સઘળા પેટ ભરીને જમ્યા. તેમાંથી વઘ્યું હતું, તેથી તે બુઝુર્ગવારે ફરમાવ્યું : મસ્જીદના ખાદીમને આપી આવો.

મોડી રાત પસાર થવાથી તે બુઝુર્ગવારે ફરમાવ્યું : તમો સઘળા આરામ કરી સુઈ જાઓ, અમે સુઈ ગયા. સવારના પહોરમાં નમાઝ માટે ઉઠયા, નમાઝ પઢી, નજફ તરફ પાછા ફરવાના વિચારમાં હતા, એટલી વારમાં અમોને અમારા રાતના મેઝબાન યાદ આવ્યા. મસ્જીદમાં અને દરેક ઠેકાણે તેમની શોઘ કરી, પણ જોવામાં ન આવ્યા. મસ્જીદના ખાદીમને તેમના વિશે પુછયું, તેણે કહયું ગઈ રાતના મેં કોઈને જોયા નથી, તેમજ મસ્જીદનો દરવાજો બંઘ છે, જેથી કોઈ બહાર ગયું નથી. અમે સઘળા અચરજ પામ્યા. અમારી શુઘ્ઘી ઠેકાણે આવી અને એક જ નાની થેલીમાં પ્રથમ ચાનો સામાન નિકળ્યો, જે વખતે ખોરાકીની નિશાની ન હતી. પછી બીજી વખતે ખોરાકીથી ભરપુર થાળ, તેની ઉપર ઢાંકણ સાથે, એજ થેલીમાંથી નિકળ્યાં, જે વખતે તેમાં ચાનો સામાન ન હતો. વળી એક થેલામાંથી થોડી ખોરાકી થકી અમે સઘળા અગીયાર માણસો પેટ ભરીને જમ્યા, છતાં તેમાં વઘારો રહયો. એ સઘળી

બાબતો અચરજ પમાડનારી, બલ્કે મોઅજીઝા હતા. તદુપરાંત તે બુઝુર્ગવાર વારંવાર હદીસ બયાન કરતી વખતે ફરમાવતા હતા કે, મારા દાદાએ ફરમાવ્યું છે, અને હવે આપણી નજરથી અદ્રશ્ય થઈ ગયા છે. જેથી અમો સઘળાને ખાત્રી ઉપજી કે ગઈ રાતના અમારા ઈમામે ઝમાના હઝરત હુજ્જત (અ.સ.) અમારી સાથે હતા એન તે વખતે અમે ગફલતના કારણે તેમને ઓળખી ન શકયા.

<u>૫. હિલ્લામાં 'મકામે ઈમામે ઝમાના'ની હિકાયત</u>

આકા હુજ્જતુલ ઈસ્લામ સૈયદ અલી અકબર ખુઈ મશહદના આલિમ બયાન કરે છે કે, જયારે હું ઈરાકની ઝિયારત માટે ગયો, નજફ થઈ હિલ્લા પહોંચ્યો, ત્યાં મને એક મકાન ઉપર કુબ્બો જોવામાં આવ્યો, તેના દરવાજા ઉપર 'મકામે સાહેબુઝઝમાન' લખેલું હતું, અને તેની ઝિયારત માટે ઘણાં માણસો જતા હતાં. મેં ત્યાંના લોકોને તે મકાનની હકીકત પૂછી. તેઓએ કહયું કે આ મકાન એક આલિમ આકા શેખ અલી હલ્લાવીનું હતું, જે ઘણાં પરહેઝગાર હતા, અને હંમેશા ઈમામે ઝમાના (અ.સ.)ને યાદ કરતા હતા અને કેહતા હતા, શા માટે જાહેર થતા નથી ? દુન્યામાં ઘણાં મોઅમીનો છે, તેમજ હિલ્લામાં જ એક હજારથી વઘુ પરહેઝગાર આલિમો છે. હદીસમાં ૩૧૩ ની સંખ્યા છે. એવી રીતે દર વખતે બોલતા હતા. એજ વખતે હિલ્લાથી બહાર બગીચા તરફ એજ ખ્યાલમાં એકલા બબડતા જતા હતા, એટલી વારમાં તેમણે જોયું કે, એક અરબે તેમની નજદીક આવી સલામ કરીને ફરમાવ્યું : જનાબે શેખ ! તમે ગુસ્સામાં એકલા એકલા શું બોલતા હતા ? મેં કહયું : હું એજ વિચારમાં છું કે હવે દુન્યામાં ગુનાહ, ઝુલ્મ બેદીની ઘણી વઘી ગઈ છે, છતાં ઈમામ શા માટે જાહેર થતા નથી ? ઈમામને ખાસ ૩૧૩ ખરા અસ્હાબો ખપે છે ફકત હિલ્લામાં જ એવા એક હજારથી વઘુ આલિમો પરહેઝગારો રહે છે. તેમણે ફરમાવ્યું : અય શૈખ ! હું તમારો ઈમામ છું, તમે ઘારો છો તે મુજબ નથી. હિલ્લામાં તમે અને એક કસાઈનો ઘંઘો કરનાર મારા ખરા અસ્હાબ માટે લાયક છો. બીજો કોઈ નથી. તમોને હું તેની ખાત્રી કરાવી આપીશ. તમે હિલ્લાના મુખ્ય પરહેઝગાર આલિમોમાંથી ચાલીસની પસંદગી કરો, અને તેઓને કહો કે જુમેરાતના ઈમામ (અ.સ.) મારા ઘરમાં પઘારશે. તમો સઘળા નમાઝે ઈશા પછી હાજર થાઓ. અને તમે અગાઉથી બે બકરા લાવી ઘરના કોઠા ઉપર છુપાવીને રાખજો અને તે કસાઈને કહો કે પોતાની સાથે બકરાં ઝબ્હ કરવાની છરી લઈને આવે. તે માણસોને તમારા ઘરના સહેનમાં બેસાડજો, હું તે વખતે આવીશ. શેખ અલી કહે છે કે હું આ સાંભળી બેહદ ખુશ થયો, નજર ઉપાડી જોયું, તો કોઈ જોવા ન મળ્યું.

પ્રથમ હું કસાઈને મળ્યો, તેને વાત કરી અને બે બકરાં ઘરના કોઠા ઉપર લાવી રાખ્યા. હિલ્લાના નેક પરહેઝગારોમાંથી ચાલીસ આલિમોની પસંદગી કરી, તેઓને ખબર કરી. મારા ઘરે જુમેરાતના દિવસે હાજર થવા કહયું. તેઓ સઘળા બેહદ ખુશ થયા. તેઓ બઘા જુમેરાતના ઈશા પછી મારા ઘરના સહેનમાં એકઠા થયાં. તસ્બીહ, સલવાતના ઝિક્રમાં રહયા. થોડીવારમાં અજબ પ્રકારની ખુશ્બુ ફેલાઈ ગઈ, અને એક પ્રકાશિત નુર દરવાજામાંથી

ઘરમાં દાખલ થયું. ધીરે ધીરે આગળ વધી સહેનમાં હાજર થએલાની વચ્ચેથી પસાર થઈ, કોઠા ઉપર જવાની સીડી ઉપરથી તે નુર ઉપર ગયું. સઘળાઓની તકબીર, સલવાતના બુલંદ અવાજથી મારૂં મકાન ગાજી ઉઠયું. છતાં અમોએ ફકત નુર જોયું હતું. કોઈ માણસનો આકાર જોયો ન હતો. થોડીવાર પછી ઉપરથી અવાજ આવ્યો. શેખ અલી! કસાઈને ઉપર મોકલો. કસાઈ ઉપર ગયો. ઈમામ (અ.સ.)એ તેને એક બકરૂં કાપવા કહયું. ઈમામના મોઅજિઝાથી બકરાએ અવાજ ન કર્યો. તે કપાયેલા બકરાનું લોહી કોઠાના નેવામાંથી સહનમાં પસાર થયું. હાજર થએલા સઘળા લોહી જોઈને ડરી ગયા. તેઓને ખાત્રી થઈ કે ઈમામ (અ.સ.)એ કસાઈને ઝબ્હ કરી નાખ્યા.

તે પછી અવાજ આવ્યો : શેખ અલી ! હવે તમે ઉપર આવો. શેખ અલી ઉપર ગયા. ઈમામ (અ.સ.)એ કસાઈને બીજો બકરો ઝબ્હ કરવા કહયું. તેનું લોહી સહેનમાં વેહતું થયું કે સઘળા ધ્રુજવા લાગ્યા. તેઓને ખાત્રી થઈ કે બાપડા શેખ અલી ઝબહ થઈ ગયા. હવે અમારો વારો આવશે, અમે સઘળા કપાઈ મરીશું, તેથી તેઓ બધા પોતાની જાન બચાવવા માટે નાસી ગયા. એકેય બાકી ન રહયો.

ઈમામ (અ.સ.)એ શેખ અલીને ફરમાવ્યું : હવે નીચે જાઓ અને તે આલિમોને ઉપર મારી પાસે હાજર કરો. પણ હું જાણું છું કે કોઈ હશે નહિં. સઘળા બીકના કારણે ભાગી ગયા. શેખ અલી નીચે આવ્યા, તો કોઈ બાકી ન હતા, સહન ખાલી હતું. પાછા ઉપર ગયા. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે, હવે તમોને ખાત્રી થઈ કે તેઓ પોતાના ઈમામ પ્રત્યે કેટલું યકીન રાખતા હતા ? પોતાની જાન બચાવવા માટે નાસી ગયા, મારી મુલાકાત માટે ન થોભી શકયા, હવે પછી તમે મારા બારામાં બોલવાનું છોડી દો.

આ તમારા હિલ્લા ગામમાં તમારા કહેવા મુજબ એક હજાર મારા ખરા મુખ્લેસીન હતા. તેમાંથી (તમોએ ચાલીસને પસંદ કર્યા) તમારા બે સિવાય સઘળા ભાગી ગયા, એવી જ રીતે બીજા મુલકો માટે તમે સમજી લીઓ. એટલું ફરમાવી આપ અમારી નજરોથી ગાયબ થયા.

તે પછી પોતાનું તે મકાન ઈમામની પધરામણીથી પવિત્ર થતાં, તેમાં સુધારો વધારો કરીને 'મકામે સાહેબુઝઝમાન' નામ રાખી વકફ કર્યું. જે આજ પર્યંત હિલ્લામાં ઝવ્વારોની ઝિયારતનું સ્થળ છે અને ઝવ્વારો તે પવિત્ર સ્થળે ઝિયારત માટે જાય છે. ઘણાં ઝવ્વાર મોઅમિનો તે પવિત્ર સ્થળે પોતાની હાજત માંગવા ગયા અને તેઓની હાજત પુરી થઈ.

હિલ્લા સિવાય ઈમામે ઝમાન અલય્હિસ્સલામની ઝિયારતના ઘણાં સ્થળો (મકાનો) છે જેમકે

૧. નજફના વાદીયુસ્સલામમાં એક ઝિયારતનું મકાન છે, જે 'મકામે સાહેબુઝઝમાન' નામથી મશહુર છે અને ઝવ્વારો ઝિયારત માટે જાય છે, અને ત્યાં પોતાની હાજતો માંગે છે.

૨. નજફ અને કુફા વચ્ચે 'મસ્જીદે સહલા'માં ઈમામે ઝમાના (અ.સ.) સ્થળ છે.

૩. બગદાદ અને વાસતાની વચ્ચે નઅમાનિય્યાહ ગામમાં 'મકામે સાહેબુઝઝમાન'ની ઝિયારતનું સ્થળ છે.

એ સિવાય બીજા સ્થળો છે, જયાં ઈમામે ઝમાના હાજર થયા હોય. આ સ્થળોની યાદગીરી જાળવવા તે સ્થળ ઉપર ઝિયારત દુઆ માંગવા માટે લોકો જતા હોય છે.

ઉપર જણાવેલ નઅમાનિય્યહના 'મકામે સાહેબુઝઝમાન'માં એક આલિમ શેખ ઇબ્ને અબીલ જવાદને ઈમામે ઝમાના (અ.સ.)ની ઝિયારત નસીબ થઈ હતી. તે કહે છે કે, ઈમામની ઝિયારતથી મુશર્રફ થયો, મેં ઈમામ (અ.સ.)ને અરજ કરી કે, તમારા નામના પવિત્ર સ્થળોમાંથી એક નઅમાનિય્યહમાં અને એક હિલ્લામાં છે.

આપ (અ.સ.)એ ફરમાવ્યું : મંગળવારની રાતે અને મંગળવારના દિવસ નઅમાનિય્યહમાં આવું છું. અને શબે જુમ્આ અને જુમ્આના દિવસે હિલ્લામાં આવું છું. પણ હિલ્લાના લોકો બેઅદબ છે. મારા મકાનની અને મારી હુરમત રાખતા નથી. તેઓ દાખલ થતી વખતે મને સલામ કરતા નથી અને મારા બાપદાદા અઈમ્મા ઉપર ૧૨ વખત સલવાત પઢતા નથી.

જો કોઈ મોઅમીન હિલ્લાના પવિત્ર સ્થળમાં હાજર થઈ મને સલામ કરે અને ૧૨ વખત સલવાત પઢી દાખલ થાય અને બે રકઅત નમાઝ પઢી, મુનાજાત દુઆ કરે અને પોતાની હાજત ખુદા પાસે માંગે, તો બેશક તેની હાજત પુરી થશે.

મેં અરજ કરી : મારા મૌલા ! મને તે મુનાજાત, દોઆ તઅલીમ ફરમાવો, જે હિલ્લાના આપના સ્થળે પડવાનું આપે ફરમાવ્યું છે.

હઝરતે ૩ વખત દોઆ પઢી સંભળાવી, જેથી મને યાદ રહી ગઈ.

તે દોઆ, મુનાજાત અહીં લખવામાં આવે છે :

પ્રથમ ૨ રકઅત નમાઝ પઢી ૧૨ વખત સલવાત પઢયા પછી 'બિસ્મિલ્લાહ..' પુરી પઢીને આ દોઆ પઢે :

'અલ્લાહુમ્મ કદ ઉખિઝત્તઅદીબુ મિન્ની હત્તા મસ્સન્નિય ઝ્ઝુર્રૂ વ અન્ત અરહમુર્ રાહેમીન વ ઈન કાન મકતરફતુ મેનઝ્ ઝોનૂબ અસ્તહિક્કુ બેહી અઝઆફ અઝઆફ મા અદ્દબ્તની બેહી. ફઅન્ત હલીમુન ઝુઅનાતિન તઅફુ અન કસીર, હત્તા યસબેકુ અફવક અઝાબક્'

આ દોઆ ૩ વખત પઢે, પછી સલવાત પઢી પોતાની હાજત માંગે.

<u>૬. ઈસ્માઈલ હરકલાના સાથળનું જખમ મટી જવાનો મોઅજીઝો</u>

બની અબ્બાસીના ખલીફા મુસતનસીરના સમયમાં એક શખ્સ ઈસ્માઈલ બિન હસન હરકલીની હિકાયત શીઆ મઝહબના આલિમ અલી ઈબ્ને ઈસા અરબલીએ પોતાની કિતાબ 'કશફુલ ગુમ્મા'માં નીચે મુજબ લખી છે :

ઈસ્માઈલ બિન હસન હરકલી મારા વખતમાં મરણ પામ્યો. છતાં મેં તેને જોયો ન હતો. તેના દીકરા શમશુદ્દીને પોતાના બાપની હિકાયત જણાવી કે મારા પિતાજી ઈસ્માઈલ બિન હસને મને કહયું કે, મારી જવાનીના વખતમાં મારા જમણા પગના સાથળમાં ઉંડો જખમ થયો. ઠંડીની મોસમમાં તે જખમ ખુલી જતો હતો અને તેમાંથી

લોહી, પરૂ વહેતું હતું. મારા ગામ હરકલથી નિકળીને હું હિલ્લામાં આવ્યો અને તે સમયના શીઆ કૌમના મહાન મુજતહીદ આગા રઝીય્યુદીન અલી ઈબ્ને તાવુસની ખિદમતમાં હાજર થઈ, મારી બિમારીની શિકાયત કરી. તેમણે હિલ્લાના હકીમોને તેડાવી, ઝખ્મ દેખાડી, તેઓને ઈલાજ કરવા કહયું. તેઓ સઘળા એકમતે બોલ્યા કે, આ જખમ અંદરની એક નસ ઉપર પહોંચ્યું, તો તે નસ કપાઈ જવાની બીક રહે છે અને તે રગ કપાઈ જાય, તો ઈસ્માઈલ જીવતો નહીં રહી શકે.

સય્યદ (આલિમે) ઈસ્માઈલને કહયું : મારે કામથી બગદાદ જવાનું છે, તેથી હું તમોને મારી સાથે બગદાદ લઈ જઈશ. આગા મુજતહીદ સાહેબ ઈસ્માઈલ સાથે બગદાદ પહોંચ્યા. તે પછી તેમણે બગદાદના નસારા મઝહબના હકીમોને તેડાવી, તે જખમનો ઈલાજ કરવા કહયું. જખમ જોઈને તેઓએ કહયું : અમારાથી તેનો ઈલાજ નહીં થઈ શકે. ઈસ્માઈલે અરજ કરી : જખમનો ઈલાજ અશકય હોવાથી હું મારા વતને પાછો જાઉં, તે અગાઉ સામર્રાની ઝિયારતોથી મુશર્રફ થવાનો ઈરાદો છે. સય્યદે તે ઈરાદો પસંદ કરી ફરમાવ્યું : બહુજ નેક ઈરાદો છે, અને તેમણે મુસાફરી માટેના ખરચ વગેરેનો બંદોબસ્ત કરી આપ્યા.

ઈસ્માઈલ કહે છે કે, હું સામર્રા ગયો. ઝિયારતોથી મુશર્રફ થઈ સરદાબમાં દાખલ થયો. ઝિયારત, દોઆ કરી, ખુબ રડયો, અને ઈમામે ઝમાનાની મદદ માંગી. ગુરૂવારનો દિવસ થયો. હું શહેરથી બહાર નદી ઉપર ગયો, ગુસલ કરી, કપડા ધોઈ, કપડા પાક કરી સુકવ્યાં અને પછી કપડાં પહેરી લોટામાં પાણી ભરી શહેર તરફ પાછો ફર્યો. સામર્રા શહેરના ગઢ (દિવાલ) આગળ પહોંચતા મેં જોયું કે ચાર માણસો ઘોડા ઉપર સવાર બહાર નિકળ્યા. તેમાં બે જવાન હતા અને એક મોટી વયના બુઝુર્ગ હતા અને તેઓની વચ્ચે એક બુઝુર્ગવાર જવાન નુરાની ચેહરાના ઘણા રોબદાર હતા. તેઓએ તલવાર બાંધેલી હતી. હું સમજયો કે સામર્રાની આસપાસના બકરા ચરાવનાર અરબો હશે. તેઓ મને જોઈ ઉભા રહયા અને સલામ કરી, મેં તેઓને સલામનો જવાબ આપ્યો. તે રોબદાર બુઝુર્ગ જે વચ્ચે હતા, તેમણે ફરમાવ્યું : ઈસ્માઈલ તમે આવતી કાલે તમારા વતને જવા ચાહો છો ? મેં અરજ કરી : હા, મારા વતને પહોંચવા આતુર છું. ફરમાવ્યું : મારી નજીક આવો. હું આગળ વધી તેમના ઘોડાની નજીક ઉભો રહયો. તેમણે એક હાથ મારા ખભા ઉપર રાખી ઘોડાથી જુકી, બીજો હાથ મારા પગના સાથળના જખમ ઉપર રાખી ખૂબ દબાવ્યું. જેથી મને બહુ પીડા થઈ. તે પછી ઘોડા ઉપર ટટ્ટાર બેઠા. તેમની જમણી બાજુએ જે મોટી વયના બુઝુર્ગ હતા, તેમણે કહયું 'અફલહત યા ઈસ્માઈલ' 'અય ઈસ્માઈલ તમે નજાત પામ્યા', મેં કહયું : 'અફહલના વ અફહલહતુમ ઈન્શાઅલ્લાહ', 'ઈન્શાઅલ્લાહ આપણે સઘળા નજાત પામશું.', તેમણે મારૂં નામ લીધું, તે સાંભળી હું અચરજ પામ્યો. હું તેઓને ઓળખતો નથી અને આ મુલકમાં હમણાં જ આવ્યો છું. છતાં મારૂં નામ કેમ જાણી શકયા. તે પછી મોટી વયના બુઝુર્ગે ફરમાવ્યું : આ બુઝુર્ગવાર ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) છે. આ સાંભળતા જ હું ઝડપથી આગળ વધ્યો અને ઈમામના કદમ મુબારક આગળ જુકી પગોને બોસો આપ્યો. તે બુઝુર્ગવારો આગળ વધ્યા

અને હું તેમની પાછળ ચાલ્યો. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : તમે શહેરમાં ચાલ્યા જાઓ. મેં અરજ કરી : મારા મૌલા! હવે હું આપથી કોઈ કાળે જુદો ન થઈશ. ઈમામ (અ.સ.)એ ફરીવાર ફરમાવ્યું : તમે ચાલ્યા જાઓ, તેમાં તમારા માટે બેહતરી છે. હું એમજ તેઓની પાછળ ચાલતો હતો. તે મોટી ઉમરના બુઝુર્ગે ફરમાવ્યું : ઈસ્માઈલ, શરમ કરતા નથી, તમારા ઈમામે તમને બે વખત ચાલ્યા જવા ફરમાવ્યું, છતાં માનતા નથી. તેથી નિરાશ થઈ હું ઉભો રહયો. તે પછી ઈમામ (અ.સ.)એ પાછળ ફરી ફરમાવ્યું : જયારે તમે બગદાદ પહોંચશો, તો ખલીફા અબુ જઅફર મુસતનસીર તમોને બોલાવશે, અને તમોને શફા મળી તેની હકીકત સાંભળી એક હજાર અશરફીની થેલી ભેટ આપશે. તે હરગીઝ કબુલ ન કરશો, અને અમારા ફરઝંદ સય્યદ અલ ઈબ્ને તાવુસને મારા નામથી કહેજો કે તે એક વેપારી અલી ઈબ્ને અવઝને લખે કે, તમોને જોઈતી રકમ આપે. તેમજ હું તેને ભલામણ કરીશ. એટલી વારમાં તે ચારેય ઘોડેસવારો મારી નજરથી ગાયબ થઈ ગયા. હું અફસોસ કરતો ઉભો રહી ગયો, પછી જમીન ઉપર બેસી ખૂબ રડયો. પછી ઉભો થયો અને સામર્રામાં ઉદાસ અને ફીકો બની દાખલ થયો. હરમના ખાદિમોએ મારી આ સ્થિતિ જોઈને પુછયું કે, તમોને શું થયું છે? કોઈએ સતાવ્યા છે ? અથવા બીજું કાંઈ કારણ છે ? મેં કહયું કે, એવું કશું નથી, પણ મને એ જણાવો કે હમણાં શહેરમાંથી જે ચાર સવારો બહાર નિકળ્યા, તેને ઓળખો છો ? તેઓએ કહયું : તેઓ સામર્રાની આસપાસના બકરાં ચરાવનાર હશે. મે ંકહયું : તેમ નથી, તેઓમાં એક બુઝુર્ગવાર ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.) હતા. તેઓએ કહયું : તમારા જખમની શફા માટે તમે અરજ કરી હતી ? મેં કહયું : ઈમામ (અ.સ.)એ પોતે મારા જખમને દબાવ્યું, જેથી મને પીડા થઈ. પછી તેઓની સામે તે જખમ ઉપરથી કપડું હટાવી તેઓને દેખાડયું (તે અગાઉ મને તે જખમ ઉપર નજર કરવાને સુજયું ન હતું, કારણ કે ઈમામની જુદાઈમાં હું બેચેન હતો.) તેઓએ જોયું તો જખમનું નિશાન ન હતું. હું શકમાં પડયો કે કદાચ તે જખમ બીજા પગમાં હશે. બીજો પગ ખોલીને જોયું તો તેમાં કાંઈ ન હતું. તેથી જે લોકો ત્યાં હતા, મને ઘેરી મળ્યા, સલવાતનો શોર બુલંદ થયો અને મારા કપડા તબરૂક માટે ફાડીને લઈ જતા હતા. મને તેઓ કચડી હલાક કરી નાખશે તેની બીક ઉત્પન્ન થઈ, તેથી હરમના ખાદીમોએ મને ઉપાડીને અંદરના ભાગના એક ઓરડામાં લાવીને બેસાડયો. થોડીવાર પછી સામર્રાના કોટવાલે આવીને પુછયું : તમે બગદાદથી કયારે રવાના થયા ? મેં કહયું : અઠવાડીયું થયું. કોટવાલ ચાલ્યો ગયો. બીજે દિવસે સામર્રાથી બગદાદ રવાના થયો. રાતના એક ગામમાં સુતો અને સવારના પહોરમાં બગદાદ પહોંચ્યો. બગદાદમાં ખબર પહોંચી ચુકી હતી. તેથી પુલ ઉપર મોટી મેદની ભેગી થઈ. હું પહોંચ્યો કે, તેઓએ મારૂં નામ પુછયું, નામ સાંભળી મને ઘેરી વળ્યા, અને મારા કપડા ફાડવા મંડી પડયા. મને ભાઈઓએ તેઓથી છોડાવી બગદાદમાં દાખલ કર્યો. શહેરમાં પણ લોકો મને ઘેરી મળ્યા. સય્યદ અલી ઈબ્ને તાવુસ મુજતહીદ મારી પાસે આવ્યા અને હકીકત પૂછી. મેં તમામ હકીકત બયાન કરી. તેથી પોતે કપડું ઉઠાવી મારા જખમ તરફ નજર કરી. પોતે અગાઉ ઉંડુ જખમ જોઈ ચુકયા હતા, તેથી જખમની કંઈપણ નિશાની બાકી ન રહેલી જોઈ બેહોશ થઈ ગયા. થોડીવાર પછી હોશમાં

આવ્યા, તે પછી ખુબ રડયા અને મારો હાથ પકડી વઝીરના ઘરે લાવ્યા, જે ખલીફા મુસતનસીરન વઝીર અને કુમના રહીશ શીઆ મઝહબના હતા. વઝીરે મારા બન્ને પગો જોયા, જખમની નિશાની બાકી રહી ન હતી. તેથી ખાત્રી કરવા માટે વઝીરે બગદાદના જે નસારા હાકિમોએ મારૂં જખમ જોયું હતું, તેઓને તેડાવ્યા અને પુછયું : આ માણસને ઓળખો છો ? તેઓએ હા પાડી : ફરી પુછયું કે તેના સાથળ ઉપરનું જખમ તમોએ જોયું હતું ? તેઓએ હા પાડી અને કહયું કે તે જખમ કાપ્યા સિવાય બીજો કોઈ ઈલાજ ન હતો. અને જખમ કાપવામાં તેની જીંદગીનું જોખમ હતું. વઝીરે તેઓને કહયું : જો જખમ કાપવામાં આવે અને તે મરણ ન પામે, તો કેટલા વખતમાં તે જખમ રૂજાઈ જાય ? હકીમોએ કહયું કે, કમમાં કમ બે મહિના પછી રૂજ આવે. છતાં તે જખમના ઠેકાણે સફેદ દાગ રહેવા પામશે. પછી વઝીરે પુછયું : તમોને કેટલા દિવસ થયાં તેનું જખમ જોયું હતું ? તેઓએ કહયું : દસ દિવસો થયા. પછી વઝીરે ઈસ્માઈલની સાથળ ઉપરથી કપડું હટાવી તેઓને દેખાડયું. તે નસરાની હકીમોએ (ડોકટરોએ) જોયું કે સાથળ ઉપર જખમનું નિશાન નથી. બીજા પગ માફક સાફ ચામડી છે. તેથી બેહદ અચરજ પામ્યા. તેઓમાંથી એક હકીમે પુકારીને કહયું કે, આ કામ હઝરત ઈસા પયગમ્બરનું છે. વઝીરે કહયું કે, તમારાથી ઈલાજ ન થઈ શકયો. અને જખમ બિલ્કુલ મટી ગયું. નિશાની પણ બાકી રહેવા પામી નથી. તે તમો જોઈ ખાત્રી કરી. હવે તે કોનું કામ છે તે અમે ખુબ સમજીએ છીએ.

પછી વઝીરે ખલીફા મુસતનસીરને ખબર કરી. ખલીફા ઈસ્માઈલને તેડાવી તે જખમની તપાસ પોતે કરી તેને ખાત્રી થઈ કે ઈમામે ઝમાના હઝરત મહદી (અ.સ.)નો મોઅજીઝો છે, તેથી ઈસ્માઈલને એક હજાર સોનાના સિકકાની થેલી મંગાવીને આપી. ઈસ્માઈલે લેવાની ના પાડી. ખલીફાએ પુછયું : શા માટે ના પાડો છે ? કોનાથી ડરે છે ? કહયું જે બુઝુર્ગવારે મને શફા બક્ષી છે, તેમણે મને આ લેવાની ના પાડી છે. આ સાંભળી ખલીફો રડયો અને દિલગીર થયો. ઈસ્માઈલ ખલીફા પાસથી બહાર નિકળ્યો. મુજતહીદ સય્યદ સાહેબે ઈમામના ફરમાનુસાર અલી ઈબ્ને અવઝ ઉપર કાગળ લખી આપ્યો અને જોઈતી રકમ તેને અપાવી.

## અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીવ વ આલે મોહમ્મદ